મધ્યબિંદુ





કાજલ ઓઝા-વૈદ્ય

VISIT…

LANZAROTE Caliente.com

મધ્યબિંદુ

કાજલ ઓઝા વૈદ્ય


Madhyabindu... (Novel)
Written by Kaajal Oza-Vaidya

kaajalozavaidya@gmail.com

First Edition 2007
This Epub Edition 2016

eBook by





www.e-shabda.com

માનનીય દેવ ગઢવી,
વ્હાલી વસુ - અજય ઉમટને!

પ્રસ્તાવના

વાર્તાની શરૂઆત એવી કે, ફિલ્મ બનાવવા માટે એક વિષયની શોધ ચાલતી હતી...

મૌલિન મહેતાએ મને કહ્યું કે, "એક જ લીટીમાં તમને કહું તો બે પુરુષો અને એક સ્ત્રીનો પ્રણયત્રિકોણ! જેમાં બધાં જ સાચાં સાબિત થાય!"

આમ પણ મારા પર પ્રણયત્રિકોણની કથાઓમાં વધુ રસ લેતી હોવાનો આક્ષેપ તો છે જ!

એમાંથી જન્મી આ કથા!

પહેલાં ફિલ્મના સ્ક્રીન પ્લે રૂપે 44 સીનમાં વહેંચાયેલી એક કથા લખાઈ.

પછી ક્યાંય સુધી હું એને વાંચતી રહી.

એક દિવસ બેલાએ પૂછ્યું કોઈ નવલકથા તૈયાર છે - લવ સ્ટોરી.

અને, મધુરિમાના પાના ઉપર પ્રિયમ શ્વાસ લેવા લાગી!

આદિત્ય અને શૈલરાજ મારી જિંદગીના એક એવા હિસ્સા બનતા ગયા કે જાણે હું જ પ્રિયમ હોઉં એવું લાગવા માંડ્યું... મને, અને ક્યારેક વાચકોને પણ!

પ્રિયમ - એક હવા જેવી ખુશમિજાજ, ફૂલ જેવી મહેકતી અને શરીરમાં ફરતા લોહી જેવી ધબકતી - સાચુકલી છોકરી!

આદિત્ય ભાગવત - પોતાની જિંદગીને પ્રિયમના શ્વાસથી જીવવા માંગતો, એક સફળ માણસ - એક સંનિષ્ઠ પતિ અને છતાં ક્યાંક પહોંચીને સ્ત્રીને, પત્નીને માલિક થઈને સંબંધોને ગૂંચવી નાંખતો એક એવો માણસ જે આપણી વચ્ચે જ મળી આવે.

શૈલરાજસિંહ રાઠોડ - એકલો રહેતો, એકલો જીવતો એવો માણસ જેનામાં જંગલની લીલાશ હતી, વાઘની ખૂંખાર લોહીતરસી પ્રકૃતિ અને છતાં એક એવી કોમળતા જેની એને પોતાને જ જાણ ન હતી.

આ ત્રણની ભાગ્યરેખા કોણ જાણે ક્યાં આવીને એક થઈ ગઈ.

આ વાર્તા લખતાં લખતાં સમજાયું છે કે આ ત્રિકોણ નથી, ત્રણ સમાંતર સંબંધો છે!

સીધી લીટી જેવા, કોઈ એક બિંદુએથી શરૂ થઈને, કોઈ એક બિંદુએ પૂરા થઈ જનારા...આ સંબંધો!

ત્રણ જુદી જુદી દિશામાંથી આવતી,

અને, ત્રણ જુદી જુદી દિશામાં જતી રેખાઓની વચ્ચે ક્યાંક કશું સામાન્ય હતું જે એમને ત્રણેયને સ્પર્શતું હતું અને એ જે સામાન્ય હતું એ ત્રણેમાં,

એ જ હતું ત્રણેયનું - મધ્યબિંદુ!

મને "એક્સ્ટ્રા મેરિટલ" શબ્દ ક્યારેય ગમ્યો નથી, મેં ક્યારેય એ શબ્દને સ્વીકાર્યો પણ નથી જ! મને હંમેશાં લાગ્યું છે કે એ, "પોસ્ટ મેરિટલ" હોય છે. એને "લગ્ન બાહ્ય" કે "લગ્નેતર" કહેવા કરતાં "લગ્ન પછીનો" પ્રેમ કહેવો વધુ યોગ્ય હશે.

દરેક વ્યક્તિમાં - ખાસ કરીને સ્ત્રીમાં કશું જ અધૂરું રહી જતું હોય છે. મોટા ભાગની સ્ત્રીઓ એ અધૂરપને ઓળખ્યા વિના, કદાચ ઓળખે તો પણ વાચા આપવાની હિંમત કર્યા વિના જીવી જતી હોય છે... જીવી નાંખતી હોય છે. એનાં ઘણાં કારણો છે - સમાજથી શરૂ કરીને સંસ્કાર સુધી, અને સ્વતંત્રતાથી શરૂ કરીને

સલામતી સુધી!

જે સ્ત્રીઓ એને વાચા આપે છે અથવા હિંમત કરીને પોતાને જોઈતા સુખના ટુકડાને શોધવાની, શોધીને જીવવાની હિંમત કરે છે એમને સવાલો તો નડે જ છે. જાતે લીધેલા નિર્ણયના પરિણામને ભોગવવાની માનસિક તૈયારી સાથે જ આવી સ્ત્રીઓ આવા કોઈ પણ સંબંધમાં ઊતરતી હશે...

દ્રૌપદી બનવાનું "સદ્ભાગ્ય" દરેક સ્ત્રીને પ્રાપ્ત નથી અને દરેક સ્ત્રી માટે એ "સદ્ભાગ્ય" ન પણ હોય એમ બને - પરંતુ સમાજવ્યવસ્થા અને પુરુષોના બનાવેલા નિયમો અનુસાર સ્ત્રી માટે "વફાદારી"ની જે વ્યાખ્યાઓ ઘડાઈ છે એનાથી પ્રિયમ જુદી છે, જુદી હતી...એ નક્કી!

મેં કશું મને ગમે તેવું લખવાનો પ્રયાસ કર્યો છે. "મધુરિમા"ના વાચકોને પણ એ ગમ્યું એનો આનંદ!

કાજલ ઓઝા વૈદ્ય

1

નવેમ્બર મહિનાની વહેલી સવાર... સવારના 6 ને 40 ... હજી સવારનો સૂરજ ઊગું ઊગું થઈ રહ્યો હતો. આકાશ કેસરી થઈ ગયું હતુ. સૂરજ ઊગતા પહેલાંનું અજવાળુ ધીમે ધીમે છવાવા લાગ્યું હતું જેને તળ ગુજરાતીમાં "મોંસૂઝણું" કહેવાય. ઠંડી હવા ફરફરાટ કરતી વહી રહી હતી. હવાની ઠંડક શરીરની આરપાર નીકળી જાય એવી તીખી નહોતી પણ છતાંય એક હલકી શાલ કે સ્વેટર હોય તો સારું લાગે એટલી ઠંડી શરૂ થઈ ગઈ હતી.

અમદાવાદ ઍરપોર્ટ ઉપર "અરાઈવલ" લખેલા પાટિયા પાસે સો-પચાસ માણસોની ભીડ હતી. થોડા ટૅક્સીવાળા, થોડા રિક્ષાવાળા સુસ્ત બેઠાં બેઠાં બીડી પીતા પીતા કે ચાની ચુસ્કી સાથે ગામની ગોસીપ કરતા હતા. ફ્લાઇટ આજે દસ મિનિટ લેઇટ હતી, કદાચ! ત્યાં ઊભેલાં ટોળાંની સાથે સાથે સગાંવહાલાંઓને લેવા આવેલા લોકો આતુર આંખે રાહ જોઈ રહ્યા હતા. એ ટોળામાં એક માણસ હતો, ડ્રાઇવરનો સફેદ યુનિફૉર્મ પહેરેલો... ઉંમર 50ની આજુબાજુ... એટલો તો બેચેન થઈને આંટા મારતો હતા કે ત્યાં ઊભેલા દરેક માણસે એને એક વાર જોયો, અને નવાઈથી જોઈ રહ્યા. એ માણસની ચાલમાં એક અજંપો હતો. 10 મિનિટ લેટ પડેલી ફ્લાઇટ એને 10 કલાક જેવી લેઇટ લાગતી હતી, બીજા લોકો પણ રાહ તો જોતા હતા આવનારાઓની, પણ આની બેચેની જુદી જ હતી.

6 ને 40ની જેટ એરવેઝની મુંબઈથી આવતી પહેલી ફ્લાઇટ લેન્ડ થવાનો અવાજ આવ્યો... થોડા સુસ્ત બેઠેલા રિક્ષાવાળાઓ અને ટૅક્સીવાળાઓમાં સળવળાટ થયો. શાલ લપેટીને, બીડીઓ ફેંકીને, સ્વેટરો ખેંચીને સરખાં કરીને બધાં અરાઈવલના કઠેડા પાસે ટોળે વળવા લાગ્યા. વાતાવરણમાં જાણે અચાનક એક ગરમી આવી ગઈ.

જેટ એરવેઝનો બ્લુ સ્કર્ટ અને પ્રિન્ટેડ શર્ટ પહેરેલો સ્ટાફ હાથમાં વોકીટોકી લઈ ફટાફટ આંટા મારવા લાગ્યો. લગેજનો કન્વેયર બેલ્ટ ગોળગોળ ફરવા લાગ્યો.

ફ્લાઇટને સીડી જોડાઈ અને ફ્લાઇટમાં બેઠેલા મુસાફરોએ આંખો ચોળી ઊભા થઈને ઊતરવાની તૈયારી કરવા માંડી. આરોહ-અવરોહ વગરના અવાજે એરહોસ્ટેસે અનાઉન્સમેન્ટ કર્યું, "અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઍરપોર્ટ પર તમારું સ્વાગત છે... બહારનું તાપમાન 7 ડિગ્રી સેલ્સિયસ છે... કૃપયા તમારી સીટની ઉપર રહેલા લગેજ ડ્રોવર્સને ખોલતા પહેલાં સહયાત્રીનું ધ્યાન રાખવા વિનંતી..." આ અનાઉન્સમેન્ટ પૂરું થાય એ પહેલાં એરક્રાફ્ટમાં મોબાઈલ સ્વીચઓન થવાનો અવાજ આવવા લાગ્યો. પેન્ડીંગ મેસેજીસ રીસીવ થવા લાગ્યા અને જાતજાતના રીંગટોન સંભળાવાના શરૂ થયા... હજી તો મુસાફરો ધીરેધીરે ઊભા થઈને આળસ ખંખેરીને નીચે ઊતરવાની તૈયારી કરે એ પહેલાં એક માણસ, જે ક્લાસની સીટમાંથી ઊભો થઈને બીજા મુસાફરોને ધક્કા મારતો સીડી પાસે આવીને ઊભો રહ્યો... એના શરીરની આખીય ભાષા જાણે એની ઉતાવળ વિશે બૂમો પાડી રહી હતી.

'જે ક્લાસ'ના મુસાફરો સામાન્ય રીતે દોઢું ભાડું આપીને મુસાફરી કરતા મુસાફરો હોય છે. બે સીટની વચ્ચે વધુ જગ્યા, આરામદાયક સીટ, જુદો નાસ્તો અને સ્પેશ્યલ ટ્રીટમેન્ટ મેળવતા આ મુસાફરો સ્વાભાવિક રીતે જ જુદા વર્ગમાંથી આવતા હોય છે. "બિઝનેસ ક્લાસ" કે "જે ક્લાસ" તરીકે ઓળખાતી વિમાનની આ ખાસ સીટોમાં મુસાફરી કરતા બધા જ મુસાફરો પેલા માણસની ઉતાવળ જોઈને નવાઈ પામી ગયા. જે રીતે ધક્કા મારીને આગળ ગયો એ વર્તન કોઈ ઉચ્ચ વર્ગના માણસને શોભે એવું નહોતું જ! મોડેલ જેવી દેખાતી 28ની કમર ઉપર લોવેઈસ્ટ જીન્સ પહેરેલી એક કન્યાએ જરા બડબડાટના સૂરમાં કહ્યુંય ખરું. "ઉફ આ અનકૂથ લોકો...!!!" બીજા એક આધેડ ઉમરના માણસ જેને ધક્કો વાગ્યો હતો એણે પણ કહ્યું, "ઇઝી! યંગમેન ઇઝી...

અમારે પણ ઊતરવાનું જ છે." પણ આ બધાની પેલા માણસ પર જાણે કોઈ અસર નહોતી થઈ! એની ઉતાવળ, એની ખૂટી ગયેલી ધીરજ, એની અકળામણ જોઈને એરહોસ્ટેસથી ન રહેવાયું.

"એનીથીંગ રોંગ સર?" એણે સહાનુભૂતિથી પૂછ્યું. એણે ફ્લાઇટ દરમ્યાન પણ જોયું હતું કે એ માણસ ખૂબ રેસ્ટલેસ હતો. ઘડીઘડી ઘડિયાળ જોતો, બારીની બહાર જોઈને આંખમાં આવેલા પાણીને ઘડીઘડી લૂછતો હતો. એણે કંઈ ખાધુંય નહોતું. જ્યુસ-ચા-કૉફી બધાંયની ના પાડી હતી, એરહોસ્ટેસે વારંવાર પૂછવા છતાં! માત્ર પાંચ વખત પાણી માગીને પીધું હતું.

"નો. ઈટસ ઓ.કે." એણે જવાબ આપ્યો.

"ટેઈક કેર" એર હોસ્ટેસે કહ્યું અને પાછું જેટ એરવેઝનું વ્યવસાયિક સ્મિત પહેરી લીધું. વિમાનનો દરવાજો ખૂલતાં જ પેલો માણસ ધડધડાટ સીડી ઊતરી ગયો. બહાર ઊભેલી કોચમાં બેસ્યા સિવાય એ સીધો ઍરપોર્ટ તરફ દોડ્યો... હા, હા, દોડ્યો જ! એના શ્વાસ ધમણની જેમ ચાલતા હતા. એને માત્ર એક જ દિશા દેખાતી હતી અને એ ઍરપોર્ટની બહાર નીકળવાની દિશા.

એના આખા શરીરમાં એક વિચિત્ર પ્રકારનો ઉચાટ હતો. કોઈની પરવા કર્યા વિના ધીમે ધીમે ઊતરીને કોચ તરફ જઈ રહેલા મુસાફરોને ધક્કા મારતો એ યુવાન દોડ્યો.

એને ઍરપોર્ટના અરાઇવલની બહાર ઊભેલો ડ્રાઇવર દેખાયો અને અરાઇવલના ગેટ ઉપર ઊભેલા સિક્યોરિટીના માણસની પણ પરવા કર્યા વિના એ યુવાન ઍરપોર્ટની બહાર નીકળી ગયો.

ઍરપોર્ટની બહાર ઊભેલા ટોળામાં પેલો ડ્રાઇવર બરાબર બહાર નીકળવાના દરવાજા પાસે આવીને ઊભો રહ્યો. અને આવી રહેલા મુસાફરો તરફ જોઈ રહ્યો...

...ટેન કલરનું લેધરનું જેકેટ, બ્લુ ડેનિમ... લગભગ 6 ફૂટ જેટલી હાઈટ, ગોરો ઊંચો દેખાવડો... રોમન શિલ્પ જેવું કસાયેલું શરીર ધરાવતો, પહોળા ખભા અને પાતળી કમર... નાના વાળ અને એક પોલીશ્ડ બિઝનેસમેનનો લુક ધરાવતો લગભગ 38નો એક યુવાન જે વિમાનમાંથી ધક્કા મારીને ઊતર્યો હતો એ હજીય દોડતો જ બહાર નીકળ્યો હતો. એના હાથમાં એક 'સેમસોનાઇટ'ની લેપટોપ અને થોડા કાગળો મૂકી શકાય એવી બેગ હતી-બસ!

એની આંખો આકળ-વિકળ હતી. સૂકીભઠ્ઠ છતાં-જાણે એ આંખો ઘેરાઈ આવિ હતી. રાતનો ઉજાગરો-અને ચિંતાનાં કાળાં વાદળોથી. જાણે હમણાં જ પડશે એવી ડબડબી ઊઠેલી એ યુવાનની આંખો પેલા ડ્રાઇવરની આંખો સાથે ક્ષણભર માટે મળી, પણ ડ્રાઇવરથી એ નજર નહીં સહેવાઈ હોય કદાચ, એટલે એણે નજર ઝુકાવી દીધી ને ડ્રાઇવર એને જોઈને એક ડગલું વધુ આગળ આવ્યો. પેલો યુવાન ડ્રાઇવર પાસે આવીને અટકી ગયો. એક અજબ ખાલીપો, એક ભયાવહ સન્નાટો હતો એની આંખોમાં. પેલો યુવાન બહુ સમય સુધી એ આંખોમાં જોઈ ના શક્યો. એણે નજર ફેરવતાં પૂછી જ નાખ્યું. "શું? શું થયું?"

ડ્રાઇવરે એના ખભે હાથ મૂક્યો... એનું ડોકું સાવ હલકું પણ "ના"માં હલી ગયું. ને ડ્રાઇવરે એના હાથમાંની હેન્ડ લગેજ લઈ લીધી.

પેલા યુવાને ડ્રાઇવરનો હાથ પકડી લીધો. પોતાના નીચલા હોઠને દાંત તળે એવો તો દબાવી દીધો કે લોહીના ટશિયા ફૂટી આવ્યા. આંખમાં ધસી આવેલાં પાણીને એણે માંડ માંડ ખાળ્યાં... ખિસ્સામાંથી સનગ્લાસીસ કાઢીને આંખો પર ચઢાવી દીધાં. ચાલવા શું, દોડવા જ માંડ્યું... ડ્રાઇવરે પણ પાછળ દોટ મૂકી અને પેલો યુવાન ગાડી સુધી પહોંચે એ પહેલાં ડ્રાઇવર ગાડી સુધી પહોંચી ગયો.

વી.આઈ.પી. પાર્કિંગમાં ઊભેલી ઓકસફોર્ડ બ્લ્યુ કલરની બી.એમ.ડબ્લ્યુ. ગાડીનો બીજી તરફ દરવાજો

ખોલીને ડ્રાઇવરે એના હાથમાંથી હેન્ડલગેજ લઈને પાછળની સીટમાં મૂકી દીધું. યુવાન બેચેનીથી ડ્રાઇવિંગ સીટ તરફ આગળ વધ્યો... ડ્રાઇવરે બીજી તરફનો ખોલેલો દરવાજો બંધ કર્યો અને ચાવી લઈ ડ્રાઇવરની સીટના દરવાજા તરફ દોડ્યો. યુવાને એના હાથમાંથી ચાવી લીધી અને ડ્રાઇવિંગ સીટ પર ગોઠવાઈ ગયો...

એણે જે રીતે ગાડી ચાલુ કરીને પાર્કિંગમાંથી કાઢી એ ઝડપ અને બેચેની જોતાં ડ્રાઇવરને ધ્રાસ્કો પડી ગયો હતો. યુવાને ગાડી બહાર કાઢીને શાહીબાગના રસ્તે આગળ લીધી...

"અહમદાબાદ મેં આપ કા સ્વાગત હૈ" લખેલા ભૂરા પાટિયાની નીચેથી ગાડી સડસડાટ પસાર થઈ ગઈ અને ડાબી બાજુ શહેર તરફ વળી...

યુવાનના ચહેરા પર અજબ પથ્થર જેવા ભાવ હતા, કહો કે કોઈ ભાવ જ નહોતા. એની આંખોમાં વારેવારે ધસી આવતા પાણીને એ ગાડી ચલાવતાં ચલાવતાં હાથેથી જ લૂછી નાખતો હતો. એના શ્વાસ તેજ ગતિએ ચાલતા હતા, ગાડી કરતાંય તેજ ગતિએ...

સડસડાટ પસાર થતાં ઝાડવાંઓ ઉપર જાણે સવારનો સૂરજ લાલ રંગ છાંટી રહ્યો હતો. દૂર આકાશમાં કેસરી ગોળો ધીરે ધીરે ઉપર ચડતો પીળો થઈ રહ્યો હતો. સોનલવર્ણો કૂણો તડકો શહેરને જાણે હળવા હાથે ઊંઘમાંથી જગાડીને કામે ચડવાનું યાદ દેવડાવતો હતો. અમદાવાદ શહેરના રસ્તાઓ ધીરે ધીરે જાગવા લાગ્યા હતા. વાહનો ફરવા લાગ્યાં હતાં.

ઍરપોર્ટથી શાહીબાગ કેન્ટોનમેન્ટનો વિસ્તાર પ્રમાણમાં સ્વચ્છ અને શાંત હતો. ખાસ કરીને વહેલી સવાર હોવાના કારણે વાહનોની અવરજવર પણ ઓછી હતી. સદર બજાર અને કેન્ટોનમેન્ટના ગેટ્સ બહાર મૂકેલી તોપનું મોડેલ અને કેમ્પના હનુમાન પસાર કરીને ગાડી આગળ ચાલવા લાગી.

ગાડીની ગતિ પ્રમાણમાં ઘણી વધારે હતી. તેમ છતાં એ યુવાનને લાગતું હતું કે જાણે ગાડી ખૂબ ધીમી ચાલી રહી છે.

ઓકસફર્ડ બ્લ્યુ રંગની બી.એમ.ડબ્લ્યુ. જાણે પેલા યુવાનથી પણ વધુ ઉતાવળમાં હતી. યુવાન બેધ્યાનપણે ગાડી ચલાવી રહ્યો હતો. એના મગજમાં એકસામટાં સો-સો દૃશ્યો આવતાં હતાં અને પસાર થઈ જતાં હતાં... કેટલાય અવાજો એને સંભળાતા હતા એને, એકસામટા. એણે બારીની બહાર જોયું... અને જાણે દૂર આકાશમાં ક્ષિતિજ ઉપર એને એક ચહેરો દેખાયો.

એક છોકરીનો ચહેરો... સુંદર, તાજગીભરી અને ખડખડાટ હસતી એ છોકરીના મોતીની માળા જેવા દાંત સ્પષ્ટ દેખાતા હતા. આખું આકાશ ભરી દેતો લાર્જર ધેન લાઇફ એ ચહેરો આકાશના એક છેડાથી બીજા છેડા સુધી ફેલાયેલો હતો... યુવાને આંખોમાં ઊભરાતા પાણીને કારણે ધૂંધળો થઈ જતો એ ચહેરો ધ્યાનથી જોયો. જિંદગીથી ભરપૂર ચહેરો... ખડખડાટ હસતો ચહેરો... બે બોલકણી આંખોવાળો ચહેરો... ગોરો, નમણો, અને જાણે કોતરીને બનાવેલું આરસનું શિલ્પ હોય એવા પરફેક્ટ-સુરેખ નાક, હોઠ અને હડપચી ધરાવતો ચહેરો જાણે એની સામે જોઈ રહ્યો. ખભાથી સહેજ લાંબા અને નિતંબથી સ્હેજ ઉપર સુધીના લાંબા કાળા અને જથ્થાબંધ સુંવાળા વાળ એના ચહેરા ઉપર વારંવાર ફેલાઈ જતા હતા. જેનાથી એનો ચહેરો જાણે ઢંકાઈ જતો હતો. એ ખડખડાટ હસતી હતી... યુવાને અનાયાસે હાથ લંબાવ્યો, એના ચહેરા પર ફેલાઈ જતા વાળ હટાવવા માટે...

એનાં ટેરવાં જાણે એ છોકરીની ચામડીને સ્પર્શી શકતાં હતાં હવામાં!

એ છોકરીની લીસ્સી, માખણ જેવી ત્વચા એ યુવાનનાં ટેરવાંને અજબ પ્રકારની ફિલિંગ આપતી હતી. જાણે એનાં ટેરવાં આ છોકરીને સ્પર્શીને જીવતાં થઈ જતાં. એનું સમગ્ર અસ્તિત્વ એનાં ટેરવાંમાં આવીને ધબકવા

લાગ્યું. એના ગાલ, એની હડપચી અને હોઠ... ઉફ! આ છોકરી હતી કે જીવતો જ્વાળામુખી?! આ જ ફિલિંગ છેલ્લાં કેટલાંય વર્ષોથી અનુભવી શકતો. જુવાળ આવ્યો હશે એની ઘેલછામાં, પણ ક્યારેય ઓટ નથી આવી!

એણે ચાલુ ગાડીએ હાથ લંબાવ્યો. ક્ષિતિજમાં દેખાતી છોકરીના ચહેરા પરથી વાળ હટાવ્યા, એ વાળની મુઠ્ઠી ભરી અને સહેજ બરછટ પુરુષત્વથી એનો ચહેરો પોતાની નજીક ખેંચ્યો... છોકરીના હોઠ ખૂલી ગયા હતા! એના ચહેરા પરથી સ્મિત ગાયબ હતું. નખશિખ સ્ત્રી પૂર્ણ સમર્પણ માટે તૈયાર હોય એમ એ છોકરી હોઠ ખોલીને, આંખો મીંચીને, ચહેરો સહેજ ઉપરની તરફ ઉઠાવીને બીજા એક જોડી હોઠની પ્રતીક્ષા કરતી હતી, જે એને ઓગાળી નાખે...

"ભાઈ!!!" ડ્રાઇવરે બૂમ પાડી. ગાડી જમણી બાજુના રોડ ડિવાઈડરને ઘસાવાની તૈયારીમાં હતી. યુવાનની તંદ્રા તૂટી ગઈ. એણે ગાડી સંભાળી લીધી. "હું ચલાવું?" ડ્રાઇવરે પૂછ્યું, ડરતાં ડરતાં.

યુવાને એક પણ અક્ષર બોલ્યા વિના ગાડી સાઈડ પર લીધી. અને ઊતરીને બીજી તરફ આવીને ગોઠવાઈ ગયો. ડ્રાઇવરે ગાડી રસ્તા પર લીધી.

બાજુમાં બેઠેલા યુવાન માટે હવે જાણે વધુ સરળતા થઈ ગઈ. એ કોઈ પણ વિક્ષેપ વિના વિચારોમાં સરી પડ્યો...

એક પછી એક વાતો, વાક્યો, અને વિચારો એની નજર સામે ફિલ્મની પટ્ટીની જેમ ચાલવા લાગ્યાં...

ઘર તરફ આગળ વધતી પાણીના રેલા જેવી એ ગાડીમાં બેઠેલો યુવાન જિંદગીનાં 10 વર્ષ પાછળ જતો રહ્યો હતો-

એની એવી ઉંમરમાં જ્યારે જિંદગી હજી શરૂ થતી હતી. ઘરથી દૂર-વિદેશ...

*

યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા!

બોસ્ટન શહેરની એક સવાર... સોમવાર! સમય સવારના 7નો.

કાળાં-ધોળાં, ઝીણી આંખવાળા અને બ્રાઉન ચામડીવાળા જાતજાતનાં ને ભાતભાતનાં લોકો યુનિવર્સિટીના કેમ્પસમાં ઊભરાઈ રહ્યા હતા. ક્લાસિસ શરૂ થવાને 10-12 મિનિટની વાર હતી. જુદી જુદી ઉંમરના, જુદા જુદા દેશમાંથી આવેલા, જુદી જુદી ભાષા બોલતા હજ્જારો વિદ્યાર્થીઓ પોતાના જુદા જુદા ક્લાસિસમાં જવા માટે જુદી જુદી દિશામાં જઈ રહ્યાં હતાં. કોઈ બાંકડા પર બેસીને કૉફી પી રહ્યા હતા. તો કોઈ પોતાના ક્લાસિસનું લેસન તૈયાર કરી રહ્યા હતા. થોડાં ટોળાં કંઈ ડિસ્કસ કરી રહ્યા હતા તો થોડા લોકો હેમ્બર્ગર અને કોકના જોઇન્ટ્સ પાસે ટોળે વળ્યાં હતાં.

યુનિવર્સિટીનું ગોળ ગુંબજોવાળું મકાન દૂરથી કોઈ ભવ્ય મહાલય જેવું લાગતું હતું. સ્વચ્છ રસ્તાઓની બંને તરફ જુદા જુદા ડિપાર્ટમેન્ટ્સનાં બિલ્ડિંગ્સ, બિલ્ડિંગ્સની બહાર મોટાં મોટાં લીલા રંગનાં લૉનથી છવાયેલાં મેદાનો, મેદાનોની વચ્ચે વચ્ચે ક્યારા બનાવીને રોપાયેલાં વૃક્ષો અને વૃક્ષોની પાસે મુકાયેલા નાના-મોટા બાંકડાઓ. મેઇન બિલ્ડિંગની બહાર મોટો ચોક અને ચોકની બરાબર મધ્યમાં એક મોટો ફુવારો... ફુવારાની બંને તરફથી ડ્રાઇવ-વેમાં પસાર થઈને યુનિવર્સિટીના મેઇન બિલ્ડિંગ સુધી જતી પથ્થરની પગથી...

અમેરિકાની ઉત્તમ યુનિવર્સિટીઝમાંથી એક હતી બોસ્ટન શહેરની આ યુનિવર્સિટી.

ન્યૂયોર્કથી સાડા ચાર જ કલાકના અંતરે આવેલું બોસ્ટન વિશ્વભરના વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર હતું. ખાસ કરીને શ્રીમંત નબીરાઓ માટે આ યુનિવર્સિટી આશીર્વાદ સમાન હતી. અહીં વૈભવી ફ્લૅટ્સ, શ્રેષ્ઠ

હોસ્ટેલ્સ અને શહેરમાં મોજમજાનાં એ બધાં સાધનો હતાં... જેને માટે અમેરિકા ભણવા આવવાની લાલસા રહેતી.

આદિત્ય ભાગવત... આ યુનિવર્સિટીના આકર્ષણનું કેન્દ્ર હતો. 23 વર્ષની ઉંમરે 20 હજાર કરોડથી વધારે પ્રોપર્ટીનો એકમાત્ર વારસદાર, અક્ષય ભાગવતનો એકનો એક દીકરો અને અક્ષય ભાગવત એટલે વિશ્વભરમાં પથરાયેલી કંપનીઓના માલિક. સ્ટીલ, ચ્હા, યાર્નસ્ અને કોસ્મેટિકસની સાથે સાથે હવે કોમ્પ્યુટર, કોમ્પ્યુટર સોફ્ટવેર અને મનોરંજનની દુનિયામાં પણ પગપેસારો કરી રહેલ ભાગવત ગૃપ ઑફ ઇન્ડસ્ટ્રીઝના માલિક!

આમ જુઓ તો આદિત્ય ભાગવત માટે ભણવાની કોઈ અનિવાર્યતા નહોતી તેમ છતાં આદિત્ય ભાગવત બોસ્ટન યુનિવર્સિટીમાં બિઝનેસ મેનેજમેન્ટમાં માસ્ટર્સની ડિગ્રી લેવા આવ્યો હતો. ઘરથી દૂર રહીને-થોડું ભણે-દુનિયા જુએ... જિંદગીના થોડા કડવા-મીઠા અનુભવો લઈ શકે એવા ઇરાદાથી એને અક્ષય ભાગવત-એના પિતાએ, અહીં બોસ્ટન ભણવા મોકલ્યો હતો.

આદિત્ય અહીં છેલ્લા એક વર્ષથી હતો. એના બેચના-અને બેચમાં ન હોય એવા ઘણાબધા આદિત્ય ભાગવતના 'ફેન' હતા! એમાં મોટા ભાગની છોકરીઓ હતી...

દરેક ઉંમરની-દરેક ધર્મ-વર્ણ-દેશ અને ભાષાની છોકરીઓ આદિત્ય ભાગવત માટે મરી પડતી...

એનું એક સ્માઇલ પામવા... એની સાથે એક સાંજ ગાળવા માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરવા તૈયાર... સૌ કોઇ આદિત્ય ભાગવતને ઓળખતું હતું. એનો વૈભવી ફ્લૅટ વીકએન્ડ પાર્ટીઝથી ધમધમતો... વૈભવી ગાડીઓ, આઉટિંગ્સ અને બીજા આનંદ-પ્રમોદનાં કેટલાંય સાધનો સાથે આદિત્ય ભાગવત અહીંનો મોસ્ટ એલિજેબલ બેચલર હતો! પણ છોકરીઓનું દુઃખ એ હતું કે આદિત્ય કોઈનેય ઘાસ નહોતો નાખતો. એની મિત્રો ખૂબ હતી પણ ડેટ પર લઈ જવાય કે સ્ટેડી કહી શકાય એવી કોઈ ગર્લફ્રેન્ડ નહોતી.

આદિત્યનો અત્યંત અંગત મિત્ર મિહિર જાણતો કે આદિત્યએ હજુ સુધી કોઈ છોકરીને હોઠ પર ચુંબન પણ નહોતું કર્યું!

મિહિર મલ્હોત્રા, આદિત્યનો ખાસ મિત્ર હતો. એની સાથે એના જ ફ્લૅટમાં રહેતો. મિહિરના પિતા હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીના બહુ મોટા ફાઇનાન્સર હતા. એમના જમાનામાં અભિનેતા તરીકે એમણે દસ-બાર ફિલ્મો પણ કરેલી. પછી કંઈ બહુ ભલીવાર નહીં આવતાં એ ફરી પાછા ફિલ્મ ફાઇનાન્સના ફેમિલી બિઝનેસમાં જોડાઈ ગયા હતા. સોહરાબ મોદી અને જ્હોન કાવસના જમાનાની ફિલ્મોમાં મિહિરના દાદાજી ફાઇનાન્સ કરતા. લાહોરમાં એમની મોટી હવેલી હતી. ભાગલા વખતે હિન્દુસ્તાન આવીને મુંબઈમાં વસી ગયેલું મલ્હોત્રા કુટુંબ અક્ષય ભાગવતના કુટુંબ સાથે ઘરોબો ધરાવતું. મિહિરના પિતા રવિ મલ્હોત્રા અને અક્ષય ભાગવત વિલ્સન કૉલેજમાં એક બેંચ પર બેસીને ભણ્યા હતા. હવે એના સંતાનોએ આ પરંપરા ચાલુ રાખી હતી.

મિહિર અને આદિત્ય જિગરજાન મિત્રો હતા, પણ સ્વભાવે એકબીજાથી સાવ વિરુદ્ધ!

મિહિરને જીવનની દરેક બાબતમાં રસ હતો. ગોસીપથી શરૂ કરીને ગર્લ્સ સુધી... અને, ડ્રગ્સથી શરૂ કરીને ડેમ્સ સુધી... વિસ્કીથી શરૂ કરીને વુમન સુધી...

મિહિર છ ફૂટ ઊંચો, દિલધડક હેન્ડસમ દેખાતો હતો. પહોળા ખભા અને જીમમાં જઈ જઈને બનાવેલા મસલ્સવાળો ટિપિકલ પંજાબી છોકરો હતો.

એ અંગ્રેજી બોલતો ત્યારે ચોખ્ખું અને સંપૂર્ણ બ્રિટિશ ઉચ્ચારો સાથે બોલતો, પરંતુ એ હિન્દી કે ગુજરાતી બોલે ત્યારે એમાં પંજાબીની છાંટ આવતી. પહોળા ઉચ્ચારો અને ખોટી જગ્યાએ અપાતા અલ્પવિરામ મિહિરની ભાષાને થોડી ફની બનાવી દેતા.

મિહિરને એવી ખબર હતી કે પોતે ખૂબ દેખાવડો છે. કોઈ પણ પાર્ટીમાં મિહિર આકર્ષણનું કેન્દ્ર બનવા માટે કંઈ પણ કરી શકતો. એને હાથ જોતાં આવડે છે એવું ગપ્પું મારવાથી શરૂ કરીને પોતે માઉન્ટેનિયરિંગમાં નંદાદેવી શિખર ચઢી આવ્યો છે એવું ગપ્પું મારતાં પણ મિહિર અચકાતો નહીં.

અને જ્યાં જરૂર પડે ત્યાં આદિત્યને પોતાની સાક્ષીમાં બોલાવી લેતો!

"તું મહેરબાની કરીને મારી પાસે જુઠ્ઠું નહીં બોલાવ." આદિત્ય ત્યારે ચિડાઈ જતો.

"તું જુઠ્ઠું ક્યાં બોલે છે? તું માત્ર ચૂપચાપ ઊભો રહે છે ત્યાં..." મિહિર ખડખડાટ હસતો.

"મૌનં સંમતિ લક્ષણમ્! મારી મા કહેતી કે જુઠ્ઠાની સાક્ષી પૂરવી એ પણ જુઠ્ઠાણું જ છે."

"બસ, તો પછી શું પ્રોબ્લેમ છે?" મિહિર હસતો. હવે તો તું પણ જુઠ્ઠું બોલી શકે.

"મિહિર, શા માટે આટલું જુઠ્ઠું બોલે છે?"

"છોકરીઓને ઇમ્પ્રેસ કરવા." મિહિર કહેતો, "હું જ્યારે આવી બધી વાતો કરતો હોઉં ત્યારે છોકરીની આંખોમાં દેખાતા આશ્ચર્ય અને અહોભાવ મારો કોન્ફીડેન્સ વધારી દે છે યાર, ક્યારેક ટ્રાય કરી જોજે." મિહિર આદિત્યને ખભે એક ધબ્બો મારતો.

"સિરિયસ થા. તારાં મા-બાપે તને અહીંયાં ભણવા મોકલ્યો છે."

"બિલકુલ નહીં. હું તો તારી સાથે આવ્યો છું. તારા બોડીગાર્ડ તરીકે! હું સુપરસ્ટાર બનું પછી મારે કઈ ગાડીઓ ખરીદવી અને કેવી ટાઇપની છોકરીઓ સાથે લફરાં કરવાં એ બધું મારે અહીંયાં શીખવાનું છે." મિહિર અત્યંત આત્મવિશ્વાસપૂર્વક કહેતો.

ગાડીઓની લેટેસ્ટ બ્રાન્ડ્ઝ... અને છોકરીઓની લેટેસ્ટ ફેશન સુધી બધી જ એને ખબર રહેતી.

એ એક્ટર બનવા માગતો હતો. માત્ર બે વર્ષ અહીં મજા થઈ શકે એટલા જ ઇરાદાથી ભણવા આવ્યો હતો. એને ભણવામાં કે ડિગ્રી લેવામાં કોઈ રસ નહોતો. આદિત્યને એ હંમેશાં કહેતો, "હું ડિગ્રી લઉં કે ના લઉં હું આવતીકાલનો સુપરસ્ટાર છું! હું તો તને સાચવવા આવ્યો છું, અહીં અમેરિકામાં!"

ને, વાત સાચી જ હતી. આદિત્યને ખરેખર સાચવવો પડે તેમ હતો. આટઆટલા પૈસા અને જીવનની તમામ સગવડો ઉપલબ્ધ હોવા છતા આદિત્ય સાવ જુદો, સાવ ભિન્ન હતો. એને આ મોજમજામાં કે રખડપટ્ટીમાં કોઈ રસ જ નહોતો. એ સિરિયસલી ક્લાસ કરતો. અસાઇનમેન્ટ લખતો. દરેક સેમેસ્ટરમાં ટોપ કરતો, દારૂ-સિગારેટ અને છોકરીઓથી દૂર રહેતો.

એ મિહિરને હંમેશાં સમજાવતો, "છોકરીમાં મને રસ નથી એવું કાંઈ નથી, આઇ લાઇક ગર્લ્સ! કેટલી બધી મિત્રો છે ને મારી?! પણ જે સંબંધની તું વાત કરે છે એવો સંબંધ તો કોઈ એક ખાસ છોકરી સાથે ખાસ રીતે જ બનશે! હું એ જ છોકરી સાથે મારું મન-મારું તન સાંકળીશ... જેને હું પ્રેમ કરું! એવી કોઈ છોકરી, જેની સાથે આખી જિંદગી જીવી શકાય. જેની સાથે ડાઇનિંગ ટેબલ પર સવાર શરૂ થાય અને બેડરૂમમાં રાત પડે..."

આદિત્ય માટે સ્ત્રી સાથેનો સંબંધ સન્માનથી શરૂ થતો અને સ્નેહ પર પૂરો થતો એક એવો સંબંધ હતો, જેની સાથે મિહિર ક્યારેય સંમત ન હતો. મિહિર આદિત્યને હંમેશાં સમજાવતો, "મજા કરી લે. આ જ ઉંમર છે... તારી આસપાસ ઊડતી તીતલીઓને જો. એકને હાથ પર, એકને ગાલ પર તો કોઈકને ખભે બેસાડ... એમના રંગની, એમના રૂપની મજા લે..."

"ચૂપ રહે! કોઈ તારી બહેન સાથે એવું કરે તો?"

"ચીરીને બે ફાડિયાં કરી નાખું."

"તો આ પણ કોઈની બહેન છે... કોઈની દીકરી છે. જેને આપણે ખરેખર ચાહતા ના હોઈએ એના શરીરને સ્પર્શ પણ કેમ કરાય?"

"ઓ મિસ્ટર, બહેન હશે એના ભાઈની, અને આજકાલની છોકરીઓ તો એટલી બધી ફાસ્ટ છે કે તું હાથ નહીં લંબાવે તો એ લંબાવી દેશે. એકાદ ડેટ પર જઈ તો જો. એ લોકોને ટાઇમ વેસ્ટ કરવો ગમતો નથી."

"ઓહ માય ગૉડ! કઈ ભાષામાં અને કઈ રીતે બોલે છે તું? જે સ્ત્રી ભવિષ્યમાં તારી પત્ની બનવાની હોય..."

"આમાંની એકેય નહીં." મિહિર કહેતો અને હસી પડતો, "આ સૂઝી, આ મિની, આ ચંદા અને આ રેણુકા... આ મયૂરી અને પેલી માર્થા... બધી એકથી એક રૂપાળી છે. બેડરૂમમાં પણ સારી છે... પણ એમની જોડે લગન ના કરાય..."

"જે સંબંધને કોઈ ભવિષ્ય નથી એને શું કહેવાય?"

"મજા!" મિહિર આદિત્યની આંખોમાં જોતો, "તને શું લાગે છે કે આમાંની એક પણ છોકરીને હું પ્રપોઝ કરું તો એ મને પરણવા તૈયાર થઈ જાય? જા ભઈ જા... એ જ મારી મશ્કરી કરે!"

"મને તો આ આખી વાત જ સમજાતી નથી. જે સ્ત્રીની આંખોમાં તમે તમારું ભવિષ્ય ના જોઈ શકો, જે સ્ત્રીની સાથે જીવતાં જીવતાં ઘરડા થવાની કલ્પના ના આવે એ સ્ત્રી સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ હોઈ જ કેવી રીતે શકે? મિત્રતા હોય એવું બને, પણ શરીર..." આદિત્ય એવી છોકરી વિશે વાત કરતાં જાણે સ્વપ્નમાં સરી પડતો-મિહિરને નવાઈ લાગતી, "સ્ત્રી એટલે જે તમારા બાળકની મા બની શકે, સ્ત્રી એટલે જેને વિશે વિચારતાં જ તમારું મન છલોછલ ભરાઈ જાય. સ્ત્રી એટલે જેના ખોળામાં માથું મૂકી શકાય, જેના પાલવથી આંસુ લૂછી શકાય... જેની સાથે પાર્ટીમાં જઈ શકાય અને જેની સાથે મંદિરનાં પગથિયાં ચડતાં એક જ પ્રાર્થના જાગે, હે ઈશ્વર, આવતા જનમમાં પણ અમને જોડે જ રાખજે."

જેને જોઈ નથી, મળ્યો નથી, જેના વિષે કાંઈ જાણતો નથી એના વિષે કલાકો બોલે છે-આ માણસ!

આદિત્ય કહેતો, "જેની સાથે ઝઘડી શકાય-બિઝનેસની સિક્રેટ શેર થઈ શકે અને જે તમારાં સંતાનોને તમારી ભાષા, અને તમારા સંસ્કાર શીખવે એવી છોકરી..."

"મુરખ છે તું". મિહિર કહેતો, "પ્રેમ નામની વસ્તુ જ નથી આ દુનિયામાં... આ બધી છોકરીઓ જે તારી આજુબાજુ આંટા મારે છે એ બધી જ તારી પાછળ લખાતી 'ભાગવત' અટકને મેળવવા મથે છે. વીસ હજાર કરોડથી વધુ પ્રોપર્ટીનો એકમાત્ર વારસદાર જો એમની મુઠ્ઠીમાં બંધ હોય તો એમને જિંદગીમાં બીજું શું જોઈએ? એ લોકો એ વાત સમજે છે ...સ્ત્રીઓ દેખાય મૂરખ, પણ હોય નહીં!! આદિત્ય ભાગવત-20 હજાર કરોડનો ચેક લખ્યા કરવાનો, રોજ સાંજે... પણ કેશ એક જ વાર કરવાનો... આ છોકરીઓને તું નહીં, તારું સામ્રાજ્ય આકર્ષે છે!"

"હું પણ સમજુ છું" આદિત્ય જવાબ આપતો અને હસી કાઢતો.

પણ એને એના જીવનમાં સ્ત્રીઓની ખોટ નહોતી સાલતી. એ વાતની એના બધા જ મિત્રોને નવાઈ લાગતી.

આદિત્ય એની ઉંમરના છોકરાઓમાં સાવ જુદો હતો. ખૂબ વાંચતો, ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજીનાં ભાગ્યે જ કોઈ પુસ્તકો હશે જે આદિત્યએ ઉથલાવ્યાં ના હોય. મરાઠીનાં પુલા દેશપાંડે હોય કે વિન્દા કરન્દીકર, શિવાજી સાવંત હોય કે ગુજરાતીના ક. મા. મુન્શીથી શરૂ કરીને ધીરુબહેન પટેલ, વાડીલાલ ડગલી કે સ્વામી આનંદ, અંગ્રેજીના ઉત્તમ નાટ્યકારો શેક્સપિયરથી શરૂ કરીને બ્રેક્ત, ઇબ્સન, લૂઈ જી પિરાન્દિલો કે સાર્ત્ર અને જે. કૃષ્ણમૂર્તિ કે પછી હિન્દીમાં અમૃતા પ્રીતમ હોય, શરદ જોશી કે ધર્મવીર ભારતી... આદિત્ય

ભાગવત એક વાર પુસ્તક હાથમાં લે એટલે પૂરું કરે જ છૂટકો. ફોટોગ્રાફી, આર્કિટેક્ચર, હિસ્ટ્રી, ફિલોસોફી કે કવિતા... ભાગ્યે જ કશું એવું હશે જે આદિત્યની આંખ તળેથી પસાર ના થયું હોય! એનું મુખ્ય કારણ આદિત્યની મા હતી. અક્ષય ભાગવતની પત્ની દુર્ગા જન્મે મરાઠી હતી એટલે આમ જોવા જાવ તો આદિત્યની માતૃભાષા મરાઠી હતી. મા પાસેથી આદિત્યને સંસ્કાર અને સમજદારીનો વારસો મળ્યો હતો. અત્યંત સામાન્ય કુટુંબમાં જન્મેલી દુર્ગા અક્ષર ભાગવતની સેક્રેટરી તરીકે ભાગવત ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રીઝમાં જોડાઈ હતી. માત્ર 2300 રૂપિયાના બેઝિક પગારથી. દુર્ગાની સાદગી, એનું સૌંદર્ય, એની ઈમાનદારી, બુદ્ધિ અને સંવેદનશીલતા ધીરે ધીરે અક્ષયના મનોમસ્તિષ્ક પર કાબૂ કરતા રહ્યા!! અક્ષયે જ્યારે એને લગ્ન પ્રપોઝ કર્યાં ત્યારે દુર્ગાના માન્યામાં નહોતું આવ્યું! દુર્ગા માટે તો ઠીક પણ એનાં મા-બાપ માટે તો આ ઘટના ચમત્કારથી પણ મોટી હતી... અક્ષય ભાગવત અને એનાં માતા-પિતા જ્યારે ઓફિસીયલી દુર્ગાનું માગું કરવા બાબુરાવ રાનડેને ઘેર આવ્યા ત્યારે એમની મર્સીડિઝ ગલીની બહાર પાર્ક કરવી પડી હતી... લગભગ દોઢ કિલોમીટર જેટલું દાદરના હૃદયસમા વિસ્તારમાંથી પસાર થઈને ચાલવું પડ્યું ત્યારે અક્ષય ભાગવતનાં માતા-પિતા એવું તો સમજી જ ગયાં હતાં કે આ દુર્ગા કોઈ સાવ અસામાન્ય, કરોડોમાં એક છોકરી હશે. બાકી એમનો અક્ષય આવા વિસ્તારમાં આટલું ચાલીને એમને માગું કરવા લઈ જાય એ વાત જ સ્વપ્નામાંય મનાય એવી નહોતી.

દાદર ઈસ્ટની એક ચાલીમાં બીજે માળે લાકડાનાં પગથિયાં ચડીને શ્રી અને શ્રીમતી ભાગવત અને અક્ષય ભાગવત જ્યારે પહોંચ્યાં ત્યારે આખી ચાલી એમને જોવા ત્યાં એકઠી થઈ ગઈ હતી...

લોકો એકબીજાની ઉપર પડતા હતા.

કેટલાક તો દોઢ કિલોમીટર દોડીને ભાગવતની મર્સિડિસ જોઈ આવ્યા હતા.

દુર્ગા જ્યારે લાકડાનું પાર્ટિશન લગાડીને બનાવેલા આઠ બાય આઠના રસોડામાંથી ભૂરા રંગની નવવારી પૂણેરી સાડી પહેરીને બહાર આવી, ત્યારે એના નાકની મોતીની વાળી અને અંબોડામાં લગાવેલી વેણી જોઈને અક્ષયનાં માતા-પિતા ઓલમોસ્ટ ડઘાઈ ગયાં હતાં. એમને એવી અપેક્ષા હતી કે અક્ષય ભાગવત, જે આટલો બધો એમ્બિસિયસ હતો એ કોઈ બિઝનેસ હાઉસની દીકરી સાથે પરણીને પોતાનું સામ્રાજ્ય વધારવાનો પ્રયાસ કરશે. એને બદલે આ તો ચાલીના ડબલ રૂમમાં રહેતી એક એવી છોકરી હતી, જે નવવારી સાડી અને વેણી પહેરતી હતી.

ચાની ટ્રે મૂકીને દુર્ગા અક્ષયના પિતાને પગે લાગી હતી.

"બેટા, અમારા દીકરાએ તને પસંદ કરી છે એટલે તારામાં કશુંક અસામાન્ય હશે એવું હું સમજી જ શકું છું."

"મેં પણ તમારા દીકરા સાથે પરણવાની હા એટલે જ પાડી છે કે એ સામાન્ય પુરુષો જેવો નથી." દુર્ગાની ગ્રે કલરની આંખોમાં જે આત્મવિશ્વાસ હતો એ જોઈને અક્ષયના પિતા એક ક્ષણ માટે અંજાઈ ગયા હતા.

"કેટલા કરોડનું સામ્રાજ્ય છે મારા દીકરાનું, ખબર છે તને?" અક્ષયનાં મમ્મીથી પૂછ્યા વિના નહોતું રહેવાયું.

"દરેક ટેન્ડર મારા હાથ નીચેથી પસાર થાય છે અને દરેક કોન્ટ્રેક્ટ હું જ ફાઇલ કરું છું... ઇન્કમટેક્સ રિટર્ન માટેના કાગળિયા પણ હું જ આપું છું ચાર્ટર્ડ અકાઉન્ટન્ટને." દુર્ગાએ આંખો નીચી રાખીને, પણ સ્પષ્ટ જવાબ આપ્યો હતો, "કદાચ અક્ષયને ખબર નહીં હોય, પણ હું ભાગવત ઇન્ડસ્ટ્રીઝનો હિસાબ રૂપિયા અને પાઈમાં જાણું છું."

"મા, હું દુર્ગાને પ્રેમ કરું છું અને દુર્ગા મને..." અક્ષયને લાગ્યું કે વાત વણસી જશે.

"સમજું છું બેટા, પણ દુર્ગા જે કુટુંબમાં પરણીને આવી રહી છે એની ઓળખાણ તો હોવી જોઈએ ને એને..." અક્ષયની માએ મોટું સ્મિત કર્યું.

"મને અક્ષયની ઓળખાણ છે મા, અને મેં પૂરો સમય લીધો છે એને ઓળખવામાં!"

"હા, એ તો સમજી શકાય એવું છે." અક્ષયની મા કોણ જાણે કેમ આ ચાલીના ડબલ રૂમ અને એમાં વસતી દુર્ગાના આત્મવિશ્વાસના કોન્ટ્રાસ્ટથી જરા ખુશ નહોતી.

"હું જે અક્ષયને ઓળખું છું એને ભાગવત ઇન્ડસ્ટ્રીઝ સાથે કોઈ સંબંધ નથી."

"કહેવું સહેલું છે દીકરા."

"તક અને સમય મળશે તો સાબિત પણ કરી બતાવીશ."

"ઓ.કે. મોમ..." અક્ષય હવે વચ્ચે કૂદી પડ્યો, "આપણે દુર્ગા માટે જે સાડી અને સાંકળા-ચૂંક લાવ્યાં છીએ તે આપી દો."

વીસ હજારની પૈઠણી સાડી, સાત હીરાની ઓછામાં ઓછી દસ લાખ રૂપિયાની ચૂંક અને વ્હાઇટ ગોલ્ડમાં ડાયમંડ જડેલા સાંકળાની સાથે સવા લાખ રૂપિયાની થેલી અક્ષય ભાગવતનાં માએ દુર્ગા તરફ આગળ કરી. દુર્ગાએ નવવારી સાડીનો પાલવ ફેલાવીને બધું જ પોતાની સાડીમાં ઝીલી લીધું. પછી એમાંથી એક સો રૂપિયાની નોટ હાથમાં લઈને બાકીનું બધું એમના હાથમાં હજીયે પકડેલી ચાંદીની થાળીમાં પાછું ઉલેટી દીધું.

"મારે માટે આટલાં શુકન પૂરતાં છે."

"બેટા, આ બધું તારા માટે જ છે." અક્ષયના પિતાએ દુર્ગાના માથે હાથ ફેરવ્યો હતો.

"મારે તમારો આવકાર અને આશીર્વાદ પૂરતા છે. બાકી, તમે જે આપો છો એ તો મારા માટે મારી જિંદગીથી પણ અમૂલ્ય છે." દુર્ગાએ અક્ષય સામે જોઈને શરમાળ સ્મિત કર્યું હતું. કોણ જાણે કેમ અક્ષયની માને એ સ્મિત ઉપર વહાલ આવી ગયું હતું અને પગે લાગતી દુર્ગાને ઉઠાડીને એમણે છાતીસરસી ચાંપી દીધી હતી.

દુર્ગામાં કંઈક એવું હતું, જેનાથી સામેનો માણસ અંજાયા વિના રહી શકતો નહીં. એ એની વિચક્ષણ બુદ્ધિ હતી, એની શુદ્ધતા હતી, એની નિઃસ્પૃહતા હતી કે કોઈનાથી ના અંજાવાની એની એવી પ્રતિભા હતી... કોને ખબર? પરંતુ અક્ષય ભાગવતનાં માતા-પિતા પણ અક્ષયની જેમ જ દુર્ગાથી અંજાઈ ગયાં હતાં.

અને અક્ષય ભાગવતના પિતાને પગે લાગતા બાબુરાવ રાનડેને ઉઠાડીને અક્ષયના પિતા અમરનાથ ભાગવતે છાતીસરસા ચાંપી દીધા હતા. એમણે બાબુરાવને કહ્યું હતું, "ઉપકાર તો તમારો છે અમારા ઉપર! બાકી આવી કુળવાન-ગુણવાન કન્યાને અમે ક્યાં શોધવા જાત!?"

અક્ષય ભાગવતનાં લગ્નમાં માત્ર એકસો ને એક માણસની જાન લઈને ભાગવત કુટુંબ આવ્યું હતું. શુદ્ધ સંસ્કૃતના મંત્રો સાથે મરાઠી વિધિથી મોતીની સેર બાંધીને નાકમાં મોતીની વાળી, લીલી બંગડી અને લીલી પૈઠણી સાડી પહેરીને દુર્ગા રાનડેમાંથી દુર્ગા ભાગવત બની હતી.

મરાઠીઓમાં વહુનું નામ બદલવાનો એક વિધિ હોય છે.

એ વિધિ શરૂ થાય તે પહેલાં જ અમરનાથ ભાગવતે સૌની વચ્ચે કહ્યું હતું, "નામ માણસનું બદલાય, દેવીનું નહીં! આ તો સાક્ષાત્ દુર્ગા છે, મારે ઘેર પધારે છે એનો મને આનંદ છે..."

અને દુર્ગાએ અક્ષય ભાગવત સામે ત્રાંસી પણ છલછલાઈ આવેલી આંખોથી જોયું હતું.

લગ્ન કરીને ભાગવત વિલામાં ડગલાં માંડતી દુર્ગાના આશ્ચર્ય વચ્ચે પાંચસો મીટરના ડ્રાઇવ-વેમાં લાલ કારપેટ પથરાઈ હતી. રસ્તાની બંને તરફ નાના નાના દીવડાઓ ગોઠવાયા હતા અને ડ્રાઇવ-વેની બંને તરફના ઝાડને જોડતાં ત્રણ-ત્રણ સેરમાં તોરણો બંધાયાં હતાં.

ભાગવત વિલામાં મોટી મોટી પાર્ટી કરાઈ હતી, જેમાં મીડિયાથી શરૂ કરીને કોર્પોરેટ જગતનું એક પણ નામ એવું નહોતું કે જે હાજર ના હોય.

પાર્ટી પછી અક્ષય ભાગવત દુર્ગાને બે હાથમાં ઊંચકીને ફૂલો પાથરેલાં પગથિયાં ચડીને એના ઓરડામાં લઈ આવ્યો હતો.

અને બે વરસના પ્રણય પછી પહેલી વાર અક્ષય ભાગવતે દુર્ગાને ચુંબન કર્યું હતું!

ત્યાંથી શરૂ કરીને આદિત્ય 13 વર્ષનો થયો ત્યાર સુધી દુર્ગા અને અક્ષયનું લગ્નજીવન એક હનીમૂન જેવું હતું. મેગેઝિનોમાં અને ટેલિવિઝન ચેનલ્સ પર એમના લગ્નજીવનના દાખલા દેવાતા. દુર્ગાએ પોતાની સામાન્ય લાઇફસ્ટાઈલ છેક સુધી છોડી નહોતી. અક્ષય ભાગવતની પત્ની હોવા છતાં દુર્ગા ભાગવત સંગીતના કાર્યક્રમો કરતી. એમાંથી આવતી આવક સામાજિક સેવાનાં કામોમાં વાપરતી. 20 હજાર કરોડના એકમાત્ર માલિકની પત્ની દુર્ગા ભાગવત એક અત્યંત સ્વમાની અને તેજસ્વી સ્ત્રીની છાપ ધરાવતી. એની કુશાગ્ર બુદ્ધિનાં-એનાં સ્પષ્ટ વક્તાપણાના ભરપેટ વખાણ કરતાં મીડિયાવાળા થાકતા નહીં અને છતાં એ સાવ સામાન્ય જીવન જીવતી, સામાન્ય લોકોની વચ્ચે રહેતી. અક્ષય ભાગવત અને દુર્ગા ભાગવતના લારી પર પાણીપૂરી ખાતા ફોટા પણ મેગેઝિનોમાં છપાઈ જતા ક્યારેક... આદિત્ય ખાસ્સો એની મા જેવો હતો. સામાન્ય જીવન જીવતો- અને અસામાન્ય વ્યક્તિત્વ ધરાવતો એક સાચો, સરળ માણસ! એમાં એના ઉછેરનો ફાળો પણ બહુ અગત્યનો હતો.

દુર્ગાએ ક્યારેય આદિત્યને એવો અહેસાસ થવા જ નહોતો દીધો કે એ બીજાઓથી કાંઈ ખાસ જુદો કે વિશેષ છે. એને મળનારા વારસા વિશે એને ક્યારેય સભાન ન થવા દેવાની સભાનતા દુર્ગામાં હતી! અને આદિત્યનો ઉછેર પણ દુર્ગાએ એક સામાન્ય ઉચ્ચ મધ્યમ વર્ગના છોકરાની જેમ જ કર્યો હતો.

સવારે આદિત્યને ઉઠાડવાથી શરૂ કરીને એને તૈયાર કરી સ્કૂલ-બસ સુધી પહોંચાડવાનું કામ દુર્ગા જાતે કરતી.

આદિત્ય ટિફિનમાં શું લઈ જશે અથવા એની પરીક્ષાઓ કઈ તારીખથી છે એ દરેક બાબતની દુર્ગાને પાક્કી ખબર રહેતી.

સવારે આદિત્ય સ્કૂલે જાય ત્યારે અને સાંજે પાછો ફરે ત્યારે દુર્ગા અચૂક ઘરમાં હોય એવો પ્રયત્ન કરતી.

ઘરમાં બાર-પંદર ગાડીઓ હોવા છતાં આદિત્ય સ્કૂલ-બસમાં સ્કૂલે જતો.

સ્કૂલમાંથી આવતી નાની-નાની ફરિયાદો માટે દુર્ગા જાતે જ પ્રિન્સિપાલને મળવા જતી. એટલું જ નહીં, આદિત્યને એના વાયોલિનના ક્લાસ માટે કે જિમમાં લઈ જવા ડ્રાઇવર નહીં, દુર્ગા ગાડી ચલાવતી.

અક્ષય પોતાના કામને કારણે ખાસ્સું બહારગામ રહેતો, પરદેશની ટ્રિપ વખતે એ દુર્ગાને આગ્રહ કરતો પોતાની સાથે આવવા, પરંતુ દુર્ગા આદિત્યના ઉછેરને વધુ અગત્યનો ગણીને ક્યારેય વૅકેશન સિવાય અક્ષય સાથે બહારગામ નહોતી જતી. હા, વૅકેશનમાં અક્ષયે કમ્પલસરી દસ દિવસ કાઢવા પડતા. જે દરમિયાન ત્રણેય જણાં સાથે બહારગામ જતાં અને એકબીજાની સાથે પૂરેપૂરો સમય વીતાવતા.

અક્ષય જ્યારે મુંબઈમાં હોય ત્યારે રાત્રે જમવાના સમયે ઘરે આવી જવું એવો આગ્રહ દુર્ગા રાખતી.

આદિત્યની ફરિયાદોમાં અક્ષયને પણ રસ લેવો પડતો અને કોઈ પણ ઉચ્ચ મધ્યમવર્ગના પિતાની જેમ આદિત્યના ઉછેરમાં અને એની જિંદગીમાં રસ લેવો અક્ષયને ગમતો પણ ખરો. અક્ષય ઘરમાં હોય ત્યારે આદિત્યને જાતે મેથ્સ ભણાવતો, સવારે એને સ્કૂલે મૂકવા ક્યારેક જાતે જતો તો ક્યારેક બાપ-દીકરો રવિવારની સવાર ટેનિસકોટ અને સ્વિમિંગ પુલમાં વીતાવતા.

બાર વર્ષના દીકરાની મા દુર્ગા સ્વિમસૂટ પહેરીને ભાગવત વિલાના સ્વિમિંગ પુલમાં સ્વિમિંગ કરતી હોય ત્યારે એની અઠ્ઠાવીસની કમર અને અમેરિકન એક્ટ્રેસ જેવા પાતળા, લાંબા પગ જોઈને એ એક દીકરાની મા હશે એમ માનવું અઘરું પડતું.

દુર્ગા જાતે જ એના હોમવર્ક પર ધ્યાન આપતી અને દીકરાને પોતાની જેમ જ સંગીત શીખવાડ્યું હતું. આદિત્ય વાયોલિન ખૂબ સારું વગાડતો. રેગ્યુલરલી જિમ જતો.

પરંતુ અક્ષય સાથેનું હનિમૂન કે આદિત્ય સાથેનું વ્હાલ બહુ દુર્ભાગ્યે લાંબું ટકી શક્યાં નહોતાં!

આદિત્યની સ્કૂલ-બસને એક દિવસ મોડું થઈ ગયું. દુર્ગા હાંફળી-ફાંફળી ઘરમાંથી ગાડી લઈને સ્કૂલ-બસને શોધવા નીકળી.

બેધ્યાન દુર્ગા સ્કૂલ-બસને શોધતી સામેથી આવતી એક ટ્રક સાથે અથડાઈ ત્યારે એ ફક્ત 38 વર્ષની હતી.

એ રોડ એક્સિડેન્ટમાં એટલી તો ઘવાઈ કે હૉસ્પિટલ પહોંચતાં પહેલાં જ એના પ્રાણ નીકળી ગયા.

અક્ષય ત્યારે એન્ટવર્પ હતો.

એન્ટવર્પથી ઘેર આવેલા અક્ષયને દુર્ગાનું શરીર જોઈને સંભાળવો અઘરો થઈ પડ્યો હતો, પરંતુ આદિત્યની જવાબદારીએ એને જીવવા મજબૂર કર્યો. અક્ષયની ઉંમર ત્યારે 41 વર્ષની હતી.

એ દિવસથી જાણે એ ઘરમાંથી હાસ્ય સુકાઈ ગયું હતું.

બાપ-દીકરો એકબીજાને સહારો આપવાનો પૂરેપૂરો પ્રયાસ કરતા, પણ એમને એકબીજા સાથે જોડતી કડી, દુર્ગા હવે નહોતી.

દુર્ગાની ગેરહાજરી ભાગવત વિલાના ખૂણેખૂણામાંથી પડઘાતી. અક્ષય ભાગવતે પોતાની બહારગામની ટ્રિપ્સ ઓછી કરી નાખી હતી. દીકરાના ઉછેરમાં પૂરેપૂરો રસ લેવા માંડ્યો હતો.

દીકરાને માની કમી ક્યારેય ન અનુભવાય એવા સંનિષ્ઠ પ્રયાસ છતાં આદિત્યના જીવનમાં દુર્ગાના જવાથી ખાલી પડેલી જગ્યા જાણે ખાલી જ રહી ગઈ હતી.

ભાગવત વિલાનું આખુંય જીવન જાણે દુર્ગાની આસપાસ ધબકતું હતું. એ આખાય સંસારને એવી રીતે મેનેજ કરતી હતી કે અક્ષયને ખબર જ નહોતી પડી કે આટલાં વરસ એનો સંસાર કઈ રીતે ચાલ્યો હતો. દુર્ગાએ ઘરમાં સુખ અને શાંતિથી રેલમછેલ કરી મૂકી હતી. દુર્ગાના ગયા પછી ઘરમાંથી જાણે બંને રિસાયાં હતાં-સુખ અને શાંતિ.

દુર્ગાના મૃત્યુના અગિયારમે મહિને અક્ષયનાં મા-શ્રીદેવી ભાગવત અને શ્રીદેવીના મૃત્યુના પાંચ મહિના પછી અક્ષયના પિતા અમરનાથ ભાગવત ટૂંકી માંદગી ભોગવીને બાપ-દીકરાને એકલા મૂકી ચાલી ગયાં હતાં.

દાદા-દાદી હતાં ત્યાં સુધી હજીયે આદિત્ય માટે એક ખૂણો હતો, જ્યાં જઈને એ પોતાના મનની વાત કહેતો... લાડ કરતો, રિસાતો... અને તોફાનો કરતો.

દાદા-દાદીના ગયા પછી આદિત્ય જાણે અચાનક મોટો થઈ ગયો.

તેર વર્ષનો છોકરો જાણે ત્રેવીસનો હોય એવી ગંભીરતા આવી ગઈ એનામાં. પિતાના શેડ્યુઅલ સાથે એડ્જસ્ટ કરવું, પોતાનું કામ જાતે કરી લેવું અને બને ત્યાં સુધી પિતાને તકલીફ ના આપવી. એમનું કામ ઓછું કરવું, પણ વધારવું નહીં... એવો આદિત્યનો પ્રયાસ રહેતો. અક્ષયને લાગતું કે આદિત્ય એનાથી અતડો રહે છે. એટલે એય આદિત્યને ખુશ કરવા માટે ટ્રિપ કેન્સલ કરવી, સિનેમાની ટિકિટ લઈ આવવી કે પરદેશના પ્રવાસમાં એને પોતાની જોડે રાખવા જેવા પ્રયત્નો કરતો. આદિત્યને લાગતું કે પિતા આ બધાને લીધે ખેંચાય

છે... અને એ વધુ અતડો બની જતો. અક્ષયને લાગતું કે પોતાના આ પ્રયાસો આદિત્યને ઓછા પડે છે. એટલે એ વધુ સંનિષ્ઠતાથી વધુ મરણિયો થઈને પ્રયાસો કરતો...

આદિત્યને વધુ અપરાધભાવ આવતો અને એ વધુ અતડો થતો જતો.

બાપ-દીકરો એકબીજાને સુખ આપવાના પ્રયત્નમાં જાણે એકબીજાથી દૂર થતા જતા હતા.

એમની વચ્ચેનો એકમાત્ર પુલ-દુર્ગા હવે નહોતો અને બંનેને એકબીજા સુધી પહોંચવાની અદમ્ય ઇચ્છા છતાં બંને એકબીજાથી વધુ ને વધુ દૂર થતા જતા હતા. અક્ષય અને આદિત્ય બંને માટે દુર્ગા વિનાની જિંદગી જાણે અર્થહીન થઈ ગઈ હતી. અક્ષયે પોતાના કામમાં અને આદિત્યએ પોતાના સંગીતમાં પરોવાઈને દુર્ગા વિના જીવતાં શીખવાનો પ્રયાસ કરવા માંડ્યો હતો. દુર્ગાને ગયે એક દસકો વીતી ગયો હોવા છતાં દુર્ગા અક્ષય અને આદિત્યની સાથે જ જીવતી હતી... રાત-દિવસ.

એક માત્ર દુર્ગાની પુણ્યતિથિનો દિવસ એવો હતો, જે દિવસે અક્ષય વિશ્વના કોઈ પણ ખૂણામાંથી ઘેર પાછો ફરતો અને આદિત્ય એ દિવસે પિતાની સાથે જ સમય ગાળતો.

બંને ઘરમાં હવન કરતા, ગરીબોને દાન અપાતું, વિદ્યાર્થીઓને ફીઝ, અનાથ આશ્રમોમાં ભોજન... અને મહિલા આશ્રમોમાં એક જોડ કપડાંનું વિતરણ કરાતું. દુર્ગા ભાગવત ચેરિટેબલ ટ્રસ્ટ એ દિવસે મહારાષ્ટ્રના કોઈ એક ગ્રામ્ય વિસ્તારમાં એક શાળા અને એક આરોગ્યકેન્દ્ર શરૂ કરતું. એ દિવસે ગરીબ કન્યાઓનાં લગ્નો કરાવાતાં...અને રાત્રે રસ્તા પર સૂતેલા કેટલાય ભિખારીઓને ધાબળા ઓઢાડાતા.

અક્ષય અને આદિત્ય મળીને એ બધું જ કરવાનો પ્રયત્ન કરતા, જેનાથી દુર્ગા હોત તો એને આનંદ થાત.

એવી જ રીતે દુર્ગાના જન્મદિવસે-17 સપ્ટેમ્બરે ઘરમાં કેક આવતી, બાપ-દીકરો મળીને કેક કાપતા અને ભાગવત ગ્રૂપ ઑફ ઇન્ડસ્ટ્રીઝના કર્મચારીઓને બોનસ અને પ્રમોશન જાહેર કરાતાં.

આદિત્ય હવે ભાગવત ગ્રૂપ ઑફ ઇન્ડસ્ટ્રીઝની આંટીઘૂંટી સમજવા લાગ્યો હતો. અક્ષય ઇચ્છતો હતો કે આદિત્ય ઑફિસ આવવાનું શરૂ કરે, પરંતુ આદિત્યને હજી આગળ ભણવાની ઇચ્છા હતી.

એની ઇચ્છાને માન આપીને અક્ષયે એને બહાર ભણવાની છૂટ આપી હતી, યુનિવર્સિટીની એન્ટ્રન્સ ટેસ્ટથી શરૂ કરીને તમામ પ્રોસેસ આદિત્યએ કોઈ પણ સામાન્ય છોકરાની જેમ જ કર્યા હતા, જીઆરઈ, ટોફેલ જેવી પરીક્ષાઓ પણ પોતાની મેળે જ ફૉર્મ કરીને, કોઈ પણ સામાન્ય છોકરાની જેમ આપી હતી.

આદિત્ય એની મા પાસેથી શીખ્યો હતો કે જીવનનાં મૂલ્યોમાં વિશ્વાસ રાખવો... સત્ય અને પ્રામાણિકતાથી જીવવું. સંબંધોને સન્માન આપવુ અને દરેક માણસને એની પરિસ્થિતિમાં સમજવો!

આદિત્ય પાસે જિંદગીની બધી જ સગવડતાઓ હોવા છતાં એ મા પાસેથી શીખેલી વાતોનો અર્થ અને જિંદગીની કિંમત સમજતો હતો અને એટલે જ જિંદગી વેડફવા માગતો ન હતો.

બોસ્ટન યુનિવર્સિટીમાં ભણનારી કેટલીય ઉદ્યોગપતિઓ અને નબીરાઓની પુત્રીઓ અને ત્યાં ભણતી ગોરી, કાળી, એશિયન, ચાઈનીઝ, જાપાનીઝ, સ્પેનિશ, આફ્રિકન છોકરીઓ આદિત્યની એક નજર માટે જીવ કાઢી આપવા તૈયાર હતી. એટલી હદ સુધી કે કેટલીક છોકરીઓએ તો આદિત્યને સીધી જ ઑફર કરી હતી- ડેટની, પ્રણયની, પથારીની અને...

આદિત્ય આ બધું જ સમજતો હતો.

આ છોકરીઓનું એને માટેનું આકર્ષણ અને એ આકર્ષણની ક્ષણભંગુરતા એ હસવામાં કાઢી નાખતો. કેટલીક છોકરીઓ તો એના એપાર્ટમેન્ટ સુધી આવીને એને લગભગ વળગી પડવા સુધીની હદે ગઈ હતી. કેટલીક

પાર્ટીસમાં ઉપર કે નીચેના બેડરૂમમાં કોઈ બહાના હેઠળ એને બોલાવીને એને ચુંબન કરવા કે ટોપની ઝીપ ખોલીને પોતાની સુંદરતા દેખાડવા સુધી છોકરીઓએ એને લલચાવવાનો પ્રયાસ કર્યો હતો.

આદિત્યએ ખૂબ સૌજન્યતાથી-કોઈનાયે માનને હાનિ ન થાય એમ, આ બધીયે પળોને એની નજાકત સમજીને સંભાળી હતી! દરેક વખતે!

અને જ્યારે જ્યારે આવું બનતું ત્યારે એની સૌજન્યતાથી અને સંસ્કારથી એ છોકરીઓ આદિત્યની વધુ ને વધુ નિકટ ખેંચાઈ આવતી. આદિત્ય માટેનું આકર્ષણ ત્યાર પછી એને માટેના સન્માન અને ક્યારેક ગળાડૂબ પ્રેમમાં પરિણમતું. છોકરીઓ આદિત્યને લગ્નની પ્રપોઝલ આપતી, વિનંતીઓ કરતી, કરગરતી. પરંતુ આદિત્ય એમને ખૂબ શાંતિથી સમજાવતો કે, "હું જે છોકરીને શોધું છું એ તું નથી!"

એની સૌજન્યતા, સદ્વર્તન, સરળતા અને સ્પષ્ટતા-એને વધુ ચાહવા યોગ્ય બનાવતી. જે સ્થળે પુરુષો સ્ત્રીને શરીરથી વધુ જોતા જ નહોતા, એવા દેશમાં અને એ ઉંમરમાં આદિત્ય પાસેથી જે સન્માન અને સૌજન્ય મળતું એને કારણે એ વધુ 'પુરુષ'-વધુ 'ઇચ્છનીય' બનતો...

જોકે, માત્ર સદ્વર્તન કે પૈસા એટલું જ નહોતું એને ગમાડવા માટે... આદિત્ય એટલો તો હેન્ડસમ હતો કે એને એક વાર જોનારી કોઈ પણ છોકરી એના પરથી પોતાની નજર ખસેડી શકે એ શક્ય જ નહોતું.

છ ફૂટ જેટલી હાઈટ, આરસપહાણમાંથી કોતરી કાઢ્યું હોય એવું આર્યન નાક, રોમન શિલ્પ જેવું ફિઝિક અને મોતીની કળી જેવા એકસરખા દાંતની ગોઠવાયેલી દંતપંક્તિ. એ-કારાંત ચિત્તપાવન બ્રાહ્મણ દુર્ગા રાનડેનો વારસામાં મળેલો ગોરો વાન અને ભાવવાહી રાખોડી પૂણેરી આંખો!

આદિત્યના આખા વ્યક્તિત્વમાં એક શુદ્ધતા, એક સમજદારી પ્રગટતાં હતાં. એનો ગર્ભશ્રીમંત ઉછેર એનામાં એક સ્ટાઇલ અને એક અજબ પ્રકારનું પોઇઝ ઉમેરી ગયો હતો. એની પસંદગીની દરેક વસ્તુઓ ઉત્તમ જ હોય એવું નક્કી હતું. આદિત્ય શોટ્ર્સ પહેરે કે લિવાઇસનું જીન્સ, અરમાનીનો સૂટ પહેરે કે બીચ શર્ટ... એ સતત અને સહજ રીતે આકર્ષક લાગતો.

એના કાળા ઘૂંઘરાળા વાળ એના વિશાળ કપાળ પર ઝળૂંબતા રહેતા. એના પહોળા ખભા, પુરુષાતનથી ભર્યાં ભર્યાં બાવડાં, સિંહ જેવી પાતળી કમર અને શર્ટના એક ખુલ્લા બટનમાંથી દેખાતા છાતીના વાળ...

ટૂંકમાં, આદિત્ય દિલધડક હેન્ડસમ હતો. ભારતના ગણ્યાગાંઠ્યા શ્રીમંત પરિવારોમાંનો એકનો એકમાત્ર વારસદાર હતો. સુશીલ, સંસ્કારી અને વેલબિહેવ્ડ એક એવો યુવાન હતો, જે કોઈ પણ લગ્નોત્સુક યુવતીનું સપનું બની શકે તેમ હતો...

પણ, એના સપનામાં આવતી છોકરી એને હજી મળી નહોતી મળી.

કેટલીય ફૅશન મોડલ્સ, ફિલ્મ અભિનેત્રીઓ, શ્રીમંત-ઉદ્યોગપતિ પરિવારની દીકરીઓ આદિત્યને પોતાના ચક્કરમાં લેવા મથી ચૂકી હતી. પણ એ શક્ય નહોતું બની શક્યું!

અક્ષય ભાગવત જ્યારે જ્યારે અમેરિકા આવતા ત્યારે યુએસના કોઈ પણ ખૂણામાંથી આવીને એક દિવસ આદિત્ય સાથે ગાળતા.

"અંકલ, આ છોકરો સાધુ થઈ જશે." મિહિર અક્ષય ભાગવત સાથે બિયરના ગ્લાસ ટકરાવતો. જ્યારે આદિત્ય ફ્રેશ જ્યુસ અથવા કોક લઈને મુસ્કુરાતો બેસી રહેતો.

"એને પરણાવ... બાકી ભાગવત ઇન્ડસ્ટ્રીઝ આદિત્યની સાથે ભાગવત ચેરિટેબલ ટ્રસ્ટ થઈ જશે." અક્ષય હસતો.

"અંકલ, એ તૈયાર હોય તો કાલે પરણાવી દઉં."

"છે કોઈ નજરમાં?"

"નજરમાં? સોળ હજાર એકસો ને આઠ છે અંકલ, પણ આ તમારો કાનુડો હા નથી પાડતો... એ તો કોઈક રાધાને શોધ્યા કરે છે. એન્ડ આઇ બેટ અંકલ, એ જેવી છોકરી શોધે છે ને એવી છોકરીને તો સાવ નાની હોય ત્યારે દત્તક લઈને મોટી કરવી પડે. મેડ ટુ ઑર્ડર... એવી છોકરી રેડીમેડ નહીં મળે તમને."

"કિર્લોસ્કરની દીકરી છે. એમ.બી.એ. છે, દેખાવે પણ સુંદર છે. અહીં જ છે ન્યૂયોર્કમાં. એક વાર મળી તો લે." અક્ષય કહેતો.

"સંધ્યા! હું ઓળખું છું એને." આદિત્ય નજર ફેરવી લેતો અને એની આંખ પરથી અક્ષય એનો નકાર સમજી જતો.

જાણીતા ફૅશન ડિઝાઇનર જી.કે. અગ્રવાલ, મિત્તલ્સ, અંબાણી અને બજાજનાં ઘરોમાંથી આદિત્ય માટે માગાં આવી ચૂક્યાં હતાં.

જોધપુરના રાજાની દીકરી દેવીબા તો એટલી ગાંડી હતી આદિત્ય પાછળ કે દર બે-ત્રણ મહિને બોસ્ટન સુધી આવી પહોંચતી. જોનારા કોઈને પણ પાણી પાણી કરી નાખે એવું રૂપ અને રાજઘરાનાનું લોહી હોવા છતાં આદિત્ય દેવીબાને એક મિત્ર તરીકે સન્માન આપતો એટલું જ!

જાણીતી ફિલ્મ અભિનેત્રી પ્રિયા પણ આદિત્યને અવારનવાર ફોન કરતી. જોકે એના ફોન ઉપર મિહિર આદિત્ય બનીને ચાર-ચાર કલાક લોન્ગ ડિસ્ટન્સ કોલ પર ફ્લર્ટ કરતો! જે દિવસે પ્રિયાને આ ખબર પડી એ દિવસથી એણે મન વાળી લીધું હતું.

અક્ષય દરેક વખતે આદિત્યને લગ્નની બાબતમાં આગ્રહ કરતો.

અને આદિત્ય દરેક વખતે એક જ જવાબ આપતો, "એ જે દિવસે મારી આંખ સામે આવશે એ દિવસે તમારી સામે લાવીને ઊભી કરી દઈશ. પણ ડેડ, હજુ સુધી મને એ મળી નથી."

"પણ કેવી છોકરી જોઈએ છે તને?" અક્ષય ક્યારેક અકળાઈ ઊઠતો.

"મારી મા જેવી..." અને બાપ-દીકરો બંનેની આંખમાં પાણી આવી જતાં, "મારી મા જીવતી હોત તો મારા માટે જેવી છોકરી પસંદ કરત એવી છોકરી જોઈએ છે મને."

એ પછી અક્ષય પાસે કહેવાનું કંઈ નહોતું રહેતું.

*

સવારના સાત વાગ્યાના સમયે બૉસ્ટન શહેરની એ સવાર કંઈક જુદી જ પડી હતી. ગઈ કાલે રાતની પાર્ટીમાંથી ખૂબ મોડો પાછો ફરેલો મિહિર હજીયે ઊંઘતો હતો.

એને જગાડીને માંડ માંડ તૈયાર કરતાં આદિત્યને નાકે દમ આવતો હતો!

"યાર, આ સોમવાર કેમ આવતો હશે?" મિહિર આંખ ઉઘાડવા પણ તૈયાર નહોતો.

"કારણ કે આખું અઠવાડિયું 'વીક એન્ડ' ન હોઈ શકે-ચલ, ઊઠ!" આદિત્યએ એને ફરી ખેંચીને ઊભો કર્યો.

"પણ તારે એટલી શું ઉતાવળ છે?" મિહિરે ફરી પલંગમાં પડવાનો પ્રયત્ન કર્યો-પણ આદિત્યએ એને પકડી રાખ્યો અને બાથરૂમ તરફ ધકેલ્યો. "નથી તારે કોઈ ગર્લફ્રેન્ડને મળવાનું કે નથી કોઈ છોકરી ફસાવાની ઉતાવળ. પછી તારે કૉલેજ જઈને કરવું છે શું?" મિહિર બંધ આંખોએ બાથરૂમ તરફ ધકેલાતો જતો હતો.

"મારી એપોઇન્ટમેન્ટ છે," આદિત્યએ કહ્યું, "છોકરી સાથે..."

"વા...ઉ!" મિહિરે કહ્યું-અને એની ઊંઘ ઊડી ગઈ. "કોણ છે? કેવી છે? કેવડી છે? ક્યાંની છે?" મિહિરે સવાલોનાં તીર છોડ્યાં અને આદિત્યને ખભામાંથી પકડીને હચમચાવી નાખ્યો, "છોકરી એટલે પેલી સ્પેશિયલ?"

"ચાલ, બધું જાતે જ જોઈ લેજે." આદિત્યે કહ્યું ને મિહિર કૂદકો મારીને બાથરૂમમાં ઘૂસી ગયો.

બાથરૂમમાંથી પણ મિહિર આદિત્યને પૂછતો રહ્યો, પેલી ખાસ અપોઇન્ટમેન્ટવાળી છોકરી વિશે અને આદિત્ય ઉડાઉ જવાબો આપતો રહ્યો.

મિહિરને લાગ્યું કે આદિત્ય સિરિયસ નહોતો. એણે અમસ્તાં જ મિહિરને તૈયાર કરવા ગપ્પું મારેલું. આમ પણ આદિત્યને સવારનું લેક્ચર મિસ કરવું નહોતું ગમતું અને એની સામે તદ્દન વિરુદ્ધ મિહિરને પહેલું લેક્ચર ઝેર જેવું લાગતું.

દર સોમવારે સવારે આદિત્ય કોઈ ને કોઈ બહાનું કરીને મિહિરને ઉઠાડી દેતો, આજે એને આ છોકરીનું બહાનું સૂઝ્યું હતું.

મિહિરને કહેતી વખતે આદિત્યને પોતાને પણ કલ્પના નહોતી કે એ સવાર આદિત્યના જીવનમાં ચોક્કસ કોઈ નક્કી કરેલા ભાવિને પોતાની મુઠ્ઠીમાં બંધ કરીને આવી હતી.

"આદિ યાર, તું જુઠ્ઠું બોલ્યો ને?" મિહિરે તૈયાર થઈને પાછા પલંગમાં પડતાં આદિત્યને પૂછ્યું.

"ના, જરાય નહીં." આદિત્યએ મિહિરને હાથ પકડીને ખેંચ્યો, "મને રાત્રે ભગવાન સપનામાં આવેલા. એમણે કહ્યું કે એ છોકરી મને મળવાની છે."

"સપનામાં..."

"ના, ના, સાચે જ."

"ભગવાન સાચે આવેલા કે સપનામાં."

"ભગવાન સપનામાં આવેલા, પણ છોકરી સાચે મળવાની છે." આ કહેતી વખતે કોણ જાણે કેમ આદિત્યને એવું લાગ્યું કે કોઈ રેશમી દુપટ્ટો એના ચહેરાને અડીને નીકળી ગયો છે. એ દુપટ્ટાની સુગંધથી એનાં ફેફસાં ભરાઈ ગયાં છે. કોઈ ભીના વાળની મહેક એની આસપાસ ઘુમરાઈ રહી અને કોઈ નહીં જોયેલો ચહેરો બહુ જ ધૂંધળો પણ એની આંખો સામે હસવા લાગ્યો.

એણે માથું હલાવીને વિચારો ખંખેર્યા અને મિહિરનો પોતાના હાથમાં પકડેલો હાથ જોરથી ખેંચ્યો, "ચાલ, નહીં તો હું જાઉં છું." આ આદિત્યનું છેલ્લું શસ્ત્ર હતું.

"આવું છું યાર." મિહિર ઊભો થયો અને એણે હાથ છોડાવીને કોલર અને બાંય સરખા કર્યાં, "આ હાથ સાથે હાથ મિલાવવા કરોડોનું ટોળું થવાનું છે એ પહેલાં જ તોડી નાખીશ?" એ હસ્યો, "ભાવિ સુપરસ્ટારનો હાથ છે આ, સમજ્યો?" અને એના ગાલ પર એક ટપલી મારીને આદિત્ય આગળ નીકળી ગયો.

પાછળ એના નામની બૂમો પાડતો મિહિર પણ દોડ્યો.

સમય, સવારના 7નો-સોમવાર!

કાળાં-ધોળાં, ઝીણી આંખવાળા અને બ્રાઉન ચામડીવાળા જાતજાતનાં ને ભાતભાતનાં લોકો યુનિવર્સિટીના કેમ્પસમાં ઊભરાઈ રહ્યા હતા. ક્લાસિસ શરૂ થવાને 10-12 મિનિટની વાર હતી. જુદી જુદી ઉંમરના, જુદા

જુદા દેશમાંથી આવેલા, જુદી જુદી ભાષા બોલતા હજ્જારો વિદ્યાર્થીઓ પોતાના જુદા જુદા ક્લાસિસમાં જવા માટે જુદી જુદી દિશામાં જઈ રહ્યા હતાં. કોઈ બાંકડા પર બેસીને કૉફી પી રહ્યા હતા, તો કોઈ પોતાના ક્લાસિસનું લેસન તૈયાર કરી રહ્યા હતા. થોડાં ટોળાં કંઈ ડિસ્કસ કરી રહ્યાં હતાં તો થોડા લોકો હેમ્બર્ગર અને કોકના જોઇન્ટ્સ પાસે ટોળે વળ્યાં હતાં...

આદિત્ય ભાગવત અને મિહિર મલ્હોત્રા એમની લાલ રંગની સ્પોર્ટ્સ કારમાં કેમ્પસમાં દાખલ થયા. રોજની જેમ જ એમને પસાર થતા જોઈને બે-ચાર ડઝન છોકરીઓની આહ નીકળી ગઈ. ગાડી હંમેશા આદિત્ય ચલાવતો કારણ કે મિહિરનું ધ્યાન હંમેશાં ડ્રાઇવિંગમાં ઓછું અને કેમ્પસમાં વિખરાયેલી કન્યાઓમાં વધુ રહેતું હતું. રોજની જેમ જ, આદિત્ય ગાડી ચલાવતો હતો, રોજની જેમ જ મિહિર બેઉ હાથ ઊંચા કરીને આવતી-જતી બધી છોકરીઓને અને ક્યારેક ભૂલથી છોકરાઓને હાય-હૂઈ કરી રહ્યો હતો... આમેય મિહિરને ઓળખતી-ન ઓળખતી બધી જ છોકરીઓને છંછેડવામાં મજા પડતી.

ગાડી ડ્રાઇવ-વે પર થઈને સડસડાટ જઈ રહી હતી. વહેલી સવારનો તડકો યુનિવર્સિટીનાં મકાનોના ગુંબજ પર સોનેરી આભા રેલાવતો હતો. ડ્રાઇવ-વેની આજુબાજુની લૉન સૂરજના આછા તડકામાં ચમકી રહી હતી. શિયાળાની એ સવારે બોસ્ટનમાં ઠંડી પડવાની શરૂઆત થઈ ચૂકી હતી એવા સમયે કન્યાઓ ફરના કોટમાં લપેટાયેલી, અથવા ઓવરકોટ કે જેકેટ્સ પહેરેલી ઉતાવળી ચાલે ક્લાસિસ તરફ જઈ રહી હતી, તો કેટલીક આરામથી ઊભી ઊભી ટોળટપ્પાં કરી રહી હતી.

વહેલી સવારની ઠંડક અને તડકાને કારણે વિખેરાતા ધુમ્મસમાં કંઈક અજબ જેવું વાતાવરણ બની ગયું હતું. શિયાળાના એ દિવસોમાં હજી બરફ પડવાનો શરૂ નહોતો થયો, પણ ધુમ્મસ સારું એવું જામવા લાગ્યું હતું.

આદિત્ય ક્લાસમાં મોડા પડવાના ઉચાટમાં જરા ઝડપથી, સહેજ બેધ્યાન અને ઉતાવળો જઈ રહ્યો હતો.

મિહિર વારે વારે એને સવારે આદિત્યએ એને જે 'એપોઇન્ટમેન્ટ'ની હૂલ આપેલી એના વિશે એનું માથું ખાતો હતો...

"જો, પેલી તારી સામે જોઈ રહી છે. આહ! શું આંખો છે! જાણે કાચના ટુકડા..." મિહિર ખડખડાટ હસતો પગ ડેશબોર્ડ પર મૂકીને આરામથી લાંબો થઈને બેઠો હતો, "જો, પેલી સોનિયા તો નથી ને? એ પણ જાણે તારી રાહ જોતી હોય એમ જ ઊભી છે. પેલી માર્થા? કે પછી સૂઝી? કે સ્વીટી? કે પછી પેલી મૃણાલિની?" પસાર થતી એકેએક છોકરીઓનાં નામ મોટે ભાગે ખબર હતી. જેના નામની નહોતી ખબર એનાં નામ તાત્કાલિક પાડીને મિહિર આદિત્યની સાથે તોફાન કરી રહ્યો હતો.

"ભગવાને કહ્યું છે એટલે ખોટા તો ના જ પડવા જોઈએ... આદિત્ય બચ્ચા, તને તારા સપનાની રાણી, તારા જીવનની મહારાણી અને તારા ઘરની નોકરાણી આજે મળી જશે."

થોડો બેધ્યાન, થોડો કંટાળેલો, થોડો ઉતાવળો આદિત્ય ડ્રાઇવ-વેમાં પોતાના ડિપાર્ટમેન્ટના બિલ્ડિંગ તરફ જવા ડાબી બાજુ વળ્યો કે અચાનક એક છોકરી કોણ જાણે ક્યાંથી રસ્તાની એક બાજુથી આવી અને બીજી બાજુ જવાના પ્રયાસમાં આદિત્યની ગાડીની આગળ આવીને ઊભી રહી ગઈ... એ એટલી ડરી ગઈ હતી અને આદિત્યની ગાડી એટલી ઝડપથી જતી કે એ છોકરીને શું કરવું એ સમજાયું નહીં. ભયમાં અને ગભરાટમાં એ આગળ જઈ શકે તેમ નહોતી. રસ્તાની બરાબર મધ્યમાં ઊભા રહીને એણે પોતાનો ચહેરો બે હાથે ઢાંકીને જોરથી ચીસ પાડી.

મિહિરનો બકવાસ સાંભળતો ગાડી ચલાવી રહેલો બેધ્યાન આદિત્ય ચીસ સાંભળીને ચોંક્યો. એણે અચાનક બ્રેક મારી. સ્પોર્ટ્સ કારનાં ટાયર કિચૂડાટ સાથે ત્યાં જ ફરતાં ઊભાં રહી ગયાં.

આદિત્યની ગાડીની બ્રેકની ચિચિયારી અને છોકરીની ચીસ જાણે એકમેકમાં ભળી ગયાં.

કેમ્પસમાં ચારે તરફ વિખરાયેલા બેધ્યાન લોકોનું ધ્યાન અચાનક જ એ ચીસ અને બ્રેકની ચિચિયારી તરફ દોરાયું. બધાં જ એ તરફ દોડ્યાં. સૌને લાગ્યું કે છોકરી આદિત્યની ગાડીની નીચે આવી ગઈ હતી...

થોડા કુતૂહલમાં અને થોડાં સહાનુભૂતિમાં ત્યાં દોડી આવ્યા.

ગાડી અને છોકરીની વચ્ચે એક વ્હેંતનુંય અંતર નહોતું બચ્યું. છોકરીએ બે હાથે ચહેરો હજુય ઢાંકી રાખ્યો હતો. અચાનક બ્રેક મારવાથી આદિત્યનું માથું સ્ટિયરિંગ જોડે અથડાયું હતું... ટેન્શન રિલિઝ થતાં અને છોકરીને બચી ગયેલી જોતાં આદિત્યએ સ્ટિયરિંગ પર માથું ઢાળી દીધું હતું.

મિહિર ગાડીમાંથી ઊતર્યો. અમથોય એને પોતાની જીભ પર કાબૂ નહોતો. અને એમાંય આવા પ્રસંગે તો એનું પંજાબી લોહી ઊછળી આવ્યું હતું. પંજાબીમાં ગાળો બકતો છોકરીની મા અને બહેન બંનેને આ પ્રસંગમાં જોડે ઘસડતો એ બારણું પછાડીને ઊતર્યો. છોકરીની પાસે ગયો અને એણે જોરથી બૂમ પાડી, “ઓ મેડમ...”

છોકરીએ ધીમેથી પોતાના ચહેરા પરથી હાથ ખસેડ્યા.

મિહિર અહીં ચોક્કસ કોઈ તમાશો કરશે એમ માનીને આદિત્યએ ઝટકાથી માથું ઊંચક્યું.

શિયાળાની સવારના આછા ધુમ્મસમાંથી જાણે કોઈ દૈવી આકાર પ્રગટતો હોય એમ પેલી છોકરી ધીરે ધીરે સ્પષ્ટ થઈ રહી હતી. એણે પોતાનો ચહેરો બે હાથે ઢાંકી દીધો હતો. જેમ જેમ છોકરીનો હાથ ચહેરા પરથી ખસતો જતો હતો અને આદિત્યની નજર સામે જાણે એક સપનું આકાર લેતું હતું. એ છોકરી નહોતી! સાક્ષાત્ કવિતા હતી, ઓમર ખયામની રુબાઇ અને ગાલિબની નજાકત હતી એ છોકરીના ચહેરામાં... મોપાંસાની વાર્તાઓનું રહસ્ય જાણે એ છોકરીની આંખોમાં હતું. એ વાન ગોગનું કોઈ પેઇન્ટિંગ હતું, જેમાં ચમકતા સૂરજમુખી જેવો તેજસ્વી ચહેરો આદિત્યની આંખોને આંજી રહ્યો હતો.

બિથોવનની બધી જ ધૂન આ છોકરીના ચહેરા સામે શૂન્ય થઈ જતી હતી. એની આંખો જાણે કોઈ તળાવમાંથી હમણાં જ નાહીને નીકળેલી ચમકતી માછલીઓ જેવી હતી. ચીકણી-ડાઘ વગરની ચકચકતી ચામડી, શાર્પ નાક, એની નીચે જાણે માપ લઈને ચીતર્યા હોય એવા બે ગુલાબી રંગના હોઠ, સપ્રમાણ હડપચી અને હવામાં ઊડતા લાંબા-કાળા વાળ.

શરીર એવું જેની સામે કોઈ શિલ્પકારની મૂર્તિ પણ એક વાર ફિક્કી પડી જાય.

મેડમ તુસેના મ્યુઝિયમમાંથી જાણે એકાદ પૂતળી ચાલવા માંડી હોય એવી મીણની બનેલી આ સાક્ષાત્ સુંદરતાને જોઈને આદિત્ય બઘવાઈ ગયો હતો.

એ છોકરીનો ચહેરો વાયોલિન પર વાગતી એક એવી ધૂન હતી જે આદિત્યએ પહેલાં ક્યારેય નહોતી સાંભળી... અથવા, બહુ જ વાર સાંભળી હતી અને આજે એ નજર સામે સાક્ષાત્ ઊભી થઈ ગઈ હતી.

આદિત્ય ભાગવતે અત્યાર સુધી જોયેલી તમામ છોકરીઓથી આ જુદી હતી, એની આંખોમાં ગજબ ભોળપણ હતું અને છતાં શરીર જાણે આરસપહાણમાંથી કંડારેલી કોઈ ખજૂરાહોની પ્રતિમા હોય એવા દિલધડક વળાંકો ધરાવતું હતું. નખશિખ જાણે ભારતીય શિલ્પકલાની કોઈ બેનમૂન કૃતિ હોય એવી આ છોકરી એક ઝાટકે આદિત્યના મન અને મગજ ઉપર છવાઈ ગઈ. એને તો બિચારીને ખબર પણ નહોતી કે આદિત્ય ભાગવત અત્યારે એને જોઈને તદ્દન ક્લિન બોલ્ડ હતો!

જિંદગીભર જેણે કોઈ દિવસ છોકરીનો વિચાર પણ નહોતો કર્યો એવો આદિત્ય અત્યારે આ છોકરીને જોઈને બરફનો બનેલો હોય એમ પીગળી રહ્યો હતો. એ છોકરીના વાળમાંથી આવતી મહેક આદિત્યએ આજે સવારે

જ અનુભવી હતી, એના રેશમી સ્ટ્રોલનો ફીલ હજી સવારે તો આદિત્યના ચહેરા પરથી પસાર થયો હતો! આદિત્ય આંખો ફાડીને જોઈ રહ્યો હતો, કુદરતની આ રમતને અને મિહિર આદિત્યને જોઈ રહ્યો હતો!

મિહિર સમજી ગયો કે આદિત્યની હાલત એવી હતી કે જો એનું ચાલે તો એ છાતી ફાડીને એનું દિલ કાઢીને આ છોકરીના પગમાં મૂકી દે!

...એ છોકરીની આંખોમાં ડર હતો અને ડરના માર્યા ઝળઝળિયાં આવી ગયાં હતાં, હોઠ થથરતા હતા... એ આખી જ ધ્રૂજતી હતી.

એણે ધીરેથી કહ્યું, "આઈ એમ સૉરી!"

અને આદિત્યને એકસામટાં સેંકડો વાયોલિન સંભળાયાં.

"ઓહ હલ્લો...! એ તમને સૉરી કહે છે." મિહિરે આદિત્યને જાણે તંદ્રામાંથી જગાડ્યો.

આજે વર્ષો પહેલાં જોયેલો એ જ ચહેરો સામે વિશાળ આકાશમાં ચીતરેલો દેખાતો હતો, આદિત્ય ભાગવતને! ઍરપોર્ટથી ઘરનો રસ્તો આમ તો માત્ર દસ જ મિનિટનો હતો પણ આદિત્યને લાગ્યું કે જાણે સદીઓ પસાર થઈ ગઈ હોય...

આકાશમાં દેખાતો એ ચહેરો આદિત્યને મૂંઝવી રહ્યો હતો.

આટલી બધી જિંદગી જે આંખોમાં દેખાતી હોય એ ચહેરો આમ અચાનક...??

*

2

ગાડી અક્ષય ભાગવતના ઘર પાસે આવીને ઊભી રહી. સામાન્ય રીતે 25 ફૂટ ઊંચા લોખંડના ગેઈટ બંધ રહેતા. ડ્રાઇવરે હોર્ન માર્યો. ચોકીદારે દોડીને ગેઈટ ખોલ્યો. આમાં લાગેલી થોડીક સેકંડો દરમિયાન ગેઈટ પાસે ઊભેલા ટીવી રિપોર્ટરો અને પત્રકારોએ એમના કૅમેરાની લાઇટો ધડાધડ ફ્લેશ કરવા માંડી. આદિત્યએ હાથ જોડીને એમને વિનંતી કરી, "પ્લીઝ...!!"

મીડિયાના દરેક લોકો પ્રસંગની ગંભીરતા સમજીને શાંત થઈ ગયા.

"વી આર વેરી સૉરી મિ. આદિત્ય ભાગવત!" 'આજ તક'ની શ્રીદેવી આગળ આવી.

"અમે અંદર આવીને શૂટ કરી શકીએ?" બી.બી.સી.ના રિપોર્ટરે પૂછ્યું અને તરત જ ઉમેર્યું, "પ્રસંગની ગંભીરતા જાળવીને શાંતિથી કામ કરીશું, પણ અમારી ફરજ છે લોકો સુધી સમાચાર પહોંચાડવાની."

"આજે નહીં!" બે શબ્દનો જવાબ આપીને આદિત્યએ ગાડીનો કાચ ચડાવી દીધો.

આદિત્યને મિડીયા સામે કોઈ વિરોધ નહોતો. ખૂબ મળતાવડો અને ઉત્તમ પબ્લિક રિલેશન ધરાવતો માણસ હતો આદિત્ય. પણ આજનો પ્રસંગ જુદો હતો. કેટલીય ગાડીઓ કમ્પાઉન્ડની વોલને અડાડીને પાર્ક કરેલી હતી. અંદર જતા લગભગ પાંચસો મીટરના ડ્રાઇવ-વેમાં બંને તરફ ગાડીઓની કતારો લાગી ગઈ હતી. શહેરના અને શહેર બહારના કેટલાય લોકો અહીં એકઠા થઈ ગયા હતા. લગભગ પાંચસો માણસનું ટોળું હતું અને છતાં એક નિ:શબ્દ શાંતિ હતી. બની ગયેલા પ્રસંગનો હવામાં સખત ભાર હતો...

સામાન્ય રીતે આદિત્ય ભાગવતને ઘેર કોઈને જણાવ્યા વિના આવવાની છૂટ નહોતી. ઊંચી ઊંચી ઈંટની ગેરૂ કરેલી લાલ દીવાલો પસાર કરીને કોઈ અંદર ભાગ્યે જ જોઈ શકે. પાંચસો મીટરના એ ડ્રાઇવ-વેમાં દાખલ થતાં પહેલાં અને પસાર કરતી વખતે ચોકીદારના કેટલાય પ્રશ્નોના ઉત્તર આપવા પડતા હતા. અંગત માણસો સિવાયના તમામ મુલાકાતીઓને આદિત્ય ઑફિસમાં જ મળતો. એ માનતો કે ઘર અંગત સંબંધો માટે છે. ભાગવતને ત્યાં પાર્ટી પણ પ્રમાણમાં ખૂબ ઓછી થતી હતી. ટોળાં ભેગાં કરવાનો આદિત્યને શોખ નહોતો. એ બાબતમાં એ એની માનો દીકરો હતો. આજે ભેગું થયેલું ટોળું જોઈને આદિત્ય મનમાં સહેજ ગૂંચવાયો. આજના પ્રસંગે આટલા બધાં લોકોને એ કઈ રીતે મળશે? અથવા મળી શકશે કે નહીં એવી એક અવઢવ થઈ એના મનમાં.

એક નાનકડી પણ બ્રેકની ચિચિયારી વગર ગાડી બંગલાના પોર્ચમાં આવીને ઊભી રહી. પોર્ચમાં જ ઊભેલા મિહિરે દરવાજો ખોલ્યો. આદિત્ય નીચે ઊતર્યો. એક પણ અક્ષર બોલ્યા વિના મિહિરે એનો હાથ પકડ્યો. મિહિરની આંખોમાં આંસુ આવી ગયાં. એના ચહેરા પર આખી રાતનો ઉજાગરો અને બનેલા પ્રસંગનો ભાર સ્પષ્ટ દેખાઈ આવતો હતો.

એ થોડી વાર આદિત્યનો હાથ પકડીને એમ જ ઊભો રહ્યો, પછી એણે આદિત્યને આગળ વધવાનું કહ્યું.

સફેદ ઝભ્ભા-લેંઘામાં ઊભેલો મિહિર હિન્દી સિનેમાનો સુપરસ્ટાર હતો. અહીં મિહિર સિવાય પણ ફિલ્મી દુનિયાના, કોર્પોરેટ વર્લ્ડના અને બીજા કેટલાયે એવા ચહેરા હતા, જે કોઈ પણ મેગેઝિનના કવરપેજની 'શાન' હતા અને દરેક છાપાંના પેઇજ-થ્રી પર અવારનવાર ચમકતા રહેતા હતા.

મિહિર નાશિક પાસે દેવલાલીમાં શૂટિંગ કરતો હતો. આ સમાચાર મળતાં જ શૂટિંગ પેક-અપ કરીને આખી રાત ડ્રાઇવ કરીને સવારે સાડા ચારે અમદાવાદ પહોંચ્યો હતો.

અન્યમનસ્ક જેવો આદિત્ય શૂન્યમાં જોતો હોય એમ તદ્દન ડઘાયેલી-સૂન થઈ ગયેલી નજરે મિહિર સામે જોઈ

રહ્યો. એની નજરમાં સેંકડો સવાલો હતા-અને હજારો ફરિયાદ!

મિહિરને પણ ઘડીભર સૂઝ્યું નહીં કે એ શું કરે-શું કરી શકે?

પણ પછી એણે હિંમત કરીને આદિત્યને નજીક ખેંચ્યો.

આદિત્ય પૂતળાની જેમ વિના વિરોધે ખેંચાઈ આવ્યો. મિહિર એને ભેટી પડ્યો. એણે આદિત્યને લગભગ ભીંસી દીધો.

આદિત્યને થયું એને ડૂમો ભરાઈ ગયો છે. એની છાતી ફાટી જાય એવી પીડા, એવી પારાવાર તકલીફ થતી હતી એને.

સમજાય નહીં એવો ખાલીપો ઊંડે ને ઊંડે ઊતરતો હતો.

ને,

સાથે જ જાણે શરીરનું એક અંગ કપાઈ ગયું હોય એવી અધૂરપ ઘેરી વળી હતી. એને રડવું હતું.

જોરજોરથી-ધ્રૂસકે ધ્રૂસકે રડીને આ આખાયે ભારથી લદાયેલા માહોલને છિન્નભિન્ન કરી નાખવો હતો, પણ રડવું કોઈ જ રીતે આવતું જ નહોતું... આસપાસ ઊભેલા પાંચસો માણસો સફેદ કપડાંમાં હતાં. એક ઉદાસીનો, ગમગીનીનો માહોલ હતો. આદિત્યએ એક સરસરી નજર નાખી સૌ ઉપર અને પછી અંદર જવા માટે બંગલાનાં પગથિયાં ચડવા માંડ્યો.

આદિત્ય ભાગવતનું મકાન, મકાન નહોતું, મોટો મહેલ હતો. બહાર પોર્ચ પસાર કરીને મોટી વેઇટિંગ લાઉન્જ આવતી. લગભગ એક હજાર સ્ક્વેર ફીટની આ વેઇટિંગ લાઉન્જ એક મોટા હોલની ગરજ સારે એવી હતી. અહીં જુદા જુદા લોકોને અલગ અલગ મળી અને બેસાડી શકાય એ માટે ચારેક જાતની બેઠક-વ્યવસ્થા હતી. કાશ્મીરી કોલેસ્પેબલ પાર્ટીશનનો ઉપયોગ કરીને જરૂર પડ્યે એ બેઠક-વ્યવસ્થા જુદી પણ પાડી શકાય એવી સવલત હતી. જોકે આ વેઇટિંગ લાઉન્જ અક્ષય ભાગવતના ગુજરી ગયા પછી ભાગ્યે જ વપરાતી. અક્ષય ભાગવત જીવતા હતા ત્યાં સુધી અહીં મિટિંગ્સ થતી. મળવા આવનારાઓની આગતા-સ્વાગતા થતી. આદિત્યએ ઘરમાં લોકોને મળવાનું લગભગ બંધ કરી દીધું હતું. એટલે આ લાઉન્જ સામાન્ય રીતે હવે ખાલી રહેતી હતી. આજે આ લાઉન્જમાં હકડેઠઠ માણસો હતા. સફેદ કપડાં પહેરીને બેઠેલા માણસો આદિત્યને આવતો જોઈને ઊભા થઈ ગયા. જે લોકો ટોળે વળીને ઊભા હતા એમણે સાઇડમાં ખસીને રસ્તો કરી આપ્યો... આદિત્ય લાઉન્જમાં દાખલ થયો.

લાઉન્જની જમણી તરફ અક્ષય ભાગવતનું અને ડાબી તરફ દુર્ગા ભાગવતનું લાર્જર ધેન લાઇફ પેઇન્ટિંગ્સ લગાડેલાં હતાં, જેની ફ્રેમ ઠોસ સોનામાંથી બનાવેલી હતી. લગભગ 80/40 ની આ લાઉન્જમાં મિરર પૉલિશ કરેલા પ્યોર ઈટાલિયન માર્બલ જડેલા હતા. સાથે સાથે ગ્રીન અને બ્લેક ગ્રેનાઈટમાંથી પેટર્ન બનાવેલી હતી. લાઉન્જથી આગળ વધતા, લાઉન્જની બંને તરફથી સીડીઓ ઉપરના માળે જતી હતી. લાકડા ઉપર ચાંદીનું કોતરકામ કરેલાં પતરાં જડેલા કઠેડા હતા અને ચાંદીના ઠોસ સળિયા. સળિયાની વચ્ચે ચાંદીની ઝીણી ઝીણી ઘૂઘરીઓ સળંગ સેરમાં જડેલી હતી. સહેજ પણ પવન આવે તો આ ઘૂઘરીઓ રણકી ઊઠતી હતી...

અત્યારે પણ આ ઘૂઘરીઓ રણકી રહી હતી.

બંને સીડીની નીચેના ખાલી ભાગમાં બિલકુલ સામેની તરફ પગથિયાં ચડતાં જ લાઉન્જને વીંધીને નજરે ચડે એમ માર્બલનું મોટું મંદિર હતું. ગણપતિ બાપાની હાથમાં મોદક સાથેની લગભગ સાડા ચાર ફૂટ મોટી વન-પીસ માર્બલની અદ્ભુત મૂર્તિ હતી એ મંદિરમાં.

મંદિરની સામે નજર પડતાં જ આદિત્યના મનમાં જાણે સવાલ ઊઠ્યો, "કેમ? શા માટે થાય છે આવું મારી જ સાથે? હું જેને પ્રેમ કરું એને તમે બોલાવી જ કેમ લો છો? મારા જીવનનાં દરેક આધાર, દરેક કારણ છીનવી લેવાનું નક્કી કર્યું છે તમે? શું બગાડ્યું છે મેં તમારું? આખી જિંદગી સત્યથી, ન્યાયથી ચાલ્યો છું... થાય એટલી મદદ કરી છે બધાને... કોઈનો પૈસો ખાધો નથી. બૂરું ઇચ્છ્યું નથી કોઈનુંય, કયારેય... તો પછી શું કામ? શું કામ મારી સાથે થયું આવું? પહેલા મા... પછી બાબા... અને હવે..." આંખો ભરાઈ આવી હતી આદિત્યની પણ જાણે આંસુ બહાર નહોતાં નીકળતાં. ડૂમો છાતી ફાડીને બહાર નીકળી જાય એટલો જબરજસ્ત હતો, પણ રડવું નહોતું આવતું એને!

મિહિર ધીમે ધીમે એની પીઠ પર હાથ ફેરવતો હતો. એ ઇચ્છતો હતો કે આદિત્ય રડી નાખે. એને કેટલી તકલીફ પહોંચી હશે એ બરાબર સમજતો હતો મિહિર... આદિત્યના જીવનમાં કોનું કેટલું મહત્ત્વ છે એની બરાબર ખબર હતી મિહિરને, અને એ પણ ખબર હતી કે આજે જે બન્યું છે એ આદિત્યને કેટલો તોડી નાખશે. મિહિર વારેવારે આદિત્યની આંખો તરફ જોતો હતો. રણ જેવી સૂકીભક્ક આંખો જોઈ મિહિરને એક ભય વ્યાપી ગયો હતો...

"આ નહીં રડે તો ગાંડો થઈ જશે..." મિહિરના મનમાં એક વિચાર આવી ગયો.

એ ધીમેધીમે ઉપર પોતાના બેડરૂમ તરફ જઈ રહેલા આદિત્યને જોઈ રહ્યો.

આ એ જ આદિત્ય હતો જેનું ખડખડાટ હાસ્ય આ આખા "ભાગવત હોમ"માં ગુંજતું. આદિત્ય એટલો તો ખુશમિજાજ માણસ હતો કે એની કંપનીમાં આવનારા દરેક માણસને એની ખુશીનો, એના હાસ્યનો, એની જિંદગી પરત્વેના લગાવનો ચેપ લાગી જતો. ક્યારેય ફરિયાદ ન કરવી, હંમેશાં હસતા રહેવું અને ગમે તેટલા સ્ટ્રેસમાં પણ મગજ ન ગુમાવવું એ આદિત્યની ખૂબી હતી...

આજે આ આદિત્યને જોઈને મિહિરને લાગ્યું કે જાણે આ આદિત્યનું માત્ર ખોળિયું હતું. પ્રાણ કોણ જાણે ક્યાં ચાલી ગયા હતા આ ખોળિયામાંથી! સીડી ચડતા આદિત્યના પગ જાણે મણમણના થઈ ગયા હતા. એકેક પગથિયું એને માટે ચડવું અઘરું થતું જતું હતું. મિહિર એને ધીમે ધીમે સાચવી સાચવીને ઉપર ચડાવતો હતો. આદિત્ય ઘડી ઘડી કઠેડો પકડીને ઊભો રહી જતો હતો. એની છાતીમાં ડૂમો વધુ ને વધુ ગોરંભાતો જતો હતો. જાણે એને સમજ જ નહોતી પડતી કે એ પોતે શું કરી રહ્યો હતો... રબ્બરનું બનેલું પૂતળું કે રોબો હોય એમ એ મિહિરનો ધકેલેલો ધકેલાતો જતો હતો.

સીડી પૂરી થતાં એક લાંબી ફોયર આવતી હતી.

એ ફોયરમાં ભાગવતસ્ના બેડરૂમ્સ હતા. ગેસ્ટ રૂમ્સ, મ્યુઝિક ઍન્ડ થિયેટર રૂમ, લાઇબ્રેરી અને સ્ટડી રૂમ-બધું અહીં સળંગ ગોઠવાયેલું હતું.

અક્ષય ભાગવતના ગુજરી ગયા પછી એમનો બેડરૂમ બંધ રહેતો. ક્યારેક જ, આદિત્ય એ રૂમ ખોલીને એમાં બેસતો. બાકી દર ગુરુવારે એ રૂમ ખૂલતો, સાફ થતો અને એમાં ધૂપ થતો. અક્ષય ભાગવતનો રૂમ એમની હયાતીમાં જેવો અને જે સ્થિતિમાં હતો-એવો અને એ જ સ્થિતિમાં એ રૂમને રાખવો એવો આદિત્યનો આગ્રહ હતો.

અક્ષય ભાગવતના રૂમને અડીને આદિત્યનો બેડરૂમ હતો.

ચાર ભાગમાં વહેંચાયેલો આ બેડરૂમ ખૂબ સુંદર રીતે ડિઝાઇન કરવામાં આવ્યો હતો. ત્રણ લેવલમાં ડિઝાઇન કરાયેલા આ બેડરૂમની સાઇઝ અને એનાં લેવલ્સ એવી રીતે ગોઠવાયાં હતાં કે દરેક વિભાગની પ્રાઇવસી પોતાની રીતે જળવાઈ રહે.

ઉચ્ચ મધ્યમવર્ગનો એક આખો ફ્લૅટ હોય એવડો લગભગ અઢીસો ચોરસવાર જેવડા આ બેડરૂમમાં દાખલ થતાં સૌથી પહેલા એક નાનકડી સીટિંગ એરેન્જમેન્ટ આવતી. બિનબેગ અને પ્યોર લેધરના અત્યંત આરામદાયક સોફાની સાથે સિંહના ચાર મોઢાવાળા સેન્ટર ટેબલની બંને તરફ મોટા મોટા ફોટોગ્રાફ્સ લાગેલા હતા. મોટા મોટા આ ફોટોગ્રાફ્સમાં એક જ સ્ત્રીનાં જુદાં જુદાં રૂપ ઉજાગર થતાં હતાં.

આ ફોટા આદિત્ય ભાગવતે જાતે પાડેલા હતા અને દરેક ફોટાની નીચે 'એ. ભાગવત'ની સહી હતી.

આમ પણ આદિત્ય ખૂબ સારો ફોટોગ્રાફર હતો. ગ્લેમરસ, વાઇલ્ડ લાઇફ અને જિંદગીની જુદી જુદી ક્ષણો-જુદા જુદા ચહેરાઓને કચકડામાં કેદ કરવાનો આદિત્યનો શોખ મીડિયામાં જાણીતો હતો.

આદિત્ય ભાગવતના ફોટા અવારનવાર ઇન્ટરનેશનલ ફોટો કોન્ટેસ્ટમાં ઇનામો જીતતા.

એટલું જ નહીં, એણે જાણીતા ફિલ્મસ્ટાર્સ, બિઝનેસની દુનિયાના ચહેરાઓના રેર પિક્ચર્સ કર્યા હતા, જેનાં ત્રણ પ્રદર્શન થઈ ચૂક્યાં હતાં.

અવારનવાર નેશનલ જ્યોગ્રાફિકથી શરૂ કરીને વૉગ જેવા મેગેઝિન્સમાં આદિત્ય ભાગવતના પાડેલા ફોટા છપાતા.

પણ અહીં, આદિત્ય ભાગવતના બેડરૂમની આ સીટિંગ એરેન્જમેન્ટમાં લાગેલા બ્લેક ઍન્ડ વ્હાઇટ અને કલર... 20/30, 40/50ના મોટા મોટા ફોટોગ્રાફ્સમાં એક જ ચહેરો હતો... હસતો, એકીટશે જાણે વશીકરણ કરતો હોય એમ જોઈ રહેતો, લાલચોળ ચાંદલાવાળો, ઊડતા વાળવાળો, નમણો-બોલકણી આંખો સાથે કંઈ કેટલીયે વાતો કહેતો અને નજરમાં જાણે જિંદગીના છલોછલ જામ છલકાવતો એ ચહેરો ફોટોગ્રાફ્સમાં બેનમૂન દેખાતો હતો. જાણે ફોટા પડાવવા જ જન્મી હોય એવી પરફેક્ટ ચામડી અને ચહેરાની બનાવટ ધરાવતી એક, એવી અતિશય સુંદર છોકરીના ફોટા હતા આ... જેનો ચહેરો હજી હમણાં આદિત્યને ક્ષિતિજ ઉપર દેખાયો હતો...

એવા જ ઊડતા વાળ, એવો જ જિંદગીથી ભરપૂર ચહેરો... એવો જ ખડખડાટ હસતો ચહેરો... એવી જ બે બોલકણી આંખોવાળો ચહેરો... એ જ ગોરો, નમણો, અને જાણે કોતરીને બનાવેલું શિલ્પ હોય એવો પરફેક્ટ-સુરેખ નાક, હોઠ અને હડપચી ધરાવતો ચહેરો જાણે આદિત્યની સામે પેલા ફોટાઓમાંથી તાકી રહ્યો હતો.

આદિત્ય પણ ઓરડામાં દાખલ થઈ સૌથી પહેલાં આ ફોટા સામે જોઈ રહ્યો. હમણાં જાણે ફોટામાંથી નીકળીને એની સામે ઊભી રહેશે એવી એ છોકરીને જોઈને મિહિરની આંખોમાં પાણી આવી ગયા...

આ છોકરી મિહિરની પણ દોસ્ત હતી ને!

ફોટા સામે એકીટશે જોઈ રહેલા આદિત્યનો ચહેરો જાણે લાશનો ચહેરો હોય એમ બેજાન, સફેદ પૂણી જેવો થઈ ગયો હતો.

કોઈ ભાવ જ નહોતા એ ચહેરા પર...

પરંતુ એની આંખોમાં ક્યાંક નાનકડો, એક એવો ભાવ હતો, જેને ફક્ત મિહિર વાંચી શક્યો, એ શાનું ગિલ્ટ હતું? કયો અપરાધભાવ હતો એમ વિચારતા મિહિરે આદિત્ય સામે જોયું. ફોટાની સામે એકીટશે જોઈ રહેલા આદિત્યની આંખો હજીય કોરી હતી.

ગીતાના શ્લોકો જમણી બાજુ આવેલા મ્યુઝિક રૂમમાંથી સંભળાઈ રહ્યા હતા. ધૂપ અને અગરબત્તીની સુગંધ આખાય ઓરડામાં ફેલાયેલી હતી. ગુલછડીનાં ફૂલોના ઢગલેઢગલા નાના-મોટા લગભગ વીસેક ફૂલદાનોમાં ગોઠવાયેલા હતાં અને જમણી બાજુ આવેલા મ્યુઝિક રૂમમાંથી જાણે કોઈ આદિત્યને કહેતું હતુ, "કેટલો મોડો આવ્યો?"

આદિત્યને ચીસ પાડવાની ઇચ્છા થઈ. આ ગીતાના શ્લોકો બંધ કરીને આફ્રિકન લોકો વગાડે એવા ઢોલ અને બોન્ગોનું સંગીત આ ઘરની નીરવ શાંતિને તોડી નાખે એવી લાગણી થઈ એને.

આખાય વાતાવરણની પવિત્રતામાં આદિત્યને પોતાની જાત મિસ ફિટ લાગી!

"શું એ જાણતી હશે? મારા મનની વાત..." આદિત્યના મનમાં વિચાર આવી ગયો. પેલા ફોટાઓ તરફ જોઈને આદિત્યએ જાણે મનોમન માફી માગી લીધી...

ત્યાં ઊભેલા આદિત્યનો પગ આગળ વધવા તૈયાર નહોતો. મિહિરે એને હળવેથી સિટિંગ અરેન્જમેન્ટ વટાવીને આગળ લઈ જવાનો પ્રયત્ન કર્યો.

સીટિંગ એરેન્જમેન્ટ વટાવીને ઓરડાની જમણી તરફ પ્રાઇવેટ હોમ થિયેટર અથવા ટીવી લાઉન્જ આવતી. ડાબી તરફ નાનકડો પ્રાઇવેટ સ્ટડી અને લાઇબ્રેરી હતાં. સીધા જઈએ તો ત્રણ પગથિયાં ચડીને માસ્ટર બેડરૂમ શરૂ થતો હતો. મારબલના ફ્લોરિંગવાળા આખાયે બેડરૂમમાં આ સૌથી પ્રાઇવેટ અથવા અંગત વિભાગ હતો.

ચંદનના લાકડાની પાર્ટિશનની ઝીણી કોતરણી રાજસ્થાનના ઝરૂખાઓમાંથી પ્રેરણા લઈને બનાવાઈ હતી. અંદરની વ્યક્તિને બધું દેખાય, પણ બહારથી જોનારને અંદર કંઈ જ ન દેખાય એવી કળા આ પાર્ટિશનમાં હતી. જરૂર પડ્યે આખું પાર્ટિશન ચાર ફોલ્ડમાં બંધ થઈ શકતું અને બેઠક-વ્યવસ્થા બેડરૂમનો જ ભાગ બની જાય એવી ગોઠવણ હતી અહીં! ચંદનના લાકડાંના કોતરણીવાળા પાર્ટિશનની પાછળ બેડરૂમ અને એના પછી ડ્રેસિંગરૂમ અને બાથરૂમ હતાં.

આદિત્ય પથ્થર જેવી આંખો લઈને ત્રણ પગથિયાં ચડીને પાર્ટિશન પાસે આવીને ઊભો. એની હિમ્મત થતી નહોતી પાર્ટિશન વટાવીને અંદરની તરફ દાખલ થવાની... મિહિરે ફરી એની પીઠ પર હાથ ફેરવ્યો અને એને અંદરની તરફ ધકેલ્યો.

"મારાથી નહીં જવાય" આદિત્ય જાણે જાતને કહેતો હોય એમ બબડ્યો.

મિહિર એની સામે જોઈ રહ્યો, પોતાના પિતાના મૃત્યુ વખતે પણ આદિત્ય આટલો બધો હલબલી નહોતો ગયો, પરંતુ આજે જાણે આદિત્યમાંથી પ્રાણ જ નીકળી ગયા હતા.

મિહિર એના બાળપણનો મિત્ર હતો. એણે આદિત્યને દરેક પરિસ્થિતિમાં જોયો હતો, ખરાબ અને સારી. કરોડોના નુકસાન પછી પણ આદિત્ય ખડખડાટ હસી શકતો એ મિહિરે જોયું હતું, પરંતુ આજનું નુકસાન કદાચ આદિત્યની જિંદગીમાં ક્યારેય ભરપાઈ શકે એવું નહોતું!

"મારે નથી જવું અંદર..." આદિત્ય ત્યાં જ પગથિયા પર બેસી પડ્યો.

"એવું ચાલે? એક વાર જોઈ તો લે."

"મારાથી નહીં જોવાય એનો ચહેરો." આ વાક્યનો અર્થ આદિત્ય અને મિહિર બંને માટે જુદો હતો. મિહિરને લાગ્યું કે આ વાત આદિત્ય આઘાતમાં અને તકલીફમાં કહે છે, પરંતુ આદિત્યના મનમાં એ ચહેરો અને ચહેરાની આસપાસ બનેલી કેટલીયે ઘટનાઓ, ચહેરાની સાથે જોડાયેલા કેટલાયે ચહેરાઓ ઊભરાતા હતા!

એનામાં હિંમત નહોતી કે એ સત્યનો સામનો કરે.

મિહિરે ખૂબ સહાનુભૂતિપૂર્વક એના ખભે હાથ મૂકયો, એને ઊભો કર્યો અને ઓલમોસ્ટ એને ધક્કો માર્યો. આદિત્ય મહામુશ્કેલીએ પાર્ટિશન વટાવીને અંદર દાખલ થયો...

આઠ બાય આઠના મોટા પલંગ ઉપર સફેદ ચાદર પાથરેલી હતી. બેડરૂમની બરોબર મધ્યમાં ગોઠવેલો પિત્તળનો પલંગ ચકચકિત હતો. પલંગની બંને તરફ સાઇડ ટેબલ્સ પર અગરબત્તી કરેલી હતી અને પલંગની

બરાબર પાછળ 12 ફૂટથી પહોળા કાચના સ્લાઇડિંગ દરવાજા હતા-જે બહાર, અગાશીમાં ખૂલતા હતા...

અત્યારે એ દરવાજા બંધ હતા-એના ઉપર ઑફ વ્હાઇટ રંગના હાથવણાટના રૉ સિલ્કના પડદા પાડેલા હતા. પલંગની બંને તરફ ઑફ વ્હાઇટ કારપેટ હતી અને પલંગની ડાબી તરફ કોઈ જૂના મકાનની હવેલી જેવો ડેલીવાળો દરવાજો હતો-જે ડ્રેસિંગરૂમમાં ખૂલતો... દરવાજો આખો ન ખોલવો હોય તો માત્ર નાનકડી ડોકાબારી ખોલીને પણ ડ્રેસિંગરૂમમાં દાખલ થવાય...

પલંગની જમણી તરફની દીવાલ પર એકબીજાથી સહેજ ત્રાંસા ડાયમેન્શનમાં ત્રણ ફોટા લગાડેલા હતા. 20 બાય 30ના-પિત્તળની ફ્રેમમાં મઢેલા આ ફોટોમાં બે ચહેરા હતા.

ખુશખુશાલ!

જિંદગીથી છલકાતા-

સુખમાં તર-બ-તર...

એ બેમાંથી એક ચહેરો તો આદિત્યનો પોતાનો હતો...

ને બીજો ચહેરો-

જે હજી હમણાં જ બેઠકમાં આદિત્ય જોઈને આવ્યો હતો-એ છોકરીનો, એ સ્ત્રીનો-એ સુંદર સ્ત્રીનો હતો!

લગ્નના લાલચટ્ટક ઓઢણામાં શોભી ઊઠતી એ છોકરીની સાથે ઑફ વ્હાઇટ રંગના સિલ્કના કૂર્તામાં આદિત્ય પોતે હતો. આદિત્યનો હાથ છોકરીના ખભાને ઘેરીને લપેટાયેલો હતો. છોકરીનું માથું આદિત્યના ખભા પર હતું અને બંને નવા પરણેલા જોડાના સ્વપ્નિલ આનંદી મિજાજમાં ખડખડાટ હસી રહ્યા હતા.

"આ લગ્ન બહુ ગરબડવાળી વસ્તુ છે." મિહિરે આ ફોટોગ્રાફ ક્લિક કરતી વખતે કહ્યું હતું, "ફરારી અથવા રોલ્સ રોયસ ગાડી જેવું... વસાવતાં વસાવી લેવાય, પછી મેઇન્ટેનન્સ મોંઘું પડે... ન વેચાય, ન ચલાવાય." અને બંને જણા ખડખડાટ હસી પડ્યા હતા.

એ ક્ષણને મિહિરે અમર બનાવી દીધી હતી.

"બધા જ ફોટા તારા પાડેલા શું કામ?" આ ફોટો અહીંયાં લગાવતી વખતે મિહિરે કહ્યું હતું, "તમે જ્યારે ઝઘડો ત્યારે ફોટો જોઈને મને યાદ કરજો..."

"ઝઘડો થયો જ નહીં." આદિત્ય મનોમન વિચારી રહ્યો, "કદાચ થયો હોત તો સારું થાત!"

હનિમૂન સમયે સ્વિટ્ઝરલેન્ડના બરફાચ્છાદિત પર્વતો વચ્ચે પોતાના મોતી જેવા દાંત ચમકાવતી બ્લૂ પોલોનેક સ્વેટર અને એવી જ ટોપી અને મફલર લપેટેલી એ છોકરી સાક્ષાત્ તોફાનનો અવતાર હોય એવી દેખાતી હતી.

"આદિઇઇઇ..." આદિત્યને આજે પણ આલ્પ્સની ખીણોમાંથી પડઘાતો એ અવાજ સંભળાઈ રહ્યો હતો, "આઇ લવ યુ... લવ યુ... લવ યુ..."

એ દિવસે આદિત્યએ એનું પોલોનેક સ્વેટર પાછળથી ખોલીને એમાં બરફનો ગોળો સરકાવી દીધો હતો અને બરફના ગોળાના કારણે એની ચામડી પર લાલ લાલ ઝામાં ઊપસી આવ્યાં હતાં!

આખી રાત એ ચકામા પર ચુંબનો કરતો રહ્યો હતો આદિત્ય અને વારે વારે કહેતો હતો, "આઇ એમ સૉરી સ્વીટ હાર્ટ!"

અત્યારે પણ એ ફોટામાં જોઈને આદિત્યથી કહેવાઈ ગયું, "આઇ એમ સૉરી!" અને અચકાઈને પણ એણે

ઉમેરી દીધું, "સ્વીટ હાર્ટ..."

અને ત્રીજા ફોટામાં સુંદર બાંધણી પહેરી સોનેરી ખુરશી પર બેઠેલી એ છોકરી કોઈ મહારાજ્ઞી જેવી દેખાતી હતી. એની બાજુમાં ઊભેલો આદિત્ય કાળા રંગની શેરવાનીમાં, નજર લાગી જાય એવું જોડું લાગતા બંને. લાલચટક ચાંદલો, સો વર્ષ જૂના ખાનદાની દાગીના અને હાથ ભરાઈ જાય એટલાં કંગન પહેરેલી એ છોકરી જાણે રાજસ્થાનના કોઈ પેઇન્ટિંગમાંથી ઊતરી આવી હોય એવી દેખાતી હતી.

મિહિરનાં લગ્ન વખતે લેવાયેલી એ તસવીર એકમાત્ર સ્મૃતિ હતી મિહિરનાં લગ્નની.

મિહિરનાં એ લગ્ન એક જ વર્ષમાં છૂટાછેડામાં પરિણમ્યાં હતાં.

એક જાણીતી એક્ટ્રેસ સાથે ધામધૂમથી પરણેલો મિહિર 365 દિવસ સાથે નહોતો ગાળી શક્યો!

"યાર! એક જ છોકરી સાથે આટલાં બધાં વર્ષો કેમ જીવી શકાય?" મિહિર ક્યારેક એકાંતમાં આદિત્યને પૂછી બેસતો.

"જીવી શકાય! આ જિંદગી જ નહીં, આવતા જન્મે પણ એની જ સાથે જીવવાની ઇચ્છા થાય."

"આઇ ડોન્ટ બિલિવ."

"પણ એ છોકરી મારી પત્ની જેવી હોવી જોઈએ. મને લાગે છે ભગવાને એને મારા જ માટે બનાવીને ધરતી પર મોકલી છે. મેડ-ટુ-ઓર્ડર... ફરારી ગાડીની જેમ!"

"મેઇન્ટેનન્સ મોંઘું નથી પડતું?" મિહિર હસતો.

"ઝીરો મેઇન્ટેનન્સ." આદિત્યની આંખો સ્વપ્નિલ થઈ આવતી, "આ સંબંધ ટકાવવાની નવ્વાણું ટકા ક્રેડિટ મારે એને જ આપવી પડે."

આદિત્યને ફોટોગ્રાફની સામે જોતાં પોતાના જ શબ્દો યાદ આવી ગયા. એણે મનોમન કહ્યું, "સંબંધ તૂટવાની સો ટકા ક્રેડિટ તને આપીશ!" આદિત્યએ જાણે એ ફોટામાંની છોકરીને કહ્યું અને નજર ફેરવી લીધી.

ફોટામાં દેખાતી એ ત્રણેય છોકરીના ચહેરા તો એક જ હતા પણ જાણે ત્રણ જુદી છોકરીઓ હોય એટલી વિવિધતા હતી, એટલું જુદાપણું-છોકરીના ચહેરાના ભાવમાં-બૉડી લેન્ગ્વેજમાં...

પાછળ પિત્તળના પલંગ પર માથાથી પગ સુધી સફેદ ચાદર ઓઢીને એક શરીર સૂતું હતું-

કેમે કરીને આદિત્યની હિંમત નહોતી થતી એ તરફ જોવાની! મિહિર એની સાથે ને સાથે-આ ઓરડા સુધી આવ્યો... એને જાણે ડર લાગતો હતો આદિત્યને એકલો છોડવામાં... એ બેડરૂમના ખૂણામાં દીવાલને અઢેલીને હાથ ભીડી અદબ બાળીને ઊભો રહ્યો ચૂપચાપ-આદિત્યને જોતો.

નીચે ટોળું વધતું જતું હતું.

મીડિયા માટે સૌથી મોટી ન્યૂઝ આઇટમ હતી-આજનો આ પ્રસંગ...

આટલી બધી સેલેબ્રિટીઝ-અને આટલા બધા જાણીતા ચહેરા એકસાથે, એક જગ્યાએ ભેગા થયા હતા...

પણ, મિહિરની કડક સૂચના હતી કે કોઈને પણ એની રજા વિના કોઈ ફોટો, કોઈ શૂટિંગ કરવા દેવું નહીં...

આદિત્ય હજીયે દીવાલ તરફ જોઈને જ ઊભો હતો-

ગીતાના શ્લોકો ગૂંજી રહ્યા હતા. અગરબત્તીની સુવાસ ફેલાઈ રહી હતી.

મિહિર ધીમેથી આગળ વધ્યો. એણે આદિત્યને ખભામાંથી પકડ્યો-દીવાલ તરફથી હળવેથી ખસેડ્યો અને

પિત્તળના પલંગ તરફ ફેરવ્યો.

આદિત્ય લગભગ ધ્રૂજી રહ્યો હતો. મિહિરે એનો હાથ પકડીને એને પલંગની નજીક ખેંચ્યો. હળવેથી પલંગ પર સૂતેલા શરીર પર ઓઢાડેલું કપડું ખસેડ્યું.

આદિત્યએ નજર ફેરવી લીધી. મિહિરે ધીમેથી, સાંત્વન આપીને એનો ખભો થાબડ્યો.

આદિત્યએ ધીમેથી ડરતાં ડરતાં નજર એ શરીર તરફ, એ ઊઘડેલા ચહેરા તરફ ફેરવી...

શાંત-નિશ્ચેષ્ટ.

જાણે હમણાં જ ઊંઘી ગઈ હોય એમ-એક સ્ત્રી સૂતી હતી.

આદિત્ય એકીટશે જોઈ રહ્યો-એ ચહેરો, એ આંખો, એ વાળ... આ બધું એના 'હોવા'નો, એની જિંદગીનો, એના શ્વાસનો ભાગ હતું.

આ એ સ્ત્રી હતી-જેને એણે ચાહી હતી. જીવથીયે વધુ.

બૉસ્ટન યુનિવર્સિટીના કેમ્પસની એ સોમવારની સવાર પછી આ સ્ત્રીનો ચહેરો એની નજર સામેથી ક્યારેય હટ્યો નહોતો. આ ઓરડો, આ પલંગ એવી કેટલીયે રાતોનો સાક્ષી હતો જેની સવાર પડી જ નહોતી. આદિત્ય ભાગવત નખશિખ આસક્ત હતો આ શરીરના મોહમાં... અત્યારે મીંચાયેલી હતી એ બે આંખો જાણે એના પર વશીકરણ કરતી. દિવસના કોઈ પણ ભાગમાં આદિત્ય આ છોકરીનો, આ ચહેરાનો વિચાર પણ કરે તો એની નસો તંગ થઈ જતી!

અત્યારે પણ આદિત્ય એનો વિચાર કરી રહ્યો હતો. અહીંથી ગયો એ પહેલાંની સાંજ આ જ ઓરડાની અગાશીમાં કેટલી અદ્ભુત ગાળી હતી! આદિત્યએ હોઠ પર જીભ ફેરવી. એ વખતે કરાયેલા પ્રગાઢ ચુંબનનો સ્વાદ એ હજીયે જાણે મમળાવી શકતો હતો... આ છોકરીએ એને જે આપ્યું હતું એ શબ્દોમાં કહી શકાય એવું નહોતું! આદિત્યના શરીરનું ઇંચે ઇંચ જાણે આ છોકરીનો વિચાર કરતાં સજીવ થઈ આવતું... એનું હૃદય જાણે પ્રત્યે રૂંવાડામાં ધબકવા લાગતું... આદિત્ય પૂર્ણપુરુષ થઈ આવતો આ છોકરીના વિચારમાત્રથી! આદિત્ય ભાગવતના જીવનનું એક એવું અવિભાજ્ય અંગ હતી આ સ્ત્રી-કે આદિત્યને અત્યારે એની બંધ આંખો અને નિશ્ચેષ્ટ શરીર સામે જોઈને પોતાના શ્વાસ અસહ્ય લાગતા હતા!

મિહિર એનો ખભો પકડીને ઊભો હતો.

આદિત્યને અચાનક આખા ઘરમાં ગૂંજતું એક હાસ્ય સંભળાયું. ઘૂઘરીઓના રણકાર જેવું એ હાસ્ય આદિત્યના જીવનનું કારણ હતું.

સામે પલંગ પર સૂતેલી એ સ્ત્રી આદિત્યની આખેઆખી જિંદગી હતી.

એને જોઈને આદિત્યના ચહેરા પર અજબ જેવા ભાવ આવ્યા, જાણે ભ્રમિત માણસના ચહેરા પર હોય એવા.

પહેલાં એ ઘડીભર સ્તબ્ધ થઈ ગયો. પછી ધીમું ધીમું હસવા લાગ્યો... હસતાં હસતાં એની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં અને એ એટલા જોરથી હસવા લાગ્યો કે મિહિરને ભય લાગ્યો કે ક્યાંક આદિત્યના મગજનું સમતોલપણું ડિસ્ટર્બ ના થઈ જાય.

એ પેલી સ્ત્રી સામે જોઈ રહ્યો હતો. એકીટશે... હવે એનું હસવાનું બંધ થઈ ગયું હતું, પરંતુ એના ચહેરાના ભાવ ક્ષણે ક્ષણે બદલાતા હતા. એણે ખૂબ હળવેથી કહ્યું, "પ્રિયમ... ઓ પ્રિયમ..."

પછી એ સ્ત્રીના ચહેરા પર હળવેથી હાથ ફેરવ્યો, "ઊઠ પ્રિયમ... જો હું આવી ગયો છું."

"પ્રિયમ..." આદિત્યનો અવાજ ઊંચો થઈ ગયો હતો. એણે ધીમે ધીમે પેલી સ્ત્રીને ઢંઢોળવા માંડી, "પ્રિયમ, ઊઠ, મારે તારી સાથે વાત કરવી છે... મને કહે પ્રિયમ... સાચું કહે પ્રિયમ... ઊઠ પ્રિયમ."

મિહિર એને ત્યાંથી ખસેડવા ગયો, પણ આદિત્યએ ઝટકો મારીને ખભો છોડાવી દીધો અને અચાનક આદિત્ય પલંગની પાછળની રેલિંગ પકડીને બેસી ગયો પેલી નિશ્ચેષ્ટ સૂતેલી સ્ત્રીની બાજુમાં. એણે એના શરીર પરથી સફેદ કપડું ખેંચીને ખૂણામાં ફેંકી દીધું.

લાલચટ્ટક વસ્ત્રો પહેરીને સૂતેલું એ શરીર સંપૂર્ણપણે નવોઢાનું હોય એવું હતું!

આ જ પલંગ પર જૂઈની સેરો વચ્ચે આ જ કપડાંમાં આદિત્યએ જોઈ હતી એને. ગજબ ઉન્માદથી, ગજબ ઘેલછાથી પ્રેમ કર્યો હતો એને! જિંદગીની આ પહેલી સ્ત્રી હતી જેને આદિત્ય ભાગવતે સાચા અર્થમાં પોતાની અર્ધાંગિની બનાવી હતી... આ જ પલંગ પર, અહીં જ... અને પછી સ્ત્રી બન્યાના સંપૂર્ણ સંતોષ સાથે એ આમ જ સૂઈ ગઈ હતી-ઘસઘસાટ...

અને, આદિત્ય એને આખી રાત નિહાળતો રહ્યો હતો...

અત્યારે પણ આદિત્ય એને એકીટશે જોતો રહ્યો, ક્યાંય સુધી...

પછી ચીસ પાડી-

"કોણ કહે છે કે પ્રિયમ નથી?" અને પછી ગાંડાની જેમ એણે એ સૂતેલી સ્ત્રીના શરીરને ઢંઢોળવા માંડ્યું.

"પ્રિયમ... ઊઠ પ્રિયમ... પ્રિ...યમ..." આદિત્ય ગાંડાની જેમ બૂમો પાડતો હતો. એનું આખું શરીર ધ્રૂજતું હતું. મોઢામાંથી લાળ પડતી હતી... ને આંખોમાંથી આંસુ...

"પ્રિયમ-પ્રિયમ... હું આવી ગયો છું, તને કંઈ નહીં થાય. આપણે બેસ્ટ ડૉક્ટર બોલાવીશું... ઊઠ પ્રિયમ-આંખો ખોલ પ્રિયમ..."

આખા 'ભાગવત હોમ'માં આદિત્યનો અવાજ પડઘાતો હતો. પેલું નિશ્ચેષ્ટ શરીર એના ઢંઢોળવાથી હાલતું હતું...

શરીર જ નહીં, આખો પલંગ હાલતો હતો એટલા જોરથી આદિત્ય ઢંઢોળતો હતો એ સ્ત્રીના શરીરને...

મિહિરે આદિત્યને બૂમો પાડી લેવા દીધો-રડી લેવા દીધો-પછી હળવેથી એના ખભે હાથ મૂક્યો. આદિત્યએ પાછળ જોયું.

"પ્રિયમ નથી આદિ! એ મને-તને-બધ્ધાને છોડીને જતી રહી." મિહિરે કહ્યું.

આદિત્યે મિહિરની સામે જોયું-અવિશ્વાસથી.

આઘાતથી.

અતિશય પીડાથી.

પછી એ જમીન પર બેસી ગયો. એનું શરીર જાણે રેતીનું બન્યું હોય એમ ઢગલો થઈ ગયો આદિત્ય.

એની મોટી મોટી આંખોમાં માત્ર એક જ ભાવ હતો, અને એ નહીં માનવાનો, અવિશ્વાસનો ભાવ હતો.

એણે જમીન પર હાથ ફેરવવા માંડ્યો. ઇટાલિયન માર્બલની એ ફર્શ ઉપર હાથ ફેરવીને એણે મિહિર સામે હથેળી ધરી, "જો, પ્રિયમની સુગંધ છે હજી આ ઘરમાં... તને સંભળાય છે એનો અવાજ? નીચે ગાર્ડનમાં પ્રિયમ ગાય છે... હમણાં આવશે. આ પડઘા ખોલી નાખશે. મારા માથા પર તકિયો પછાડશે... અને કહેશે-આદિ ઊઠ, સવાર પડી!"

"આદિ, પ્લીઝ!" મિહિરની આંખો છલકાવા લાગી હતી. આદિત્ય એવી રીતે લસ્ત થઈ ગયો હતો જાણે એના શરીર ઉપરથી એનો પોતાનો કાબૂ ચાલી ગયો હોય. એની ગરદન, એના હાથ, એના પગ જાણે છૂટા છૂટા પડી ગયા હોય એમ ઢીલા થઈ ગયા હતા.

"મિહિર, મને લાગે છે એ કિચનમાં છે. હું બહુ દિવસે આવ્યો છું ને, જાતે બ્રેકફાસ્ટ બનાવતી હશે... એ ક્યાંય નથી ગઈ. જઈ શકે જ નહીં ને."

"આદિ, ઊભો થા પ્લીઝ..."

"મને શું થાય છે મિહિર? મારાથી ઊભા નથી થવાતું. મારું શરીર તૂટી જશે મિહિર... મિહિર, પ્રિયમને બોલાવ મિહિર, પ્લીઝ... મારે એને સૉરી કહેવું છે. આઈ એમ સૉરી મિહિર..."

મિહિરે એને ઊભો કર્યો-પરાણે અને છાતીસરસો ચાંપી દીધો. આદિત્ય મિહિરને વળગીને નાના બાળકની જેમ રડી પડ્યો.

"કેમ? મિહિર વ્હાય? વ્હાય? વ્હાય? વ્હાય?" આદિત્ય રડી રહ્યો હતો અને એનું રુદન આખા ઘરમાં પડઘાઈ રહ્યું હતું.

ધ્રૂસકે ધ્રૂસકે રડતો આદિત્ય નાના બાળકની જેમ મિહિરની છાતી પર માથું પછાડી રહ્યો હતો. એણે મિહિરના ઝભ્ભાનાં બટન તોડી નાખ્યાં હતાં અને જોર જોરથી પૂછી રહ્યો હતો, "વ્હાય?" ...અને એના આ 'વ્હાય'નો-આ 'કેમ'નો મહિરિ પાસે કોઈ જવાબ નહોતો...નહોતું એને એ સમજાયું કે આદિત્યને શાના માટે સૉરી કહેવું હતું, પ્રિયમને!

પ્રિયમને જ્યારે સ્મશાન લઈ જવા માટે અર્થી પર સુવાડાઈ ત્યારે આદિત્યને સંભાળવો અઘરો થઈ પડ્યો હતો. એ પ્રિયમના શરીરને એવી રીતે વળગી પડ્યો હતો કે જાણે જોડે જ બંધાઈ જવા માગતો હોય.

પ્રિયમને જોઈને આદિત્ય વારંવાર એક જ વાત બોલ્યા કરતો હતો, "મારી સાથે વાત કર પ્રિયમ... તું જ કહેતી હતી કે કોઈ પણ વાતનો ઉકેલ ચર્ચા કરીને આવી શકે... કેમ પ્રિયમ?"

પ્રિયમના માથામાં સિંદૂર પૂરતી વખતે આદિત્યનો હાથ સહેજ ધ્રૂજ્યો હતો એ માત્ર મિહિરે જોયું હતું.

"હું નહીં હોઉંને ત્યારે આ આખા આઠ બાય આઠના પલંગ ઉપર એકલો ઊંઘજે." પ્રિયમના શરીર ઉપર પગ નાખીને એને લપેટાઈને પડેલા આદિત્યને ધક્કો મારતાં એક વાર પ્રિયમે કહ્યું હતું.

"તું ક્યાં જવાની છે? તારે તો અહીં જ રહેવાનું છે-આ ઘરમાં."

"કેમ? જતી પણ રહું." અને પ્રિયમ હસી હતી.

"જીવતી ચણાવી લઈશ આ ઘરની દીવાલોમાં, પણ જવા નહીં દઉં."

"જાલિમો કરે એવું, તું જાલિમ છે?"

"જાલિમ પણ અને સરમુખત્યાર પણ!" આદિત્યએ પ્રિયમને કસીને પકડી હતી, "મારી અંદર ઓગાળી દઈશ... પણ જવા નહીં દઉં."

આજે એ જ પ્રિયમ ચાલી ગઈ હતી અને આદિત્ય કશું જ કરી શકે એમ નહોતો!

સ્મશાનમાં જ્યારે ચિતા પ્રગટાવતા પહેલાં આદિત્ય પરિક્રમા કરી રહ્યો હતો ત્યારે એને યાદ આવ્યું હતું, "આદિ, ચિતાની આસપાસ ફરવું કે લગ્નની વેદીની આસપાસ ફરવું, આમ તો સરખું જ ને?"

"સ્ટૂપીડ જેવી વાત નહીં કર. એક મુક્તિ છે અને એક સાત જનમનું બંધન."

"લગ્ન બંધન છે આદિત્ય?" પ્રિયમના અવાજમાં કોણ જાણે કયો ખાલીપો પડઘાયો હતો.

"ના. મારે માટે તો લગ્ન શ્વાસ લેવાની એક એવી જગ્યા છે, જ્યાં હું આદિત્યને-મારી જાતને મળું છું."

"આદિ, તને ક્યારેય મારા માટે કંટાળો કે ફરિયાદ નથી?"

"ના. તને?"

પ્રિયમ એક ક્ષણ જોઈ રહી હતી આદિત્યની આંખોમાં અને પછી એણે આદિત્યના ગાલ પર પોતાના બે હાથ મૂક્યા હતા, "હા, મને ક્યારેક કંટાળો આવે છે. તારા આટલા બધા પ્રેમનો... તારી આ ઘેલછાનો. તું ક્યારેક માલિક થઈ જાય છે મારો, એવું નથી લાગતું તને?"

"ક્યારેક શું, હું તારો માલિક જ છું!" અને આદિત્યએ પ્રિયમને પાસે ખેંચવાનો પ્રયત્ન કર્યો.

"આદિત્ય, તારી આ માલિકી, તારું આ પઝેશન... મને અકળાવી મૂકે છે."

"પ્રેમ હોય ત્યાં પઝેશન હોય જ."

"એટલે હું પ્રેમ નથી કરતી?"

"પ્રિયમ, મને તારી નિઃસ્પૃહતા અકળાવે છે ક્યારેક... તું ક્યારેય પૂછતી નથી... હું આટલું બધું પરદેશ રહું છું. જાતજાતની સ્ત્રીઓને મળતો હોઈશ... ક્યારેક ફસાઈ જઈશ તો?"

"ફસાઈ જા." પ્રિયમ ફિક્કું હસી હતી, "જો ફસાઈશ તો જ સમજી શકીશ કે વર્તુળની બહાર નીકળીને શ્વાસ લેવાની પણ એક મજા હોય છે!"

"એટલે તારો શ્વાસ રૂંધાય છે, આ વર્તુળમાં!"

"આદિત્ય, કોઈ પણ જગ્યાએ જો બંધન વધે તો શ્વાસ રૂંધાય જ! તું મને બહુ વાર સુધી તારા બાહુપાશમાં જકડી રાખેને તોય મારે બહાર નીકળવું પડે, શ્વાસ લેવા... એનો અર્થ એવો નથી કે મને તું વહાલ કરે એ નથી ગમતું... પણ વહાલ હોય કે વરસાદ, પ્રમાણમાં સારાં! નહીં તો અતિવૃષ્ટિ થાય ને લીલો દુષ્કાળ પડે આદિત્ય."

અંતિમવિધિ પતાવીને પાછો ફરેલો આદિત્ય બેડરૂમની બેઠકમાં બેઠો હતો અને એને પ્રિયમની વાતો યાદ આવી રહી હતી.

સામે આજનાં અખબારો પડ્યાં હતાં. દેશ-વિદેશનાં બધાં અખબારોમાં પ્રિયમનું મૃત્યુ અને એની અંતિમવિધિના ફોટા અને સમાચારો છપાયા હતા.

ટેલિવિઝન ઉપર દિવસભર આ જ સમાચાર ચાલ્યા હતા આજે.

દેશભરના મીડિયામાં પ્રિયમ ભાગવતનું મૃત્યુ હોટ કેકની જેમ વેચાયું હતું, અને એક વાર ભાગવત વિલાની બહાર નીકળ્યા પછી આદિત્યનો કન્ટ્રોલ પણ નહોતો રહી શક્યો.

તમામ અખબારોમાં પ્રિયમની કૂચો થઈ ગયેલી ગાડી અને એક્સિડન્ટ પછીની પ્રિયમની તસવીરો છપાઈ હતી.

"પ્રિયમ ભાગવત એક એક્સપર્ટ ડ્રાઇવર હતી. કારરેલીમાં અને સફારીઝમાં ભાગ લેતી આવી ડ્રાઇવરને એક્સિડન્ટ થઈ શકે?" છાપાંઓએ સવાલ ઉઠાવ્યો હતો.

વાત ખોટી નહોતી! ડ્રાઇવિંગ પ્રિયમનું પેશન હતું. એનો નશો!

દુનિયાભરમાં કારરેસમાં ભાગ લેવા માટે પ્રિયમ જતી. દુનિયાભરની કારરેસમાં અવારનવાર જીતી હતી એ. ખૂબ સારી ગાડી ચલાવી શકતી. એને ખૂબ સારી મિકેનિક અને કુશળ ડ્રાઇવર તરીકે પારિતોષિકો અપાયાં

હતાં. કારરેસમાં અને રેલીમાં ભાગ લેવા માટે પોતાની ગાડી જાતે ડિઝાઇન કરી હતી પ્રિયમે.

સામે પડેલા છાપામાં એ ગાડી કૂચો થઈ ગયેલી, ડૂચો થઈ ગયેલી દેખાતી હતી.

આદિત્યએ છાપું ઊંચકીને ઊંધું કરી દીધું અને આંખો મીંચીને ડોકું પાછળ બેઠક પર ઢાળી દીધું.

"ધીમે પ્રિયમ, ધીમે..." બંને જણા જ્યારે જ્યારે સાથે ડ્રાઇવ પર જતાં કે પરદેશમાં કન્ટ્રીસાઇડ ડ્રાઇવ કરવાનું પસંદ કરતાં ત્યારે પ્રિયમ ગાડી ચલાવવાનો આગ્રહ રાખતી.

પ્રિયમ જે ઝડપે ગાડી ચલાવતી એનાથી ઘણી વાર આદિત્ય ડરી જતો, "ધીમે પ્રિયમ, ધીમે." એનાથી કહેવાઈ જતું.

"જિંદગીની મજા તો ઝડપમાં છે આદિત્ય... વીજળીની જેમ, ઝબકીને અદૃશ્ય થઈ જવાનું."

"મહેરબાની રાખ. મારે તો જીવવું છે."

"કેમ, આટલો મોહ છે તને જીવવાનો? શું બાકી રહી ગયું છે હજી?"

"બહુ બધું બાકી છે પ્રિયમ." આદિત્ય લાગણીશીલ થઈ જતો, "મારે તારી સાથે ઘરડા થવું છે."

"સૉરી. નોટ પોસિબલ. હું ઘરડી નથી થવાની. હું તો આમ જ મરી જવાની છું, આવી જ... અને આટલી જ ઝડપે..."

"પ્રિયમ..." આદિત્યથી ચીસ પડાઈ જતી, અને પ્રિયમનું ખડખડાટ હાસ્ય ગૂંજતું. ગાડીમાં અને ટાયરની નીચેથી પસાર થતા રસ્તાઓ ઉપર પોતાની છાપ છોડી જતું.

"ખરેખર, વીજળીની જેમ જ ચાલી ગઈ. કંઈ સમજાય તે પહેલાં!" બંધ આંખે આદિત્ય વિચારી રહ્યો હતો. સામે મિહિર ચૂપચાપ બેઠો હતો. એ આદિત્યના મનમાં આવી રહેલા ઉતાર-ચડાવ જોતો હતો, પણ આ ઉતાર-ચડાવનું કારણ એને સમજાતું નહોતું.

એણે આદિત્ય સામે જોયું. સફેદ લખનવી ઝભ્ભો અને લેંઘો પહેરેલો આદિત્ય રડી રડીને લાલચોળ થયેલી આંખો સાથે પણ ગજબનાક હેન્ડસમ લાગતો હતો.

બેઠકમાં લગાડેલા પ્રિયમના ફોટા સામે જોતાં આદિત્યએ સામે બેઠેલા મિહિરને કહ્યું, "બે દિવસ થયા, પણ પ્રિયમ નથી એ વાત મારું મન માનવા તૈયાર નથી... પ્રિયમ આ ઘરની એક એક ઈંટમાં-એક એક ખૂણામાં જીવે છે. પ્રિયમ વિના આ ઘરમાં કેમ રહીશ હું?"

"આદિ!" મિહિરના અવાજમાં પણ ઘેરાયેલો ડૂમો હતો. પોતે રડી પડે તો આદિત્યને કેમ સંભાળશે એ વિચારે જાતને બાંધી રાખીને મિહિરે વાત શરૂ કરી-

"આદિ! નસીબની સામે આપણું કંઈ ચાલતું નથી... જનાર જતા રહે છે. આપણે જીવવું પડે છે-શ્વાસ ચાલે ત્યાં સુધી..." મિહિરે ભરાઈ આવેલા અવાજે કહ્યું.

આદિત્ય એની સામે જોઈ રહ્યો. આ મિહિર-

આ જ મિહિર, એમના પ્રણયનો-પરિણયનો સાક્ષી હતો. એની 'પ્રિયમ'નો જિગરી દોસ્ત હતો.

આ જ મિહિર-

એમના સંબંધના બધા જ ઉતાર-ચઢાવ અને ઘટનાક્રમમાં સાથે ચાલ્યો હતો...

આ મિહિર-

જેણે એને કહ્યું હતું-"પરણી જા યાર! આવી છોકરીઓ બધાના નસીબમાં નથી હોતી! ભગવાને મેઇક ટુ ઑર્ડર બનાવીને મોકલી છે-ખાસ તારા માટે! એક્સક્લુઝિવ પીસ!"

ને-

જે દિવસે આદિત્ય ભાગવત અને પ્રિયમ મજમુદાર પરણ્યાં એ દિવસ આખા મીડિયાજગત માટે અણધારી, વણકલ્પી ઘટના હતી. ઇતિહાસે ફરી પાનું પલટ્યું હતું. 20 હજાર કરોડથી વધુના સામ્રાજ્યનો એકમાત્ર વારસ એક સીધા, સાદા, સામાન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીની દીકરી પ્રિયમ મજમુદાર જોડે જીવન જોડતો હતો!!!

મીડિયા માટે આમેય આદિત્ય ભાગવત મજેદાર વાનગી હતો!

દેશનો સૌથી એલેજિબલ બેચલર.

જેનું નામ અભિનેત્રીઓથી શરૂ કરીને કોર્પોરેટ હાઉસની દીકરીઓ સાથે અવારનવાર જોડાઈ ચૂક્યું હતું!

કેટલીયે છોકરીઓ આદિત્ય ભાગવતના ફોટા કાપીને પોતાની નોટબુક્સમાં લગાડતી, ફિલ્મસ્ટાર અને ક્રિકેટરની જેમ આદિત્ય ભાગવતના ફોટા પોસ્ટર થઈને વેચાતા અને એના આંકડા આશ્ચર્ય પમાડે એવા હતા.

અવારનવાર મીડિયા આદિત્ય ભાગવત કોની સાથે પરણશે એને લઈને મુદ્દા ચગાવતું...

એવો આદિત્ય ભાગવત આજે એક એવી છોકરીને પરણી રહ્યો હતો જેને મીડિયામાં કોઈ ઓળખતું નહોતું!

22 જૂન-

એ દિવસે પ્રિયમ મજમુદાર પ્રિયમ ભાગવત બની હતી.

આદિત્ય પ્રિયમને પરણીને લાવ્યો તે દિવસથી એણે આદિત્યના જીવનમાં એકચક્રી રાજ કર્યું હતું.

સતત અને સખત રીતે પ્રિયમમાં આસક્ત હતો આદિત્ય.

ક્યારેક બહારગામથી ફોન કરે અને પ્રિયમ ઘરમાં ના હોય તો અડધા કલાકમાં દસ ફોન કરી દેતો આદિત્ય.

મોબાઇલ આવ્યા પછી આદિત્ય પ્રિયમની પળેપળની ખબર રાખતો!

એ કેટલા વાગ્યે ક્યાં જાય છે, શું જમી, કે કયાં કપડાં પહેર્યાં છે એની પૂછપરછ હજારો કિલોમીટર દૂરથી પણ આદિત્ય કર્યા જ કરતો.

"કેમ? કેમ આટલું બધું જાણવું છે તારે?" પ્રિયમ ક્યારેક પૂછતી.

"મારે તારામાં જીવવું છે આમ તો. કંઈ નથી કરવું... આ બિઝનેસ, આ પરદેશની ટૂર્સ, આ મિટિંગ્સ, બધું છોડીને માત્ર અને માત્ર તારામાં સમાઈને જીવવું છે."

"કંટાળી જઈશ." પ્રિયમ કહેતી અને હસતી.

"હું નહીં કંટાળું, તું તો મારું સાકાર થયેલું સપનું છે પ્રિયમ..." લગ્નના પહેલા વર્ષે આ વાત કહેતો આદિત્ય લગ્નના એક દાયકા પછી પણ પ્રિયમ પાછળ એટલો જ ઘેલો હતો.

પ્રિયમની એક એક પળ વિશે આદિત્યને જાણવું હોય, એનાં કપડાંની પસંદગીમાં આદિત્યને પોતાનો અભિપ્રાય આપવો હોય, પ્રિયમે શું ખાવું, કેમ રહેવું અને કેમ જીવવું એ બધું જ જાણે આદિત્યના જીવનનો એક ભાગ બની ગયું હતું.

શંકા કે અવિશ્વાસ નહોતાં એમાં! માત્ર અને માત્ર પ્રેમ હતો, આસક્તિ હતી, ઘેલછા હતી... બસ, આ ઘેલછા કે

આસક્તિ સાવ અસામાન્ય હતી!

પ્રિયમ ઘરમાં પરણીને આવ્યાને દાયકો વીતી ગયો હતો. આ દસેય વર્ષ દરમિયાન આદિત્ય અને પ્રિયમની જિંદગી એક અદ્ભુત-અલૌકિક સ્વપ્નની જેમ વીતી ગઈ હતી! પ્રિયમે હંમેશાં આદિત્યની લાગણીને માન આપ્યું હતું. એની ઘેલછાઓને પોષી હતી. એને ચાહ્યો હતો... મનથી અને તનથી પણ.

પણ આદિત્યને જાણે ઓછું જ પડતું રહ્યું, એટલી હદ સુધી કે પ્રિયમે જ્યારે પ્રેગનન્ટ હોવાના સમાચાર આપ્યા ત્યારે આદિત્યએ એને કહ્યું હતું, "હજી તો હું જ તને નથી પામી શક્યો પૂરી, ત્યાં તને વહેંચવાની શરૂઆત થઈ ગઈ?"

એ દિવસે પહેલી વાર પ્રિયમની અંદર કંઈક બદલાયું હતું. સાવ હલકું, પણ કંઈક એવું જે પ્રિયમને પોતાને જ નહોતું સમજાયું...

એ પછી એક પછી એક એવી ઘટનાઓ બનતી ગઈ જે પ્રિયમના હાથની બહાર નીકળી ગઈ!

પ્રિયમ પોતે જ પોતાની નહોતી રહી શકી અને છતાં એકબીજામાં ઓતપ્રોત આદિત્ય અને પ્રિયમ આ દાયકો જીવી ગયાં હતાં-સ્વપ્નની જેમ!

એ દાયકો પૂરો થયો હતો અને દાયકાની સાથે પૂરું થઈ ગયું હતું-એ સપનું.

અત્યારે-

આ ક્ષણે હવે પ્રિયમ નહોતી!

આ ઘરમાં-

પ્રિયમની એવી કોઈ સજીવ નિશાની પણ નહોતી, જેમાં આદિત્ય પ્રિયમને જોઈ શકે.

"મારા ડેડી પાસે તો હું હતો, માના ગયા પછી..." આદિત્ય વિચારી રહ્યો હતો, "હું કોના આધારે જીવીશ પ્રિયમ?"

પ્રિયમની ગેરહાજરી એક એવું સત્ય હતું, જેને સ્વીકાર્યા વિના છૂટકો નહોતો-આદિત્યનો.

અને છતાં કશુંક એવું હતું જે આદિત્યને અંદરથી તોડી નાખતું હતું, એક એવું સત્ય જે પ્રિયમની ગેરહાજરી કરતાં પણ વધુ વીંધી નાખનારું, વધુ ઝેરી અને વધુ અકળાવનારું હતું.

આદિત્યને લાગ્યું કે જાણે દીવાલો પાસે ખસવા માંડી છે. એને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી. એણે અકળાઈને આંખો ખોલી નાખી, "મિહિર..." એનાથી બૂમ પડાઈ ગઈ.

મિહિર ઊઠીને એની પાસે આવ્યો અને એના પગ પાસે નીચે જ બેસી ગયો.

*

રાજસ્થાનમાં રણથંભોર એક એવી જગ્યા છે જ્યાં આજે પણ જીવતા વાઘ જોઈ શકાય છે. અરાવલીના પર્વતોની હારમાળામાં આવેલા ઉદયપુર, દેવીગઢ અને ડુંગરપુર જેવાં નાનાં નાનાં રજવાડાંને પાર કરીને અરવલ્લીની તળેટીમાં પહોંચાય. આ જંગલોમાં આજે પણ ભય લાગે એવાં ગાઢ વૃક્ષો એકબીજાને વીંટળાઈને ઊભાં છે.

સૂર્યનો પ્રકાશ દિવસના ભાગમાં પણ ચળાઈને પહોંચે એવાં આ જંગલોમાં રાતની સુસવાટા મારતી હવા હાડકાં થિજાવી દે એટલી ઠંડી હોય છે અને દિવસ ભઠ્ઠીની જેમ તપતો હોય છે.

સહેલાણીઓ માટે આ આકર્ષક સ્થળ છે.

રણથંભોરની વાઇલ્ડ લાઇફ સેન્ચૂરી ભારતની મુખ્ય વાઇલ્ડ લાઇફ સેન્ચૂરીઝમાંથી એક ગણાય છે.

રણથંભોરનાં જંગલોમાં આવેલા બધા જ રિઝોર્ટ્સ પસાર કરીને એક રસ્તો ગાઢ જંગલ તરફ જતો હતો. એ રસ્તા ઉપર આગળ આગળ જતાં જંગલ વધુ ને વધુ ગાઢ થતું જતું હતું. લોકલ રહેવાસીઓનાં ઝૂંપડાં અને છૂટાંછવાયાં વસેલાં ગામો પસાર કરતાં કરતાં એક નાનકડા કોટેજ પાસે આંખ અટકી જાય એવું બને.

આ કોટેજની બહાર એક ઓટલો હતો.મોટા મોટા થાંભલા ઉપર બાંધેલી એક ઓસરી અને ઓસરીની અંદર એક સ્ટૂડિયો અપાર્ટમેન્ટ જેવું મોટું ઘર હતું...

બેડરૂમ, ડ્રોઇંગરૂમ અને રસોડું બધું જ દીવાલ વગર એક મોટા હોલમાં ઊભું કરાયું હોય એવી ડિઝાઇન હતી એ ઘરની.

એ ઘરમાં એક મોટા પલંગ ઉપર એક માણસ આંખ ઉઘાડી રહ્યો હતો.

એ માણસનું નામ શૈલરાજસિંહ રાઠોડ હતું. ડુંગરપુરના મહારાજાનો બીજા નંબરનો દીકરો શૈલરાજસિંહ છેલ્લાં કેટલાંય વર્ષોથી અહીં, આ કોટેજમાં એકલો રહેતો હતો.

વાઇલ્ડ લાઇફ સેન્ચૂરી ઉપર રિસર્ચ કરતો, વાઘ અને એમની જીવનશૈલી, જંગલી પ્રાણીઓની લુપ્ત થતી જતી જાતિઓ ઉપર છેલ્લાં કેટલાંય વર્ષોથી એ અહીં રહીને કામ કરતો હતો. છેલ્લામાં છેલ્લા રેલવે-સ્ટેશનથી શૈલરાજસિંહના કોટેજ સુધી પહોંચતાં એક કલાક થતો. માનવવસ્તીથી દૂર માત્ર પ્રાણીઓના અવાજ અને સુસવાટા મારતી હવા સંભળાય એવા સ્થળે એકલી-અટૂલી જિંદગી ગુજારતો શૈલરાજ અહીંના આદિવાસીઓ અને જંગલી પ્રાણીઓને એના રાજઘરાનાના માણસો કરતાં વધુ ઓળખતો હતો એમ કહીએ તો ખોટું નહોતું.

પાણીથી શરૂ કરીને જિંદગીની દરેક જરૂરિયાત માટે ઓછામાં ઓછું એક કિલોમીટર ચાલવું પડે એવી જગ્યાએ આવેલું હતું આ કોટેજ.

આજે જ અહીં ત્રણ દિવસ જૂનું છાપું પહોંચ્યું હતું. રણથંભોરનાં જંગલોમાં છાપાં બે-ત્રણ દિવસ, ક્યારેક અઠવાડિયા પછી પણ આવતાં.

ત્રણ દિવસ પહેલાંનું છાપું ખોલીને જોતાં જ શૈલરાજસિંહ રાઠોડની નજર સ્થિર થઈ ગઈ.

અહીં-

એમાં હેડલાઇનની નીચે પહેલા જ પાના પર જમણા હાથે કૉર્નર પર એક સુંદર સ્ત્રીનો ફોટો હતો. નીચે સમાચાર હતા...

“ખ્યાતનામ બિઝનેસ ટાઇકૂન આદિત્ય ભાગવતની પત્ની પ્રિયમ ભાગવતનું 32 વર્ષની વયે રોડ અકસ્માતમાં મૃત્યુ...”

શૈલરાજસિંહ ક્ષણભર જોઈ રહ્યા એ સમાચાર-એ તસવીર સામે-અને પછી છાપું મૂકીને ઊભા થયા. પોતાના અંગત ઓરડામાં ગયા. પોતાના પલંગની બિલકુલ બાજુમાં સાઇડ ટેબલ પર સોનાની ફ્રેમમાં જડેલી એક તસવીર ઊંચકીને એની સામે જોયું...

શૈલરાજસિંહે આંખોમાં ધસી આવેલાં આંસુ લૂછ્યાં...

ને, તસવીર સામે જોઈને કહ્યું, “પ્રિયમ! આવો દગો?”

તસવીર સામે એકીટશે જોઈ રહેલા શૈલરાજસિંહની આંખો પલળતી ગઈ ને ધીમે ધીમે નજર સામેની તસવીરનું સ્મિત ધૂંધળું થતું ગયું!

*

3

શૈલરાજસિંહે આંખોમાં ધસી આવેલાં આંસુ લૂછ્યાં...

ને, તસવીર સામે જોઈને કહ્યું, "પ્રિયમ! આવો દગો?"

તસવીર સામે એકીટશે જોઈ રહેલા શૈલરાજસિંહની આંખો પલળતી ગઈ ને ધીમે ધીમે નજર સામેની તસવીરનું સ્મિત ધૂંધળું થતું ગયું!

"તું તો નહોતી આવવાની."

"પણ આવી ગઈ..."

"તું ક્યાંથી ટપકે છે આમ અચાનક?"

"હું તો અપ્સરા છું. ક્યારેક આકાશમાંથી આવું... અને જલપરી થઈને ક્યારેક પાતાળમાંથી ફૂટી નીકળું... વરસાદ છું, કંઈ કહીને ન આવું... અને ક્યારેક તું આખી મોસમ રાહ જુએ તોય ના આવું... તારા ઉઘાડા પુસ્તકનું પાનું છું હું. ફડફડ કરીને તને બોલાવું ને તું આવે કે તરત બદલાઈ જાઉં!" આખા ઘરમાં એક ખડખડાટ હાસ્ય પડઘાતું રહ્યું.

"તારા પતિ તને ક્યારેય કશું પૂછતા નથી?"

"પતિ? મારે કોઈ પતિ નથી. હું તારી પ્રેમિકા છું ને તું મારો પ્રેમી..."

"તારા પતિનું નામ તો કહે, ક્યારેક મળી જાઉં એમને તો ખબર પડે કે મારા અસ્તિત્વનો એક ટુકડો જ્યાં જીવે છે એ ઘર કોનું છે..."

"આપણે નક્કી કર્યું છે કે એકબીજાને અંગત પ્રશ્નો નહીં પૂછવાના. મેં તને તારી પત્નીનું નામ પૂછ્યું છે આજ સુધી?"

"મારે પત્ની જ નથી. શું કહું તને? પણ તે સિવાયની મારી બધી જ તમામ અંગત બાબતો મેં કહી છે તને. મારી જિંદગીની ઝીણામાં ઝીણી વાતો મેં તને કહી છે, કહી છે કે નહીં?"

"તારી મેળે-મારા પૂછવાથી નહીં."

"તને ડર નથી લાગતો?"

"ડર? શાનો ડર? જો મને એમ લાગે કે હું જે કરું છું તે ખોટું છે તો હું કરું જ નહીં... અને જો મને એમાં કશું ખોટું નથી લાગતું તો ડર શાનો રાખવાનો?"

આજે પણ જાણે આ વાતચીત શૈલરાજસિંહની આજુબાજુ પડઘાઈ રહી હતી.

આ અને આવા કેટલાય સંવાદો આ ઘરમાં પળેપળે પડઘાતા રહેતા.

જે છોકરી-સ્ત્રીની તસવીર જોઈ હતી શૈલરાજે, એ છોકરી, એ સ્ત્રી શૈલરાજસિંહની જિંદગીનો એક અગત્યનો ભાગ બની ગઈ હતી, ધીરે ધીરે એણે એવો તો પગપેસારો કર્યો હતો કે શૈલરાજને પોતાને નહોતું સમજાયું કે સ્ત્રીમાત્રથી દૂર રહેતો અને જીવનમાં ક્યારેય પ્રેમ નામના શબ્દમાં ન માનતો પોતે આમ અને આવી રીતે કોઈ સ્ત્રીમાં આસક્ત થઈ જશે.

"જો, મને બાંધ નહીં..." પ્રિયમ હંમેશાં કહેતી, "હું તો હવા જેવી છું. બધે જ છું અને છતાં ક્યાંય નથી. મને પકડી નહીં શકે તું... શ્વાસમાં ભરી લે જેટલી ભરાય એટલી. આખરે તો કાઢી જ નાખવી પડશે! ને પાછીયે

ભરવી તો પડશે જ મને!"

શૈલરાજસિંહને હંમેશાં પ્રિયમની પ્રતીક્ષા રહેતી. એ કોણ છે, ક્યાંથી આવે છે એની તપાસ નહીં કરવાનું પ્રિયમે વચન લીધું હતું શૈલરાજ પાસે. અને રાજપૂતી વચનને નિભાવતાં આજે બે વર્ષ થઈ ગયાં હતાં એમના સંબંધને.

"તું કોણ છે પ્રિયમ? મારે તારા વિશે બધું જ જાણવું છે."

"જાણવા જેવું બધું જ જાણે છે તું અને નહીં જાણવા જેવું શું કામ જાણવું છે તારે?" પ્રિયમ કહેતી.

શૈલરાજસિંહ આજે પણ આ સવાલ પ્રિયમને પૂછવા માગતા હતા. કેટલી હિંમત હતી એ છોકરીની, અથવા જીવવા માટેની કેટલી જિજીવિષા હતી! આગળ-પાછળનો વિચાર કર્યા વિના સડસડાટ મનગમતી હવામાં શ્વાસ ભરતી હતી એ છોકરી...

એને જે ગમે, જેવું ગમે તેવું જીવી લેતી, ક્યારેય લોકોની પરવા નહોતી કરતી.

ફૂલ ખરી પડે તોય આંખમાં પાણી આવી જાય એટલી લાગણીશીલ, કોઈ આદિવાસીનું છોકરું બીમાર હોય તો જીપ ચલાવીને પાંચ-સાત કિલોમીટર દૂર દાક્તર પાસે લઈ જાય એવી પરગજુ, વહાલ કરે તો સરાબોર ભીંજવી નાખે એવી પ્રેમાળ અને છતાં ટકોરો મારો તો રણકાર ઊઠે એવી સાચી.

જાત સાથેની વાતચીતમાં પણ જુઠ્ઠું ના બોલે એટલી ઈમાનદાર!

જે માનતી હોય અને જેવું જીવતી હોય એ જ સ્વીકારી લેવાની એની વૃત્તિનો શૈલરાજ કાયલ હતો.

વાઘણ જેવી તેજતર્રાર અને ખૂંખાર છતાં હરણ જેવી ભોળી અને સસલા જેવી વહાલસોઈ આ છોકરી માત્ર એનું નામ જાણતાં શૈલરાજના જીવનના કણેકણમાં છવાઈ ગઈ હતી.

એણે શૈલરાજને કહ્યું હતું કે એ કોઈની પત્ની હતી.

એણે એ પણ કહ્યું હતું કે એ પોતાના પતિને ક્યારેય છોડવાની નથી... એ અમદાવાદમાં રહેતી હતી એની પણ શૈલરાજને ખબર હતી, પણ એના વિશે આનાથી વધુ જાણકારી ન પ્રિયમે ક્યારેય આપી અને ન રાજપૂતી વચનનું પાલન કરતાં શૈલરાજે ક્યારેય ખાંખાખોળાં કરીને ક્યારેય મેળવવાની કોશિશ કરી.

પ્રિયમ વારંવાર ગંગા અને શાંતનુનો દાખલો આપતી, "ગંગાએ શરત કરી હતી શાંતનુ સાથે કે મને સવાલો નહીં પૂછવાના. જો પ્રશ્ન પૂછશો તો હું જતી રહીશ..."

અને પ્રિયમને ખોઈ બેસવાના ફફડાટમાં શૈલરાજ જેવા શિકારીએ પણ પોતાની જાતને બાંધી રાખી હતી.

એ છોકરી શૈલરાજ જેવા પથ્થરને પણ મીણનો બનાવી ગઈ હતી.

છોકરી?!... હા-છોકરી જ કહેવી પડે એ 32 વર્ષની સ્ત્રીને! ભારોભાર સ્ત્રીપણું હતું અને છતાં એક છોકરીની અલ્લડતા... એનામાં એક અજબ કોમ્બિનેશન હતું, ક્યારેક તો એ તેર-ચૌદ વર્ષની એવી છોકરી લાગતી જેને જિંદગી પાસેથી બધું જ જોઈતું હોય, પણ એ મેળવવાના રસ્તા, અને મળ્યા પછી એનું શું કરવું એ ન ખબર હોય...

સપનાંના ઢગલા હોય જેની આસપાસ, અરીસો જેની દુનિયા હોય... મુગ્ધાવસ્થાની ઉંમરે પહોંચેલી એક એવી કમનીય 'છોકરી' હતી એ! તો ક્યારેક એવી પ્રગલ્ભ અને વિચક્ષણ બુદ્ધિશાળી સ્ત્રી હતી, જેની સાથે દલીલો કરતાં શૈલરાજસિંહનાં હથિયાર હેઠાં પડતાં.

ક્યારેક એ મા બનીને લાડ કરતી તો ક્યારેક દીકરી બનીને માગણીઓ કરતી. ક્યારેક પ્રેમિકા બનીને

શૈલરાજને પાગલ કરી નાખતી તો ક્યારેક શત્રુ બનીને એવો તો ઝઘડો કરતી કે શૈલરાજ એને હાથ જોડી જતો.

આ છોકરી, આ સ્ત્રી, આ મિત્ર, આ શત્રુ, આ મંત્રી, આ દાસી... શૈલરાજ માટે એનાં જેટલાં રૂપ ગણાય એટલાં ઓછાં હતાં!

શૈલરાજસિંહ રોકિંગ ચેરમાંથી ઝટકા સાથે ઊભા થઈ ગયા.

"હે ઈશ્વર! કેમ યાદ આવતી હતી આ છોકરી આટલું બધું!?"

શૈલરાજસિંહ રાઠોડનો સ્વભાવ નહોતો કે એ કોઈ વ્યક્તિ, વસ્તુ કે વિચાર સાથે જોડાઈ જાય. પોતાનું રાજમહેલ જેવું ઘર, અને આટલી બધી મિલકત એક ઝટકામાં છોડી હતી એમણે. જિંદગીના દરેક તબક્કે પોતાના નિર્ણયો જાતે કર્યા હતા અને એ નિર્ણયના સારા-ખરાબની જવાબદારી પણ પોતે જ ઉઠાવી હતી.

ત્રણેક વર્ષ પહેલાં જ્યારે વાઘે પંજો માર્યો અને ઘવાયેલા શૈલરાજને હાથમાં ઘા પાકી ગયા ત્યારે એમના ભાઈ એમને લેવા આવ્યા હતા.

"શા માટે અહીંયાં જંગલમાં તારી જિંદગી બરબાદ કરે છે?"

"હવે તો અહીં જ જિંદગી છે... બરબાદ કે આબાદ."

દાક્તર લાવીને એમનો ઇલાજ કરાવાયો હતો અને બે દિવસ રહીને સમજાવી-સમજાવીને થાક્યા પછી મોટા ભાઈ સા' પાછા ચાલી ગયા હતા.

એમનાં માતાના મૃત્યુ પ્રસંગે પણ બે દિવસ જઈને પાછા ફરી ગયેલા શૈલરાજસિંહ માટે કોઈ મોટો આઘાત નહોતો માતાના મૃત્યુનો પ્રસંગ.

એમણે ક્યારેય કોઈ વસ્તુ સાથે, વ્યક્તિ સાથે કે સંબંધ સાથે જાતને બંધાવા નહોતી દીધી અને કદાચ એ જ એમની પ્રકૃતિ હતી.

આ જંગલમાં અહીં રહેવાનાં જોખમ જાણતા હતા શૈલરાજસિંહ. સમજી-વિચારીને જ આ જિંદગી પસંદ કરી હતી. એમણે ક્યારેય નહોતું વિચાર્યું કે એ આવી રીતે રાત-દિવસ કોઈ એક વ્યક્તિનો વિચાર કરતા થઈ જશે.

કોણ જાણે કેમ આ છોકરી નામે પ્રિયમ એમની જિંદગીમાં એવી રીતે વણાઈ ગઈ હતી જેવું એમણે ક્યારેય કલ્પ્યું નહોતું, ધાર્યું નહોતું કે વિચાર્યું નહોતું.

શૈલરાજસિંહ સમજી નહોતા શકતા કે આ સમાચારને સાચા માનવા કે નહીં. પણ છાપામાં છપાયેલ સમાચાર ખોટાય કઈ રીતે હોઈ શકે? ફોટો તો પ્રિયમનો જ હતો. એમની પ્રિયમનો...

જાણીતા બીઝનેસ ટાયકુન આદિત્ય ભાગવતની પત્ની પ્રિયમ? તો પછી એમની પ્રિયમ કોણ?

"એણે કેમ ક્યારેય કહ્યું નહીં, કે એ આદિત્ય ભાગવતની પત્ની છે?"

શૈલરાજસિંહ જ્યારે જ્યારે એને એનાં લગ્ન વિશે પૂછતા ત્યારે પ્રિયમ હસી પડતી.

"આ મારી જિંદગી છે, એક જ જન્મમાં જિવાતો બીજો જન્મ. તું પ્રેમ છે મારો-ને મારા પ્રેમને મારાં લગ્ન સાથે કોઈ લેવાદેવા નથી."

"આ છળ છે."

"કોની સાથે?"

"તારા પતિ સાથે... તારી જાત સાથે..."

પ્રિયમ ચિડાઈ જતી, "હું બધું જ કરી શકું, પણ છળ નહીં."

"તો કહી કેમ નથી દેતી એમને આ સંબંધ વિશે? શું કામ છેતરે છે?"

"છેતરતી નથી." પ્રિયમ શબ્દો પર ભાર મૂકીને કહેતી, "માત્ર કહેતી નથી એટલું જ. હું ક્યારેય એમની સાથે જુઠ્ઠું નથી બોલતી. એ જાણે છે, મને રણથંભોરનાં જંગલ માટે આકર્ષણ છે. હું વારંવાર અહીં આવું છું એની ખબર છે એમને અને એટલે જ તો મને અહીંયાં કોટેજ બાંધી આપ્યું છે."

"પણ એ આકર્ષણ કયા કારણે છે એ જાણે છે તારા પતિ?" શૈલરાજની અંદર ક્યાંક થોડીક કડવાશ ઊભરાતી.

"જંગલનું આકર્ષણ જંગલના કારણે છે શૈલરાજ." પ્રિયમની આંખો કાચ જેવી પારદર્શક થઈ જતી, "હું તને નહોતી મળી ત્યારે પણ આ જંગલમાં આવતી."

"પણ ત્યારે તારા કોટેજમાં રહેતી હતી... અને હવે?"

"હવે તારા કોટેજમાં રહું છું, પણ આવું છું જંગલ માટે જ." પ્રિયમ શૈલરાજના પડખામાંથી બેઠી થઈ જતી, "તું અહીંયાં જંગલમાં રહે છે એટલે જ ગમે છે મને... એમ પણ બને. શૈલ, અહીં જંગલમાં મને મારા હોવાની પ્રતીતિ થાય છે. હું વ્યક્તિ છું, શ્વાસ લેતી, ધબકતી, હવાની જેમ ફરફરાટ ઊડતી, વૃક્ષની જેમ ઊંચે જતી, વેલની જેમ વીંટળાતી, વાઘણની જેમ ખૂંખાર થઈ જતી અને સસલાની જેમ લપાઈ જતી વ્યક્તિ... એક જગ્યાએ મૂકી રાખેલી વર્ષોનાં વર્ષો સુધી એક જ આકારમાં રહેતી વસ્તુ નથી એનો અહેસાસ મને આ જંગલે આપ્યો છે." એ થોડીક તરલ થઈ આવતી, "ને તેં પણ મને મારા વ્યક્તિ હોવાનો અહેસાસ પાછો આપ્યો છે શૈલ. હું કોની પત્ની છું, કોની દીકરી છું, મારું સરનામું શું છે એ જાણ્યા વિના તેં મને ભરપૂર પ્રેમ કર્યો છે. હું આવું ત્યારે આવવા દીધી છે ને જાઉં ત્યારે જવા દીધી છે... હું કદાચ એટલે જ મારી મરજીથી તારા કોટેજમાં રહું છું."

"પણ તારા પતિને ખબર છે કે તું તારા કોટેજમાં રહેતી નથી?" શૈલે પ્રિયમના હોઠ પર આંગળી ફેરવી. પ્રિયમે એની આંગળી બે હોઠની વચ્ચે પકડવાનો પ્રયત્ન કર્યો પણ શૈલે ચપળતાથી હાથ ખસેડી લીધો.

"તો? એનાથી શું ફેર પડે છે? હું અહીં રહું છું, તારા કોટેજમાં, કારણ કે તને મળવા આવું છું. તારી સાથે ગાળવા મળતી એક પણ પળ મારે ખોવી નથી હોતી..." પ્રિયમે પોતાના હાથ શૈલના શરીર પર લપેટ્યા, "તારી સાથે ગાળેલી પળો મને મારા સુધી લઈ આવે છે..."

"અને, છતાં તારે તારાં લગ્ન તોડવાં નથી, તારા વર જોડે જ રહેવું છે, ખરું?"

"હા, કારણ કે આઈ લવ માય હસબન્ડ. મારા પતિને હું જીવથી પણ વધારે ચાહું છું."

"અને મને નથી ચાહતી?" શૈલરાજને જાણે એના પુરુષત્વ ઉપર ચાબુક માર્યાની લાગણી થઈ હતી.

એની પથ્થર જેવી વિશાળ છાતીના ઘૂંઘરાળા વાળમાં આંગળી ફેરવતાં પ્રિયમે એનું નાક શૈલરાજની છાતીમાં ઘસ્યું. પછી એની હડપચી ઉપર એક હળવું બચકું ભર્યું, "આઉચ..." શૈલરાજથી કહેવાઈ ગયું. એણે પ્રિયમના વાળમાં હાથ ભરાવ્યો. વાળની મુઠ્ઠી ભરી અને એને એને ખેંચીને નજીક લીધી. એના હોઠ ઉપર હોઠ મૂક્યા અને એને આખે આખી ગળી જવી હોય એમ ગાઢ ચુંબન કર્યું. પ્રિયમ શૈલરાજની છાતીમાં આંગળી ફેરવતી રહી. એનું આખું શરીર તંગ થઈ ગયું...

એણે માંડ માંડ શૈલરાજને ધક્કો માર્યો અને ઊંડો શ્વાસ લીધો. એના હોઠ ભૂરા થઈ ગયા હતા. એણે શૈલરાજની કાળી ઊંડી આંખોમાં જોયું.

"ચાહું છું મૂરખ, ખૂબ ચાહું છું. એ વગર અહીં દોડી આવું છું વારંવાર?"

શૈલરાજે પોતાની એક દિવસની વધેલી દાઢી પ્રિયમના ગળા પર ઘસી...

"આહ... વાગે છે!" પ્રિયમે કહ્યું અને પછી શૈલરાજની છાતી પર નખોરિયાં ભર્યાં...

"બિલાડી!" શૈલે કહ્યું.

"ના, વાઘણ... તો જ તને રસ પડે ને? તને ક્યાં સાદીસીધી સ્ત્રી ગમે છે? વાઘણો માટે તો અહીં જંગલમાં આવીને વસી ગયો છે તું..."

"એક વાત કહે, એક સ્ત્રી બે પુરુષોને કેવી રીતે ચાહી શકે? અને એ પણ એકસરખી ઉત્કટતાથી..."

"દશ્યને સંપૂર્ણપણે જોવા માટે, થ્રી ડાયમેન્શિયલી જોવા માટે બે આંખોની જરૂર પડે છે. અને એમાંની કોઈ એક આંખ વધારે અને બીજી કોઈ ઓછી કામની ન હોઈ શકે...તને જે સ્ત્રી ચાહે છે એ કોઈની પત્ની નથી, અને કોઈની પત્ની તને નથી ચાહતી, સમજ્યો? ડફોળ, જંગલનાં ઝાડવાં અને સંબંધોની લીલાશમાં ફરક હોય છે..." પ્રિયમની આંખોમાં જાણે કોઈ અપાર્થિવ ભાવ ઊતરી આવ્યો હતો... એ શૂન્યમાં જોઈને બોલી રહી હતી, "જો એક પુરુષ બે સ્ત્રીને એકસરખી લાગણી આપવાનો-ચાહવાનો દાવો કરી શકે તો એક સ્ત્રી એવું કેમ ન કરી શકે?"

"કારણ કે-કારણ કે-" શૈલને જવાબ ના સૂઝ્યો, છતાં એણે કહ્યું, "સ્ત્રી પુરુષ કરતાં જુદી છે. એને સલામતી જોઈએ છે, કુટુંબ જોઈએ છે. એ કોઈના પર આધારિત રહેવા માગે છે. એને એ આધાર-ડિપેન્ડન્સ ગમે છે..."

"એવું કોણ કહે છે?" પ્રિયમના ચહેરા પર-એની આંખોમાં એની બુદ્ધિપ્રતિભા ઝળકતી હતી, "મને-મને જ નથી જોઈતી સલામતી... મને સાહસનો શોખ છે, ગાંડો શોખ! હું કોઈ એક જ પરિસ્થિતિમાં બહુ લાંબો સમય રહી શકતી જ નથી. મને બધું તોડીફોડીને નવેસરથી ઘડવામાં એક અજબ નશો-અજબ મજા આવે છે..."

"એટલે બીજાની જિંદગીઓ સાથે રમવાનું તને ગમે છે? કોઈની લાગણીની કોઈ કિંમત જ નથી તને?"

પ્રિયમ એકદમ લાગણીશીલ થઈ ગઈ. એણે શૈલની છાતી પર માથું મૂકી દીધું, "તને એવું લાગે છે? મને તારી લાગણીની કિંમત નથી શૈલ?"

"નથી જ. એ વગર મને આટલો ટટળાવે છે? જરા વિચાર તો કરી જો. તું એક દિવસ આવે અને આ કોટેજ અહીંયાં હોય જ નહીં તો? તને કેવું લાગે?"

"સાચું કહું?" પ્રિયમે સહેજ ઊંચું જોઈને શૈલની આંખોમાં જોયું, "મને રાહત થઈ જાય. આપણી વચ્ચે કશું કડવું થાય, કશું બગડે, કશું તૂટે કે એકબીજા માટે ફરિયાદો ઊભી થાય એ પહેલાં જ છૂટાં પડી ગયાની રાહત."

"હું તને સમજી નથી શકતો પ્રિયમ."

"શૈલ, કોઈને પણ સમજવું સહેલું નથી, કારણ કે માણસ કેટલી બધી સપાટીઓમાં જીવતો હોય છે... હું તારી સાથે જે સપાટીથી જીવું છું એ સપાટીથી મારા પતિ સાથે નથી જીવતી અને મારા પતિ સાથે જે સપાટી પર જીવું છું એ સપાટી પર સમાજમાં નથી જીવી શકતી..."

"આટલા બધા જુદા જુદા લેવલ્સ પર જિંદગી થકવી નથી નાખતી તને?"

"એટલે તો ભાગી આવું છું આ જંગલમાં... જ્યાં મારે મારા સિવાય કોઈની સામે કશું જ નથી કહેવાનું."

"પ્રિયમ, ક્યારેક મારાથી કંટાળી જઈશ તો?"

"તો પછી નહીં મળું તને... કોઈ પણ સંબંધ સડી જાય એ પહેલાં એને કાપી નાખવો જોઈએ. એ તાજો, મહેકતો રહે એ માટેના બધા પ્રયત્નો કરવાના શૈલ, પણ જો સડવા જ લાગે તો ઝાઝો વિચાર કર્યા વિના કાપી નાખવાના..."

"તને-તને એકલા પડી જવાની બીક નથી લાગતી?"

"કોણ એકલું નથી, શૈલરાજસિંહ રાઠોડ?"

"તું એકલી છે?"

"સતત... મારી આસપાસ માણસો હોય કે નહીં, હું એકલી જ છું અને સાચું કહું તો આ પરિસ્થિતિ મને ગમવા માંડી છે. એકલા રહેવાની મજા-સુખ અને આનંદની તારાથી વધારે કોને ખબર પડશે?"

"હા, અત્યાર સુધી..." શૈલરાજે ઊંડો નિ:શ્વાસ નાખ્યો, "અત્યાર સુધી એમ જ હતું. હું સાવ એકલો હતો ને અત્યાર સુધી હું એકલો જ રહેવા માગતો હતો. માણસજાતથી દૂર-સ્ત્રીથી તો માઈલો દૂર... પણ તને મળ્યા પછી..."

"મને મળ્યા પછી? મને મળ્યા પછી શું શૈલ?"

"આ એકાંત-એકલતા લાગે છે. હું રાત-દિવસ તારી રાહ જોઉં છું પ્રિયમ... મારે-મારે તારી સાથે જીવવું છે! મારી એકલતાને ભરી દેવી છે!" શૈલરાજના અવાજમાં અને ચહેરા પર એક અજબની નજાકત, ગજબની મૃદુતા ઊતરી આવી.

"કોણ કોની એકલતા ભરી શકે છે શૈલ? સાથે જીવતા બે માણસો ક્યારેક એકબીજાને વધારે એકલા કરી નાખે છે."

"તું એવું નહીં કરે એની મને ખબર છે. તારી સાથેના એકાંતની એક એક પળ સભર હોય છે. તું છલકાવી દે છે મને... બધું જ છોડીને અહીં આવી જા પ્રિયમ, આપણે સાથે જીવીએ."

"કેમ? જેથી તું મારા પર રિસર્ચ કરી શકે? પુસ્તકો લખી શકે?"

શૈલરાજ પ્રિયમના હોઠને-સફેદ દંતપંક્તિને પી રહ્યો હતો-ને પ્રિયમ ખડખડાટ હસી રહી હતી, "'વાઘણ જેવી સ્ત્રીને પામવાના દસ સરળ રસ્તા...' કે પછી 'વાઘણ પાળો દસ દિવસમાં'..."

"શટ અપ..." શૈલે કહ્યું.

"ક્યારેક થાય છે કે હું તને આખેઆખી ઓળખું છું. તારા ચહેરાને, તારા આ ખડખડાટ હાસ્યને, તારી આંખોમાં બદલાતા આ રંગને અને તારા આ થરથરી ઊઠતા શરીરને... અને ક્યારેક થાય છે કે હું સાવ અજાણી સ્ત્રીને અડી રહ્યો છું... વ્હાય?" પ્રિયમના શરીર પર ફરતા શૈલના હાથ જાણે અચાનક અટકી ગયા.

"મને ઓળખવાનો પ્રયત્ન કરનાર દરેકને નિરાશા મળી છે એવો મારો અનુભવ છે શૈલ." પ્રિયમે શૈલનો હાથ ખેંચીને એની હથેળીમાં પોતાની હથેળી પરોવી, "હું બહુ બધા ચહેરા ધરાવું છું, મલ્ટિપલ પર્સનાલિટી. ડિસઑર્ડર કહેવાય છે એને... દરેક સાથે જુદી થઈ જાઉં છું."

"તું પોતે જાણે છે આ વાત?" શૈલને નવાઈ લાગી.

"હાસ્તો! મારા જેવી સ્ત્રી આ ન જાણે તો જ નવાઈ લાગે."

"અને છતાં એ વિશું તું કશું કરતી નથી?" શૈલ પ્રિયમની હથેળી ઉપર આકારો ચીતરી રહ્યો હતો.

"શું કરું? અને શું કામ કશું કરવું જોઈએ શૈલ? મને મજા પડે છે આ જુદાં જુદાં વ્યક્તિત્વો સાથે જીવવાની...

હું એ બધા સાથે દોસ્તી કરી શકું છું. એ બધાને સમય સમયે મળી શકું છું, સમજી શકું છું."

"પણ એથી તને બબ્બે પુરુષો સાથે પ્રેમ કરવાનો અધિકાર નથી મળી જતો... સમાજ, સમાજવ્યવસ્થા જેવી ચીજો હોય છે પ્રિયમ..."

"હશે! હું તમારી સમાજવ્યવસ્થા છિન્નભિન્ન નથી કરવા માગતી. મારી રીતે જીવવા માગું છું બસ."

"પ્રિયમ, તને ખબર છે, તારા જેવી સ્ત્રી કદાચ..."

"મને અજાણી જ રહેવા દે. બહુ જાણવાનો પ્રયત્ન ન કરીશ. ટુ મચ ઑફ ફેમિલિયારિટી બ્રીચીઝ ધ કન્ટેમ્પ્ટ. મને બહુ જાણીને તું ગળી જઈશ. ઓડકાર ખાઈ જઈશ મારા નામનો, મારે તારા ગળામાં ફસાયેલા રહેવું છે. ન અંદર ન બહાર."

"યુ આર વન હેલ ઑફ અ વુમન."

"અ વુમન... અ વુમન. આઈ એમ અ વુમન. અ કમ્પ્લિટ વુમન."

પ્રિયમના વિચારે શૈલરાજનું રૂંવાડે રૂંવાડું અત્યારે પણ જાણે જીવતું થઈ ગયું હતું.

એમનું મન કોઈ રીતે માનવા તૈયાર નહોતું કે પ્રિયમ હવે નહોતી...

એક હવા જેવી ખુશમિજાજ, ફૂલ જેવી મહેકતી અને શરીરમાં ફરતા લોહી જેવી ધબકતી-ધગધગતી છોકરી... હવે નહોતી!

રણથંભોરનાં જંગલોમાં વર્ષોથી જીવતા શૈલરાજસિંહ રાઠોડ જંગલનો જ એક ભાગ બની ગયા હતાં. કેટલાં વર્ષો થયાં એ શહેર તરફ ગયા જ નહોતા. એમને માટે આ જંગલ, વાઘ ઉપરનું રીસર્ચ, એમની ફોટોગ્રાફી, અને એમના વાઇલ્ડ લાઇફ પરનાં પુસ્તકો... એટલી જ એમની દુનિયા હતી.

એ દુનિયાની બહાર એમને માટે જાણે કોઈ જીવતું જ નહોતું કે નહોતી કોઈ બીજી વ્યક્તિની એમને જરૂર...

રણથંભોરમાં આવેલું એમનું કોટેજ એમની જરૂરિયાતોને સમજી વિચારીને ડિઝાઇન કરાયું હતું. ડુંગરપુરના મહેલને છોડીને અહીં જંગલોમાં વસવાનું એમણે જ્યારે પસંદ કર્યું ત્યારે એમના મોટા ભાઈ, જેઓ ડુંગરપુરના મહારાજા હતા એમણે કહ્યું હતું, "શૈલ, ચાર દિવસથી વધારે નહીં ફાવે તમને. મહેલની સગવડો, નોકર-ચાકર, દાસ-દસી ક્યાં મળશે તમને? અરે રણથંભોરના જંગલમાં એક ફોન પણ કરવો હોય તો ત્રણ કિલોમીટર ચાલતા જવું પડે છે. અને તમે જે જગ્યા પસંદ કરી છે કોટેજ બાંધવા માટે ત્યાં તો માણસ શું, વાઘ સિવાયનું કોઈ પ્રાણી જોવા પણ તરસી જશો!"

કોઈ જવાબ આપ્યા વિના અમેરિકાની યુનિવર્સિટીમાંથી માસ્ટર ડિગ્રી મેળવ્યા પછી બિઝનેસ કે બીજું કંઈ કરવાને બદલે બધાની 'ના' અને નવાઈ વચ્ચે શૈલરાજસિંહ રાઠોડ રણથંભોરનાં જંગલોમાં શિફ્ટ થઈ ગયા હતા. છેલ્લાં આઠ વર્ષમાં એ ભાગ્યે જ ચાર-પાંચ વાર ડુંગરપુર આવ્યા હશે! એ પણ કોઈ અંગત કુટુંબીજનના લગ્નપ્રસંગે અથવા મરણપ્રસંગે!

શૈલરાજ, રાઠોડ પરિવારની શાન ગણાતો. ઉદેપુર, જયપુર, જોધપુર અને રાજસ્થાનનાં બીજાં સાત-આઠ રજવાડાંમાંથી એને માટે માંગા આવ્યાં હતાં. છ ફૂટ એક ઇંચની હાઈટ ધરાવતો, પહોળા ખભા, અને ત્રીસની કમ્મર, અને તીણું આર્યન નાક. કાળીભમ્મર જેવી આંખો અને એવા જ કાળા વાળ... તડકામાં તપીને જાણે તાંબુ લાલ થઈ ગયું હોય એવો તપ્ત તાંબા જેવો રંગ... પૌરૂષી મૂછો અને એની નીચે પરવાળા જેવા હોઠ. એના દાંત એટલા તો સફેદ અને ગોઠવાયેલા હતા કે સ્મિત કરે તો ભલભલી કન્યાઓનાં હૃદય એક ધડકારો ચૂકી જતા. શૈલરાજ સામાન્ય રીતે એક જ રંગનું ડેનિમનું શર્ટ અને પેન્ટ પહેરતો. શર્ટ પેન્ટમાં ટકઈન કરીને

ઉપર ચાર આંગળ પહોળો ચામડાનો બેલ્ટ પહેરતો. બેસ્ટ પ્રકારનું ડેનિમનું કપડું શૈલરાજ માટે પરદેશથી મંગાવવામાં આવતું. સામાન્ય રીતે ભૂરા, ગ્રે, ખાખી, કથ્થઈ કે બોટલ ગ્રીન-ઓલીવ ગ્રીનમાં જુદા જુદા રંગના શેડ શૈલરાજ પસંદ કરતો. એની ચાલ, ઊઠવા-બેસવાનું બધું જ એટલું તૌ પૌરૂષી અને મેનલી હતું કે કોઈ સિગરેટ કંપની, બીયર કંપનીની જાહેરાત માટે એ ફીટ હતો.

રાજઘરાનાના પુરુષો એકને બદલે બે-ચાર પત્નીઓ રાખવાનું પસંદ કરતા, જ્યારે અહીં શૈલરાજે સ્ત્રી માત્રથી દૂર રહેવાનું નક્કી કર્યું હતું.

મોટા ભાઈ સા'થી શરૂ કરીને મા અને ભાભીઓ બધાંએ શૈલનું મન ઢંઢોળી જોવા પ્રયાસ કર્યો હતો. અમેરિકામાં કોઈ પ્રણય-પ્રકરણ હતું કે નહીં ત્યાંથી શરૂ કરીને કોઈ નીચલી કોમની કે રાજઘરાનામાં ન સ્વીકારાય એવી સ્ત્રીના પ્રેમમાં તો નથી ને? ત્યાં સુધીની બધી જ તપાસ એક પછી એક જણે કરી હતી.

પણ સાચું પૂછો તો શૈલની પ્રકૃતિ જ એવી હતી કે એને સ્ત્રીઓ સાથે ન ફાવતું. બાળપણથી જ એણે ઘોડારોમાં અને કૂતરાંઓની વચ્ચે જીવવાનું પસંદ કરી લીધું હતું.

એટલી હદ સુધી કે શૈલરાજના દસમા જન્મદિને એના પિતાએ એને જીવતા ચિત્તાનું બચ્ચું ભેટ આપ્યું હતું અને શૈલે એને વર્ષો સુધી જાળવ્યો પણ હતો. પછી અમેરિકા ભણવા જવાનું થતાં એને ઝૂમાં આપી દીધો.

શૈલરાજના મિત્રોમાં બે હરણ, પાંચ કૂતરાં, સસલાં, કાચબા અને આ મહારાજ નામનો ચિત્તો...

શરૂઆતથી જ શૈલરાજ એમના કુટુંબીઓને એબ્નોર્મલ લાગતો, એમાં પણ જ્યારે એણે લગ્ન નહીં કરીને, જંગલમાં રહેવા જવાની વાત કરી ત્યારે તો બધાએ એના નામનું નાહી જ નાખેલું.

એના જીવનમાં ક્યારેય કોઈ સ્ત્રી આવી શકે એ વાત શૈલને પોતાને માટે પણ સાવ 'સ્ટૂપીડ જેવી કલ્પના' હતી!

પણ એને પોતાને સમજાય એ પહેલાં જેમ ભેખડ તોડીને નદી ગામમાં ઘૂસી જાય એમ એ સ્ત્રી એના જીવનમાં ધસમસતી આવી ગઈ હતી. રસ્તામાં આવતા બધા અવરોધો, બધાં ઝાડીઝાંખરાં અને બધા જ નિર્ણયોને એણે તોડી-ફોડીને ફગાવી દીધા હતા.

શૈલરાજ પોતે પણ અસહાય થઈને વહેતો રહ્યો હતો પ્રિયમ નામની નદીના એ પ્રવાહમાં.

પ્રિયમ નામની એ સ્ત્રી, શૈલરાજના જીવનમાં એકાંતના જંગલની વચ્ચે ગુલાબની જેમ ઊગી નીકળી હતી. રંગહીન જીવન જીવતા માણસને એણે મેઘધનુષ બતાવ્યું હતું પોતાની હથેળીમાં...

ક્યારેક વરસાદની જેમ વણનોતરી આવી જતી અને માથાબોળ ભીંજવીને જતી રહેતી, શૈલરાજને!

ને ક્યારેક એની રાહ જોઈ જોઈને થાકી જતો શૈલરાજ...

પણ એની પાસે નહોતું એનું સરનામું કે નહોતો કોઈ ફોનનંબર...

એ માત્ર એનું નામ જાણતો.

પ્રિયમ!

અને, એ નામ ઉચ્ચારતાંની સાથે શૈલરાજસિંહને આ રણથંભોરનાં જંગલોમાં ચારે તરફ જાણે રેશમ રેલાતું હોય, રંગો છલકાતા હોય, હજારો વાદ્યો એકસાથે સંગીત રેલાવતા હોય એવું લાગતું...

શૈલ જેટલી વાર પ્રિયમનો વિચાર કરતો એટલી વાર એનું એક-એક રૂંવાડું સજીવ થઈ જતું. એનું મન અને શરીર એના વશમાંથી નીકળી જતાં. ભરજંગલમાં ગાઢ અંધકાર હોય કે ચામડી તતડાવી નાખતો તડકો... એ

નામનો વિચાર માત્ર શૈલના મનની મોસમ બદલી નાખતો!

શૈલ માનતો કે એની આખી જિંદગી હવે પ્રિયમ નામના સુખના સાગરમાં ડૂબીને પૂરી થવાની હતી.

પ્રિયમ પરણેલી હતી. કોઈની પત્ની હતી એ વાત વિશે એણે હંમેશાં વિચારવાનું ટાળ્યું હતું, એનું એક કારણ એ પણ હતું કે એને પ્રિયમના પતિના નામની ખબર નહોતી... ક્યારેક તો એ એવું પણ વિચારતો કે પ્રિયમ જુઠ્ઠું બોલે છે! પોતે પરણવાનો આગ્રહ ના રાખે એટલા ખાતર પ્રિયમે પતિ હોવાની વાત ઉપજાવી કાઢી છે. જોકે આવું વિચારીને એને અપાર સુખ મળતું!

પણ આજે-

હજી આજે તો એને ખબર પડી હતી કે જેને એ જિંદગી માનતો હતો એના શ્વાસ તો ઉધાર માગેલા હતા.

એ તો બીજા કોઈના શયનખંડનું શમણું હતું.

એ શરીરની સુગંધ એના એકલાની નહોતી, એની આંખો માત્ર શૈલરાજને જોઈને આવી તરલ નહોતી થતી.

એ, કોઈ બીજાનો ખયાલ હતી અને કોઈ બીજું એને વિચારતું હતું!

શૈલરાજની બધી જ ચેતના જાણે એની છાતીમાં આવીને કેન્દ્રિત થઈ ગઈ. ગઈ કાલ સુધી જે માણસ માત્ર એક ધુમ્મસરૂપે જ ક્યારેક ફેલાઈ જતો હતો એ માણસ આજે સદેહ-સ-આકાર શૈલરાજની સામે ઊભો થઈ ગયો હતો.

જે પ્રિયમ માટે શૈલરાજનું સમગ્ર અસ્તિત્વ તાર તાર થઈને વિખરાતું હતું એ પ્રિયમના શરીર પર જેનું પાનેતર હતું એ માણસનો ચહેરો હવે કલ્પના નહોતો રહ્યો.

એ હવે બીજો માણસ નહોતો રહ્યો, પ્રિયમનો ભાગ બની ગયો હતો.

એવી પ્રિયમનો, જે પોતે જ ધુમ્મસ બની ગઈ હતી! બે ધુમ્મસિયા આકારો એકમેકમાં વીંટળાતા, ગૂંથાતા હવે શૈલરાજને પાગલ કરી રહ્યા હતા. પોતાની સાથે જિવાયેલી તમામ ક્ષણો જાણે શૈલરાજની આંખો સામે એ માણસનો ચહેરો પહેરીને જીવતી થવા લાગી હતી... સ્મૃતિના પટ ઉપર અંકાયેલાં તમામ દશ્યોમાં એક ચહેરો બદલાઈ ગયો હતો...

શૈલરાજને થયું, એનું માથું ફાટી જશે. પ્રિયમ હતી ત્યાં સુધી એ બીજો માણસ એને માટે જરાય મહત્ત્વનો નહોતો, કારણ કે જ્યાં સુધી એ 'બીજા માણસ'ના નામ-સરનામાની ખબર નહોતી ત્યાં સુધી આટલી તકલીફ નહોતી પડી શૈલરાજને.

પણ હવે-

શૈલરાજે પોતાના લોહીથી લખેલા પ્રેમપત્ર પર એક સરનામું લખાયું હતું.

અને -

એ સરનામું દુર્ભાગ્યે શૈલરાજસિંહ રાઠોડને બદલે કોઈ બીજાનું હતું!!!

*

4

મિહિર આદિત્યના રૂમના દરવાજા પાસે ઊભો હતો. અંદર જવું કે નહીં એની વિમાસણ હતી. છેલ્લા ચાર દિવસથી આદિત્ય પોતાના રૂમની બહાર જ નહોતો નીકળતો. એટલું બધું અઘરું હતું ઘરના નોકરચાકર અને ખુદ મિહિર માટે પણ આદિત્યને આ હાલતમાં જોવાનું. જિંદગીને એક ઉત્સવ માનતો આદિત્ય સૌને એટલું બધું ચાહતો. વાતે વાતે જોક મારતો સતત ખુશ રહેતો. એ આદિત્ય છેલ્લા ચાર દિવસમાં ભાગ્યે બે વાક્ય બોલ્યો હશે.

મળવા આવનારા દરેકને લગભગ મિહિરે જ અટેન્ડ કરવા પડતા. આદિત્ય તો પોતાના રૂમની બહાર આવવા તૈયાર જ નહોતો. બહુ મહત્ત્વની કે નજીકની વ્યક્તિ હોય તોય એમને ઉપર આદિત્યના રૂમમાં લઈ જવાતી. પણ એ પછી પણ આદિત્ય તો નમસ્કાર કરી બે મિનિટ ઊભો રહી અને પછી પાર્ટીશનની પાછળ જતો રહેતો.

મિહિરે ઘણો પ્રયત્ન કર્યો એની સાથે વાત કરવાનો, સમજાવવાનો, જોક મારવાનો, એને હસાવવાનો અને એને રડાવવાનો પણ આદિત્ય કોઈ વાતે પ્રતિભાવ જ નહોતો આપતો. બસ સૂનમૂન, ચૂપચાપ પ્રિયમના ફોટા સામે બેસી રહેતો.

મિહિરને રોજેરોજ શૂટિંગની ડેટ ચઢતી હતી એને પાછા જવાનું હતું, નાસિક.

એ આદિત્ય સાથે વાત કરવા માંગતો હતો, પણ એની હિંમત નહોતી થતી આદિત્યને આવી પરિસ્થિતિમાં એકલા મૂકીને જવાની.

એ અત્યારે પણ આદિત્યના રૂમની બહાર ઊભો હતો અને વિચારી રહ્યો હતો કે અંદર જઈને આદિત્ય સાથે શું વાત કરવી.

પ્રિયમના ગયાને ચાર દિવસ થઈ ગયા હતા, પણ આદિત્ય ભાગવત એમના બેડરૂમમાંથી બહાર નહોતો નીકળ્યો. વધેલી દાઢી, જાગેલી આંખો અને ચહેરા ઉપર જાણે એક જીવતી લાશ ફરતી હોય એવા ભાવ લઈને પ્રિયમના ફોટા સામે બેસી રહેતા આદિત્યને જોઈને ઘરના સૌને ચિંતા થતી.

કોઈ સમજી નહોતું શકતું કે આદિત્યને આ આઘાતમાંથી બહાર કઈ રીતે કાઢવો?

ખરેખર તો બીજા માટે પણ આદિત્યના શરીરનું એક અંગ કપાઈ ગયું હોય એવી લાગણી હતી આ. પ્રિયમ અને આદિત્યને ક્યારેય કોઈએ એકમેકથી જુદા પાડીને જોયા જ નહોતા અને એટલે જ પ્રિયમ વિનાના આદિત્યની કલ્પના જો બીજાને આટલી ભયાનક લાગતી હતી તો એને પોતાને શું થતું હશે એની કલ્પના કરવી પણ ભયાવહ હતી.

આખરે હિંમત કરીને મિહિર આદિત્યના ઓરડામાં દાખલ થયો. આદિત્યની સામે જઈને ઊભો રહ્યો.

"તારી સાથે વાત કરવી છે આદિ."

"હં..."

"આમ ક્યાં સુધી ચાલશે?"

"શું?"

"આદિ, જિંદગી જીવવા માટે છે. પ્રિયમને આવો આદિત્ય જોઈને કેટલું દુખ થયું હોત?"

"પ્રિયમ હોત તો આદિ આવો હોત?"

"આદિત્ય, જનારાં જતાં રહે છે, પણ પાછળ આપણે જીવવું પડે છે."

"એવું કોણે કહ્યું આપણે જીવવું પડે? આપણાથી મરી ના જવાય?" આદિત્યના ચહેરા પરના ભાવ જોઈને મિહિરનું હૃદય એક થડકારો ચૂકી ગયું.

મિહિર ડરી ગયો-"આ આદિત્ય કંઈ આડુંઅવળું તો નહીં કરે ને?"

પ્રિયમ માટેની એની ઘેલછા બધા જાણતા હતા. પ્રિયમના ગયા પછી આદિત્યની જે હાલત હતી એ જોતાં મિહિર ડરવા તો લાગ્યો જ હતો પરંતુ અત્યારે આદિત્ય જે બોલ્યો એ સાંભળીને મિહિર માટે અહીંથી જવાની વાત કરવી લગભગ અશક્ય થઈ ગઈ.

મિહિર ત્યાં જ બેસી પડ્યો.

આદિત્યની સામે જોતો...આદિત્ય જાણે એ ઓરડામાં પોતાના સિવાય બીજું કોઈ છે જ નહીં એવી રીતે તદ્દન અન્યમનસ્ક જેવો બેસી રહ્યો.

મિહિર એને કહેતો રહ્યો, જિંદગીની ફિલોસોફી વિશે... પ્રિયમ વિશે, મૃત્યુ વિશે...

પણ આદિત્ય તો જાણે કંઈ સાંભળતો જ ના હોય એવી રીતે જોઈ રહ્યો હતો.

મિહિર હવે બોલી બોલીને થાકી ગયો હતો.

મિહિર છેલ્લા એક કલાકથી ચૂપચાપ બેઠો હતો. આદિત્ય થોડી થોડી વારે પ્રિયમના ફોટા સામે જોતો અને પછી નજર ઝુકાવી દેતો. આદિત્ય સાવ કોરીધાકોર આંખોથી મિહિર સામે જોતો, એવી રીતે જાણે મિહિર કોઈ અજાણ્યો માણસ હોય.

આદિત્યની આંખો છલછલાઈ આવી હતી.

એને અચાનક જ યાદ આવી ગયું પોતે જ્યારે છેલ્લી વાર પ્રિયમને મળ્યો એ દૃશ્ય...

"પ્રિયમ..." આદિત્ય પ્રિયમને વળગીને ઊભો રહી ગયો.

"શું આવું કરે છે નાના બાળક જેવું?" પ્રિયમ એના વાળમાં હાથ ફેરવી રહી હતી.

"પ્રિયમ, દસ વર્ષ થયાં લગ્નને, પણ તને છોડીને બહારગામ જવું આજે પણ નથી ગમતું..."

"આદિ... ખરો છે તું" પ્રિયમ હસી રહી હતી.

"આટલાં વર્ષે પણ હું બહારગામ જાઉં ત્યારે એક ડર રહે છે મને" આદિત્ય હજી પણ પ્રિયમને વળગીને ઊભો હતો અને એના દુપટ્ટા સાથે રમત કરી રહ્યો હતો.

"ડર? શેનો ડર?" પ્રિયમે આદિત્યને સહેજ દૂર હટાવીને એની આંખોમાં જોયું

"પ્રિયમ, મને એવો ડર લાગે છે કે હું પાછો આવીશ ત્યારે તું મને અહીં જ મળીશ કે નહીં?"

"શું વાત કરે છે, હું ક્યાં જવાની હતી?"

"કોને ખબર" આદિત્ય ફરી પ્રિયમને વીંટળાઈ ગયો, "પ્રિયમ, તું મને ક્યારેય છોડી નહીં જાય ને?"

"અરે! છોડીને ક્યાં જવાની? પરણી છું તારી સાથે, પત્ની છું તારી."

"ફક્ત એટલા ખાતર મારી સાથે રહે છે?"

પ્રિયમે આદિત્યનો ચહરો હડપચીથી પકડ્યો અને એની આંખોમાં જોયું, "શું વાત છે આદિત્ય, આજે અચાનક આવા સવાલો કેમ પૂછે છે?" પ્રિયમની આંખો આદિત્યની આંખોમાં કશું શોધતી એકદમ ઊંડી ઊતરી ગઈ

"પ્રિયમ, માણસને જેમ બુઢાપાનો ડર લાગવા માંડે એમ એ વધારે ને વધારે કંજૂસ થતો જાય..." આદિત્ય પણ પ્રિયમની આંખોમાં જોઈ રહ્યો હતો, "મને પણ એવો ડર લાગે છે..."

પ્રિયમ હસી પડી, "હજી વાર છે તારે બૂઢા થવાની, આદિ!"

"પ્રિયમ, આખી જિંદગી રળેલી બધી જ પૂંજી કોઈ એક મિનિટમાં ખોઈ બેસી તો એનું શું થાય?"

"શું થાય? માણસ ગાંડો થઈ જાય, હાર્ટ અટેક આવે અથવા કોણે લીધી છે એવી ખબર પડે તો એનું ખૂન કરવા તૈયાર થઈ જાય..."

"પ્રિયમ, મારી સાથે આ બધું જ થઈ રહ્યું છે. કાં તો હું ગાંડો થઈ જઈશ. કાં તો મને હાર્ટ અટેક આવશે. કાં તો...અને કાં તો..."

આદિત્ય સહેજ અચકાયો, પછી એણે પ્રિયમનાં બાવડાં એટલાં જોરથી પકડ્યાં કે પ્રિયમથી ચીસ પડાઈ ગઈ, "કાં તો હું કોઈનું ખૂન કરી બેસીશ પ્રિયમ."

"આદિ!" પ્રિયમનો અવાજ એકદમ ગંભીર થઈ ગયો હતો, "કાં તો ખૂલીને વાત કર કાં તો રમત મૂકી દે."

"ખૂલીને વાત કરવાનો સમય નથી રહ્યો પ્રિયમ." આદિત્યનો અવાજ પણ એકદમ ગંભીર થઈ ગયો.

"પાછો આવીને વાત કરીશ." એણે પ્રિયમના કપાળ પર એક ચુંબન કર્યું. પોતાના બંને હાથ એના બે ગાલ પર મૂકીને થોડીવાર જોતો રહ્યો એની સામે. એ આંખોમાં કોણ જાણે શું હતું કે પ્રિયમ અંદર સુધી હચમચી ગઈ

"આદિ, તું મને કંઈ પણ પૂછી શકે છે, કંઈ પણ..." પ્રિયમે પોતાના બંને હાથ આદિત્યની આસપાસ વીંટાળી દીધા, "અને હું તારી સાથે જૂઠું નહીં બોલું, અર્ધસત્ય પણ નહીં બોલું એવી ખાતરી રાખજે..."

"એવી ખાતરી છે એટલે તો જીવું છું પ્રિયમ, બાકી તો ક્યારનોયે..." આદિત્યની આંખો ભીની થઈ ગઈ. એણે નીચા નમીને પોતાની લેપટોપની બેગ ઉપાડી અને ઘરની બહાર જવા લાગ્યો.

પ્રિયમ સાથે સાથે પોર્ચ સુધી ગઈ. આદિને ગાડીમાં બેસાડ્યો અને પછી વાંકા વળીને આદિત્યને ધીમેથી કહ્યું, "હું તને ચાહું છું આદિ... આઇ લવ યુ."

કશું જ જવાબ આપ્યા વિના આદિએ આંખો બંધ કરી દીધી અને માથું ગાડીની સીટ પર પાછળ ઢાળી દીધું.

ડ્રાઇવરે ગાડી એરપોર્ટ તરફ લઈ લીધી.

અત્યારે પણ આ બેડરૂમમાં આદિત્યની સામે એ દશ્ય ભજવાઈ રહ્યું હતું. પરદેશથી પાછો આવીને આદિત્ય પ્રિયમ સામે વાત કરવાનો હતો. કઈ વાત હતી એ-જાણ્યા જ વિના પ્રિયમે પોતાની જિંદગીની રમત અધૂરી છોડી દીધી હતી.

જેમ ચેસની રમતમાં હારવા લાગે અને પ્રિયમ બાજી ઉડાડી દેતી એવી જ રીતે એણે જિંદગીની બાજી પણ ઉડાડી દીધી હતી.

"એને હારવાનો ડર લાગ્યો હશે?" આદિત્યના મનમાં વિચારોનું ઘમસાણ યુદ્ધ ચાલતું હતું.

મિહિર આદિત્યના રૂમમાં ચારે તરફ જોઈ રહ્યો હતો. આ રૂમની પ્રત્યેક ચીજ એવું દેખાડી રહી હતી કે પ્રિયમ અહીંથી થોડીક જ વાર પહેલાં બહાર ગઈ છે. આખા બેડરૂમમાં ઠેર ઠેર પ્રિયમની નિશાની હતી, જેને આદિત્યએ સાફ નહોતી કરવા દીધી.

પ્રિયમને આછા ઓફ-વ્હાઇટ સફેદ રંગો પસંદ હતા.

એના પલંગની ચાદરથી શરૂ કરીને દીવાલો ઉપરના રંગ સુધી બધુ જ ઑફ વ્હાઇટ, સફેદ અથવા પ્રેસ્ટલ

રંગો ધરાવતું હતું.

આ ઓરડાની નાનામાં નાની વસ્તુ પ્રિયમે કાળજીપૂર્વક પસંદ કરી હતી. આ ઓરડામાં બધું જ જાણે પ્રિયમના વ્યક્તિત્વ સાથે મેળ ખાતું હોય એવું લાગતું હતું.

ઓરડામાં જાણે ખૂણેખૂણે પ્રિયમ વિખરાયેલી પડી હતી.

બેડરૂમની પહેલાં જમણી તરફ રીડિંગરૂમ આવતો, જેમાં દીવાલને અડાડીને ચારે તરફ છત સુધી સીસમનાં કબાટો હતાં જેના દરવાજા પર કાચ જડેલા હતા. લાઇબ્રેરી, રીડિંગરૂમ, મ્યુઝિક રૂમ પ્રકારના એ ઓરડામાં હજ્જારો મ્યુઝિક સીડીઝ, અને દેશ-વિદેશની ફિલ્મોની એલ સીડી અને ડીવીડી તરતીબથી નંબર આપીને ગોઠવવામાં આવી હતી. દરેક કબાટની બહાર એક સ્ટીકર ચોટાડેલું હતું જેના ઉપર એ કબાટમાં મુકાયેલી વસ્તુઓના એ ટુ ઝેડ ટાઇટલ અને એના નંબર લખેલા હતા.

બીજાં કબાટોમાં હજારો પુસ્તકો હતાં. આદિત્ય અને પ્રિયમ બંને ખૂબ વાંચતાં. વિશ્વભરનાં પુસ્તકો એમણે એકઠાં કર્યાં હતાં. મેનેજમેન્ટથી માંડીને મેઇકઓવર, અને સેક્સથી માંડીને સૉક્રેટિસ સુધી બધું જ એમની લાઇબેરીમાં હતું. આદિત્યને કારણે પ્રિયમ પણ થોડું ઘણું મરાઠી વાંચતી થઈ ગઈ હતી. એમની લાઇબ્રેરીમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને મરાઠી સહિત વિશ્વના તમામ ભાષાનાં પુસ્તકોનાં અનુવાદો પણ હતા.

પ્રિયમ સતત કંઈ ને કંઈ વાંચતી રહેતી.

વાંચેલાં પુસ્તકો ફરીફરીને વાંચતી.

“વાંચેલું પુસ્તક ફરી શું કામ વાંચે છે?” ક્યારેક આદિ પૂછતો.

“મને દરેક વખતે ફરી વાંચું ત્યારે પુસ્તકમાંથી નવો અર્થ જડે છે. કશું કહેલું જે મેં આગલી વખતે મિસ કર્યું હોય એ મને આ વખતે મળી જાય છે.”

“પ્રિયમ, પુસ્તક એક જ વાર વાંચવાનું પણ એવી રીતે વાંચવાનું કે લગભગ મોઢે થઈ જાય. આખેઆખું પચાવીને પોતાનામાં ઉતારી લેવાનું. મગજમાં છપાઈ જવું જોઈએ...”

“ના! ક્યારેય નહીં.” પ્રિયમ આદિત્યની સામે જોતી અને દલીલ કરતી. કશું પણ પૂરું કેમ કરી નાખવાનું આદિત્ય? ટુકડે ટુકડે, હપ્તે હપ્તે, ચગળતાં ચગળતાં, ધીમે ધીમે માંડવાનું એને જાતમાં ઊતરવા દેવાનું હળવે હળવે... દરેક વખતે નવેસરથી નવા રંગમાં જોવાનું એને નવી રીતે માણવાનું...”

“એવું થોડું હોય? એક વાર જે વસ્તુ તમારી થઈ એ તમારી થઈ ગઈ. પછી એને તમારો ભાગ બનાવી લેવાનો... સ્મૃતિ હોય કે સ્ત્રી!”

“એક વાત કહું આદિ, આપણને એવું લાગતું હોય છે આપણે કશું પોતાનું બનાવી લઈએ છીએ, બાકી ખરેખર એવું ક્યારેય નથી હોતું... સ્મૃતિ કે સ્ત્રી...કશુંય આપણું નથી થઈ જતું. માત્ર આપણે એવા અહમ્માં રાચતાં થઈ જઈએ છીએ કે આપણે એના માલિક છીએ...”

“મને સંભળાવે છે?” આદિત્ય પૂછતો અને પ્રિયમ આદિત્યના હુમલાની પૂરેપૂરી તૈયારી કરીને પુસ્તક સાઇડમાં ઊંધું મૂકતી અને હળવેથી ડોકું હલાવીને કહેતી, “હા તને જ કહું છું...”

અને પછી આદિત્ય પ્રિયમને જે ઝનૂનથી પ્રેમ કરતો, પ્રિયમને આખેઆખી હચમચાવી... તરફડાવી દેતો!

“બોલ? હવે કહે તું મારી છે કે નહીં?”

“આમ પૂછે તો હા જ પાડવી પડે આદિત્ય...” પ્રિયમ હસતી અને આદિત્ય ફરી એક વાર ઝનૂનથી એને પરાસ્ત કરવા મથતો.

પલંગની બાજુમાં ઊંધું પડેલું પુસ્તક, જે વાંચતાં વાંચતાં ઊંધું મૂકીને પ્રિયમ કદાચ ઊભી થઈ હશે!

ડ્રેસિંગરૂમની બહાર ઉતારેલી એની સ્લીપર, બાથરૂમમાં લટકતો બાથરોબ, ડ્રેસિંગ ટેબલ ઉપરની વસ્તુઓ... નાના-નાના પારદર્શક કાચનાં બાઉલ્સમાં કાનની બુટ્ટીઓ, ગળાના નેકલેસિસ, વીંટીઓ, પીનો, રબરબેન્ડ્સ...

પ્રિયમ પોતાનાં પુસ્તકો વિશે જેટલી સજાગ હતી, જે રીતે એ પુસ્તકો સાચવતી, એ પોતાનાં કપડાં કે દાગીના સાચવી શકતી નહીં. જ્યાં બેઠી હોય ત્યાં જ ઉતારીને દાગીના મૂકી દેવા એ પ્રિયમની આદત હતી.

વસ્તુઓ માટે એને ક્યારેય મોહ નહોતો. એને વસ્તુઓ ગમતી. એની પસંદગી પણ ઊંચી હતી પણ કોઈની પાસે એનાથી સારી કોઈ વસ્તુ હોય એ જોઈને ક્યારેય પ્રિયમને ઈર્ષા નહોતી થતી કે નહોતી એને વસાવવાની ઇચ્છા થતી.

એની પાસે ઢગલો દાગીના હતા. આદિત્ય અવારનવાર એન માટે ડાયમંડ લાવતો રહેતો.

એન્ટીક દાગીનાની પણ એને ખોટ નહોતી છતાં એ ભાગ્યે જ કશું પહેરતી. કોઈ પાર્ટી કે સોશિયલ ફંક્શન હોય તો પ્રિયમ પૂરેપૂરી સજીધજીને હાજર થતી પરંતુ એના રોજિંદા જીવનમાં એને એનું જીન્સ કે એના સુતરાઉ સલવાર કમિઝ સૌથી વહાલાં હતાં...

એના વૉર્ડરોબમાં ઠસોઠસ ભરેલાં કપડાં, પરફ્યુમ્સ... એની ગમતી સાડીઓ...

છેલ્લા ચાર દિવસથી આદિત્ય એક જ કામ કરતો હતો...

પ્રિયમના ફોટા જોવા, એનાં કબાટો ખોલવાં, આ ઓરડામાં વિખરાયેલી એની ચીજવસ્તુઓને અડ્યા કરવું...

આદિત્ય વારંવાર એનું કબાટ ખોલતો. એની રેશમી સાડીઓને અડતો, પંપાળતો અને જાણે પ્રિયમને અડતો હોય એટલી નજાકતથી એને પોતાના હાથમાં લઈ ચુંબન કરતો...

મિહિર આ જોયા કરતો...

"કોઈ આટલો પ્રેમ કરી શકે?" મિહિરના માન્યામાં નહોતું આવતું, પણ હવે એ નજર સામે જોઈ રહ્યો હતો- એક એવા માણસને, જેને એણે બાળપણથી જાણ્યો હતો અને તોય, આજે એ સાવ નવા જ રૂપે ઊઘડી રહ્યો હતો.

એટલી હદ સુધીનો હતો એ પ્રેમ, કે લિપસ્ટિકના નિશાનવાળો કૉફીનો કપ પણ આદિત્યએ સિટિંગ અરેન્જમેન્ટવાળા કમરામાંથી હટાવવા નહોતો દીધો!

આદિત્યની નજર અત્યારે એ કપ પર પડી અને એને જાણે આ કમરામાં બોલાયેલા સંવાદો ફરી સંભળાવા લાગ્યા...

"આદિ..."

"હં..."

"આદિ..."

"હં..."

"તારું ધ્યાન ક્યાં છે?" પ્રિયમ આવીને આદિત્ય પર ઝૂકી. લેપટોપ પર કામ કરી રહેલા આદિત્યની ઉપર શયનખંડમાં જાણે ધોધમાર વરસાદ પડ્યો...

"અરે! અરે! શું કરે છે? લેપટોપ પલળી જશે."

"પલળી જવા દે."

"અરે! એમાં પ્રેઝન્ટેશન છે, બધું બગડી જશે."

"બગડી જવા દે..." એ ધબ્ દઈને આદિત્યના ખોળામાં પડી. આદિત્ય સાવધ ના હોત તો પ્રિયમનું કમરની ઉપરનું શરીર સીધું ખુરશી સાથે પછડાયું હોત! આદિત્યએ એની ગરદન નીચે ખભાને લપેટીને હાથ નાખી દીધો, પણ પ્રિયમે જે રીતે પડતું નાખ્યું હતું, એનો ધક્કો એટલો હતો કે ખુરશી સાથે આદિત્ય પણ ઊલળીને કાર્પેટ પર પડ્યો...

પ્રિયમના ચહેરા ઉપર બરાબર આદિત્યનો ચહેરો આવે એમ બંને જણાં જમીન ઉપર પડ્યાં હતાં. પ્રિયમના હાથ ખુલ્લા-પહોળા હતા. એણે માથું એક બાજુ ઢાળી દીધું હતું. એના ભીના વાળમાંથી પાણી ટપકીને કાર્પેટને ભીંજવી રહ્યું હતું. એના ચહેરા ઉપર પાણીનાં બિંદુ હજીયે ક્યાંક ક્યાંક તગતગતાં હતાં. હલકા ગુલાબી રંગની સાડી પહેરીને સૂતેલી પ્રિયમના આખા શરીર ઉપર સાડી ચોંટી ગઈ હતી. રેશમી સાડી શરીર પર ચોંટીને પ્રિયમના શરીરના એક એક વળાંકને સ્પષ્ટ કરતી હતી. એના ચહેરા ઉપર એક અજબ ભીનાશ હતી. તપી ગયેલી ધરતી ઉપર પાણી છંટાય પછી અનુભવી શકાય એવી ભીનાશ... એની આંખોમાં તરતના ધોવાયેલા ઝાડ જેવી લીલાશ હતી... અને એના શરીરમાંથી ભીની માટીની સુગંધ આવતી હતી!

આદિત્યમાં રહેલો પુરુષ જાગી ગયો. એણે પ્રિયમના ગાલ પર, ગળા પર ચોંટી રહેલાં પાણીનાં બિંદુ પોતાના હોઠથી પી લીધાં...

"અત્યારે ક્યાં વરસાદ પડે છે?"

"તને ક્યાં ભાન છે બહારની દુનિયાની... મારી શણની બધી ખુરશીઓ અગાશીમાં પલળી ગઈ."

"અગાશીમાં પડેલી ખુરશીઓ ઘરમાં સ્ત્રી ના હોય તો ભીંજાઈ જ જાયને? ઘરમાં સ્ત્રી ના હોય તો ઘર ખાલી ગ્લાસ જેવું થઈ જાય, જે એમાં ભરાનારા દારૂની રાહ જોયા કરે."

"ઓયે... તારે માટે સ્ત્રી દારૂ છે?"

"ના, નશો અથવા આદત, અથવા વ્યસન."

"છી! વ્યસન તો આપણે ખરાબ વસ્તુ માટે વાપરીએ."

"સ્વીટહાર્ટ, ખરાબ અને સારા તો આપણે લગાડેલાં લેબલ્સ છે. મજા પડવી જોઈએ, શું કહે છે? પણ કોઈ પણ વ્યસન, કોઈ પણ આદત ધીમે ધીમે તમારા ઉપર કાબૂ કરવા માંડે છે. એ ધીમે ધીમે તમારા હોવાનો ભાગ બનતી જાય છે. પહેલાં એની લગામ તમારા હાથમાં હોય છે અને પછી એ તમારી લગામ એના હાથમાં લઈ લે છે-બરાબર સ્ત્રીની જેમ!"

પ્રિયમનો ચહેરો ગંભીર થઈ આવ્યો. એણે પહોળા હાથ ભેગા કરીને આદિત્યનો ચહેરો પોતાના બે હાથ વચ્ચે પકડ્યો, "કેમ આવું બોલે છે?"

"ક્યારેક મને થાય છે કે હું તારા પર બહુ આધારિત છું... તારા વિના મારું બધું અધૂરું થઈ જાય છે ને તું હોય તો બધું જાણે પૂર્ણ થઈ જાય છે... વરસાદમાં તું ભીંજાય ને સુગંધ મારા શરીરમાંથી આવવા લાગે..."

"તો શું પ્રોબ્લેમ છે?"

"આખી જિંદગી સાથે જીવવા છતાં તમે કોઈને સમજી ના શકો-માત્ર પ્રેમ કરી શકો, અને તમે ઓળખતા ન હો એવી સ્ત્રીને પ્રેમ કરવો રિસ્કી નથી?"

"રિસ્કી છે, ખૂબ રિસ્કી છે. ન કર મને આટલો પ્રેમ."

"કેમ?"

"કારણ કે હું નહીં હોઉં ત્યારે તરફડીશ. આ જો..." પ્રિયમે પોતાના હાથમાં કપાઈ જતી જિંદગીની રેખા બતાવી, આદિત્યએ એ હથેળી હાથમાં લઈ ચૂમી લીધી, પણ પ્રિયમ ગંભીર હતી. "આદિ, મારા હાથમાં બે વસ્તુ બહુ સ્પષ્ટ લખેલી છે. એક-અઢળક સુખ અને બીજી-બહુ થોડા સમય માટે."

"આ મરી જવાની વાત અત્યારે ક્યાંથી આવી?"

પ્રિયમે પોતાના બંને હાથ આદિત્યના ખભા પર લપેટીને એની પીઠ ઉપર બાંધી દીધા. "મારે અહીં આ ક્ષણે જ મરી જવું છે, કારણ કે આનાથી વધારે સુખ મને મળવાનું નથી અને આટલું સુખ જોયા પછી દુઃખ જોવાની મારી તૈયારી નથી."

"પ્રિયમ..." આદિત્યના અવાજમાં એક ધ્રુજારી આવી ગઈ. પ્રિયમના બાહુપાશમાં પકડાયેલું આદિત્યનું શરીર થરથરી ઊઠ્યું.

"આદિ, આપણાં દુઃખોનું કારણ સુખ છે. સુખની ઝંખના... સુખ માટે દોડ્યા કરીએ છીએ આપણે બધા અને આપણી જિંદગીમાં સુખ લીલની જેમ બાઝ્યું છે. જો દુઃખની એક પણ છાલક આવશે ને લીલ ધોવાશે તો ઘણાં સત્યો બહાર આવશે. હું તને એ સત્યોથી દૂર રાખવા માગું છું. આ શરીર, આ ચહેરો અને મારા માટેની તારી આસક્તિ આમ જ રહે એ દરમિયાન મારે ચાલી જવું છે...દૂર... બહુ જ દૂર..."

અને, આજે પ્રિયમના ફોટા સામે બેઠેલો આદિત્ય ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો.

આ ઓરડામાં બેઠા બેઠા આ અને આવા કેટલાય સંવાદો આદિત્યના મનમાં ગૂંજ્યા કરતા. આ ઓરડામાં ગાળેલા લગ્નજીવનની એક એક પળ આદિત્ય ભાગવત સામે સજીવ થઈને આવતી હતી. એને સમજાતું નહોતું કે એ કઈ રીતે પીછો છોડાવે આ ક્ષણોથી. એને અજગરની જેમ ભરડો લઈને ભીંસી નાખતા ભૂતકાળથી એ કઈ રીતે ભાગે?

આજે આઠમા દિવસે માંડ માંડ મિહિરે આદિત્યને ઑફિસે જવા સમજાવ્યો હતો.

નાહીને શેવ કરતાં આદિત્યને ફરી પ્રિયમનો ચહેરો દેખાયો હતો અરીસામાં...

પ્રિયમ આદિત્યની છાતી ઉપર હાથ લપેટી એની પીઠ પર ચુંબનો કરી રહી હતી

"શું કરે છે? વાગી જશે મને..."

"વાગવા દે."

"પ્રિય બ્લેડ છે મારા હાથમાં, લોહી નીકળશે."

"નીકળવા દે..."

"ઘા પડશે..."

"પડવા દે..."

આદિત્યને જાણે પ્રિયમના હોઠ અને એની ચામડીનો લીસો સ્પર્શ પોતાની પીઠમાં અનુભવાઈ રહ્યો હતો. એના હાથ જાણે આદિત્યની છાતીના વાળમાં આંગળીઓ પરોવીને એને વ્હાલ કરી રહ્યાં હતાં.

પ્રિયમના શ્વાસ પોતાની પીઠ પર અનુભવી શકતો હતો આદિ.

અચાનક જ આદિત્યથી દાઢી છોલાઈ ગઈ, કટ પડી ગયો અને લોહી નીકળી આવ્યું

આદિત્ય અરીસામાં જોતો એમ જ ઊભો રહ્યો.

પહેલાં જ્યારે આવું થતું ત્યારે લોહી નીકળે કે તરત જ પ્રિયમ દુપટ્ટાથી કે સાડીથી કે બાજુમાં પડેલા ટીસ્યુથી

લોહી લૂછી નાંખતી, પછી ક્યાંય સુધી એ ઘા ઉપર ચુંબનો કરતી...

આજે પણ જાણે આદિત્ય પ્રિયમની રાહ જોઈ રહ્યો હતો... એ આવશે અને એ લોહી લૂછી આપશે, એમ વિચારીને જાણે આદિત્ય લોહી નીકળતી દાઢી સાથે એમજ અરીસામાં જોઈને ઊભો હતો, ક્યાંય સુધી ઊભો રહ્યો. પછી એને ખ્યાલ આવ્યો પ્રિયમ હવે ક્યારેય નહીં આવે!

અરીસામાં દેખાતો પોતાનો લોહીનીંગળતો ચહેરો પ્રિયમના ચહેરા વગર આદિત્યને અધૂરો... અજાણ્યો લાગ્યો.

એણે વાંકા વળીને વોશબેસિનના નળમાંથી ચહેરા પર ક્યાંય સુધી છાલકો માર્યા કરી, ત્યાં સુધી-જ્યાં સુધી એની આંખોમાંથી પ્રિયમના વિચારે આવેલાં આંસુ ધોવાઈને પાણી જોડે નીકળી ના ગયાં!

ઑફિસ જવાની કોઈ માનસિક હાલત નહોતી ને તોય મન મક્કમ કરીને આદિત્ય ઑફિસ જવા નીકળ્યો હતો.

આદિત્ય ભાગવત પોતાની ઑફિસમાં દાખલ થયો.

દસ માળના એ 'ભાગવત્સ'ના કોર્પોરેટ હાઉસમાં દસમા માળે આદિત્ય ભાગવતની ચેમ્બર હતી.

પહેલા માળે એનો માર્કેટિંગનો સ્ટાફ બેસતો. ત્યાંથી શરૂ કરીને પ્રત્યેક જુદી કંપનીની ઑફિસ જુદા માળે હતી.

દરેક માળ ઉપર જુદું રિસેપ્શન અને જુદા કોન્ફરન્સ રૂમ, બિલ્ડિંગમાં 200 માણસ બેસી શકે એવો એક ઓડિટોરિયમ, વિશાળ લાઇબ્રેરી, જેમાં ઓડિયો-વિડિયો સાથેની તમામ સવલતો ઉપલબ્ધ હતી.

દસમા માળે લિફ્ટ સીધી આદિત્ય ભાગવતની ઑફિસમાં ખૂલતી. બહાર એની પી.એ. બેસતી. ડાબી તરફ કોન્ફરન્સ રૂમ, જમણી તરફ એન્ટી-રૂમ અને સામે જ આખી કાચની લાગતી દીવાલમાં એક દરવાજો ખોલીને દાખલ થતાં જ સામે લગભગ બાર ફૂટ લાંબુ, જર્મન ગ્લાસનું આદિત્ય ભાગવતનું ટેબલ હતું.

આદિત્ય ભાગવતના રૂમમાં જ જમણી તરફ એક સિટિંગ અરેન્જમેન્ટ હતી. અનૌપચારિક કે અંગત વિઝિટર્સ માટે ત્યાં બેસવાની વ્યવસ્થા હતી. એ સિટિંગ અરેન્જમેન્ટની બંને દીવાલો ઉપર આદિત્ય ભાગવતના પાડેલા જુદા જુદા સ્થળના ફોટોગ્રાફ્સ હતા અને એક તરફની દીવાલ ઉપર ભારતના નકશામાં ભાગવત્સની ઑફિસીસ ક્યાં ક્યાં આવેલી છે અને સ્ટાફમાં સ્ટ્રેન્થથી શરૂ કરીને કઈ કઈ કંપની ઓપરેટ કરે છે એની વિગતો હતી.

આદિત્યના ટેબલની બિલકુલ પાછળ ત્રણ બાય ત્રણનો પ્રિયમનો મોટો ફોટોગ્રાફ હતો.

ખુલ્લા વાળે આકાશ તરફ જોઈને ખડખડાટ હસતી પ્રિયમ એવી લાગતી હતી જાણે હમણાં જ તસવીરમાંથી બહાર આવીને આદિત્યના ગળામાં હાથ ભરાવી દેશે. પ્રિયમની આંખોમાં એટલી બધી જિંદગી હતી કે જાણે મરેલા માણસને અડે તો એ પણ જીવતો થઈ જાય!

પ્રિયમના ચહેરા પર એક એવું રમતિયાળ સ્મિત હતું કે આદિત્યને જોતાં જ એ દોડતી આવશે, એની છાતીમાં માથું નાખીને એને કહેશે, "આટલા દિવસ ક્યાં હતો? કેટલો મોડો આવ્યો તું!"

આદિત્ય કાચનો દરવાજો ખોલીને કૅબિનમાં દાખલ થયો અને એની નજર પડી સામેની તસવીર ઉપર. આદિત્યએ જોયું, ઑફિસનો એક પટાવાળો પ્રિયમના ફોટા પર ફૂલ ચડાવી રહ્યો હતો. આદિત્યએ જોરથી ચીસ પાડી, "સ્ટોપ ઇટ..."

પણ ત્યાં સુધીમાં હાર ચડી ગયો હતો.

આદિત્યએ જઈને હાર ખેંચીને તોડી નાખ્યો. એ ભયાનક ગુસ્સામાં હતો-આખો ધ્રૂજતો હતો. એણે હાથ

મારીને બધી વસ્તુઓ પાડી નાખી. કાચનાં રમકડાં, પેનો, કાગળિયાં આખા ઓરડામાં વેરવિખેર થઈ ગયાં. લાત મારીને એણે વિઝિટર્સ માટે મુકાયેલી ખુરશીઓ તહસ-નહસ કરી નાખી. જમણી તરફ સિટિંગ અરેન્જમેન્ટ પાસે મુકાયેલો મોટો ફ્લાવરવાઝ ઊંચકીને છૂટો ફેંક્યો. ઓરડામાં ફૂલો અને ફ્લાવરવાઝના ટુકડે ટુકડા વિખરાઈ ગયા. પછી પોતાની ડાબી તરફ પડેલી પથ્થરની લગભગ ત્રણ-સાડા ત્રણ કિલોની ગણપતિની મૂર્તિ ઊંચકી ગ્લાસટોપના ટેબલ પર ફેંકી. આદિત્યનું બાર ફૂટ લાંબુ ટેબલ ચાર ટુકડામાં તૂટી ગયું. એમાંનો એક ટુકડો ઊભો, પેસી જાય એવી રીતે રૂમની વચોવચ પડ્યો. મૂર્તિ ફેંકતા આદિત્યનું બેલેન્સ પણ ગયું હતું. એ પોતાની જાતને સંભાળી શકે એ પહેલાં ઊછળીને પેલા કાચના ટુકડા પર પડ્યો. કાચનો ટુકડો એના ડાબા ખભામાં ઊંડો પેસી ગયો...

આદિત્ય જમીન ઉપર પડ્યો. આ બધા ઉશ્કેરાટ દરમિયાન આદિત્ય એકસરખી બૂમો પાડતો હતો, "કોણે હાર ચડાવવાનું કહ્યું? હાર તો મરેલા માણસના ફોટા પર ચડાવાય, મૂરખ..."

જમીન પર પડેલો આદિત્ય ખભો દબાવતાં કણસી રહ્યો હતો. એના ખભામાંથી સડસડાટ લોહી વહી રહ્યું હતું. એના શર્ટની ડાબી બાંય અને છાતી પાસે થઈને કમર સુધી લોહી ફેલાવા લાગ્યું હતું. એના ટ્રાઉઝરમાં પણ લોહીના ડાઘા પડવાના શરૂ થઈ ગયા હતા. જમીન પરની ઑફ-વ્હાઇટ કાર્પેટ પણ આદિત્યના લોહીથી લાલ થવા માંડી હતી...

આદિત્ય હજીયે એકસરખી બૂમો પાડી રહ્યો હતો, "સ્ટોપ ઇટ... પ્રિયમ છે... એ જીવે છે... એના ફોટા પર હાર નહીં ચડાવો. મારી પ્રિયમ મરી નથી. હાર કાઢી લો... પ્રિયમ... પ્રિયમ..."

પીડાને કારણે હોય કે ઉશ્કેરાટના કારણે... કે પછી આટલા દિવસના ઉજાગરા અને આઘાતને કારણે, પણ આદિત્ય ત્યાં જ બેભાન થઈ ગયો.

એના ખભામાંથી હજી લોહી વહી રહ્યું હતું.

પટાવાળાને લાગ્યું કે લોહી આદિત્યની છાતીમાંથી નીકળે છે, અને ગભરાયેલા પટાવાળાએ ચીસાચીસ કરી મૂકી.

*

5

આદિત્ય ભાગવતની આંખ ખૂલી ત્યારે એ હૉસ્પિટલના બિછાના પર હતો. સાત ટાંકા આવ્યા હતા ખભામાં અને સારું એવું લોહી વહી ગયું હતું...

મિહિર એની બાજુમાં બેઠો હતો.

"કેમ લાગે છે હવે?"

"બેટર." આદિત્યએ મિહિર સામે જોયું.

"શું કરે છે તારી જાતને આદિત્ય? તું પૂરો દોઢ દિવસ બેભાન રહ્યો. કેટલું લોહી વહી ગયું ખબર છે તને?"

"તેં મને મારી પ્રિયમ પાસે જતો અટકાવી દીધો." આદિત્યની આંખોમાં મિહિરને ગાંડપણની ઝલક દેખાઈ.

"એમ કંઈ પ્રિયમ પાસે ના જવાય આદિત્ય, દરેકનો સમય હોય છે. તારો ટાઇમ થશે એટલે તને પણ બોલાવી જ લેશે..." મિહિરે વહાલથી આદિત્યના ચહેરા પર હાથ ફેરવ્યો, "પણ ત્યાં સુધી તો જીવવું પડશે ને?"

"જીવવું એટલે શું?" આદિત્ય એવી રીતે બોલી રહ્યો હતો, જાણે એને મિહિરની વાત સાથે કોઈ નિસબત જ ના હોય, "પ્રિયમ વિના જીવવું એટલે ફક્ત શ્વાસ લેવા? બે ટાઇમ ખાવું અને શરીરની દેહધાર્મિક ક્રિયાઓ કરવી... ઑફિસમાં કામ કરવું... મારી જિંદગી તો પ્રિયમની આસપાસ હતી મિહિર, એ ગઈ તો સાથે જિંદગી પણ જતી જ રહી છે. કેમ જીવું? કોના માટે જીવું?"

"તારા માટે જીવ. તારી કંપનીના આ હજ્જારો કર્મચારીઓ માટે જીવ... કરવાનું ઘણું છે આદિત્ય. એમ કોઈ એક જણની પાછળ જાન આપી દેવો તો બહુ સહેલો છે. એના વિના જીવીને જિંદગીને એક દાખલો બનાવીને જીવી બતાવવું બહુ અઘરું છે."

"મારે નથી સાંભળવી આ બધી ફિલોસોફી. મારે માટે મારી પ્રિયમ જ મારું જીવન..."

"જો આદિત્ય, તારે મરી જવું હોય તો મરી જા. હું જિંદગીભર તારી સાથે આમ પણ નહીં રહી શકું." મિહિરે મન કઠણ કરીને કહી નાખ્યું, "આદિત્ય, સો વાર મરવાનો પ્રયત્ન કરીશ ને તો પણ જીવવાનું જ્યાં સુધી લખ્યું હશે ત્યાં સુધી જીવવું જ પડશે."

આદિત્યનો ચહેરો જાણે અચાનક પીળો પડી ગયો, "અને જેને સૌથી વધુ જીવવાની ઇચ્છા હોય, જેનામાં ભરપૂર જિંદગી શ્વાસ લેતી હોય એ જ પહેલાં મરી જાય. નહીં?"

"જો આદિત્ય, મારે હવે કાલે જવું જ પડશે. હું ઇચ્છું છું કે એ પહેલાં તું સાજો થઈ જાય અને અમુક હકીકતોને સ્વીકારીને જિંદગી સાથે સમાધાન કરવા માંડે."

"સારું, સારું... મારા પિતાશ્રી, અત્યારે તો તમે જાવ અહીંથી. મને આરામ કરવા દો. મારે ભાષણની નહીં, ભોજનની જરૂર છે."

મિહિરે આદિત્યના ચહેરા પર વહાલથી ફરી એક વાર હાથ ફેરવ્યો અને બહાર જવા ઊભો થયો, "હું કરું છું તારા ખાવાની વ્યવસ્થા. ડૉક્ટરને પૂછવું પડશે કે તને શું અપાય અને શું નહીં?" મિહિર આટલું કહીને રૂમની બહાર નીકળી ગયો.

એકલો પડેલો આદિત્ય છત તરફ જોઈ રહ્યો હતો.

એણે થોડી વાર આંખો બંધ કરી. આંખો ઉઘાડી રાખવાનો પણ જાણે થાક લાગતો હતો!

બંધ આંખે જાણે ફરી એક વાર પ્રિયમ સજીવ થઈ આવી.

“આદિ, હું ના હોઉં ત્યારે એક કામ કરજે.” પ્રિયમ એમના બેડરૂમથી જોડાયેલી અગાશીમાં બેઠી હતી. કથ્થઈ કલરનું રૉ-સિલ્કનું શર્ટ અને જીન્સની કેપ્રીસમાં પ્રિયમ એકદમ ટોમબોય જેવી દેખાતી હતી. અગાશીની પાળી ઉપર ઘૂંટણમાંથી પગ વાળીને, બંને હાથ એની આસપાસ વાળીને એ આથમતો સૂરજ જોઈ રહી હતી.

એ જ પાળીને અઢેલીને ઊભેલો આદિત્ય ધીમે ધીમે કૉફી સીપ કરી રહ્યો હતો, “આ રોજ રોજ તું નહીં હોય એ પછીની સૂચનાઓ શું કામ આપે છે? તું નહીં હોય પછી તું નહીં હોય પ્રિયમ, એ સૂચનાઓ મેં પાળી કે નહીં એ જોવા તું નહીં જ હોય.”

પ્રિયમ ખડખડાટ હસી પડી, “ખરી વાત છે! આ વિચાર તો મને આવ્યો જ નહીં આદિત્ય, પણ તને ખબર છે, આપણે બધા એમ માનીએ છીએ કે આપણે મર્યા પછી પણ જીવવાના છીએ.”

“સ્ટૂપીડ! એવું કંઈ હોય?”

“ખરેખર. વિચારી જો ને આદિત્ય, કેટલી નાની જિંદગી, કેટલાં ઓછાં વર્ષો અને એમાંનાં કેટલાં બધાં વર્ષો-લગભગ પોણા ભાગનો સમય આપણે કમાવામાં અને પૈસા ભેગા કરવામાં વાપરી નાખીએ છીએ... એ બધું જ કરીએ છીએ આપણી પોણી જિંદગી દરમિયાન, જે આપણને ગમતું અને આપણે કરવું નથી અને બાકી બચેલી જિંદગી એ વાતનો અફસોસ કરવામાં કાઢી નાખીએ છીએ કે જે કરવું હતું એ તો થયું જ નહીં!”

આદિત્ય પ્રિયમની સામે જોઈ રહ્યો, “કેટલી મોટી વાત, આણે કેટલી સરળતાથી કહી દીધી.”

“આદિત્ય, આપણે સ્વર્ગમાં જવા માટે એ બધું જ છોડીએ છીએ, જે આપણને ગમે છે... અને એવું માનીને ચાલીએ છીએ કે એ બધું જ આપણને સ્વર્ગમાં મળી રહે છે.”

“એટલે?”

“એટલે એમ આદિત્ય કે લોકમાં આપણે જેને ઝંખીએ, જે ઝંખીએ તે ન મળે તો એને આવતા જન્મે પામવાની ઝંખનામાં આપણે એને પાપ ગણાવીને છોડી દઈએ છીએ.”

“પાપ-પુણ્યમાં નથી માનતો હું, પણ હા, એક વાત કહું તને, કોઈ માણસને દુ:ખ પહોંચાડીને કશુંયે મેળવો તો એમાં કયું સુખ છે?”

“સુખ શબ્દ બહુ સ્વાર્થી છે આદિત્ય, મારું અને તારું સુખ એક કેવી રીતે હોઈ શકે?”

“ન કેમ હોઈ શકે? હોઈ જ શકે. બલકે હોવું જ જોઈએ. તું પત્ની છે મારી. મારી સાથે જીવતી, મારી અર્ધાંગિની.”

“ઓહ કમ-ઓન આદિ, આપણાં દુ:ખો એક છે? બિઝનેસના જે ટેન્શનથી તારી ઊંઘ રાત્રે ઊડી જાય છે એ ટેન્શનની મને ખબરેય નથી હોતી, અને...” પ્રિયમ ડૂબતા સૂરજ તરફ જોઈ રહી, ક્યાંય સુધી ચૂપ રહી, “અને મારું દુ:ખ તને કહું તો તને કદાચ સમજાય પણ નહીં, તને કદાચ એ દુ:ખ જ ના લાગે એવું પણ બને.”

“કમ-ઓન પ્રિયમ, જ્યારે જ્યારે સૂરજ ડૂબે ત્યારે ફિલોસોફીની ચર્ચા અનિવાર્ય છે?”

“સુખની વાત નીકળેને આદિત્ય, ત્યારે હું બહુ ફિલોસોફિકલ થઈ જાઉં છું. મને લાગે છે કે આ શરીર સાથે, આ જિંદગી સાથે, આ પૃથ્વી પર શ્વાસ લેતાં જે મળે તેનું નામ સુખ. આવતો જન્મ, કે પરલોકના સુખ સાથે મને બહુ સંબંધ નથી... હું એક જ જિંદગીમાં માનું છું, આજે અને હમણાં...”

“તો ચાલ, જીવી લઈએ, આજે અને હમણાં.” આદિત્યએ પ્રિયમની પીઠ ઉપર એક હાથ મૂક્યો અને બીજો હાથ એના વાળેલા ઘૂંટણની વચ્ચે નાખ્યો. એણે પ્રિયમને પાળી પરથી એવી જ ઊંચકી લીધી અને બેડરૂમ

તરફ લઈ ચાલ્યો. પગ હલાવતી, ધમપછાડા કરતી પ્રિયમ એમ જ રહી ગઈ અને આદિત્યએ એને જઈને આઠ બાય આઠના પિત્તળના પલંગમાં લગભગ પટકી...

પછી એ પોતે પણ પલંગમાં પછડાયો. એણે પ્રિયમના બંને હાથ પોતાના હાથથી પકડી લીધા અને એની એકદમ નજીક આવીને આંખમાં આંખ નાખીને કહ્યું, "બહુ બોલે છે તું, ચૂપ કરવી પડશે."

પ્રિયમના ઊંહકારા આદિત્યના પ્રગાઢ ચુંબનમાં દબાઈ ગયા.

અત્યારે પણ આદિત્ય પ્રિયમના પરવાળા જેવા હોઠને પોતાના બે હોઠની વચ્ચે અનુભવી રહ્યો હતો.

આદિત્ય આંખ ખોલીને છત તરફ જોઈ રહ્યો હતો. એને છતમાં પ્રિયમનો ચહેરો દેખાતો હતો. ભીની આંખે એની સામે જોઈ રહેલી પ્રિયમ જાણે એને પૂછતી હતી, "આદિ, શા માટે? શા માટે આમ તારી જાતને તકલીફ આપે છે? તને ખબર છે ને હું તને બહુ પ્રેમ કરું છું. તને થતી દરેક તકલીફ મને તારા કરતાં પણ વધારે પીડા આપે છે. એટલુંય નથી સમજતો તું?"

આદિત્યની આંખમાંથી બે આંસુ વહી નીકળ્યાં અને છેક કાનની બૂટ સુધી આવી ગયાં.

એણે છતમાંથી એની તરફ જોઈ રહેલી પ્રિયમને કહ્યું, "તો શું કરું હું? કેમ જીવું તારા વગર? તું જાણે છે કે મારા માટે તારા વિનાની જિંદગીનો કોઈ અર્થ નથી બનતો. હું તારા વિના અધૂરો છું... અને એવી અધૂરી જિંદગીને હું શું કરું પ્રિયમ?"

"મારા નહીં હોવાથી શું અટકી પડે છે આદિત્ય? ને કોણે કહ્યું કે હું નથી? હું તો છું જ તારી આસપાસ, હવાની જેમ... તારી અંદર, તારા લોહીમાં ભળીને વહ્યા કરું છું તારા શરીરમાં, તારું હૃદય બનીને ધડકું છું હું... હું તારા શ્વાસમાંથી જ શ્વાસ લઉં છું. તારી આંખે જોઉં છું... હજી તો જીવું છું તારામાં! પણ જો તું નહીં રહે તો હું કેમ રહીશ? જો તું ઇચ્છતો હોય કે હું ખુશ રહું તો તું પણ ખુશ રહે આદિત્ય... જો તું ઇચ્છતો હોય કે હું હસું તો તું પણ હસ... જો તું ઇચ્છતો હોય કે હું જીવું, તો તું પણ જીવ આદિત્ય..."

આદિત્યને જાણે એક દિશા સૂઝી આવી.

દિવસોથી અંધારામાં ભટકતા આદિત્યને જાણે ઉજાસનું કિરણ દેખાયું.

એના ચહેરા પર કેટલાય દિવસો પછી સ્મિતની એક લહેરખી આવી.

મિહિર દરવાજો ખોલીને એના ઓરડામાં દાખલ થયો, "આદિ, ડૉક્ટરે તને સૂપ અને ખાખરા અથવા ટોસ્ટ આપવાનું કહ્યું છે."

"ફેન્ટાસ્ટિક..." આદિત્યએ કહ્યું અને સ્મિત કર્યું.

"આદિ, કેટલા દિવસે આ સ્માઇલ જોયું છે તારા ચહેરા ઉપર. તને સમજાવી નહીં શકું, હું કેટલો ખુશ છું."

"મારે સમજવું પણ નથી." આદિત્યએ કહ્યું અને હસી પડ્યો, "આમ પણ મારી સમજશક્તિ સહેજ ઓછી છે."

મિહિર નવાઈથી આદિત્યની સામે જોઈ રહ્યો. અચાનક શું થઈ ગયું હતું આને? ગઈ કાલ સુધી જીવતી લાશની જેમ અહીંથી તહીં ફરતો આદિત્ય ફરી એક વાર જૂનો-ખુશમિજાજ આદિત્ય બની ગયો હતો.

"હે ઈશ્વર! હવે આ મૂડ કાયમ રાખજે. મારા આદિત્યને આટલો જ ખુશ, આટલો જ સુખી રહેવા દેજે મારા ઈશ્વર..." મિહિરથી મનોમન પ્રાર્થના થઈ ગઈ અને એણે આદિત્યને કહ્યું, "ડૉક્ટર ચોકસી સાઇકિયાટ્રિસ્ટ છે અહીંયાં, તારે મળવું છે?"

"ઓહ હલ્લો... હું ગાંડો નથી થઈ ગયો."

"ખબર છે મને, પણ આવા સિવિયર ડિપ્રેશનમાં સાઇકિયાટ્રિસ્ટ કદાચ મદદ કરી શકે."

"મને મારી પ્રિયમ જ મદદ કરે છે, એટલે મારે બીજા કોઈની મદદની જરૂર નથી."

"આદિ?"

"આઇ મિન ઇટ. હમણાં જ પ્રિયમ આવી હતી, એણે મને કહ્યું કે-તું ખુશ રહીશ તો હું ખુશ રહીશ."

"આવું તો અમે તને રોજ કહીએ છીએ."

"હા, પણ તું કહે ને પ્રિયમ કહે એમાં ફેર પડે ને યાર."

"ટૂંકમાં, તું હવે ખુશ રહીશ?"

"આઈ વિલ ટ્રાય."

"વેરી ગુડ. તો હવે મને મારા કામ પર જવાની રજા મળી ગઈ છે."

"અને મને ઘરે કોણ લઈ જશે? તારા ડેડી કે મારા ડેડી?" કેટલાય વખત પછી આદિત્યના મોઢે આ ભાષા અને એના ચહેરા પર આવું સ્મિત જોઈને મિહિરની આંખો અમસ્તી જ પલળી ગઈ.

"હું જ લઈ જઈશ." મિહિરે આદિત્યની સામે જોયું, "આપણને ઘરે જવાની રજા મળી ગઈ છે. તારે હૉસ્પિટલમાં રહેવું છે હજી? આરામ મળશે એ બહાને."

"એમાં બહાનાં કાઢવાની શી જરૂર છે?" આદિત્યે ફરી જૉક માર્યો, "હું ઑફિશિયલી આરામ કરી શકું એમ છું... થોડા દિવસ ઑફિશિયલ રજા પર ઊતરવા માગું છું."

"વેરી ગુડ... હું તને એ જ કહેવાનો હતો." મિહિરે કહ્યું અને હાથનો ટેકો આપીને આદિત્યને બેઠો કર્યો.

"મારે ક્યાંક બહાર જવું છે, અમદાવાદની બહાર... હું અને પ્રિયમ! બસ બે જ જણા..."

મિહિરે ધ્યાનથી આદિત્યની આંખોમાં જોયું. આદિત્ય હસી પડ્યો.

"નથી ગાંડો થઈ ગયો હું." એણે કહ્યું અને મિહિરને સાજા હાથે એક મુક્કો માર્યો... "સ્ટૂપીડ! પ્રિયમ તો મારી અંદર જીવે છે. હું જ્યાં જઈશ ત્યાં મારી જોડે જ જશે!"

"ઓહ!" મિહિરે કહ્યું, "મને લાગ્યું કે..."

"ખભામાં કાચ વાગવાથી કંઈ મગજ ના છટકે મૂરખ..." આદિત્યએ કહ્યું.

"આઈ અંડરસ્ટેન્ડ..." મિહિરે કહ્યું અને બંને હસી પડ્યા. આદિત્યએ હસતાં હસતાં ઉપર જોયું, છતમાં!

પ્રિયમની આંખો ભીની હતી, પણ એય હસી રહી હતી.

*

જંગલોના રસ્તા ઉપર એક જીપ ચાલી રહી હતી. કેડી પણ ભાગ્યે જ કહેવાય એવા એ કાચા રસ્તાઓ ઉપર જીપ સડસડાટ પસાર થઈ રહી હતી. જીપની હેડલાઇટ્સથી જેટલું અજવાળું પડે, જંગલનો એટલો વિસ્તાર જાણે જીવતો થઈ જતો અને જીપ આગળ વધી જાય એટલે ફરી અંધારામાં ડૂબેલો રસ્તો જાણે અંધારું ઓઢીને ઊંઘી જતો.

શૈલરાજસિંહ જંગલથી પાછા ફર્યા ત્યારે સાડા આઠ થયા હતા. રણથંભોર જેવા વિસ્તારમાં રાતના સાડા આઠ એટલે શહેરના કોઈ પણ વિસ્તારના બાર-એક વાગ્યા જેવો સમય થઈ જાય. સાંજના છ-સાડા છ વાગ્યે ગાઢ

અંધારામાં લપેટાઈ જતા આ વિસ્તારમાં રાતના ઠંડી પણ સારી એવી પડતી. એટલે વાઘના ભયથી હોય, અંધારાના ડરથી હોય કે ઠંડીના માર્યા હોય-પણ માણસો ઓછા જ દેખાતા...

અંધારાની ચાદર ઓઢીને સૂતેલા એ કોટેજના ઓટલા ઉપર એક નાનકડી પીળી બત્તી જલી રહી હતી. કોટેજના બારણે તાળું મારેલું નહોતું. અમસ્તો આગળિયો જ ભરાવેલો હતો. કોટેજના આંગણામાં નાના નાના ફૂલ-છોડ વાવેલા હતા. એક નાનકડી પથ્થરની બેઠક અને જીપ પાર્ક કરવા માટે એક પેવ બનાવેલી હતી.

પેવ ઉપર પોતાની જીપ પાર્ક કરીને કૂદકો મારીને શૈલરાજસિંહ નીચે ઊતર્યા.

શૈલરાજસિંહે આવીને કોટેજનો દરવાજો ખોલ્યો. એ ક્યારેય કોટેજનો દરવાજો લોક નહોતા કરતા. માત્ર બહારથી એક આડો આગળિયો ભરાવી દેતા, આ ટેવ પ્રિયમને કારણે પડી હતી. વગર કીધે અચાનક ટપકી પડતી પ્રિયમ એક વાર સવારથી સાંજ કોટેજના ઓટલે બેસી રહી...

આવી જ રીતે રાત્રે તે દિવસે શૈલરાજસિંહ પાછા આવ્યા ત્યારે પ્રિયમ કોટેજના ઓટલે ઊંઘી ગઈ હતી.

શૈલરાજે એને વહાલથી જગાડી. આંખો ખોલતાંની સાથે જ પ્રિયમ શૈલરાજને વળગી પડી, “ક્યાં હતો તું?”

“જંગલમાં ગયેલો, પણ તું અહીં કેમ બેસી રહી? તારા કોટેજ પર જતા રહેવું જોઈએ.”

“તારી રાહ જોવાની પણ એક મજા છે શૈલ, તું દિવસોના દિવસો સુધી મારી રાહ જુએ છે, તો હું થોડા કલાક તારી રાહ ન જોઈ શકું?”

શૈલરાજે ત્યાં જ પ્રિયમને ગાઢ ચુંબન કર્યું હતું અને પોતાના બે હાથમાં ઊંચકીને અંદર લઈ ગયા હતા. શૈલરાજને યાદ આવી ગયું...

ન કોઈ ફરિયાદ, ન કોઈ પ્રોબ્લેમ, ન આટલા કલાક બહાર રહ્યાનું કે મચ્છર કરડ્યાનું કોઈ ટેન્ટ્રમ. આટલા કલાક ગાડી ચલાવીને આવી હોવા છતાં પાણી પણ પીધા વિના ઓટલે બેસી રહી એ વિશે પણ કોઈ ફરિયાદ નહીં. શૈલરાજની આંખો જાણે આજે પણ ઓટલા પર પ્રિયમને શોધી રહી, પણ પ્રિયમ હવે ક્યાં આવવાની હતી?

પ્રિયમને બહાર બેસી રહેવું પડ્યું એટલે તે દિવસથી શૈલરાજે પોતાનું કોટેજ લોક કરવાનું બંધ કર્યું હતું.

પ્રિયમના ચાલી ગયાના સમાચાર વાંચ્યા છતાં શૈલરાજને સતત એમ લાગ્યા કરતું કે જાણે ગમે ત્યારે પ્રિયમ આવી પહોંચશે અને એટલે જ એમણે હજીયે કોટેજ લોક કરવાનું શરૂ નહોતું કર્યું.

ઘરમાં દાખલ થતાંની સાથે જ એમને લાગ્યું કે જાણે કોઈ આવીને ગયું હતું.

આમ તો શૈલરાજસિંહ પોતે જ બહુ ડિસિપ્લિન્ડ અને વ્યવસ્થિત માણસ હતા. પોતાની વસ્તુઓ ઠેકાણે રાખવી, કોટેજ ચોખ્ખું રાખવું એમને ગમતું. રાજઘરાનામાં ઊછર્યા હોવા છતાં કોઈ માણસની મદદ વગર એકલા અને સારી રીતે જીવી શકતા હતા. એમણે ચારે તરફ જોયું. બધું જ વ્યવસ્થિત, પોતપોતાની જગ્યાએ હતું અને છતાંય હવામાં જાણે કોઈના આવીને ગયાની સુગંધ હતી. થોડીક ક્ષણો પહેલાં જ જાણે કોઈની હાજરી હતી અહીંયાં એવું આ ઘરની હવા એમને કહી રહી હતી!

એક ભ્રમણા હતી એ એવી એમનેય ખબર હતી ને છતાં જાણે મન માનવા જ તૈયાર નહોતું.

શૈલરાજસિંહે એમના કોટેજના ઓપન કિચનમાં ઓમલેટ બનાવવાની તૈયારી કરવા માંડી...

એ જ વખતે જાણે પાછળથી કોઈએ એમના ગળામાં હાથ નાખ્યા હોય એવું એમને લાગ્યું. ચોંકીને પાછળ જોયું-કોઈ નહોતું!

થોડા કાગળો ટેબલ ઉપર આછા-આછા ઊડી રહ્યા હતા. કેટલાય દિવસો પહેલાં પ્રિયમે મૂકેલાં ગૂલછડીનાં ફૂલ ફ્લાવરવાઝમાં સુકાઈ ગયાં હતાં. સ્ટડી-ટેબલ પર મુકાયેલો પ્રિયમનો ફોટો શૈલરાજ સામે એવા એન્ગલમાં જોઈ રહ્યો હતો જાણે એની સામે હસી રહ્યો હોય!

એમને પ્રિયમ છેલ્લી વાર આવી એ દિવસ યાદ આવી ગયો.

એ આવી જ રીતે કિચનમાં પુલાવ બનાવતા હતા.

બારણું ધડાકા સાથે ખૂલ્યું હતું. બેગ ફેંકીને પ્રિયમ આવીને એમના ગળે વળગી હતી. એને કમરમાંથી પકડીને ઊંચી કરી ગોળ ગોળ ફેરવતાં શૈલરાજે એક પ્રગાઢ ચુંબન કર્યું હતું એના હોઠ ઉપર... પ્રિયમે પોતાના બંને પગ શૈલની કમર પર લપેટી દીધા અને શૈલે એને એવી રીતે પકડી હતી જાણે કોઈ બાળક ટેડીબેરને ઊંચકે!... અને પછી શૈલના હોઠ સરકતા ગયા હતા. પ્રિયમના ગળા પર... ગળાથી નીચે અને દાંતથી એનું ટોપ ખસેડીને સ્તનોની કંદરા સુધી...

"છોડ..." પ્રિયમે કહ્યું.

"ઊંહું!" શૈલરાજના હોઠ પ્રિયમનાં સ્તનો પર ભૂરાં ચાઠાં પાડવામાં બિઝી હતા. પ્રિયમનાં આંગળાં શૈલના વાળમાં ફરી રહ્યા હતા. એનો ચહેરો પાછળની તરફ ઝૂકેલો હતો, આંખો બંધ હતી ને હોઠ ખુલ્લા...

"શૈલ..." પ્રિયમે કહ્યું, "કોણ કહે કે આ અમેરિકાથી ભણીને આવેલો માણસ છે? તદ્દન આદિવાસીની જેમ પ્રેમ કરે છે. જડ! જંગલી!"

"એટલે જ તો જંગલ સુધી દોડીને આવવું પડે છે આ જંગલી પાસે... પ્રિયમ, આપણા બધાની અંદર એક આદિમાનવ વસે છે, જે તદ્દન કાચું માસ ખાવા ટેવાયેલો છે. જે જંગલી છે, જેને ઉઝરડા પાડીને, બચકાં ભરીને, નખ બેસાડી દે એવો પ્રેમ કરવો હોય છે... પણ આપણે બધા ધીમે ધીમે એને સંતાડતા જઈએ છીએ અને એટલે જ આપણને બીજા લોકોના સેક્સ સંબંધોમાં રસ પડવા માંડે છે... તું અહીં જે જીવે છે એ તારી ડિઝાયર છે-ઇચ્છા, ઝંખના... અને ત્યાં જે જીવે છે એ તારી ડેસ્ટિની છે-નિયતિ, સત્ય..."

"તું તો મારી જેમ બોલવા માંડ્યો." પ્રિયમે કહ્યું અને શૈલરાજના વાળ પોતાના હાથમાં પકડી એનો ચહેરો પાછળની તરફ ખેંચીને એના ગળા ઉપર એક ચુંબન કર્યું. બીજા હાથે એના શર્ટનાં બટન ખોલી નાખ્યાં... એની ખુલ્લી થઈ આવેલી તાંબાવર્ણી ઘૂંઘરાળા વાળથી ભરેલી પૌરુષી છાતીમાં એણે ચહેરો ખોંસી દીધો... અને છાતી ઉપર એક ચુંબન કર્યું... "શૈલ, કદાચ એટલે જ અહીં સુધી આવું છું. મારી અંદર એક નાગણ છે... જેને લપેટાવું હોય છે અને ડંખ મારવો હોય છે... પણ એવા માણસને, જે ઝેર પચાવી શકે..."

"નાગણ!" શૈલરાજ હસ્યો, "નાગણ નથી, તું વિષકન્યા છે, જેને એક વાર અડે એણે મરે જ છૂટકો. તારી નસ નસમાં ઝેર છે... પ્રેમનું ઝેર, ઝંખનાઓનું ઝેર, તરસનું ઝેર..."

પ્રિયમે શૈલરાજની છાતી પરથી હોઠ સરકાવીને એના ગળામાં દાંત બેસાડી દીધા... "આહ!" શૈલરાજથી કહેવાઈ ગયું.

પ્રિયમે એની પીઠ પર લપેટાયેલા પોતાના હાથના નખ એની પીઠમાં ખોંપીને કહ્યું, "મારી નાખીશ... પાણી પણ નહીં માગે!"

"હવે મરવામાં કંઈ બાકી છે?" શૈલે પ્રિયમને ઊંચકીને પ્લેટફોર્મ પર બેસાડી દીધી...

"એ મિસ્ટર! મને રાંધી નાખવાનો ઇરાદો છે કે શું?"

"ના, કાચી ખાવાનો." શૈલે કહ્યું અને પ્રિયમના ગળા પર ફરી એક ભૂરું ચાઠું ઊપસી આવ્યું.

ઓમલેટ બળી ગઈ હતી. ફ્રાઇંગપેનમાંથી ધુમાડા નીકળી રહ્યા હતા...

શૈલરાજ ચોંક્યો. એણે ફ્રાઇંગપેન પકડવાનો પ્રયત્ન કર્યો, પણ હાથ હેન્ડલને બદલે સીધા પેન પર પડ્યા. દાઝેલા શૈલરાજે હાથથી ધક્કો મારીને પેન ઉથલાવી નાખી અને ગુસ્સામાં એના પર પાણી રેડી દીધું...

પ્લેટફોર્મ પાસેથી નીકળીને એ સ્ટડીટેબલ પાસે આવ્યો. ખુરશી પર પગ મૂકીને એ ટેબલ પર ગોઠવાયો. ટેબલ પર મૂકેલો પ્રિયમનો ફોટો હાથમાં લઈ એકીટશે જોઈ રહ્યો... એની આંખો ભરાઈ આવી. એણે ફોટો છૂટો ફેંક્યો...

"પ્રિયમ... પ્રિયમ... પ્રિયમ..." એણે જોરથી બૂમો પાડી. નીરવ જંગલમાં દૂરથી સુધી એનો અવાજ પડઘાઈ રહ્યો, "શા માટે આવી તું મારી જિંદગીમાં..."

નીચે પડેલો પ્રિયમનો ફોટો તૂટેલા કાચની ફ્રેમમાંથી જોઈને હજીયે એની સામે હસી રહ્યો હતો. શૈલરાજને ઘરમાં અકળામણ થવા લાગી. એને લાગ્યું કે એનો શ્વાસ ગૂંગળાઈ જશે, જો એ આ ફોટાની સામે જોતો બેસી રહેશે તો એનું માથું ફાટી જશે. આજે પહેલી વાર એને પોતાની જાત ઉપર ગુસ્સો આવ્યો. આવા એકાંત સ્થળમાં એને માણસની જરૂર હતી. એક એવો માણસ, જેને એ કહી શકે પોતાની વાત અને પોતે જે રીતે પ્રિયમ વિના તરફડતો હતો એ... આ જંગલની એકલતા પર અને અહીં વસતા આ નિર્જન એકાંત ઉપર એને ખૂબ ગુસ્સો આવ્યો. એ થોડી વાર એમ જ બેસી રહ્યો અને પછી ગુસ્સામાં કોટેજની બહાર નીકળી ગયો.

જીપમાં બેસીને જીપ ચાલુ કરી. રાતના નવ-સવા નવના સુમારે આમ જંગલમાં ભટકવું શૈલરાજ માટે નવી વસ્તુ નહોતી, પણ એ સેફ્ટી ખાતર પોતાની પાસે ટોર્ચ અને એક રિવોલ્વર પણ રાખતો.

આ સમય જંગલી પ્રાણીઓના શિકાર કરવાનો સમય હતો અને શૈલની જીપ સડસડાટ જંગલના રસ્તે જઈ રહી હતી. જંગલના ઊબડ-ખાબડ, હાડકાં તોડી નાખે એવા રસ્તા પર જીપ 70-80 કિલોમીટરની સ્પીડથી જઈ રહી હતી...

શૈલરાજ મનોમન પ્રિયમને ઝંખતો જાણે જંગલમાં ક્યાંક એને શોધી રહ્યો હતો.

એનું મન, એનું શરીર પ્રિયમને માટે તરફડી રહ્યું હતું. એને થયું કે આ જંગલની એક એક કેડી ઉપર એ પ્રિયમના નામની બૂમ પાડે. આ અંધારામાં એને પ્રિયમની બે આંખો તગતગતી દેખાતી હતી. રાતના એના કોટેજમાં બત્તી બુઝાઈ જાય એ પછી પણ જાગતી પ્રિયમની આંખો અંધારામાં એને તાક્યા કરતી. એવી જ રીતે જાણે આજે પણ દરેક ઝાડ પાછળથી, દરેક કેડીના છેવાડે એને પ્રિયમની આંખો દેખાતી હતી. કેડીના છેડેથી જાણે પ્રિયમ ચાલતી ચાલતી આવીને જાણે જીપ સામે ઊભી રહી જતી હતી. હસીને એની સામે જોતી હતી. ચહેરા પર આવેલા વાળ હટાવતી હતી તો ક્યારેક કોઈ ઝાડની ડાળીએ લટકીને જોરથી બૂમ મારતી હતી, "શૈલ, મને નીચે ઉતાર." આ અભયારણ્યમાં વાઘને પાણી પીવા માટે ઊભા કરાયેલાં નાનાં નાનાં અકુદરતી તળાવો હતાં. એવા એક તળાવને છેડે જાણે તળાવમાં પગ બોળીને બેઠેલી પ્રિયમ હાથ હલાવીને શૈલને બોલાવતી હતી અને કહેતી હતી, "આવ શૈલ, આવ... બેસ મારી બાજુમાં." નીરવ જંગલમાં જીપની ઘરઘરાટી ચોતરફ ગૂંજતી હતી. ક્યાંક ખરેખર પ્રિયમ મળી જવાની હોય એમ શૈલ ચારે તરફ ઘાંઘો થઈને જોઈ રહ્યો હતો. અચાનક એની નજર બાજુની સીટ પર પડી. એને લાગ્યું કે જાણે બાજુની સીટમાં બેસીને પ્રિયમ એની સામે સ્મિત કરી રહી છે અને એને પૂછી રહી છે, "ક્યાં શોધે છે મને? હું તો આ રહી, તારી જોડે જ છું, તારી આસપાસ. તું જ્યાં જઈશ ત્યાં હું તો હોઈશ જ શૈલ... મને બહાર ક્યાં શોધે છે? હું તો તારી અંદર છું, તારી ભીતર, તારી રગરગમાં, તારા લોહીના કણેકણમાં, તારી આંખોની કીકીઓમાં, તારા શ્વાસમાં, તારી પથારીની ચાદરમાં પડેલા સળમાં અને તારા રૂમમાંથી આવતી મારી સુગંધમાં... બધે જ છું હું.

મને બહાર શોધવા ક્યાં નીકળ્યો છે? પાછો જા...” શૈલરાજે ઝટકાથી જીપ રોકી દીધી. થોડી મિનિટો એ એમ જ લાઇટ બંધ કરીને અંધારાને માણતા ત્યાં જ ઊભા રહ્યા. એ મખમલી અંધકાર જાણે પ્રિયમના કાળા લાંબા વાળની જેમ એમને ઘેરી વળ્યો. એમણે સીટ ઉપર માથું ઢાળીને આંખો મીંચી દીધી. થોડી વાર એમ જ બેસી રહ્યા. બંધ આંખોની સામે જિવાયેલી કેટલીયે ક્ષણો આવી આવીને પસાર થઈ ગઈ. થોડી મિનિટો એમ જ રહ્યા પછી શૈલરાજે જીપ ચાલુ કરી, રિવર્સ લીધી અને કોટેજ તરફ પાછા જવા લાગ્યા.

એણે કેસેટ પ્લેયરમાં પડેલી એક કેસેટ અંદર નાખી... અને પ્રિયમનો અવાજ આટલી સ્પીડે જતી જીપમાં પણ ગૂંજી રહ્યો.

“તારા નામના ફોરા પડે, આ ધગધગતી તરસના તળાવમાં,
સ્પંદન થાય તારી ઝંખનાનાં,
ને ખોબે ખોબે એ તરસ મારા લોહીમાં ભળીને
મારી રગરગમાં એક શોષ વહેતો મૂકે
ને હું
તારા નામના તળિયે ડૂબી જાઉં
નિર્જીવ પથ્થરની જેમ.
તારા સ્પર્શની લપસણી શેવાળથી વીંટળાઈને સદીઓ સુધી એમ જ... ત્યાં જ...
તારા નામના તળિયે જીવ્યા કરું.”

હજી શૈલરાજ એ કેસેટ બંધ કરે તે પહેલાં એને અચાનક સમજાયું કે એ પ્રિયમના કોટેજની સામે આવીને ઊભો હતો.

એ કોટેજ જે પ્રિયમના પતિએ પ્રિયમ માટે બંધાવ્યું હતું.

એ કોટેજ જેમાં પ્રિયમ ક્યારેય રહેતી નહોતી.

એ કોટેજ... જેમાં અત્યારે લાઇટ ચાલુ હતી!

“કોણ હશે?” શૈલરાજના મનમાં સવાલ થયો... એ ત્યાં જ ઊભો હતો. પ્રિયમના અવાજમાં ચાલતી કેસેટ જંગલમાં ગૂંજી રહી હતી...

“તારા સ્પર્શની લપસણી શેવાળથી વીંટળાઈને સદીઓ સુધી એમ જ... ત્યાં જ...
તારા નામના તળિયે જીવ્યા કરું.
તારા વગર ગૂંગળાતી...
જલપરીની જેમ પાણી વગર તરફડતી...
પાણીમાં સરી જતી રેતીની જેમ...
તારા નામના તળિયે જીવ્યા કરું...”

*

6

કેસેટ પ્લેયરમાં પ્રિયમનો અવાજ ગૂંજી રહ્યો હતો. નિરવ શાંતિમાં એ અવાજ પડઘાતો જતો હતો. જંગલની કેડીઓના અંધકારને ચીરતી જીપની લાઇટના લિસોટા પડતા જતા હતા. કેડીઓની બંને તરફ આવેલાં ઝાડ પણ જાણે પ્રિયમનો અવાજ સાંભળવા ઝૂકી ઝૂકી આવતાં હતાં.

અનાયાસે શૈલરાજની જીપ પ્રિયમના કોટેજ તરફ જતી કેડી પર ચડી ગઈ. એને પોતાને પણ ખ્યાલ ના રહ્યો કે એ આ દિશામાં શું કામ આવ્યો. જીપની ગતિ એટલી હતી કે થોડીક જ ક્ષણોમાં શૈલરાજ ત્યાં આવીને ઊભો રહી ગયો.

આ એ કોટેજ હતું જેમાં પ્રિયમ ભાગ્યે જ રહી હતી. રણથંભોરનાં જંગલોનું એનું આકર્ષણ જાણતા એના પતિએ પ્રિયમ માટે આ કોટેજ બંધાવ્યું હતું. જંગલો શરૂ થતાં જ મુખ્ય રસ્તાની સહેજ જ આગળ સુંદર કંપાઉન્ડ અને જેસલમર પથ્થરોનું બનેલું આ કોટેજ, લાકડાની સરસ ફેન્સ કરીને બનાવેલું કંપાઉન્ડ, કંપાઉન્ડમાં હીંચકો અને કોટેજની આગળ મોટી ઓસરી કે રવેશ પ્રકારની સહેજ ઊંચાણવાળી જગ્યા. સુંદર રીતે ડિઝાઇન કરાયેલું આ કોટેજ મોટે ભાગે બંધ જ રહેતું. ભાગવત્સના કોઈ ખાસ મહેમાનો રણથંભોર તરફ આવતા હોય તો કદાચ વપરાતું હશે આ કોટેજ. બાકી જે દિવસથી શૈલરાજને મળી હતી પ્રિયમ, એ પછી ક્યારેય અહીં રહી નહોતી... શૈલરાજ ઘણી વાર અહીંથી પસાર થતો. એ પણ લગભગ ભૂલી ગયો હતો કે આ કોટેજ પ્રિયમનું હતું. પ્રિયમ જ્યારે જ્યારે રણથંભોર આવતી ત્યારે મેઇન્ટેનન્સ માટે કે સાફસૂફ કરવા માટે ક્યારેક ખોલાવતી આ કોટેજ, પણ શૈલ ક્યારેય નહોતો ગયો આ કોટેજની અંદર. શૈલરાજની જીપ કોટેજની સામે ઊભી હતી. એની નજર પડી અને એ ચોંકી ગયો. હતું તો આ પ્રિયમનું જ કોટેજ. એમાં ભૂલ થવાની સંભાવના નહોતી.

તો પછી?

એ કોટેજ... જેમાં અત્યારે લાઇટ ચાલુ હતી!

"કોણ હશે?" શૈલરાજના મનમાં સવાલ થયો, "આ સમયે પ્રિયમના કોટેજમાં કોઈ હોઈ જ કેવી રીતે શકે?"

પ્રિયમનું આ કોટેજ આમ તો શૈલરાજ માટે અજાણી જ જગ્યા હતી. આ તરફથી પસાર થતાં કદીક એની તરફ નજર પડતી એટલું જ. એ સિવાય આ કોટેજ સાથે શૈલરાજને બહુ લેવાદેવા નહોતી.

"અંદર જાઉં?" એણે જાતને જ પૂછ્યું.

પ્રિયમ વિશે કશાયની નવાઈ લાગે એમ નહોતી. પ્રિયમ ઘણી વાર અણધારી આવતી ને અણધારી જતી રહેતી.

આજે પણ જાણે પ્રિયમ આ દુનિયામાં જ હોય અને અચાનક આવીને ઊભી રહી ગઈ હોય એવું શૈલરાજના મનને લાગવા માંડ્યું. છાપાંઓમાં વાંચેલા સમાચાર છતાં શૈલના મનને જાણે એવું લાગ્યું કે પ્રિયમ છે જ... મન હજી માનવા જ તૈયાર નહોતું. બની શકે ન્યૂઝ ખોટા હોય...

શૈલરાજે જીપની હેડલાઇટ બંધ કરી દીધી. ત્યાં જ ઊભો રહ્યો... વિચારતો રહ્યો અંદર જવું કે નહીં, પછી થોડી વાર રહીને એ ગાડીમાંથી નીચે ઊતર્યો. એણે આમતેમ જોયું. કોઈ વાહન, માણસના હોવાની કોઈ નિશાની દેખાતી નહોતી. શૈલરાજને નવાઈ લાગી, "કોણ હોઈ શકે?"

પ્રિયમ બધાને છોડીને પોતાની સાથે અહીં રહેવા આવી ગઈ હોય... એ એક મિનિટ દરમિયાન શૈલરાજને સેંકડો વિચાર આવી ગયા.

"શૈલ... હું ક્યારેક કાયમ માટે તારી સાથે રહેવા આવી જાઉં તો?"

"તો મારું હાર્ટફેઇલ થઈ જશે."

"સુખ કે દુ:ખથી?"

"સ્ટૂપીડ, સુખથી..." શૈલરાજ પ્રિયમની સામે એવી રીતે જોઈ રહેતો, જાણે પ્રિયમ કોઈ વ્યક્તિ નહીં, આકાશમાં દેખાતો તારો હોય, "પ્રિયમ, તારી સાથે જીવવું... સવારે આંખ ઊઘડે અને તું મારા પડખામાં હોય, મારા ખભે માથું મૂકીને ઘસઘસાટ ઊંઘતી હોય... તારે ક્યાંય નથી જવાનું એવી નિરાંત સાથે ઊંઘતી હોય એ સપનું મેં વારંવાર જોયું છે."

"બહુ સપનાં નહીં જોવાનાં."

"કેમ?" શૈલરાજે પ્રિયમની સામે નવાઈથી જોયું.

"એટલા માટે કે પછી એ જ સપનાં સાચાં પડે એવી ઇચ્છા રાખતા થઈ જઈએ..."

"એમાં ખોટું શું છે?"

"શૈલ, સપનું જ્યાં સુધી સપનું રહેને ત્યાં સુધી એના રંગો મોહક લાગે છે. મેઘધનુષની જેમ એ જ સપનું હાથમાં પકડવા જાવ તો પાણીનાં બે-ચાર ટીપાં સિવાય હાથમાં કંઈ નથી આવતું. પાણીનાં ટીપાંઓમાંથી સૂર્યનાં કિરણ પસાર થાય ત્યારે મેઘધનુષ બને છે. એવી જ રીતે ઝંખનાઓમાંથી જ્યારે સપનાં પસાર થાય ત્યારે એને મેઘધનુષની જેમ જોઈ લેવાનાં, પકડવાની જીદ નહીં કરવાની."

શૈલરાજને લાગ્યું કે પ્રિયમની આંખો કદાચ ભીની થઈ ગઈ હતી.

શૈલે બે હાથ વચ્ચે પ્રિયમનો ચહેરો પકડી લીધો, પોતાની એકદમ નજીક લઈ આવ્યો અને એની આંખોમાં આંખો નાખીને પૂછ્યું, "તું નથી જોતી સપનું? મારી સાથે જીવવાનું?" પ્રિયમ હસી પડી, એટલું બધું હસી કે એની આંખોમાં પાણી આવી ગયાં.

"હું તો તારી સાથે જ જીવું છું-રાત-દિવસ..." અને પછી એણે શૈલરાજની છાતીમાં માથું સંતાડી દીધું. જોકે ક્યાંય સુધી પ્રિયમની આંખોનાં પાણી શૈલરાજની છાતી ભીંજવતાં રહ્યાં એ જુદી વાત હતી.

આદિવાસીઓની વસ્તી હતી આ. "સતત બંધ રહેતું મકાન જોઈને કોઈ તાળું તોડીને અંદર રહેવા તો નહીં માંડ્યું હોય?" શૈલરાજને વિચાર આવ્યો, "મારી પ્રિયમનું મકાન હતું આ. મારી પ્રિયમ સિવાય અહીં રહેવાનો બીજા કોઈને અધિકાર નથી. જે હશે એના ટાંટિયા તોડી નાખીશ, ગોળીએ દઈશ, એણે અચાનક પોતાના બેલ્ટની આજુબાજુ હાથ ફેરવ્યો." આજે એ રિવોલ્વર લઈને નીકળવાનું ભૂલી ગયો હતો.

"શીટ... કોણ રહેતું હશે અંદર? રિવોલ્વર લીધા વિના જવું હિતાવહ ગણાય? જે હોય તે, લડી લેવાનું, પણ મારી પ્રિયમના મકાનમાં બીજું કોઈ એક મિનિટ પણ કેવી રીતે રહી શકે?"

શૈલે નજીકમાં પડેલી ઝાડની મોટી ડાળી ઉઠાવી અને ધીમે ધીમે કોટેજના દરવાજા તરફ આગળ વધવા માંડ્યો. દરવાજાની પાસે આડશમાં ઊભા રહીને એણે અંદર જોયું. કોઈ ખાસ હલચલ દેખાતી નહોતી. ધીમે રહીને એણે બારણાની તિરાડમાંથી અંદર જોયું. અજવાળું હતું. સુંદર રીતે સજાવાયેલું કોટેજ ચોખ્ખું લાગતું હતું, પણ કોઈ દેખાતું નહોતું. હવે શૈલરાજની ધીરજ ખૂટી હતી. એણે ધડાકાભેર બારણાને લાત મારી અને અંદર ઘૂસી ગયો.

અંદર જઈને એણે જોયું... આમતેમ ચારેબાજુ... ત્રીસ બાય ત્રીસનો મોટો ઓરડો, એની સાથે જ જોડાયેલું રસોડું, ખૂણામાં નાનકડો સ્ટડીકૉર્નર, જ્યાં વ્યવસ્થિત રીતે પુસ્તકો ગોઠવેલાં હતાં. સ્ટડીકૉર્નરની બિલકુલ

પાછળ એક ફોટોગ્રાફ હતો, સુંદર... મોટો... સોનેરી ફ્રેમમાં જડેલો... લાલ રંગની સાડી પહેરીને દુલ્હન બનેલી પ્રિયમ ઊભી હતી. એની બિલકુલ બાજુમાં એના ખભાની આસપાસ હાથ લપેટીને એક યુવાન ઊભો હતો. તીખું નાક, ભૂખરી આંખો,ખાસ્સો દેખાવડો કહી શકાય એવો હતો એ છોકરો. શૈલરાજને સમજતાં વાર ના લાગી કે એ આદિત્ય ભાગવત હતો... પ્રિયમનો વર...

આ માણસ એની પ્રિયમ સાથે જીવ્યો હતો. એની પ્રિયમ આ માણસની પત્ની હતી.

પ્રિયમનું શરીર આ માણસની હથેળીઓનો સ્પર્શ પામતું હતું, આ માણસના પડખામાં પ્રિયમની સવાર થતી હતી.

જાહેર સમારંભોમાં કે બીજી કેટલીય જગ્યાઓએ આની પત્ની તરીકે ઓળખાઈ હશે પ્રિયમ... જેને એ 'મારી પ્રિયમ' કહેતો હતો એ ખરેખર આ માણસની પ્રિયમ હતી!

આ નસીબદાર માણસ હકપૂર્વક પ્રિયમની જિંદગીમાં, એની જિંદગીનો ભાગ બનીને જીવ્યો હતો.

શૈલ એકીટશે પ્રિયમના ચહેરા સામે જોઈ રહ્યો.

શૈલરાજનું મન ઈર્ષ્યાથી ભરાઈ આવ્યું. આજ સુધી ક્યારેય શૈલને પ્રિયમના પતિની ઈર્ષ્યા નહોતી આવી અથવા આવી હતી તો પળ-બે પળ માટે, પરંતુ આજે નજર સામે એનો ચહેરો જોઈને શૈલને થયું કે જો એ હાજર હોત તો એને ગોળી મારી દેત.

એને પુરાણા રોમનો એ નિયમ યાદ આવી ગયો, જેમાં ગમતી સ્ત્રી માટે બે પુરુષોને લડી લેવાની છૂટ હતી, જે જીતે એને એ સ્ત્રી મળતી...

પછી શૈલને વિચાર આવ્યો, "એમ જિતાયેલી વસ્તુ તરીકે જીવી હોત પ્રિયમ? પ્રિયમ તો એની મરજીની માલિક હતી. હવાની જેમ, બધે જ હાજર, છતાં ક્યાંય નહીં... વરસાદની જેમ-એની મરજીથી વરસે, તમારી તરસે ના વરસે..."

એની આંખોમાં ભરાઈ આવતાં ઝળઝળિયાંને કારણે કે પછી સ્મૃતિપટ પર આવી ગયેલા એક દૃશ્યને કારણે પણ સામેનો ફોટોગ્રાફ ધૂંધળો થવા લાગ્યો...

મહાદેવના મંદિરનાં પગથિયાં ચડતાં પ્રિયમ વારંવાર શૈલરાજના ખભાનો સહારો લેતી હતી.

બરાબર એક હજાર ને એક પગથિયાં હતાં આ મંદિરનાં... એમ કહેવાતું કે આ મંદિરનું બહુ સત હતું. માગ્યું મળતું અહીંયાં...

શૈલરાજ વારંવાર પ્રિયમને કહેતો, અહીં આવવા માટે. એ જ્યારે રણથંભોર આવતી ત્યારે શૈલરાજ આ મંદિરમાં આવવાની વાત કરતો અને પ્રિયમ ટાળી દેતી.

"ભગવાન પાસે ફરી ક્યારેક જઈ આવીશ, હમણાં તો તને મળવા આવી છું. મને વહાલ કર. મારી પાસે બે જ દિવસ છે."

"ખરી છે તું... ત્રણ દિવસની સફર કરીને બે દિવસ મારી સાથે રહેવા આવે છે."

"ખરેખર એ સફર સફર જેવી જ હોય છે."

"સમજ્યો નહીં."

"અરે! એક સફર ગુજરાતીમાં અને બીજી અંગ્રેજીમાં. હેરાન થતી થતી પ્રવાસ કરું છું..."

"અહીં ટ્રેન આવે છે, ગાડી લઈને શું કામ આવે છે દર વખતે..."

"આઇ લવ ડ્રાઇવિંગ... 150-170ની સ્પીડે ગાડી જાયને ત્યારે લાગે કે હવા તમને અડકીને પસાર થઈ જાય છે અને દરેક વખતે પસાર થતાં હવા મારા કાનમાં કહેતી જાય છે..."

"સ્ટૂપીડ... શું કહે છે?"

"કહે છે..." પ્રિયમે તોફાની નજરે શૈલની આંખોમાં જોયું, "તારી પાસે બહુ સમય નથી પ્રિયમ... ઝડપથી જીવી લે..."

"દર વખતે આવી વાત ના કર..." શૈલ ઇમોશનલ થઈ ગયો.

"ખરું કહું છું શૈલ, મને પોતાને ક્યારેક મારી ઝડપથી બીક લાગવા માંડે છે. મને ઝડપથી ચાલતી ગાડીમાં દરેક વખતે વિચાર આવે છે કે બ્રેક ફેઇલ થઈ જાય તો શું થાય?"

"બસ." શૈલ ખરેખર ડરી ગયો હતો. વારંવાર સમજાવવા છતાં પ્રિયમ ગાડી લઈને જ રણથંભોર આવતી. પ્રિયમ જે ઝડપે ગાડી ચલાવતી એ ઝડપે ગાડી ચલાવવાનું ભલભલા પુરુષોનું પણ ગજું નહોતું. કારરેસ અને કાર સફારી પ્રિયમના ગાંડા શોખ હતા. ઝડપનું ગજબ આકર્ષણ હતું એને...

"એક વાત કહું?" એણે શૈલ સામે જોયું.

"બોલ." શૈલ હજુયે પ્રિયમની એ વાતના આઘાતમાંથી બહાર નહોતો આવ્યો.

"હું જો આટલી જ ઝડપે તારામાંથી પસાર થઈને આરપાર નીકળી જાઉં તો મને માફ કરી દેજે." એણે શૈલના ગળામાં હાથ નાખી દીધા. સીડી ચડતાં પગથિયાની સાઇડમાં નાની નાની ઓટલીઓ જેવું કરેલું હતું. ઓટલીઓ પર મોટાં મોટાં ઝાડ રોપીને ચબૂતરા બનાવ્યા હતા. ચડતાં યાત્રિકો વિસામો કરી શકે અથવા ખાવા-પીવા માટે એ ઓટલીઓનો ઉપયોગ થઈ શકે એવું વિચારીને એ ઓટલીઓ બનાવાઈ હોય. પ્રિયમે શૈલરાજને ધક્કો મારીને એક ઓટલી પર આડો પાડી દીધો. પછી પોતાના બંને હાથ એના ગળામાં જ રાખીને એ પણ એના પર લસરી ગઈ.

"શું કરે છે?"

"પ્રેમ..."

"તું પણ! ગમે ત્યાં પ્રેમ કરવા માંડે છે."

"ગમે ત્યાં એટલે શું? પ્રેમને સ્થળ-કાળ નથી હોતા સ્ટૂપીડ, એ તો જ્યાં થાય ત્યાં થઈ જાય. જેની સાથે થાય એની સાથે થઈ જાય. બાકી અહીં રણથંભોરમાં-જંગલમાં તારા જેવા સાવ જડ-અલ્લડ શિકારીની સાથે મારા જેવી સુંદરીનો પ્રેમ થાય?"

"ન જ થાય, પણ સુંદરીમાં બુદ્ધિ ના હોય અને એ રણથંભોરનાં જંગલોમાં એકલી રખડવા નીકળી પડે, જે શિકારી એને વાઘથી બચાવે એની સાથે એનો પ્રેમ થઈ જ જાય. તને ખબર છે પ્રિયમ, તું ખોટી ડરી ગઈ હતી. એ વાઘ તને કશું નહોતો કરવાનો."

"તને કેવી રીતે ખબર? તને કહ્યું હશે નહીં વાઘે?"

"અરે મૂરખ! એ વાઘ પણ તને જોઈને મારી જેમ જ ડઘાઈ ગયેલો..."

"કેમ?" પ્રિયમ હજીયે એના ઉપર જ હતી. શૈલરાજનું કમરથી ઉપરનું શરીર ઓટલી ઉપર અને કમરથી નીચેનું શરીર ઊભું હતું. નહીં ઊભો, નહીં સૂતેલો એવી ઓકવર્ડ પોઝિશનમાં હતો શૈલ. પથ્થરની ઓટલીની ધાર એની કમરમાં ઘસાતી હતી. પ્રિયમના શરીરનું વજન પ્રત્યેક ક્ષણે એની છાતી પર, એની કમર પર વધતું જતું હતું, પણ એની આંખોમાં આંખો નાખીને એને જોઈ રહેલી પ્રિયમનો નશો અવર્ણનીય હતો. પ્રિયમના વાળ

એના ચહેરા પર વીખરાઈ ગયા હતા. સીડી ચડીને લાગેલા થાકને કારણે એના કપાળ પર અને એના હોઠ નીચે થોડાં પરસેવાનાં બુંદ જામ્યાં હતાં. એની આંખોમાં એક આમંત્રણ હતું. એના અધખુલ્લા હોઠ શૈલને જોઈ રહ્યા હતા...

શૈલે અચાનક પ્રિયમના વાળમાં હાથ નાખ્યો, ઝટકા સાથે ઊઠ્યો અને પોતાના શરીરનું વજન પ્રિયમના શરીર પર નાખીને એને ધકેલતો ધકેલતો પગથિયાની બીજી તરફ લઈ ગયો. લગભગ દસ ફૂટની પહોળાઈનાં પગથિયાંમાં એક તરફથી બીજી તરફ ધકેલાતી પ્રિયમના હોઠ શૈલના હોઠમાં બંધ થઈ ગયા હતા.

“ઊંહ... ઊંહ... ઊંહ...” પ્રિયમથી માત્ર એટલું જ થઈ શક્યું. હવે શૈલે એને ઓટલી પર ધક્કો માર્યો અને નીચે પાડી દીધી. એના પગ ઊંચકીને સરખા કર્યા અને પછી પોતાના શરીરનું વજન એના પર નાખીને ફરી એક ગાઢ ચુંબન કર્યું.

“શું કરે છે?” પ્રિયમે માંડ પોતાની જાતને છોડાવી. એના શ્વાસ તેજ થઈ ગયા હતા. શૈલની આંગળીઓ એના ટોપના બટન સુધી આવી ગઈ હતી...

“પ્રેમ...” શૈલે એના ટોપનું પહેલું બટન ખોલી નાખ્યું. એની ગળા નીચેની તસતસતી ચામડી ચોખ્ખી દેખાતી હતી.

“તું તો ક્યાંય પણ પ્રેમ કરે છે...” પ્રિયમે શૈલને સહેજ ધક્કો મારવાનો પ્રયત્ન કર્યો.

“સ્ટૂપીડ... પ્રેમને સ્થળ-કાળ નથી હોતાં.” શૈલના શબ્દો જાણે પ્રિયમના ગળાથી નીચે સરકતા જતા હતા. એના ખભા ઉપર, ખભાથી નીચે શૈલના હોઠ કવિતા લખી રહ્યા હતા.પ્રિયમના હાથ શૈલની પીઠ પર વીંટળાયેલા હતા...

“શૈલ...” પ્રિયમના અવાજમાં ગજબનો ઉન્માદ હતો.

“પ્રિયમ...”

શૈલ અને પ્રિયમ ત્યાં જ મંદિરના કોઈ એક પગથિયાની ઓટલી પર કેટલીય ક્ષણો એકબીજામાં ખોવાયેલાં રહ્યાં. પછી કોઈના ચડવાનો, ચડતાં ચડતાં હાંફવાનો અવાજ સાંભળીને શૈલે પ્રિયમને છોડી દીધી.

વીખરાયેલા વાળમાંથી ક્લિપ કાઢીને વાળમાંથી ઝાંખરાં અને ધૂળ સાફ કરતાં પ્રિયમ હસી પડી.

“ડરી ગયો?” એણે શૈલને પૂછ્યું.

“મેં તારાથી વધારે સેન્સ્યુઅસ સ્ત્રી બીજી નથી જોઈ. તું મને ગમે ત્યાં, કોઈ પણ સ્થળે પાગલ બનાવી મૂકે છે... હું સ્થળ-કાળનું ભાન ભૂલી જાઉં છું.”

“એનું જ નામ પ્રેમ!” પ્રિયમ ખડખડાટ હસતી હતી. એનું ટોપ ધૂળ ધૂળ થઈ ગયું હતું. પાછળથી થોડું ચિરાયું પણ હતું. વાળમાં નાના નાના ગોખરું અને ઝાંખરાં ભરાઈ ગયાં હતાં. એણે શૈલરાજને કહ્યું, “હવે શું કામ ભગવાન પાસે જવું છે? ચાલ, અહીંથી જ પાછાં વળી જઈએ.”

“મેં તારા જેટલી નાસ્તિક સ્ત્રી નથી જોઈ બીજી.”

“બીજી જન્મી જ નથી તો તું જુએ ક્યાંથી? ને તને કહી દઉં, મારા જેવી સ્ત્રી બીજી જન્મવાનીયે નથી. ગયાં સો વર્ષમાં અને આવનારાં સો વર્ષમાં...”

“કેટલું સાચું કહ્યું હતું પ્રિયમે... ક્યાંથી લાવવી આવી બીજી સ્ત્રી? સર્વાંગ સંપૂર્ણ આખેઆખી ‘સ્ત્રી!” ફોટાની સામે ઊભેલો શૈલરાજ વિચારી રહ્યો હતો.

એણે ક્યારેય નહોતું વિચાર્યું કે એના જીવનમાં આવી રીતે કોઈ સ્ત્રી આવશે. એ ખોવાઈ જશે એ સ્ત્રીમાં. જાતને ભૂલી જવાય એટલી હદે, અને પછી એક દિવસ સાવ એકલો-અટૂલો-અધૂરો થઈને ઊભો રહેશે આ ભરી દુનિયાની વચ્ચે...

"પ્રિયમ્ મ્ મ્ મ્..." શૈલરાજે જોરથી ચીસ પાડી. એનું માથું ચક્કર ચક્કર ભમતું હતું. જાણે હજારો વીંછી એકસામટા શરીરમાં ડંખતા હતા. પગ નીચેની જમીન જાણે લ્હાય લ્હાય થઈ ગઈ હતી. લોહી નસો ફાડીને બહાર વહેવા માંડશે એવો ભય લાગ્યો એને. એનું આખું શરીર પરસેવે લથપથ થઈ ગયું. ગળું સુકાતું હતું.

"પ્રિયમ... પ્રિયમ... પ્રિયમ..." એનું રોમરોમ પોકારતું હતું, "કેમ જિવાશે એના વિના?" શૈલરાજ ઘાંઘો-વાંઘો થઈ ગયો હતો. એ માથું પકડીને ત્યાં જ ફોટાની પાસે જમીન પર બેસી ગયો...

એણે ફરી બૂમ પાડી, "પ્રિ...ય...મમમમ..." અવાજ જાણે આખા ઘરમાં પડઘાયો.

"કોણ છે?" ઝભ્ભો-લેંઘો પહેરેલો એક માણસ બાથરૂમમાંથી બહાર નીકળ્યો. એના ખભે ભીનો ટુવાલ હતો. ભીના વાળમાંથી હજી પાણી ટપકતું હતું.

શૈલરાજે માંડ માંડ આંખો ઉઘાડી અને એ માણસને જોવાની, ઓળખવાની કોશિશ કરી.

એની આંખે અંધારાં વળતાં હતાં.

એ પોતાના પર ઝૂકેલા માણસને ઓળખી શક્યો નહીં... એની નજર સામે તો માત્ર એક જ ચહેરો રહી રહીને તરવરતો હતો. એ ચહેરો પ્રિયમનો હતો.

શૈલરાજની આંખો મિંચાઈ ગઈ.

કેટલાય દિવસથી મનમાં સંઘરી રાખેલી પીડાને જાણે પચાવી ના શક્યો હોય એમ શૈલરાજ બેભાન થઈ ગયો...

શૈલરાજની આંખ ખૂલી ત્યારે એ પ્રિયમના જ કોટેજમાં એક પલંગ પર સૂતો હતો. એની બાજુમાં એ જ માણસ બેસીને કંઈ વાંચી રહ્યો હતો જેને એણે બેભાન થતાં પહેલાં જોયો હતો. આંખ ઊઘડતાં જ શૈલરાજે એ માણસને ઓળખી કાઢ્યો.

એ આદિત્ય હતો.

આદિત્ય ભાગવત.

પ્રિયમનો પતિ.

શૈલરાજની પ્રિયમનો પતિ!

*

7

શૈલરાજની આંખ ખૂલી ત્યારે એ પ્રિયમના જ કોટેજમાં એક પલંગ પર સૂતો હતો. એની બાજુમાં એ જ માણસ બેસીને કંઈ વાંચી રહ્યો હતો જેને એણે બેભાન થતાં પહેલાં જોયો હતો. આંખ ઊઘડતાં જ શૈલરાજે એ માણસને ઓળખી કાઢ્યો.

એ આદિત્ય હતો.

શૈલરાજની પ્રિયમનો પતિ!

શૈલરાજે આંખો ખોલીને ફરી એક વાર બંધ કરી દીધી. એને જાણે આ સત્યથી ભાગી છૂટવું હતું. જે માણસનું નામ પણ પ્રિયમે એની પાસે ક્યારેય ના લીધું એ આજે આખેઆખો એની સામે ઊભો હતો અને શૈલરાજ એના ચહેરામાં પ્રિયમનો ચહેરો જોઈ રહ્યો હતો.

આ કોટેજ પ્રિયમના પતિએ બંધાવ્યું હતું... એની પ્રિયમના પતિએ.

પ્રિયમ ભાગ્યે જ અહીં રહી હશે, પણ આ માણસને એની કદાચ ખબર નહીં હોય... શૈલ એની સામે જોઈને વિચારી રહ્યો હતો, "આ માણસ જાણતો હશે પોતાની પત્નીની બેવફાઈ વિશે?"

"પણ એને બેવફાઈ કહેવાય કેવી રીતે?" શૈલના જ મને દલીલ કરી, "પ્રિયમ તો પોતે જ બે મન સાથે જીવી હતી..."

આ કોટેજ શૈલ માટે જાણે અજાણ્યું હતું અને છતાં એની નજર ફરતાં જ આ કોટેજના એકેએક ઇંચમાં જાણે પ્રિયમ શ્વાસ લેતી હતી. એનાં ટેરવાંનો સ્પર્શ, એનું ખડખડાટ હાસ્ય, એની ઊલળતી આંખો, અછડતા સ્પર્શમાંય થરથરી ઊઠતી એની ત્વચા, આ આખા કોટેજની અંદર જાણે વીખરાયેલા પડ્યા હતા અને સાથે જ જોડાયેલો ઊભો હતો એક માણસ.

એ માણસ, જે એની પ્રિયમનો પતિ હતો! આ કોટેજનો માલિક.

એની પ્રિયમનો પણ માલિક હતો એ? શૈલનું મન જાણે અકળાઈ ઊઠ્યું.

ગઈ કાલ સુધી આ માણસ એક કલ્પના હતો. સો ચહેરા હતા એને, પણ હવે એ કલ્પના નહીં, સત્ય હતું. એ માણસ એની પ્રિયમ સાથે જિંદગીનાં દસ વર્ષ ગાળી ચૂક્યો હતો!

શૈલરાજને કોઈ રીતે આંખ નહોતી ખોલવી. એને નહોતો જોવો આદિત્યને. એને ભાગી છૂટવું હતું ત્યાંથી, હમણાં જ, આ પળે જ...

એની અંદરથી એક એવો જબરદસ્ત ધક્કો વાગ્યો કે એ ઝટકાથી ઊભો થઈ ગયો.

"ઇઝી, ઈઝી..." આદિત્ય ભાગવતે એને બાવડેથી પકડ્યો.

"ઉફ! આ માણસનો સ્પર્શ! આ જ હાથે અડ્યો હશે ને મારી પ્રિયમને! આ હથેળીઓમાં હજી એની ત્વચાની સુગંધ હશે કદાચ." અનિચ્છાએ શૈલરાજે ઝટકો મારીને હાથ છોડાવ્યો, "મારે... મારે જવું છે."

"જતા રહેજો, હું રોકવાનો નથી તમને. પણ તમે હમણાં જ બેભાન થઈ ગયા હતા. લગભગ વીસ મિનિટ બેભાન રહ્યા. તમારી તબિયત સારી નથી. પાંચ-દસ મિનિટ બેસીને ચા-પાણી પીને નીકળો."

"ના, ના... આઈ વૉન્ટ ટુ ગો." શૈલરાજ અહીંયાં એક મિનિટ પણ રોકાઈ શકે એમ નહોતો. એ ઊભો થયો અને દરવાજા તરફ જવા લાગ્યો.

"પણ તમે અહીંયાં આવ્યા કેવી રીતે?" આદિત્યએ પૂછ્યું, "તમે પ્રિયમના નામની બૂમ પણ પાડી હતી... તમે ઓળખતા હતા પ્રિયમને?"

"હેં?" શૈલ બાઘા જેવો થઈ ગયો હતો. આ માણસ કંઈક કહી રહ્યો હતો, પણ શૈલને જાણે કશું સંભળાતું જ નહોતું.

"હું તમને પૂછું છું, તમે જાણતા હતા પ્રિયમને? મારી પ્રિયમને?"

શૈલને ચીસ પાડીને જવાબ આપવો હતો, "એ તમારી નહીં, મારી પ્રિયમ હતી." પણ એ કશું બોલ્યો નહીં. ચૂપચાપ જાણે કશું સમજ્યો જ નહોતો એવી રીતે જોતો રહ્યો.

"અહીં જ રહો છો? રણથંભોરમાં?"

શૈલ આદિત્ય સામે એકીટશે જોતો રહ્યો માત્ર.

"પ્રિયમ અહીં બહુ આવતી. આ જંગલ સાથે જોડાયેલી હતી જાણે એ."

"સ્ટૂપીડ, એ જંગલ માટે નહોતી આવતી, એ મારા માટે આવતી હતી. મને મળવા. તને છોડીને..." શૈલના ચહેરા પર એક બહુ જ નાનું પણ કડવું સ્મિત આવી ગયું.

"તમે અહીં કેવી રીતે આવ્યા?" આદિત્ય ફરી પૂછી રહ્યો હતો..."અને આ તસવીર જોતા હતા ત્યારે તમે..." આદિત્ય શૈલની સામે એવી રીતે જોઈ રહ્યો, જાણે એની આરપાર જોતો હોય.

"તમને પ્રિયમ વિશેના સમાચાર તો મળ્યા જ હશે." આદિત્યની આંખો ભરાઈ આવી.

"મળ્યા છે ને?"

શૈલરાજને આ જ પ્રશ્નનો ભય હતો! એ જાણતો હતો કે આ સવાલ આવશે. પ્રિયમ હોત સાક્ષાત્, જીવતી-ધબકતી તો એ આદિત્ય ભાગવત સાથે લડી લેત પ્રિયમ માટે, પણ હવે એને કંઈ કહેવાનો અર્થ નહોતો. એ હવે શૈલરાજ અને પ્રિયમના સંબંધો વિશે જાણે તોય શું અને ના જાણે તોય શું?-શૈલરાજને વિચાર આવ્યો.

"તમે કહ્યું નહીં, તમે પ્રિયમને કેવી રીતે ઓળખતા હતા..." આદિત્ય જાણે શૈલની ઊલટતપાસ કરવા બેઠો હતો. શૈલને સમજાતું નહોતું કે એ આદિત્યના કયા સવાલનો જવાબ આપે અને કેવી રીતે આપે...

"ખબર નથી હું અહીં કેવી રીતે આવ્યો. પછી અમસ્તો જ આમતેમ જોતો હતો અને પછી અચાનક જ બેભાન થઈ ગયો." આ બોલતી વખતે શૈલરાજને અચાનક જ જાણે પ્રિયમનું ખડખડાટ હાસ્ય સંભળાયું, એણે શૈલરાજના નાક ઉપર આંગળી મૂકીને શૈલરાજને ધક્કો માર્યો, "જુટ્ઠો!"

શૈલરાજ જાણે ખરેખર ધક્કો વાગ્યો હોય એમ એક ક્ષણ માટે પાછળ હટી ગયો. આદિત્યની આંખોમાં સ્પષ્ટ દેખાતું હતું કે એણે શૈલરાજની વાત માની નથી... પણ આગળ ચર્ચા કરવાની એણે ટાળી દીધી.

શૈલ ઊભો થઈ ગયો. એને પોતાનું જ બાલિશ જુટ્ઠાણું હાસ્યાસ્પદ લાગ્યું.

"જુટ્ઠું કોણ નથી બોલતું?" શૈલરાજને પ્રિયમ સાથે થયેલો સંવાદ યાદ આવી ગયો, "તું નથી બોલતી તારા વર સાથે?"

"જરાય નહીં."

"જુટ્ઠી!"

અચાનક ગંભીર થઈ આવી પ્રિયમ, "હું બધું જ હોઈશ શૈલ... પણ જુટ્ઠી નથી. કાચ જેટલી પારદર્શક અને શ્વાસ જેટલી સાચી છું હું. હવે કાચની આરપાર કોને શું દેખાય છે એ બિચારો કાચ કેવી રીતે નક્કી કરે?"

પછી શૈલના ગળામાં હાથ નાખીને એના કાનમાં હોઠ ફેરવતાં પ્રિયમે કહ્યું હતું:

"કાચનું એક ઘર પારદર્શક તોય વ્યર્થ.
જેની ભીતર હું વર્ષોથી કેદ.
બહાર અંધારું-અજવાળું કોને ખબર,
મારા મનમાં કરોડો ભેદ.
સૂરજની પેલે પાર આકાશનો ટુકડો
ને ત્યાં નહીં પહોંચ્યાનો મને ખેદ."

"કેટલું સુંદર લખે છે તું. તારું પુસ્તક કેમ નથી કરાવતી તું?"

"ચલ એય, મારે જાહેરાત નથી કરવાની આ બધી લાગણીઓની..."

"નહીં કરતી... એવું નહીં કહેતી કે મારે માટે લખ્યું છે."

ફરી હસી પડી હતી પ્રિયમ. મોતીની જેમ ગોઠવાયેલા એના દાંત ચમકી ઊઠ્યા હતા. એણે હળવેકથી શૈલના કાનની બૂટ પર બટકું ભરી લીધું, "તે મેં ક્યાં તારા માટે લખ્યું છે? તું માને છે કે મેં તારા માટે લખ્યું છે?"

"એટલે મારા માટે નથી લખ્યું?"

"એવું પણ મેં ક્યાં કહ્યું છે?"

"તો હવે કહે." શૈલે પ્રિયમને એટલા જોરથી પકડી કે એનાથી ઊંહકારો નીકળી ગયો, "કહે કોના માટે લખ્યું છે."

"શૈલ, એવું શા માટે કે કશુંક કોઈકના માટે લખવું પડે? માત્ર લખવા માટે ન લખી શકાય?"

"અરે! પણ કોઈ વિચાર હોય, કોઈ આકાર હોય... જે તમને લખવા માટે..."

પ્રિયમના હોઠ શૈલના હોઠ પર મુકાઈ ગયા હતા, "હું મારા માટે લખું છું! જ્યારે લખું છું ત્યારે હું મારા વિશે વિચારું છું."

"સ્વાર્થી..." શૈલે પોતાની જાતને પ્રિયમથી અળગી કરી.

"સ્વાર્થી કેમ?"

"જાતને પ્રેમ કરે એને બીજું શું કહેવાય?"

"શૈલ... બીજાને પ્રેમ કરવા માટે પણ પહેલાં જાતને પ્રેમ કરવો પડે... જાતથી નારાજ, જાત સાથે ઝઘડતા અને જાતની જ ભૂલો કાઢતા માણસો બીજાને શું પ્રેમ કરવાના હતા? હું મારી જાતને પ્રેમ કરું છું! ખૂબ ખૂબ પ્રેમ કરું છું."

"એટલે? તું પ્રેમ નથી કરતી મને?"

"એવું મેં ક્યાં કહ્યું? પણ સમજ શૈલ, હું પ્રેમ કરવાની આખી ઘટનાને પ્રેમ કરું છું. મારા માટે તને મળવું, તને સ્પર્શવું, તારું મને આમ જોવું, બાહુપાશમાં લઈને આમ ઓગાળી નાખવું. મને નખશિખ સ્ત્રી બનાવી દેવી. એ બધી જ વાતોને હું પ્રેમ કરું છું. મારે માટે તને પ્રેમ કરવા માટે તારું હોવું જરૂરી નથી. હું તો તું ન હોય તો પણ તને પ્રેમ કરી શકું. તારી કલ્પના કરીને પણ મારા ચહેરા પર સ્મિત જ આવશે શૈલ. મારે માટે શૈલરાજસિંહ એક વ્યક્તિ કે શરીર નથી. જાતે સ્વયં પોતે પ્રેમ છે... તું મને સ્પર્શે છે ત્યારે ખરેખર તું મારા શરીરને નથી સ્પર્શતો, મારી અંદર રહેલી તરસ ઉપર વરસે છે..."

"તું આટલી બુદ્ધિ નહીં વાપરે તો નહીં ચાલે? શા માટે દરેક વાતને છૂટી પાડીને, એનલાઇઝ કરીને, પૃથક્કરણ કરીને જુએ છે તું?"

"ખબર નહીં, હું એવી જ છું કદાચ. મારે દરેક વાતને ચાવીને મારી અંદર ઉતારી દેવી હોય છે." એણે શૈલરાજની આજુબાજુ પોતાના હાથ લપેટી દીધા અને એટલા જોરથી ભીંસ દીધી કે શૈલનો શ્વાસ રૂંધાઈ ગયો, "આમ! આમ ઓગાળી દેવો હોય છે તને મારી અંદર." પ્રિયમની આંખોમાં એક ઘેલછા ઊતરી આવી, "ક્યારેક થાય છે કે તારું ખૂન કરી નાખું. તને મારી નાખું, તારું તાવિજ બનાવીને ગળામાં પહેરી લઉં. પછી તું ક્યાંય જઈ જ ના શકે."

"મારી નાખ." શૈલે કહ્યું અને પ્રિયમના ગળા પર પોતાના હોઠ મૂકી દીધા. એના હોઠમાં કોણ જાણે કેવી ગરમી હતી કે પ્રિયમની ત્વચા ઓગળવા લાગી.

શૈલે પોતાના હાથ પ્રિયમની આસપાસ લપેટ્યા અને બંને જણા એકબીજામાં ઓગળી જવા માટે, અશરીરી થઈ જવા માટે બેચેન થઈ ગયાં... અત્યારે પણ એ પળ યાદ આવતાં શૈલનું રોમરોમ બેચેન થઈ ગયું.

શૈલ હજી પણ આદિત્યની સામે પ્રિયમના કોટેજમાં ઊભો હતો.

એને ખોવાયેલો જોઈને આદિત્ય પણ ચૂપચાપ એની સામે જોઈ રહ્યો હતો. એના ચહેરાના પળેપળે પલટાતા હાવભાવ આદિત્યથી છાના નહોતા રહી શક્યા.

અચાનક ભાન આવતાં શૈલે જાણે વિચારોની શૃંખલાને ખટ કરીને તોડી નાખી અને કોઈ જ જાતની ઔપચારિકતા વિના કોટેજની બહાર જવા લાગ્યો.

પ્રિયમને જાણે એ પાછળ કોટેજમાં જ મૂકીને જતો હોય એવી લાગણી થઈ એને!

બહાર નીકળતાં ફરી એક વાર એનાથી એ તસવીર તરફ જોવાઈ ગયું.

બહાર નીકળીને શૈલ જીપમાં બેઠો. ક્યાંય સુધી એ જીપ ચાલુ જ ના કરી શક્યો. જંગલમાં દૂર સુધી અંધારું હતું. તમરાંનો સાંય સાંય અવાજ સંભળાતો હતો. રાતનો સન્નાટો અને ઠંડી હવા જાણે શરીરને ચીરીને આરપાર નીકળી જતાં હતાં.

દૂર દૂર ક્યાંક જંગલી પ્રાણીઓના અવાજો અને હવાથી ફરફરતાં સૂકાં પત્તાંના અવાજ આવતા હતા.

શૈલને યાદ આવી ગયું, એ પ્રિયમને પહેલી વાર મળ્યો ત્યારે પણ આવી જ એક રાત હતી. ઠંડી, એકલી અને ડરામણી...

શૈલની જીપના અવાજ સિવાય બીજો કોઈ અવાજ જંગલમાં સંભળાતો નહોતો. તમરાંના અવાજો વચ્ચે વચ્ચે સંભળાતા હતા. જીપ નીચે દબાતાં સૂકાં પત્તાંઓનો ખડખડાટ હતો અને હવાના સુસવાટા જીપની સ્પીડ સાથે હરીફાઈ કરતા હોય એમ શૈલના શરીરમાંથી આરપાર થઈ રહ્યા હતા.

શૈલ જીપ લઈને જંગલના રસ્તે સડસડાટ જઈ રહ્યો હતો. એક વાઘણ વિયાઈ હતી. આજકાલ જંગલના આ રસ્તાઓ ઉપર એનો ત્રાસ વધી ગયો હતો. આસપાસનાં ઝૂંપડાંઓની બહાર સૂતેલાં બેએક બાળકોને ખેંચી ગઈ હતી એ, અને હવે માણસખાઉ થઈ ગઈ હતી. છેલ્લા અઠવાડિયાથી શૈલ રોજ રાત્રે જીપ લઈને નીકળતો. જો ક્યાંક દેખાઈ જાય તો એને મારી દેવા માટે રિવૉલ્વર ભરેલી જ રાખતો હતો શૈલ...

જંગલના રસ્તા સાવ નિર્જન હતા. જીપ સૂકાં પાંદડાં કચડતી પસાર થતી એ વખતે જીપના મશીનની ઘરઘરાટી સિવાય દૂર દૂર સુધી બીજો કોઈ અવાજ નહોતો. જીપની લાઇટ્સ ઝાડવાં પર પ્રકાશ પાડતી અને તરત જ ફરી અંધારું થઈ જતું.

જીપની લાઇટના ધોધમાર પ્રકાશમાં શૈલે અચાનક જોયું કે એક ઝાડ નીચે એક છોકરી ઊભી હતી!

એ એટલી સ્પીડમાં હતો કે આગળ નીકળી ગયો હતો.

એણે બ્રેક મારી.

રિવર્સ કરીને પાછળ આવ્યો. જીપ વાળીને ઊભી રાખી અને લાઇટ પેલી છોકરીના ચહેરા પર મારી.

શૈલરાજની આંખો ફાટી ગઈ. એની છાતીનાં પાટિયાં બેસી ગયાં, એનાથી ચીસ પડાઈ ગઈ, "મૂકી દો... મૂકી દો એને નીચે..."

જાણે શૈલની વાતની એના પર કોઈ અસર જ ના હોય એમ એણે પોતાના નાજુક ચહેરા પરથી વાળ હટાવીને અત્યંત સુંદર સ્મિત સાથે કહ્યું, "કેટલાં ક્યૂટ છે નહીં?"

"હા... પણ એની મા માણસખાઉં છે. એને નીચે મૂકો અને મારી જીપમાં બેસો."

"એની મા આવશે ત્યારે મૂકી દઈશ. હમણાં તો મને વહાલ કરવું છે. કેટલાં મીઠડાં ને કેટલાં વહાલસોયાં છે..." એ બચ્ચાને પોતાના ગાલ સાથે ઘસતી હતી. એણે બચ્ચાનો ચહેરો પકડીને પોતાના ચહેરાની નજીક રાખ્યો અને પછી એના નાનકડા ટોપકા જેવા કાળા નાક ઉપર એક પપ્પી કરી, "સ્વીટુ!" એણે કહ્યું.

એની આંખોમાં જાણે મમતા ઊમટી પડી હતી. શરીરથી પૂરેપૂરી સ્ત્રી દેખાતી એ છોકરીના ચહેરા પર બાળકની નિર્દોષતા હતી. એના લાંબા વાળ એક ચોટલામાં બાંધેલા હતા. ટાઇટ જીન્સ અને ટી-શર્ટમાં એના શરીરની એક એક રેખા સ્પષ્ટ થતી હતી. ઓરેન્જ કલરનું વિન્ડશીટર એણે બાંયથી કમર પર બાંધ્યું હતું.

એ વાઘના બચ્ચાને જે રીતે વહાલ કરી રહી હતી એ જોઈને શૈલરાજને નવાઈ લાગી. એને જાણે કોઈની બીક નહોતી, ન મોતની, ન વાઘણની.

"ચાલો..."

"આવું છું..." એ છોકરી જાણે શૈલને વર્ષોથી ઓળખતી હોય એટલી સ્વાભાવિક હતી. એને ક્યાંય જવાની ઉતાવળ નહોતી.

"તમને કલ્પના નથી કે તમે જે કરી રહ્યાં છો એમાં કેટલું રિસ્ક છે? આ બચ્ચાં નથી, સાક્ષાત્ મોત પકડ્યું છે તમે હાથમાં."

"મોત આટલું સુંવાળું અને સુંદર હોય છે?" એ છોકરીના બત્રીસ દાંત જાણે મોતીના દાણાની જેમ ચમકતા હતા. આટલા આછા પ્રકાશમાં પણ છોકરીની ચામડી ઝગારા મારતી હતી.

શૈલે આટલી સુંદર છોકરી પહેલાં જોઈ હશે કદાચ, પણ એની હિંમત અને એનું આ વર્તન શૈલ માટે સાવ અજાણ્યું અને આકર્ષક બની ગયું.

"વાઘણ આવશે તો હું તમને બચાવી નહીં શકું. એ માણસ ખાઉં છે-મેન ઇટર..."

"મને નહીં ખાય, હું માણસ નથી." એ છોકરી શૈલની સામે જોઈને ખડખડાટ હસી. શૈલના આખા શરીરમાંથી એક ઠંડીનું લખલખું પસાર થઈ ગયું.

"માણસ નથી? તો શું છે આ? ભૂત, પ્રેત કે અપ્સરા?"

શૈલના ચહેરા પર કદાચ એનો ડર ડોકાઈ ગયો હશે, એટલે પેલી છોકરીએ શૈલની સામે જોઈને કહ્યું, "હું તો હવા છું... વરસાદ છું... સુગંધ છું... બીજું કંઈ પણ છું, પણ માણસ નથી."

"આ તદ્દન ચક્રમ છે." શૈલને વિચાર આવ્યો અને હવે શૈલરાજની ધીરજ ખૂટી. એણે જીપમાંથી ઊતરીને

પેલીનો હાથ પકડ્યો. ઝટકાથી બચ્ચું નીચે મુકાવ્યું.

પેલી છોકરી હજી બચ્ચા પાસે જવા માટે હાથ છોડાવીને જવાનો પ્રયત્ન કરતી હતી. શૈલે એનું કાંડું મજબૂતીથી પકડી રાખ્યું અને એને લગભગ ઘસડીને જીપમાં નાખી... જીપ મારી મૂકી.

જીપ આવીને શૈલરાજના કોટેજ સામે ઊભી રહી. પેલી છોકરી ચિડાયેલા ચહેરા સાથે હજી જીપમાં જ બેઠી હતી.

“ઊતરો...” શૈલરાજે કહ્યું.

પેલી છોકરીએ ડોકું ધુણાવીને ઊતરવાની ના પાડી.

“આખી રાત અહીં જ બેસશો?” શૈલને હવે હસવું આવતું હતું.

“ના, ત્યાં પાછી જઈશ.”

શૈલે આ છોકરીની સામે ધ્યાનથી જોયું, “ખરેખર ગાંડી છે કે શું?” એને વિચાર આવ્યો, “મરવા?” એણે પૂછ્યું.

“ના, બચ્ચું લેવા. મને એક બચ્ચું જોઈએ છે.”

શૈલરાજને હસવું આવી ગયું, “એ વાઘનાં બચ્ચાં છે, બિલાડીનાં નહીં.”

“ખબર છે! એટલે જ જોઈએ છે. મને બિલાડીના બચ્ચામાં રસ પણ નથી...”

“તમને ખબર છે, આ હિંસક પ્રાણીનાં બચ્ચાં છે... મોટાં થઈને વાઘ થશે, ખૂંખાર... ફાડી ખાય એવા... હિંસક...”

“એટલે જ જોઈએ છે.”

“શું કરશો?” શૈલે એની સામે એવી રીતે જોયું, જાણે એની માગણી વાજબી હોય તો એ બચ્ચું લાવી આપશે.

“પ્રેમ!” છોકરીએ શૈલની સામે જોયું, “પ્રેમ કરીશ... પાળીશ એને.”

શૈલ ખડખડાટ હસી પડ્યો, “વાઘ પાળશો? તમને ખબર પણ છે કે આવાં હિંસક પ્રાણીઓ પાળી નથી શકાતાં... એની સાથે પ્રેમ ના થાય...”

“જે હિંસક ના હોય, એની સાથે પ્રેમ કેમ કરાય!”

શૈલરાજ એક ક્ષણ જોઈ રહ્યો આ છોકરી સામે.

મુઠ્ઠીમાં આવી જાય એવી કમર, લાંબા વાળ અને નમણાશના સાક્ષાત્ અવતાર જેવી આ છોકરી કહેતી હતી કે, “જે હિંસક ના હોય, એની સાથે પ્રેમ કેમ કરાય!”

શૈલરાજની જીપ કોણ જાણે ક્યારે એના કોટેજ પાસે આવીને ઊભી રહી ગઈ. પ્રિયમના વિચારોમાં ગરકાવ શૈલરાજ એ જ વિચારોમાં સડસડાટ પોતાના કોટેજ પાસે આવીને ઊભો રહ્યો હતો... અને પ્રિયમ એનો પીછો છોડતી જ નહોતી.

*

8

પોતાના કોટેજમાં દાખલ થઈને શૈલ કપાયેલા થડની જેમ પલંગ પર પડ્યો...

એનું આખું શરીર જાણે પાણી પાણી થતું હતું.

એનું ચાલે તો એ આદિત્ય ભાગવતનું ખૂન કરી નાખવા માગતો હતો!

"શા માટે?" એના વિચારોમાં એની આંખ સામે ઊભેલી પ્રિયમે એને પૂછ્યું.

"બસ! તું મારી છે." શૈલરાજે પ્રિયમને કહ્યું.

"શૈલ! મને હતું કે તું બીજા પુરુષો જેવો નથી... તું પણ?"

"પ્રિયમ, હું પણ એવું માનતો હતો કે હું બીજા પુરુષો જેવો નથી..." શૈલરાજ પોતાના વિચારોમાં પ્રિયમ સાથે જાણે ખરેખર દલીલબાજી કરતો હતો, "પણ તું છે જ એવી... કે કોઈ પણ પુરુષને સામાન્ય બનાવી દે! તારામાં કંઈ એવું છે કે તને આખેઆખી પોતાની કરી લેવા માટે માણસ કંઈ પણ કરી જાય." શૈલ પ્રિયમને કહી રહ્યો હતો.

"શૈલ! હું જેટલી અને જેવી તને મળી છું એવી અને એટલી તારી જ છું." પ્રિયમ જાણે શૈલને મનાવી રહી હતી. છતમાં, દીવાલો પર અને હવામાં શૈલને પ્રિયમનો ચહેરો દેખાતો હતો.

"પ્રિયમ, મને જેટલી અને તેટલી નથી જોઈતી તું... હું તને કોઈ સાથે વહેંચી નથી શકતો."

પ્રિયમનું હાસ્ય આખા ઓરડામાં ગૂંજવા લાગ્યું, "વહેંચવું એટલે શું? જે પળે હું તારા બાહુપાશમાં હોઉં છું એ પળે આદિત્ય નથી હોતો ત્યાં..."

"અને આદિત્ય સાથે હોય છે ત્યારે?" શૈલને લાગ્યું કે એ જરૂર કરતાં વધારે અંગત પ્રશ્ન પૂછી રહ્યો હતો પ્રિયમને.

પણ વિચારોમાં આવેલી પ્રિયમમાંય એક અજબ સ્પષ્ટતા અને અજબ નિખાલસતા હતી, "ત્યારે તું નથી હોતો શૈલ... હું જ્યારે આદિત્ય સાથે હોઉં છું ત્યારે માત્ર અને માત્ર આદિત્ય સાથે હોઉં છું! બે પ્રિયમ જીવે છે મારામાં..."

"આ બે પ્રિયમને કોઈ જુદી જુદી ઓળખે છે ખરું?" શૈલથી પુછાઈ ગયું.

છતમાં દેખાતો પ્રિયમનો ચહેરો હસી ઊઠ્યો, "હા! મારી ડાયરી ઓળખે છે મને! પૂરેપૂરી, નખશિખ... હું જે છું, જેવી છું, એવી જ ઓળખે છે મને, મારી ડાયરી!"

એ જ વખતે અચાનક શૈલરાજને યાદ આવ્યું કે પ્રિયમના કોટેજમાં જ્યારે પલંગ પર સૂતેલા શૈલરાજની નજર પલંગની બાજુના સાઇડ ટેબલ પર પડી હતી ત્યારે એણે જોયું હતું કે કાળા રંગની ડાયરીની એક થપ્પી પડી હતી. એણે પ્રિયમનું કહેલું યાદ આવી ગયું, "તને હું વારસો આપી જવાની છું."

"મને? સ્ટૂપીડ! મને શાનો વારસો આપી જવાની છે? તને ખબર છે-મારી પાસે મહેલો છે, જમીનો છે, પત્ની નથી એટલે દાગીના હજી ભાઈ પાસે છે. બાકી ઓછામાં ઓછા પાંચસો તોલા સોનું અને હીરા-મોતી છે."

"તમને પુરુષોને વારસો એટલે આટલું જ ખરું ને?" એણે શૈલરાજના ખભા પર માથું મૂકીને એના બાવડે હાથ લપેટી લીધો. બંને જણા કોટેજના પાછલા ઓટલા ઉપર અડોઅડ બેઠાં હતાં. સામે સૂરજ ઢળી રહ્યો હતો.

જ્યારે જ્યારે ઢળતો સૂરજ જોતી ત્યારે પ્રિયમ કોણ જાણે કેમ સહેજ ઉદાસ થઈ જતી. આજે પણ એ જરા

ઉદાસ થઈ ગઈ હતી. એનો નમણો ચહેરો કેસરી પ્રકાશમાં તપીને તાંબાવર્ણો લાગતો હતો. એની લાંબી લાંબી આંખોમાં એક હલકી ઉદાસીની છાયા ઊતરી આવી હતી. આથમતી સાંજના પવનમાં એના વાળ ફરફરી રહ્યા હતા. એણે શૈલરાજના ખભે માથું મૂકીને જ કહ્યું, "વારસામાં બીજું ઘણું હોય શૈલ."

"જેમ કે?"

"જેમ કે... ક્ષણો, સ્મૃતિઓ, યાદગીરીઓ, સ્નેહસંભારણાં અને શબ્દો."

"શબ્દો?"

"હા, હું તને મારા શબ્દો આપી જવાની છું શૈલ, વારસામાં."

"તારા શબ્દો તો હંમેશાં મારી છાતીમાં હૃદયની સાથે ધબક્યા કરે છે, તું જે કહે છે, જેટલું બોલે છે એ બધું જ જાણે મારી આસપાસ વિસ્તર્યા કરે છે, વિખરાયા કરે છે, વીંટળાયા કરે છે. તું નથી હોતી ત્યારે એના આધારે જ જીવું છું હું."

"હું નહીં હોઉં ત્યારે એના જ આધારે જીવવું પડશે તારે."

"જ્યારે ને ત્યારે મરવાની વાત શું કામ કરે છે-મને નથી સમજાતું."

"કેમ? તું અમર છે? હું અમર છું? આ દુનિયામાં કોણ અમર છે?"

"કોઈ નહીં, પણ સતત મરવાની વાત શું કામ કરવી જોઈએ? બધા જ જાણે છે કે એક દિવસ જવાનું છે, તેથી..."

"તેથી જ, એવું પ્રત્યેક ક્ષણે યાદ રાખવું જોઈએ! મને એક વાત કહે, તને અચાનક એવી ખબર પડે કે તારી પાસે હવે છ જ મહિના છે... તો તું શું કરે?"

"શું કરું? ખૂબ મજા કરું, વર્લ્ડ ટૂર કરું. ખાઈ લઉં, પી લઉં, મારે કરવાનાં બધાં કામ પતાવી દઉં. મારી સાઠ વર્ષની જિંદગી છ મહિનામાં જીવવાનો પ્રયત્ન કરું. બીજું શું?"

"બસ, તો હું એ જ કરું છું."

"શું બકવાસ કરે છે?"

"નો, આઈ એમ સિરિયસ. હું જે ઝડપથી જીવી છું, મારી જિંદગી એટલી જ ઝડપથી પૂરી થઈ જવાની છે... મેં બધું જ ઝડપથી કર્યું છે. જિંદગીની એક તરફથી દાખલ થઈને સડસડાટ બીજી તરફ નીકળી ગઈ છું. તને એક વાત કહું શૈલ? મને જાણે રોજેરોજ મૃત્યુ દેખાય છે મારી નજર સામે. મેં આજ સુધી કોઈને કહ્યું નથી આ, પણ એક સપનાની જેમ મોત રોજ આવે છે મારી આંખોમાં..."

"નહીં કર મરવાની વાત." શૈલરાજે ઝટકાથી પ્રિયમનું માથું પોતાના ખભેથી ખસેડ્યું. બે હાથ વચ્ચે એનો ચહેરો પકડી લીધો. ઘડીભર એની આંખોમાં આંખો નાખી જોતો રહ્યો. પછી એકદમ ઇમોશનલ થઈ ગયો અને કહ્યું, "મૂરખ છે તું. મોત સાથે તે કંઈ પ્રેમ હોય?"

"પ્રેમ હોય તો બધા સાથે હોય, ને ન હોય તો કોઈનીય સાથે શું કામ હોય? જિંદગી સૌને ગમે છે, પણ મૃત્યુની વાત આવતાં બધાં ડરી જાય છે, કારણ કે એ છૂટા પડવાની વાત છે. અત્યારે જે હાથમાં છે..." પ્રિયમે પોતાની હથેળી ખુલ્લી કરીને ધરી, "એ જિંદગી છે. આ રેખા છે, આ શ્વાસ છે, આ આંખો છે, આ સ્પર્શ છે, હું છું અને તું છે, પણ જો નહીં હોઈએ તો? બસ, એટલી વારમાં આપણને સૌને બીક લાગી જાય છે અને જે નહીં હોય એના ભયથી જે છે એની મજા નથી લેતાં..."

"બહુ ફિલોસોફિકલ વાત કરે છે. મારા મગજમાં નથી ઊતરતી. જે થવાનું છે તે થવાનું છે, એના વિચારો શું કામ કરવાના?"

"હું વિચારો નથી કરતી. એક વિચાર છે, જેને પંપાળ્યા કરું છું... તને ખબર છે, હું તને મારા ગયા પછી..."

"પણ તું કેવી રીતે જાણે છે કે તું મારી પહેલાં જવાની છું."

"એ તો નક્કી જ છે. તારે મારા વગર તરફડવાનું છે."

"આ તારો વહેમ છે." શૈલરાજનો અવાજ ધીમો થઈ ગયો. આવા છ હાથ પહોળા અને પથ્થર જેવી છાતી ધરાવતા માણસની આંખમાં પાણી આવી જાય છે, "તારા વિના હું કેવી રીતે જીવું એવો વિચાર નથી આવતો તને?"

"આવે છે, એટલે તો તને વારસો આપી જવાની છું."

"શાનો વારસો?" શૈલરાજ હવે અકળાયો, "તારા ગયા પછી મારે શું કરવું એ વારસાનું?"

"અરે ગાંડા! હું મારી ડાયરીઝ, મારા શબ્દો, મારી ક્ષણો, મારી સ્મૃતિઓ આપી જાઉં છું તને. એ બધું જ સાચેસાચું મેં જેવું અનુભવ્યું તેવું જ તને સોંપી જઈશ. સોળ વર્ષની ઉંમરથી શરૂ કરીને જીવેલી એક એક મિનિટ હું તને સોંપીને જઈશ." પ્રિયમે શૈલરાજના ગળામાં હાથ નાખીને એના ગાલ ઉપર એક ચુંબન કરી લીધું. પછી એની આંખોમાં આવેલાં આંસુના બુંદને પોતાની જીભથી લઈ લીધું અને હસી પડી, "આનાથી વધારે કોઈ કોઈને શું આપી શકે? હું મારો આખેઆખો ભૂતકાળ તને સોંપીને જઈશ, મૂરખ..." પ્રિયમે કહ્યું, "તારી સાથે નથી જીવી એ પળો પણ તને આપીને જઈશ. પછી?"

"આ એ ડાયરી હશે?" શૈલરાજના મનમાં વિચાર આવ્યો, "અને હશે હોય તો પણ હવે મને કોણ આપશે?"

"આર યુ શ્યોર તમારી તબિયત બરાબર છે?" આદિત્ય ભાગવતે અન્યમનસ્ક થઈને ડાયરી તરફ જોઈ રહેલા શૈલરાજને પૂછ્યું હતું.

"ઓહ યસ યસ..." શૈલરાજે કહ્યું હતું અને કોટેજની બહાર નીકળી ગયો હતો.

એના મનમાંથી કોઈ રીતે આદિત્ય ભાગવતનો ચહેરો કે એ ડાયરીની થપ્પી જતાં નહોતાં. એણે વિચાર કર્યો, "ક્યારેક તો બહાર જતો હશે ને? જઈને ચોરી કરી આવું? મારી પ્રિયમની ડાયરી છે એ. મને તો મળવી જ જોઈએ."

પછી પોતાની જાતને જ ટપારી એણે, "એવું તે કંઈ હોય? પકડાઈ જાય તો શું થાય ખબર છે?"

પાછી જાત સાથે દલીલ કરી, "પણ એની આખરી ઇચ્છા હતી કે એ ડાયરી મને મળે, મારે જોઈએ છે એ... મારે ગમે તે રીતે પ્રિયમની ડાયરી જોઈએ છે."

એનો શ્વાસ રૂંધાવા લાગ્યો અને એ કોટેજ ખોલીને બહાર નીકળી આવ્યો. ઓટલા પર ઊભા રહીને એણે જંગલ તરફ જોયું. અંધકારમાં લપેટાયેલું જંગલ જાણે ચૂપચાપ શૈલરાજની સામે જોઈ રહ્યું હતું.

એણે જંગલોનાં ઊંચાં ઊંચા વૃક્ષો તરફ જોઈને જાણે આકાશમાં ગયેલી પ્રિયમને સાદ પાડતો હોય એમ જોરથી રાડ પાડી, "પ્રિયમ્ મ્ મ્ મ્ મ્..." જંગલનાં ઘેરાયેલાં વૃક્ષો અને ઉબડખાબડ રસ્તાઓ ઉપર જાણે એ અવાજ ઘુમરાઈ ઘુમરાઈને પછડાઈ રહ્યો.

શૈલરાજ પોતાના કોટેજના દરવાજે આવીને ઊભો રહ્યો અને એને યાદ આવ્યું. અહીં જ આ જ જીપમાં મારી બાજુમાં બેસીને એ છોકરીએ કહ્યું હતું, "ખબર છે, વાઘનાં છે. એટલે જ જોઈએ છે. મને બિલાડીના બચ્ચામાં રસ પણ નથી... જે હિંસક ના હોય, એની સાથે પ્રેમ કેમ કરાય!"

શૈલરાજ એક ક્ષણ જોઈ રહ્યો આ છોકરી સામે.

મુઠ્ઠીમાં આવી જાય એવી કમર, લાંબા વાળ અને નમણાશના સાક્ષાત્ અવતાર જેવી આ છોકરી કહેતી હતી કે, "જે હિંસક ના હોય, એની સાથે પ્રેમ કેમ કરાય!"

અને એ જ છોકરીએ એને એક વાર ઝાડની છાલ પર લખીને મોકલ્યું હતું,

"તારી ભીતરના શાંત, ચંદનવનોમાં તણખો બનીને હવે હું પડીશ
તડકો, પવન, ઇચ્છા, સમય બનીને રોજેરોજ તને અડીશ.
ઊભી રહીશ તલવાર થઈ, બે પાંપણોની મધ્યમાં,
તારી જ પથારીના સળમાં, ઉજાગરો બનીને તને મળીશ.
ઉતારી નાખીશ ઝેર, એક એક અજાણ્યા સ્પર્શનું,
પ્રવેશી હોઠથી, લોહીમાં ભળી, મદિરાની જેમ તારા માથે ચડીશ."

ખરેખર એ છોકરી શૈલરાજના માથે જ ચડી ગઈ હતી. એના લોહીમાં ભળી ગઈ હતી.

શૈલરાજ પ્રિયમ સિવાય કશું વિચારી જ નહોતો શકતો-એ હતી ત્યારે પણ!

અને આજે એ નહોતી ત્યારે પણ બીજો કોઈ વિચાર જ નહોતો આવતો એને. પ્રિયમની બહાર જાણે કોઈ દુનિયા જ નહોતી વસતી અને એ પ્રિયમ નામની દુનિયા અચાનક જ કાળી-ધબ, અંધારી થઈ ગઈ હતી શૈલરાજ માટે.

શૈલરાજના શરીરમાંથી જાણે પ્રાણ ચાલી ગયા હોય એવી લાગણી થતી હતી એને. એની ત્વચા જાણે સ્પર્શની લાગણી ભૂલી ગઈ હતી. એને પોતાનું જ કોટેજ ખાવા દોડતું હતું. જીવવાનો અર્થ નહોતો રહ્યો, એવું લાગવા માંડ્યું એને.

એનું સમગ્ર ધ્યાન, સમગ્ર અસ્તિત્વ હવે ડાયરીની આસપાસ ઘુમરાવા લાગ્યું હતું.

"કોઈ પણ રીતે એ ડાયરી મેળવવી જોઈએ." શૈલના મગજનો કબજો ડાયરીએ લઈ લીધો હતો.

એ ડાયરી નહોતી, આખેઆખી પ્રિયમ હતી જાણે અને એ પ્રિયમને શૈલરાજ કોઈ પણ રીતે પામવા માગતો હતો.

એ ક્યાંય સુધી કોટેજના દરવાજે બેસી રહ્યો. કોટેજનું બારણું ખુલ્લું જ હતું.

શૈલને અંદર જવાની ઇચ્છા જ ન થઈ. એ ખાલી ઘરમાં કેમ પગ મુકાય? જ્યાંનો ખૂણેખૂણો પ્રિયમના શ્વાસની સુગંધથી તર-બ-તર હતો.

શૈલરાજના ગયા પછી આદિત્ય કલાકો સુધી સૂનમૂન બેસી રહ્યો.

બે દિવસ થયા હતા એને અહીં આવ્યે. આજે પહેલો માણસ જોયો હતો એણે. જે થોડો ભણેલો, થોડો બુદ્ધિશાળી, વાતચીત કરી શકાય એવો લાગ્યો હતો. બાકી ચારે તરફ વિરાની હતી. જંગલમાં વ્યાપે તેવી ખાલીપાથી ભરીભરી... સન્નાટાના કોલાહલથી ભરપૂર અજબ પ્રકારની વિરાની.

"પ્રિયમ દોડી દોડીને કેમ આવતી હતી રણથંભોર? શું હતું એવું જે ખેંચતું હતું એને?" આદિત્ય વિચારી રહ્યો, "મારે આવવું જોઈતું હતું એની સાથે ક્યારેક, એ જાણવા કે એને શું બોલાવતું હતું અહીં?"

આજ સુધી આદિત્યએ ક્યારેય પ્રિયમની પૂછપરછ નહોતી કરી, પણ આજે આદિત્યને લાગ્યું કે જો પ્રિયમ હોત તો એ એને ચોક્કસ પૂછત કે, એ અહીં આવેલા માણસને કઈ રીતે ઓળખતી હતી?

"પ્રિયમ, તારી આંખોમાં જોઉં છું ત્યારે ભય લાગે છે મને." આદિત્ય ક્યારેક કહેતો એને.

"ભય? શાનો ભય?" પ્રિયમ ખડખડાટ હસતી, "હું ડાકણ છું?" પ્રિયમ ભયાવહ ચહેરો બનાવતી.

"તારી આંખો માછલી જેવી છે. હાથમાં પકડોને સરકી જાય એવી..." આદિત્ય એની સામે જોઈ રહેતો, જાણે એને માપતો હોય એવી રીતે, "પ્રિયમ, તું સરકી તો નહીં જાય ને?"

"કેમ? જાળ નાખવી છે?"

"મારું ચાલે તો તારા માટે પાંજરું કરાવું." આદિત્ય પ્રિયમને પોતાના બે હાથમાં પકડી લેતો, "સોનાનું પાંજરું... જાળ નાખું અને બાંધી લઉં તને... સોનાની જાળમાં."

પ્રિયમનો ચહેરો અચાનક જ ઉદાસ થઈ આવતો, "નથી ઘડાવ્યું પાંજરું હજુ સુધી?"

"પ્રિયમ!" આદિત્ય એને જોઈ રહેતો.

"આદિ, હું માછલી હોઉં કે મગરમચ્છ... કોઈ જાળમાં બંધાવું મારો સ્વભાવ નથી. જેવું પાંજરું ઘડાવીશ તું કે તરત મને સૌથી પહેલો વિચાર એને તોડીને ભાગી છૂટવાનો આવશે."

"એટલે ભાગી જાય છે વારંવાર?" આદિત્યની આંખો પ્રિયમની આરપાર જોવા પ્રયાસ કરતી.

"હા, કદાચ એટલે જ..." પ્રિયમ આદિત્ય સામે જોયા વિના કહેતી, "જંગલમાં મોકળાશ છે આદિત્ય, ખુલ્લી હવા, ઊંચાં ઊંચાં વૃક્ષોની લીલી, ભીની વાસ... અને ઘોર અંધારામાં પણ તગતગતી જંગલની આંખો." પ્રિયમનો અવાજ ભરાઈ આવતો, "એ આંખોમાં સવાલ નથી હોતો! એ વૃક્ષો તમારી સામે એવી રીતે જુએ છે, જાણે તમને પહેલી વાર જોતાં હોય... ઓળખાણની પરિચિતતાની દીવાલો નથી બાંધતાં એ વૃક્ષો... તમને પકડતાં નથી. જવા દે છે, તમારે જ્યાં જવું હોય ત્યાં. જંગલની હવામાં એક મુક્તિ હોય છે! માણસ નહીં હોવાની મુક્તિ... જંગલમાં જઈને તમે હિંસક થઈ શકો છો. માણસ મટીને તમારી આદિમ પશુતા પર ઊતરી આવતાં તમને કોઈ નથી રોકતું... કોઈ નથી કહેતું કે ધીમેથી બોલો, થોડું થોડું હસો, ચમચીથી ખાવ અને રોજ ન્હાવ... મારા નહોર નીકળી આવે છે એ જંગલમાં જઈને. મારી આંખો રાની થઈ જાય છે... હું માણસ મટીને લોહીતરસી વાઘણ થઈ જાઉં છું અને છતાં મારી અંદર સ્ત્રીત્વ કાયમ રહે છે..."

પ્રિયમ ક્યાંક શૂન્યમાં જોઈને બોલી રહી હતી. આદિત્યને લાગ્યું કે આ પ્રિયમ નહોતી... અને હોય તો એ એની પ્રિયમ તો નહોતી જ...

આજે પણ એ પ્રસંગ યાદ આવતાં આદિત્યના રૂંવાડાં ઊભાં થઈ ગયાં, "એ એની પ્રિયમ નહોતી તો કોની પ્રિયમ હતી? આ લોહીતરસી વાઘણ જેવી... અંધારામાં આંખો તગતગાવતી, મોટા મોટા નહોર ધરાવતી પ્રિયમ એની તો નહોતી જ..."

આદિત્યને અકળામણ થઈ ગઈ. આ વિચાર પછી એને ખુલ્લી હવામાં શ્વાસ લેવો હતો.

આદિત્યએ સ્લીપરમાં પગ નાખ્યા અને કોટેજની બહાર નીકળ્યો. અત્યારે રાત્રે જંગલમાં બહાર નીકળવું ખરેખર ભયાવહ હતું...

એને પ્રિયમનો અવાજ સંભળાતો હતો, "અડધી રાત્રે મોગરાના ફૂલની જેમ ઊઘડે છે એ જંગલ... ત્યાં અડધી રાતની એક સુગંધ હોય છે. પારિજાતના ફૂલ જેવી સુગંધ... જે અડધી રાતે ખીલે અને સવારે મૂરઝાઈ જાય. હિંસક પ્રાણીના શરીરમાંથી આવે એવી સુગંધ... જે ભૂખની જેમ ઊઘડે અને સૂરજ ઊગે એની સાથે ઊંઘવા માંડે. રાત પડે એટલે એ જંગલ તગતગી ઊઠે છે હિંસક પ્રાણીની આંખોની જેમ, જીભ લપકાવે છે અને મને એના બાહુપાશમાં લઈ લે છે!"

આદિત્યને ડર લાગતો હતો, આ જંગલમાં, આ સમયે બહાર નીકળવાનો... રણથંભોરનું જંગલ છુટ્ટા ફરતા વાઘ માટે જાણીતું હતું અને આદિત્ય પાસે રિવોલ્વર કે સ્વબચાવનું કોઈ સાધન નહોતું, પણ કોણ જાણે કેમ અત્યારે આ જંગલ આદિત્યને હાથ ફેલાવીને બોલાવી રહ્યું હતું.

ફોકલેન્ડ રોડ પર ઊભેલી કોઈ લલનાની જેમ આ જંગલ આંખો નચાવીને, શરીર હલાવીને આદિત્યને મજબૂર કરી રહ્યું હતું કે એ એની પાસે આવે.

એ આમંત્રણમાં ભય હતો... અજાણી સ્ત્રીના અજાણ્યા શરીરનો... અને છતાં પારાવાર આકર્ષણ હતું અજાણી સ્ત્રીના અજાણ્યા શરીરનું!

આદિત્યએ બહાર નીકળીને જંગલ પર એક સરસરી નજર નાખી. અંધકારમાં લપેટાયેલું જંગલ ચૂપચાપ પોતાનું કામ કરી રહ્યું હતું. હરણ તરફ આગળ વધી રહેલા વાઘના ન સંભળાય તેવા પદચાપ હતા જંગલની હવામાં. ઘોર અંધારામાં ફક્ત ભયનું સામ્રાજ્ય હતું અને છતાં આદિત્યને આ જંગલનો ખૂણેખૂણો જોવો હતો, અત્યારે જ.

ખુલ્લી હવા જેવી પ્રિયમને આટલી બાંધી શકતું હતું એવું એ જંગલ આદિત્યને પોતાના બાહુપાશમાં લેવું હતું...

એ સ્લીપરમાં પગ નાખીને ઝભ્ભાના ખિસ્સામાં હાથ નાખી એમ જ, બેફિકર ચાલે ચાલી નીકળ્યો.

જંગલ તરફ... ભય તરફ... આકર્ષણ તરફ...

જંગલનું અંધારું એને બોલાવતું હતું. એ હિંસક ભયાવહતા માટેનું પ્રિયમનું આકર્ષણ સમજવું હતું એને. એ સન્નાટામાં ગૂંજતા પ્રિયમના શ્વાસ અનુભવવા હતા એને. એ વૃક્ષોની લીલી લીલી ઊંચાઈઓ ઉપર પ્રિયમની આંખોને તગતગતી જોવી હતી એને.

*

9

આદિત્ય જંગલના રસ્તા પર એકલો એકલો ચાલી રહ્યો હતો. જંગલનો સન્નાટો અને ભયાવહ એકલતા જાણે એને પોતીકાં લાગતાં હતાં. કેડી ઉપર ચાલતા એના પગથી કચડાતાં પાંદડાંનો અવાજ શાંત જંગલમાં એક અજબ જેવો ભય ઊભો કરતો હતો.

આદિત્યને પોતાનાં જ પગલાંનો અવાજ જાણે ડરાવી દેતો હતો. ચંદ્રના પ્રકાશમાં પોતાનો જ પડછાયો એને આમતેમ જોવા મજબૂર કરી દેતો હતો. વૃક્ષોમાંથી પસાર થતી સરસરતી હવા એને જાણે કશું કહેતી હોય એમ લાગતું હતું. હવાથી ઝૂકતાં, ઊઠતાં અને હાલતાં વૃક્ષો આછા અજવાસમાં જાણે નાચતી ભૂતાવળ જેવાં ભાસતાં હતાં.

શું જોયું હશે એની પ્રિયમે આ જંગલમાં?

સ્ત્રીઓ સામાન્ય રીતે સાહસિક નથી હોતી એવી આદિત્યની માન્યતા હતી. એને એવું સમજાયું હતું કે સ્ત્રીને સુંવાળપ ગમે છે, સલામતી ગમે છે... પણ એની પ્રિયમ સાવ જુદી જ હતી. એને આ જંગલનો ભય આકર્ષતો હતો. પ્રત્યેક પળે, પ્રત્યેક ડગલે જન્મ લેતી, ઊછરતી અને આંખોમાં આંખો નાખીને માણસની સામે જોતી અનિશ્ચિતતા પ્રિયમને જાણે પોતાની જિંદગીનો અનિવાર્ય ભાગ લાગતી હતી.

આદિત્ય જેમ જેમ પ્રિયમને ઓળખતો ગયો તેમ તેમ એને હંમેશાં લાગતું રહ્યું કે પ્રિયમમાં સામાન્ય સ્ત્રીઓ જેવું કશું જ નથી અને છતાં પ્રિયમ નખશિખ સ્ત્રી હતી! એના સ્ત્રીત્વની છાલકમાં સામેના પુરુષને સરાબોર ભીંજવી શકવાની તાકાત હતી પ્રિયમમાં. પુરુષને પોતાના ચરણમાં ઝુકાવીને પરાસ્ત થયાનો આભાસ આપી શકતી પ્રિયમ.

જ્યારે જ્યારે આદિત્યએ પ્રિયમની સાથે અહીં, આ જંગલમાં આવવાની વાત કરી ત્યારે પ્રિયમે એને ટાળ્યો હતો એવો આદિત્યને આજે જ ખ્યાલ આવ્યો! એને આ કેડી પર ચાલતાં ચાલતાં અચાનક જ સમજાયું કે એણે પ્રિયમને ઘણી વાર કહ્યું હતું આ જંગલમાં એની સાથે આવવા માટે... પ્રિયમ દરેક વખતે ટાળી દેતી. આદિત્યએ ક્યારેય એ વાતને બહુ ગંભીરતાથી નહોતી લીધી, પણ આજે એને સમજાયું હતું કે આ પ્રિયમના આગવા એકાંતની જગ્યા હતી.

આ જંગલની ભયાવહતાને, અહીંના એકાંતને, અહીંની સળગતી અંધારી રાતોને અને અહીંનાં ઊંચાં વૃક્ષોની ગાઢી લીલી વાસને પ્રિયમ એકલી જ માણવા માગતી હતી.

“કેમ? શા માટે તને મારે બધું કહેવું જ જોઈએ? અથવા શા માટે તારા વિશે બધું જાણવું જોઈએ મારે?” પ્રિયમ અને આદિત્ય વચ્ચે ઘણી વાર આ બાબતે ઉગ્ર ચર્ચા થઈ જતી, “પતિ-પત્ની હોવાનો અર્થ એકબીજામાં ઓગળીને અસ્તિત્વને ભૂંસી નાખવો એવો તો નથી જ.”

“પણ પ્રિયમ, લગ્નનો અર્થ સાયુજ્ય, દંપતી એટલે બે જણા એવો ખરો, પણ અર્ધાંગિની એટલે જે અર્ધું અંગ ગણાય તે...”

“અડધું!” પ્રિયમ એના મોતી જેવા દાંત ચમકાવતી, “અડધું અંગ, એટલે અડધું તો મારું પોતાનું... અને એ મારા અંગમાં કોઈનોય ભાગ નહીં આદિત્ય. એક થવા મથતાં યુગલો આખરે અડધાં અડધાં રહી જાય એનું નામ લગ્ન નથી. લગ્ન એટલે સહજીવન, સહઅસ્તિત્વ... કો-એક્ઝિસ્ટન્સ!”

“પ્રિયમ, મને કેમ એવું લાગે છે કે મારે બધું જ જોઈએ છીએ. તારું શરીર, તારો આત્મા, તારું મગજ અને તારું મન-બધાં ઉપર કાબૂ જોઈએ છે મારે. તારા પ્રત્યેક શ્વાસને મારે જાણવો અને સમજવો છે... તારા વિશેની

કોઈ વિગત, વિચાર કે વસ્તુ એવી ના હોવી જોઈએ, જે મારી જાણ બહાર હોય!"

ખડખડાટ હસતી પ્રિયમ, "એ શક્ય નથી આદિ, કારણ કે હું મારા જ કાબૂમાં નથી... મારા વિશેની ઘણી વિગતો, મારા ઘણા વિચારો હું જ નથી જાણતી... મારાં સાત મન એકબીજાની સાથે સતત યુદ્ધ કરે છે. મહાસંહાર થાય છે મારી અંદર પ્રત્યેક પળે... આમાં કોણ ક્યાં કપાઈ જાય છે અને કોને કયું મન સંજીવની ફૂંકીને ફરી જગાડે છે એ મને જ નથી સમજાતું..."

આદિત્યને અત્યારે જાણે આ એક એક શબ્દ વૃક્ષોમાંથી ચળાઈને આવતી ચાંદનીમાં સંભળાતો હતો...

એનું મન જાણે આ જંગલના પ્રત્યેક વૃક્ષમાં, એની દરેક કેડીમાં પ્રિયમને શોધતું હતું.

અચાનક કોટેજમાં ધસી આવેલો અને બેભાન થઈ ગયેલો પેલો માણસ પણ આદિત્યના મનનો પીછો નહોતો છોડતો. એ માણસે આદિત્યના વિચારોનો ખાસ્સો ભાગ રોકી લીધો હતો. આદિત્ય ક્યારનોય એના વિચિત્ર વર્તન અને કોટેજમાં ફરતી એની નજરને યાદ કરી રહ્યો હતો. એને સમજાતું નહોતું કે એક અજાણ્યો માણસ આવી રીતે કોટેજમાં શું કામ આવે? આવે તો બેભાન કેવી રીતે થઈ જાય... અને એ પણ પ્રિયમના નામની બૂમ પાડતો?

એ પ્રિયમને કઈ રીતે ઓળખતો હશે?

આદિત્ય ભાગવત આજે આ માણસને મળીને અચાનક જ ગૂંચવણમાં ફસાઈ ગયો હતો.

આદિત્યને એની પ્રાઇવસી ખૂબ વહાલી હતી. એણે હંમેશાં પોતાની અંગત જિંદગી અને જાહેર જિંદગીને એકબીજાથી અલગ રાખ્યાં હતાં. આદિત્યના ઘરમાં, ભાગવત્સ લખેલા એ બંગલામાં ડ્રોઇંગરૂમથી અંદર ભાગ્યે જ કોઈ આવી શકતું. ડ્રોઇંગરૂમ સુધી પહોંચનારા પણ અંગત મિત્રોમાં ગણાઈ જતા. આદિત્ય મોટા ભાગના લોકોને ઑફિસમાં મળતો અને સામાન્ય સંજોગોમાં ડીનર કે લંચ માટે સારી રેસ્ટોરાંમાં લઈ જતો.

ઘર સુધી કોઈને પણ લાવવા આદિત્યને નહોતા ગમતા.

પ્રિયમને પાર્ટીઝ ગમતી, લોકો ગમતા, એને ક્યારેક ટોળામાં ભળીને ખુલ્લા દિલે હસવું અને તોફાને ચડી જવું ગમતું. શરૂઆતનાં વર્ષોમાં એણે આદિત્યને એ દિશામાં લઈ જવાનો પ્રયાસ કર્યો હતો, પણ આદિત્યએ એટલો ઠંડો પ્રતિભાવ આપ્યો કે પ્રિયમને પોતાની જાતને થોડી બદલી લેવાનું વધારે અનુકૂળ લાગ્યું.

ઘણી વાર પ્રિયમ આદિત્યને કહેતી, "એક આ મિહિરને છોડીને તારો કોઈ મિત્ર જ નથી."

"એવું જ હોવું જોઈએ. મિત્ર તો એક જ હોય."

પ્રિયમે ઓશીકું ખોળામાં લીધું અને બેઠી થઈ ગઈ. એ જ્યારે આવું કરે ત્યારે ચર્ચા લાંબી ચાલશે એવું આદિત્ય શીખી ગયો હતો. સફેદ રંગના લખનવી કૂર્તા અને સફેદ રંગની સાર્ટિનની લૂંગી પહેરેલી પ્રિયમ અદ્ભુત દેખાતી હતી. એણે વાળ સવારે જ ધોયા હતા કદાચ, એટલે તાજા ધોયેલા વાળની ચમક સ્પષ્ટ દેખાતી હતી. એણે આદિત્યની સામે જોયું અને આંખો પટપટાવી, "આદિ, તું આટલો એકલો કેમ છે?"

"એકલો ક્યાં છું? તું છે મારી સાથે. રાત-દિવસ, સવાર-સાંજ. તું સતત હોય છે મારી સાથે. દેશમાં હોઉં કે પરદેશમાં, ઘરમાં હોઉં કે બહાર, યુ આર ઓલવેઇઝ વીથ મી." પછી આદિત્યએ પ્રિયમના ચહેરા પર હાથ ફેરવ્યો અને ખૂબ જ માર્દવથી એની સામે જોઈ રહ્યો. આદિત્યની આંખોમાં પ્રિયમ માટે ગજબની આસક્તિ દેખાતી હતી, "અને ખરું કહુંને પ્રિયમ, તું હોય છે તો મને કોઈની જરૂર નથી પડતી. તું એકલી જ પૂરતી છે મારા માટે. આમ પણ તારા જેવી સ્ત્રી હજારોમાં એક જ હોય છે અને એને ચાહવી, એને પામવી અને પછી એને સંભાળવી... મને નથી લાગતું એ પછી મારામાં એનર્જી બચે! મારે માટે તો તું જ સર્વસ્વ છે. પેલું શું કહે

છે-કાર્યેષુ મંત્રી, શયનેષુ રંભા...” આદિત્યએ પ્રિયમના કપાળથી શરૂ કરીને નાક પર થઈ પ્રિયમના કૂર્તાનાં ખુલ્લાં બટનોની વચ્ચે સ્તનોની કંદરા સુધી આંગળી ફેરવી.

“ધત્... તને તો એક જ વિચાર આવે છે.” પ્રિયમે એનો હાથ ખસેડી નાખ્યો, “આદિત્ય, શરીર જ અંતિમ સંબંધ હોય છે માણસોનો? માણસ કેમ શરીરથી શરૂ કરીને શરીર પર પૂરું કરે છે? સ્ત્રી-પુરુષના સંબંધમાં એ એક જ વસ્તુ...”

“ના, એક જ વસ્તુ નહીં પ્રિયમ! મારી મા હંમેશાં કહેતી કે શરીર ધર્મ સુધી પહોંચવાનો એક રસ્તો છે. રજનીશ પણ કહે છે કે સાધનાની પહેલી સીડી શરીર છે... આ શરીરથી આપણે જગતનાં સુખો માણી શકીએ છીએ. ઈશ્વરની પૂજા કરી શકીએ છીએ. આ શરીર સ્નેહનું, સ્પર્શનું અને સંબંધનું સુખ આપે છે. વિચારી જો પ્રિયમ, મારે ને તારે શરીર ના હોત... તો હું કેવી રીતે પહોંચત તારા સુધી, અથવા તું મારા સુધી?” પ્રિયમ જોઈ રહી એની સામે.

આમ પણ આદિત્ય ફિલોસોફીનું ખૂબ વાંચન કરતો. એને માટે જિંદગી વારે વારે એનેલાઇઝ કરવાની, સમજવાની, ઓળખવાની અને જીવવાની વસ્તુ હતી...

એ દરેક વાતનું પૃથક્કરણ કરી નાખતો. છૂટી છૂટી પાડીને-અલગ અલગ કરીને વાતને પૂરેપૂરી સમજી જવી એને માટે અનિવાર્ય હતી. જ્યારે જ્યારે એ પ્રિયમ સાથે જિંદગી વિશે વાત કરતો ત્યારે પ્રિયમ હસતી અને એને કહેતી, “આદિ, જિંદગી જીવવાની વસ્તુ છે. ખુલ્લી, ભરપૂર અને છલોછલ. એને વિશે ચર્ચા નહીં કરવાની. બસ જીવવાની અને જીવી જવાની!”

પણ આદિત્ય એમ માનતો કે કોઈ પણ પરિસ્થિતિ, વ્યક્તિ, વસ્તુ કે વિચારને પૂરેપૂરી સમજ્યા પછી જ એને પામી શકાય.

“પ્રિયમ, ખરું કહું? હું તને શરીરથી પામું છું, અડકી શકું છું ત્યારે લાગે છે કે તું છે, બાકી તું ધુમ્મસ જેવી છે. તમને ખબર પડે કે એ છે, પણ મુઠ્ઠીમાં પકડવા જાઓ તો હાથમાં ના આવે... વરસાદ હોય તો ઝીલી શકાય અને હવા હોય તો એવું કહેવાય કે છે, પણ દેખાતી નથી. તારે માટે એમ કહેવું પડે કે દેખાય છે, પણ પકડાતી નથી.”

હસી પડી પ્રિયમ, “આદિ, મારી પેલી કવિતા વાંચી છે ને તેં?-

“ચાલ, ધુમ્મસિયા થઈને જોઈએ જરા,
આપણું હોવું... વગર આકારે કેવું લાગશે?
તડકો નીકળશે ને સપનાં પીગળશે,
પછી હું નહીં હોઉં ત્યારે
એ જ ધુમ્મસ ક્ષણો બનીને તને વાગશે,
ધુમ્મસને પાંપણથી પકડી શકાય
ને મુઠ્ઠીમાં જકડી શકાય
ને વરસાદની જેમ ઝીલી શકાય તો કેવું?
બે-ચાર મુલાકાતો પછી ધુમ્મસ પણ
આકાર, ચહેરો ને નામ માગશે?

“આદિ, પ્રેમને નથી ચહેરો હોતો, નથી આકાર કે નથી હોતું નામ...”

“તો પછી પકડવાનું કઈ રીતે?”

"મૂરખ છે તું, શું કામ પકડવી છે મને?"

"જેથી તું ભાગી ના જાય. બહુ ડર લાગે છે મને પ્રિયમ, મારા એ પ્રેમનો, મારા ડિપેન્ડન્સનો, તારી અને ફક્ત તારી જ આસપાસ ગોઠવાઈ ગયેલા મારા અસ્તિત્વનો, હું... હું તારા વિના કશું વિચારી જ શકતો નથી. મને જાણે તારા સિવાય જીવતાં જ નથી આવડતું."

"આવડી જશે."

"વ્હોટ?"

"આદિ, જ્યારે હું નહીં હોઉં ત્યારે તું જીવી શકીશ મારા વિના, મને વિશ્વાસ છે."

આદિત્યએ એનો હાથ પકડી લીધો. નાના બાળકની જેમ બેબાકળો થઈ ગયો એ, "પણ, તું ક્યાંય જવાની છે? ક્યાં જવાની છે?"

"નથી ખબર આદિ, પણ એક વાત ખબર છે... કે હું ક્યાંય ટકીને રહી શકતી નથી. માળો બાંધવો એ મારો સ્વભાવ નથી. મેં તો તરણાં મારી પીઠ પર જ ઊંચક્યાં છે અને એ જ મારો માળો છે."

"કેમ પ્રિયમ, કેમ આવી છે તું?"

"કારણ કે એક જગ્યાએ અટકી જઈને હું ગંધાઈ જાઉં છું... વહ્યા કરવું, વહેતાં રહેવું મારો સ્વભાવ છે."

"પણ તારી સાથે જીવનારાઓનું શું? હું? મારું શું પ્રિયમ?"

"આદિ, તારા પૂરતી તેં પ્રિયમને બાંધી નથી લીધી? બંધ બાંધીને રોકાય તેટલું પાણી તમારું... આખી નદી પર તો માલિકી ન જ હોઈ શકે."

"પ્રિયમ, તારી આટલી બધી બુદ્ધિ, તારું ઇન્ડિપેન્ડન્સ અને તારો આ જિપ્સી સ્વભાવ મને ખૂબ ડરાવે છે." આદિત્યની આંખો ઝીણી થઈ ગઈ. એણે પ્રિયમને ખભામાંથી પકડી લીધી, "પહેલાં જાણતો હોત તો કદાચ..."

"તો કદાચ શું? લગ્ન ના કરત મારી સાથે?"

"લગ્ન તો કરત, પણ પહેલાં જ વર્ષે તને મા બનાવી દેત..." આદિત્યની પકડ પ્રિયમના ખભા પર જરા કસાઈ ગઈ, "બાળક બાંધી દેત તને..."

"આદિ, મને પણ ગમ્યું હોત મા બનવું, પણ..." પ્રિયમના ચહેરા પર એક એવી ઉદાસી ઊતરી આવતી, જેને ભેદીને એના સુધી પહોંચવું આદિત્ય માટે અઘરું થઈ જતું. બંને વચ્ચે મૌનનું વજન એટલું બધું થઈ જતું કે આદિત્યને પોતાના જ શ્વાસનો અવાજ સંભળાતો.

"પ્રિયમ, કેમ આવી છે તું?" આદિત્ય દસ વરસમાં આ સવાલ લાખો વાર પૂછી ચૂક્યો હતો.

"કારણ કે તું આવો છે."

"એક તરફ કેટલી પ્રેમાળ! કેટલી લાગણીશીલ! જાણે ખળખળ વહેતું પાણી અને બીજી તરફ એવા બંધ દરવાજા અને એટલું બધું ખડકાળ કે માણસ માથું પછાડીને મરી જાય તોય કાંકરી ના ખરે..."

"આદિ, એક વાત કહું? દરેક માણસમાં બે માણસ જીવતા હોય છે. કોઈક એ બંને માણસોને ઓળખવા લાગે છે અને કોઈક એમાંના એકને ઓળખવાની ના પાડી દે છે. હું મારામાં વસતા બંનેને જાતે તો ઓળખું જ છું, પણ બીજાનેય એ બંનેની ઓળખાણ કરાવું છું. આદિ, ખરેખર મારામાં બે સ્ત્રીઓ જીવે છે." પછી હસી એ, અને આદિત્યના ખોળામાં માથું નાખી દીધું.

"પ્રિયમ, ખરેખર તો તારામાં બે નહીં, બહુ બધી સ્ત્રીઓ જીવે છે. તું દરેક વખતે જુદી હોય છે... અને હું એ

જુદી જુદી પ્રિયમના ટોળામાં સાચી પ્રિયમને શોધતો થઈ જાઉં છું."

"આદિ, બધી જ પ્રિયમ સાચી છે એવું ના બને?"

ચાલતો ચાલતો આદિત્ય જંગલના એક એવા ખૂણે આવીને ઊભો હતો જ્યાંથી આગળ કદાચ રસ્તો નહોતો જતો. ચૂપચાપ ત્યાં ઊભેલા આદિત્યને જાણે પ્રિયમની પ્રતીક્ષા હતી. એ રાહ જોતો હતો કે કોઈ પણ ક્ષણે, કોઈ પણ ખૂણેથી પ્રિયમ આવી પહોંચશે અને એને લપેટી લેશે અને કહેશે, "કેમ? કેવું લાગ્યું મારા વિના?"

"પ્રિયમ, કેમ જીવીશ હું તારા વિના?" આદિત્ય જાણે આ જંગલમાં વીખરાયેલા પ્રિયમના અસ્તિત્વને પૂછતો હતો.

"આદિત્ય, આખરે તો બધા એકલા જ જીવે છે. સાથે ચાલનારા થોડી વાર સાથે ચાલે અને પછી પોતાની દિશામાં વળી જાય એનું જ નામ જિંદગી."

"ના પ્રિયમ, હું નહીં છોડું તારો હાથ. નહીં વળવા દઉં તને તારી દિશામાં." આદિત્ય બેબાકળો થઈ જતો, "સ્વાર્થી લાગે તો સ્વાર્થી, પણ તારે મારી સાથે જ જીવવાનું છે. તું મારા અસ્તિત્વને વિખેરીને જઈ નહીં શકે. હું નહીં જવા દઉં તને." અને આદિત્યને પ્રિયમનું ખડખડાટ હાસ્ય વીંધી નાખતું.

અત્યારે પણ આદિત્યને એ હાસ્ય સંભળાઈ રહ્યું હતું. આદિત્ય ચારે બાજુ બહાવરો થઈને જોવા લાગ્યો. એને જાણે પ્રિયમના ફેવરિટ પરફ્યુમ 'ઓબ્સેશન'ની સુગંધ આવતી હતી. કોઈ આલાપ-કોઈ સૂર-કોઈ સુગંધ એને જાણે એક દિશા તરફ ખેંચતાં હતાં.

એ દિશા કઈ હતી? ત્યાં કોણ હતું એ નહોતો જાણતો આદિત્ય, પણ આ ભયાનક જંગલમાં પણ એને જાણે લાગતું હતું કે કશુંક અતિશય સુંદર, તદ્દન અલૌકિક એને બોલાવી રહ્યું હતું. આદિત્યને યાદ આવી ગયું. પ્રિયમ હંમેશાં કહેતી, "તમે જ પ્રેમને નથી શોધતા, પ્રેમ પણ તમને શોધે છે. તમે જ સુખ નથી શોધતા, સુખ પણ તમને શોધતું ફરે છે...જિંદગીને મળવાની અને નજીકથી જોવાની ઉતાવળ માત્ર તમને જ છે એવું નથી, જિંદગી પણ તમને મળવા, તમારી આંખોમાં આંખો નાખવા એટલી જ ઉતાવળી છે. ખરેખર એ પળ આવવી જોઈએ જ્યારે તમે બંને એકબીજાની સામે આવી જાઓ!"

આજે જાણે આદિત્ય એ પળ શોધતો ફરતો હતો, આ જંગલમાં! એણે દૂરથી આવતો એક ખૂબ ઝીણો અસ્પષ્ટ અવાજ સાંભળ્યો. જાણે કોઈ બોલી રહ્યું હોય એવો અવાજ હતો. એ અવાજને એક સુગંધ હતી, એક ચહેરો પહેરીને આવતો હતો એ અવાજ!

આદિત્યને જાણે વશીકરણ થયું હોય એમ, એ પેલા અવાજની દિશામાં ચાલી નીકળ્યો. અવાજની આંગળી પકડીને ચાલતો ચાલતો એ ત્યાં આવીને ઊભો રહ્યો, જ્યાં એણે ક્યારેય નહોતું પહોંચવું જોઈતું.

આ એ જગ્યા હતી જ્યાં એની પ્રિયમની સુગંધ વસતી હતી.

પ્રિયમનો એક બીજો ચહેરો, એક બીજું અસ્તિત્વ એનો ઓલ્ટર-ઇગો કે એની કોસ્મિક સેલ્ફ આ ઘરમાંથી આદિત્યને બોલાવતી હતી.

એ એક કોટેજ હતું.

આદિત્યના કોટેજ જેટલું વેલ ડિઝાઇન્ડ અને સોફેસ્ટિકેટેડ નહોતું આ. આ કોટેજમાં જંગલની સુગંધ હતી. કશુંક બરછટ અને વધારે ધરતીની નજીક હોય એવું હતું આ કોટેજમાં. વધુ પૌરુષ, વધુ જંગલિયત કે વધુ કુદરત આ કોટેજમાંથી પડઘાતી હતી.

એ શૈલરાજસિંહ રાઠોડના કોટેજની બહાર ઊભો હતો. અંદર એક સ્ત્રી અને એક પુરુષના અવાજમાં સંવાદ

ચાલી રહ્યો હતો. આદિત્યને કાન દઈને સાંભળવું જરા અજુગતું લાગ્યું...

પણ અવાજ જાણીતો હતો. ખૂબ જાણીતો! મન માનવાની 'ના' પાડે અને છતાં સમગ્ર અસ્તિત્વ, મગજ અને પરિસ્થિતિ તમને માનવા માટે મજબૂર કરે એવી સ્થિતિ હતી...

આ અવાજ? કોની હશે આ કોટેજ?

અંદર જવું કે નહીંની અસમંજસમાં આદિત્ય બહાર ઊભો હતો. આમતેમ જોતાં એની નજર કોટેજના ખૂણામાં ઝાડ નીચે પાર્ક કરેલી જીપ પર પડી.

"આ તો મારે ત્યાં આવ્યો હતો એ જ... અને અહીં આ અવાજ?"

હવે આદિત્ય માટે બહાર ઊભા રહેવું લગભગ અસંભવ હતું. એણે પગથિયાં ચડી ઓટલા પર આવી દરવાજાને ધક્કો માર્યો.

દરવાજો અવાજ વગર ખૂલી ગયો. નાનકડી તિરાડમાંથી આદિત્યએ અંદર જોયું. એક સ્ટૂડિયો અપાર્ટમેન્ટ જેવું ઘર હતું. પેલો માણસ પલંગ પર સૂઈને આંખો પર હાથ મૂકી ચાલી રહેલો સંવાદ સાંભળતો હતો. એના પલંગના સાઇડ ટેબલ ઉપર મુકાયેલી અદ્યતન મ્યુઝિક સિસ્ટમના 3200 વોટના સ્પીકર્સમાંથી એક અવાજ સુગંધની જેમ આખા ઓરડામાં રેલાઈ રહ્યો હતો.

આખા ઓરડામાં કોઈ નહોતું અને છતાંય અવાજનું અસ્તિત્વ ઓરડાને ભરી મૂકતું હતું. છલોછલ, તરબતર કરી મૂકતું હતું.

આ જ અવાજ આદિત્યના શયનખંડનો પ્રાણ હતો.

આ એ અવાજ હતો, જેના અજવાળે આદિત્યના ઓરડાનાં અંધારાં ઉલેચાતાં હતાં... ગમે તેટલા અંતરે આ અવાજ આદિત્યને જીવવા માટે મજબૂર કરી નાખતો. આ અવાજ સાંભળતાં જ આદિત્યને લાગતું કે એનું હૃદય હજી ધબકે છે.

આદિત્ય માટે આ અવાજ એના અસ્તિત્વના પર્યાય જેવો હતો.

આદિત્યથી આ અવાજ અને એમાં ચાલતા સંવાદમાં ડૂબ્યા વિના ન રહી શકાયું.

"જીવ શું કામ બાળે છે? હું જ્યારે જ્યારે પાછી જવાની હોઉં, એની આગલી રાતે તું આમ જ કરે છે...

"શું કરું? તારા જવાનું, તારા અહીં હોવાનો વિચાર માત્ર મારા માટે મૃત્યુથીયે બદતર હોય છે."

"કમ-ઓન, મૃત્યુ તો બહુ સુંદર વસ્તુ છે." એ અવાજ પહેરેલો ચહેરો જાણે હસી રહ્યો હતો, "મૃત્યુ પછી પાછા નથી અવાતું. અહીં તો હું પાછી આવીશ."

"ક્યારે?"

"આ એક સવાલ એવો છે, જેનો જવાબ મારી પાસે નથી."

"મારે તારી રાહ જ જોયા કરવાની? ન જા... પ્લીઝ ન જા..."

જઈશ નહીં, તો પાછી કઈ રીતે આવીશ, કહે તો?"

"પણ જાય છે જ શું કામ... ન જા... કાયમ માટે રહી જા અહીં..."

"તને શું લાગે છે, હું ખરેખર જાઉં છું? તારી પ્રિયમ તો તારી પાસે જ રહે છે... જે જાય છે તે પ્રિયમ સાથે તારે કોઈ સંબંધ નથી."

"શબ્દો છે આ પ્રિયમ, છળ છે..."

"ના, સત્ય છે. મારા અસ્તિત્વનું અને આપણા સંબંધનું."

"પ્રિયમ, આપણા સંબંધનું સત્ય થોડી વાર માટે ભૂલી ન શકાય?"

"આપણા ભૂલી જવાથી સત્યો બદલાતાં નથી...મારો પતિ મારા જીવનનું સત્ય છે."

"હું ના નથી પાડતો પ્રિયમ, પણ સત્યો બદલાઈ શકે એવું તો માનું જ છું અને પ્રિયમ, તું ઇચ્છે તો કંઈ પણ બદલી શકે. તેં મને બદલી નાખ્યો છે."

"કેમ સમજતો નથી શૈલ? એક વાર પસંદગીનો અવકાશ હોય છે આપણને બધાને, પણ પસંદ કરી લીધા પછી કોઈ અવકાશ નથી બચતો. શું કારણ આપું હું? પાછા નહીં જવા માટે..."

"તારે પાછા નથી જવું, એટલું જ કારણ પૂરતું નથી?"

"પણ મારે તો પાછા જવું છે."

"પાછા જવું છે?" પુરુષના અવાજમાં ક્યારેય ના માની શકાય એવી હકીકત સાંભળ્યાનું આશ્ચર્ય હતું.

"હા, મારો ધર્મ છે ત્યાં. મારું વચન, મારી જવાબદારી અને એક અગત્યનો સંબંધ ત્યાં પણ છે જ."

"તોડી નાખ-છોડી દે બધું ને ચાલી આવ. માત્ર મારી પાસે... મારા માટે..."

"એમ તોડવાથી તૂટે એ કાચનું વાસણ, સંબંધ નહીં શૈલ..." એ સ્ત્રીના અવાજમાં ગજબની મક્કમતા અને સ્પષ્ટતા ઊપસી આવી, "આજે જો એક સંબંધ તારા માટે તોડી શકું તો કાલે તારી સાથેનો સંબંધ બીજા કોઈ માટે નહીં તોડું એવી ખાતરી છે તને? શૈલ, બને તો વચનો આપવાં નહીં અને આપો તો નિભાવવાની પૂરેપૂરી માનસિક તૈયારી સાથે આપવાં... હું મળી એને, ત્યારે કલ્પના નહોતી કે તને પણ મળીશ..."

"પણ હવે તો મળીને? હવે તો નક્કી કર... આમ બબ્બે જિંદગી ક્યાં સુધી જીવીશ?"

એક નિઃશ્વાસે આખો ઓરડો ભરી દીધો, "હવે તો જીવીશ ત્યાં સુધી બે જ જિંદગી જીવવી પડશે."

"એક દિવસ વધારે રોકાઈ જા..."

"એક દિવસ પછી પણ જવાનું જ હોય તો આજે કેમ નહીં? આખરે તો જવાનું જ. પછી કારણ વગર મહેતલ માગવાનો શો અર્થ?"

"મૃત્યુ કોઈ દિવસ આવવાનું જ છે એવું નક્કી હોય એટલે આજે જ મરી જવાનું? જીવીએ છીએ ને?"

"નજર સામે રાખવાની એ વાતને. કશું શાશ્વત નથી... ન હું, ન તું. બધું ચલ-વિચલ, બદલાતું, પલટાતું..."

"પ્રિયમ, એક દિવસ, એક દિવસ વધારે નહીં આપી શકે મને?"

"ના, એ રાહ જોતો હશે."

"હું પણ રાહ જોઉં છું-રોજ... તું જાય તે ક્ષણથી. દિવસો, મહિનાઓ... હજી હમણાં જ તો આવી છે."

"એ પણ આજે જ પાછો ફર્યો હશે એન્ટવર્પ અને જર્મનીની ટ્રીપથી! મારે જવું જ જોઈએ."

"ઓહ ગોડ!" આદિત્યએ કાન પર હાથ મૂકી દીધા. હવે એ આગળ સાંભળી શકે એમ નહોતો.

એનું આખું અસ્તિત્વ જાણે તરફડી ગયું. એને પોતાના કાન પર વિશ્વાસ નહોતો પડતો. આ અવાજ ઓળખવામાંય ક્યારેય ભૂલ ના કરે અને છતાં આ અવાજ એને છેતરામણો લાગ્યો.

આટઆટલાં વર્ષોની જિવાયેલી જિંદગી એક પળમાં શૂન્ય થઈને ઊભી રહી ગઈ એની સામે.

એને પોતાનું અસ્તિત્વ નકામું લાગ્યું.

આખું શરીર જાણે બરફનું બન્યું હોય એમ ઠંડુંગાર થઈને ટીપે ટીપે ઓગળી જશે એવો ભય લાગ્યો એને. એ જો હવે અહીંથી નીકળી નહીં જાય તો જીવનભર માટે અહીં જ જડાઈ જશે, પાળિયો બની જશે એવી રીતે એના પગ થીજવા લાગ્યા હતા.

એ ઝડપથી પગથિયાં ઊતરીને કેડી પર ચાલવા લાગ્યો.

પગથિયાં ઊતરતી વખતે એ ભૂલી ગયો કે એનાં પગલાંનો અવાજ જંગલના નિ:શબ્દ અંધકારમાં ગૂંજી ઊઠશે. ઝડપથી પગથિયાં ઊતરીને કેડી પર વેરાયેલાં સૂકાં પત્તાં કચડતો એ મોટાં મોટાં ડગલાં ભરીને જલદી જલદી ચાલવા લાગ્યો.

એ એવી રીતે જઈ રહ્યો હતો, જાણે પાછળ સંભળાતો અવાજ એનો પીછો કરતો હોય અને એ અવાજથી જીવ બચાવીને ભાગતો હોય. કેડી પર કચડાતાં સૂકાં પત્તાં અને આદિત્યના દોડવાનો અવાજ પડઘાઈ રહ્યો હતો.

શૈલરાજને કોઈનાં પગલાં સંભળાતાં એ સફાળો ઊઠ્યો. દરવાજો ખુલ્લો હતો અને આદિત્ય ભાગવત કેડી ઉપર લગભગ દોડતો જઈ રહ્યો હતો...

શૈલરાજને આદિત્યને ઓળખતાં વાર ના લાગી. હજી હમણાં જ તો એ પાછો ફર્યો હતો.

એને નવાઈ જરૂર લાગી.

"આ માણસ એનો પીછો કરતો અહીં સુધી આવ્યો હશે? કે જેમ પોતાને કશું ખેંચી ગયું ત્યાં એમ જ આ માણસને પણ કશું ખેંચી લાવ્યું હશે અહીંયાં?" શૈલરાજ દોડતા આદિત્યને જોઈ રહ્યો હતો. જંગલના અંધકારમાં આદિત્યનો આકાર ધીમે ધીમે ઓગળતો જતો હતો, "શું પ્રિયમ ઇચ્છતી હશે કે અમે મળીએ?" શૈલના મનમાં વિચાર આવ્યો.

આદિત્ય વધુ ને વધુ મોટાં ડગલાં ભરતો, વધુ ને વધુ બેબાકળો થઈને દોડી રહ્યો હતો. હાંફતો, દોડતો, ઝાડના ટેકે ઊભો રહેતો અને આગળ વધતો આદિત્ય જાણે પાછળ સાંભળેલો અવાજ મનોમસ્તિષ્કમાંથી ભૂંસવા માગતો હતો, પણ એ અવાજ એની પાછળ ને પાછળ, એનાથીયે ઝડપથી દોડતો હતો.

આદિત્યથી અનાયાસે પાછળ જોવાઈ ગયું. કોટેજની લાઇટ ચાલુ હતી. સિલહટમાં ઓટલા પર ઊભેલા શૈલરાજનો આકાર સ્પષ્ટ થતો હતો. એના પૌરુષી આકારની પાછળ કોટેજમાં પ્રિયમનો અવાજ હજી સંભળાતો હતો.

આંખનું પાણી છે સંબંધ,
કેટલા રહે આંખમાં
તો સળવળે ભીનાશ થઈને,
સરી પડે તો આંસુ થઈ સૌની નજરે ચઢે,
કેટલાક સંબંધ ફક્ત બંધ પાંપણોમાં જ શ્વસી શકે.
એમની તકદીરનો બસ,
એટલો જ વિસ્તાર છે.

*

10

આદિત્ય ભાગવતને જાણે એક એક ઝાડ ખાવા ધાઈ રહ્યું હતું. શું એણે સાંભળેલો અવાજ એની પ્રિયમનો હતો? પરંતુ એમાંનો પુરુષ અવાજ એનો પોતાનો નહોતો. “તો પછી કોની સાથે થયો હશે આ સંવાદ? આવો સંવાદ!” આ એક એવા સંબંધની વાત હતી, જેની કલ્પના કરતાં પણ આદિત્ય ભાગવતનું રૂંવેરૂંવું ઉશ્કેરાઈ ગયું હતું... “મારી પ્રિયમ... જિંદગીનાં આટલાં વર્ષો મારી સાથે ગાળ્યાં પછી પણ કોઈ બીજાને ચાહતી હતી? અને મને એની ખબર પણ ના પડી?”

આદિત્યનું મન અકળાઈ ઊઠ્યું હતું. છેતરાયાની, મૂર્ખ બન્યાની લાગણી હતી કદાચ.

જે સ્ત્રીનો વિચાર માત્ર એના આત્મા સુધી એક અજબ ઠંડક લઈ આવતો, જે સ્ત્રી એના શ્વાસ સાથે જોડાયેલી હતી, જે સ્ત્રી સાથે જીવેલી એક એક ક્ષણ એના માટે સભર હતી... સત્ય હતી... અને અત્યારે પણ શાશ્વત હતી એ સ્ત્રી કોઈ બીજાની કેવી રીતે હોઈ શકે-એ વિચાર આદિત્યને સતાવી રહ્યો હતો. લગ્નનાં આટઆટલાં વર્ષો દરમિયાન આદિત્યને ક્યારેય પ્રિયમ સામે કોઈ ફરિયાદ નહોતી. પ્રિયમે એને એ બધું જ આપ્યું હતું, જે પુરુષ એક સ્ત્રી પાસે માગી શકે. શરીરથી શરૂ કરીને મન સુધી બધું જ. એમની રાતો સભર હતી. પ્રિયમના શરીરનો વિચાર માત્ર હજારો કિલોમીટર દૂર પણ આદિત્યમાં પુરુષ જગાડી જતો, “એ પ્રિયમ કોઈ બીજાના બાહુપાશમાં આવો સંવાદ કરી શકે?”

પ્રિયમ એને પ્રેમ કરતી હતી એમાં શંકા નહોતી. પ્રિયમ સાથે ગાળેલી તમામ પળો આદિત્યના જીવનની અત્યંત સુખની-આનંદની પળો હતી, “આજે શું થઈ ગયું આ? આ સંવાદ ન સાંભળ્યો હોત તો જ સારું થાત. છેતરાયા કરવામાં પણ એક મજા હોય છે, કદાચ.”

“બધાં જ સત્યો જાણવા જેવાં નથી હોતાં,” પ્રિયમે કહ્યું હતું એક વાર! આદિત્યને વિચાર આવ્યો, “શું આ જ સત્ય જાણવા જેવું નહીં લાગ્યું હોય પ્રિયમને?”

“આદિ, પુરુષ માટે એકથી વધુને સ્ત્રીને પ્રેમ કરવો અઘરો છે, કારણ કે પુરુષ એક જ દિશામાં વિચારી શકે છે, એક જ રીતે જોઈ શકે છે અને મોટે ભાગે એકસરખી સંવેદનાઓ અનુભવી શકે છે. ખરું પૂછો તો એની ગાડી, એનો બંગલો અને એની પત્નીના માલિકીભાવમાં ખાસ ફરક નથી હોતો.” પ્રિયમનું હાસ્ય આજે પણ આદિત્યને સંભળાતું હતું. આ જંગલનાં ઝાડ જાણે પોતાના પર તૂટી પડશે એવી ભયાવહ લાગણી વ્યાપી ગઈ હતી.

જો એની પ્રિયમ કોઈ બીજાની સાથે પણ આવો સંવાદ કરી શકતી હતી તો પોતે એની સાથે ગાળેલી પળો ખોટી હતી? શું પ્રિયમ છેતરતી રહી હતી એને-આજ સુધી?

એ એક એક રાત... એ એક એક પળ... એ શરીરથી આત્મા સુધી પહોંચવાના પ્રયાસમાં ઝનૂનની હદ વટાવી જતી એ દૈહિક ઝંખનાઓ શું ખોટી હતી? પ્રિયમનો સ્પર્શ એટલો જ સાચો નહોતો, જેટલો પોતાનો હતો? આદિત્ય અકળાઈ ઊઠ્યો, “એને શું અધિકાર હતો મારી સાથે આવું છલ કરવાનો? શું નહોતું આપ્યું એને? સન્માન, સ્નેહ અને શરીર પણ...” આદિત્ય હજીયે ઉતાવળાં, મોટાં મોટાં ડગલાં ભરી રહ્યો હતો.

લગ્નનાં દસ વર્ષથી ભાગતો હતો કે સાંભળેલા અવાજથી-એને પોતાને નહોતું સમજાતું-સમજાતી હતી તો માત્ર એક જ વાત, છેતરાયાની લાગણી!

જોકે આ વાત આદિત્યને સાવ અજાણી નહોતી લાગી. ક્યારેક ક્યારેક એને પ્રિયમના વર્તનમાં નાનકડો બદલાવ દેખાતો હતો. એણે ઘણી વાર પ્રયાસ કર્યો હતો એ બદલાવને, એના કારણને સમજવાનો, પણ પ્રિયમ

અકળ હતી. એમ જલદી પોતાના મનની ચાવી નહોતી આપતી કોઈને!

વાતો કરતાં, હસતાં કે વહાલ કરતાં અચાનક ઉદાસ થઈ જતી પ્રિયમ આદિત્ય માટે અઘરી બની જતી.

પ્રિયમના મનમાં શાનો અભાવ સાલતો હશે એ જાણવા ઘણો પ્રયાસ કરતો આદિત્ય. આદિત્ય માનતો કે પ્રિયમે હંમેશાં ખુશ જ રહેવું જોઈએ. પોતે પ્રિયમને જે કંઈ આપ્યું છે એ બીજી કોઈ સ્ત્રીના નસીબમાં નથી અને પ્રિયમ ખૂબ સદ્ભાગી છે એવું એ પોતે માનતો અને અવારનવાર પ્રિયમને પણ કહેતો, "કોઈ આટલો પ્રેમ નહીં કરે."

પ્રિયમ હસી પડતી, "તું કરતો નથી, હું કરાવું છું આ પ્રેમ!"

"સ્ટૂપીડ!" આદિત્ય કહેતો, "એમ કરાવ્યે પ્રેમ ના થાય."

"કેમ ના થાય? હું મારી જાતને એવા બીબામાં ઢાળીને તારી સામે મૂકું છું કે તને મારા માટે પ્રેમ સિવાય બીજું કંઈ થાય જ નહીં..." સહેજ ઉદાસ થઈ જતી પ્રિયમ, "મેં મારી જાતને બનાવી છે, એવી-જેવી પ્રિયમને તારે પ્રેમ કરવો છે."

"તો? સ્ત્રીની ફરજ છે, પોતાના પુરુષને ગમે એવા બનવાની."

"એવી હોય કે નહીં," હજી પ્રિયમની આંખો ઉદાસ હતી, "એવા બનવાનું, ખરું? મૂળ વ્યક્તિત્વને ઢાંકી દેવાનું અને પુરુષને ગમે એવા બનવાનું..."

"પ્લીઝ પ્રિયમ, આ બધું શરૂ નહીં કરતી."

લગ્નનાં આ દસ વર્ષ હનીમૂન જેવા વીત્યાં હતાં.

એટલી હદ સુધી કે ક્યારેક પ્રિયમ આદિત્યને પૂછતી, "આપણી વચ્ચે ઝઘડો કેમ નથી થતો ડાર્લિંગ?"

"લો બોલો! લોકોનાં ઘરોમાં ઝઘડા થાય છે એ પ્રોબ્લેમ છે. અમારાં મેડમને ઝઘડો નથી થતો એનો અભાવ સાલે છે."

"અભાવ નથી સાલતો આદિ, વિચાર આવે છે ક્યારેક. કોઈ પણ નોર્મલ પતિ-પત્નીને ઝઘડો થાય, અને તારી પાસે તો કારણ પણ છે મારાથી નારાજ થવાનું. મને... દોષ દેવાનું."

"દોષ તારો જ છે એવું શું કામ?"

"એવું સાબિત થયું છે-મેડિકલી."

"પ્રિયમ, મેડિકલી ભલે સાબિત થયું, પણ વાંક તો મારોય ખરો ને?"

"તારો? તારો કેવી રીતે? હું જીદ કરીને રેલીમાં ગઈ... મેં ગાડી ચલાવી, અથડાઈ અને..." પ્રિયમની આંખો ભરાઈ આવતી, "તારો શું વાંક?"

"પ્રિયમ, તને એકલી જવા દીધી એ મારો વાંક છે... એ રેલીનું રિસ્ક જાણતો હોવા છતાં..."

"આદિ, હું સ્ત્રી છું, પત્ની છું, તને તારું સંતાન આપવાની ફરજ છે મારી."

"પ્રિયમ, એટલી જ ફરજ છે? એ સિવાય તું મને જે કંઈ આપે છે એ પૂરતું નથી?"

"તું મને પ્રેમ કરે છે ત્યારે તારું ઝનૂન, તારું પુરુષાતન બરબાદ થતું અનુભવી શકું છું હું." પ્રિયમનો અવાજ તરડાઈ જતો, "મારામાં રેડાતું તારું પુરુષત્વ બાતલ થઈ જાય છે! જે સ્ત્રીને કૂખ જ નથી, એને એક પુરુષ ગમે તેટલો પ્રેમ કરે, એ શું આપી શકે?"

“ફરી એ વાત નહીં કાઢતી હોં પ્રિયમ.” આદિત્ય ઊભો થઈને ચાલવા લાગતો. પ્રિયમ એનો હાથ પકડી લેતી, રોકી લેતી એને અને પૂછતી, “આદિ, તને ક્યારેય એવું નથી લાગતું કે આ કરોડોની સંપત્તિનો વારસ...”

“પ્રિયમ, આપણે નક્કી કર્યું છે કે આપણે એ વિશે ચર્ચા નહીં કરીએ.”

“તેં નક્કી કર્યું છે, મેં નહીં.” પ્રિયમની આંખોમાં પાણી આવી જતાં, “શા માટે? શા માટે છોડી નથી દેતો મને? બીજાં લગ્ન કરી લે આદિ. આ કરોડોની સંપત્તિ તારી અને પપ્પાજીની મહેનત... આપણે નહીં હોઈએ ત્યારે?”

“આપણે નહીં હોઈએ ત્યારે શું થશે એની ચિંતા કરવાની જરૂરત જ શું છે?” આદિત્ય બહુ પ્રેમથી સમજાવતો પ્રિયમને. “કદાચ બાળક હોત અને આપણે વારસો આપી જાત તો એ સંપત્તિનો સાચો અને સારો જ ઉપયોગ કરત એવી ખાતરી છે તને? આપણે ટ્રસ્ટ કરીશું પ્રિયમ, શિક્ષણ માટે, હેલ્થ માટે કામ કરશે આપણું ટ્રસ્ટ...”

“આદિ, માણસ લગ્ન કરે છે, કારણ કે એને કુટુંબ વસાવવું હોય છે, પિતા બનવું હોય છે. કદાચ પોતાના સંતાન સ્વરૂપે ફરી જીવવું હોય છે.” ડૂસકું નીકળું જતું પ્રિયમનું, “હું આમાંનું કંઈ ના આપી શકી તને.”

આદિત્ય ખૂબ વહાલથી પ્રિયમને પંપાળતો, નજીક લેતો, સમજાવતો, “તેં જે આપ્યું છે એ કોઈ સ્ત્રી કોઈ પુરુષને ના આપી શકે. તેં મને મારી પોતાની ઓળખાણ કરાવી છે પ્રિયમ. મારા અસ્તિત્વની અધૂરપને પૂરી કરી છે તેં. તું સાચા અર્થમાં અર્ધાંગિની બની છે. હું આજે જે કંઈ છું એની પાછળ, એની આગળ, એની આસપાસ તું જ છે પ્રિયમ.”

“મને એક બિનઉપયોગી વસ્તુ હોવાની લાગણી થાય છે. આપણે પરણ્યાં ત્યારે શરૂઆતમાં કેટલાં સપનાં હતાં તને? બાળકનાં... પિતા બનવાનાં...” પ્રિયમ ખાલી આંખે આદિત્યની સામે જોઈ રહેતી, “તારાં બધાં સપનાં તોડ્યાં મેં.”

“તું જ સપનું છે મારું.” એને બાહુપાશમાં ભરી લેતો આદિત્ય.

“આદિ, એક વેશ્યા જેવી, એક અજાણી સ્ત્રી હોવાની, માત્ર શરીર-ઉપભોગની વસ્તુ હોવાની લાગણી થાય છે મને. આપણી વચ્ચે એકબીજાને બાંધતું કશું નથી બચ્યું.”

“મૂરખ છે તું!” આદિત્ય હસતો, “આ સ્પર્શ, આ લાગણી, આ સ્નેહ, આ સંવેદના અને આ સંવાદ... કેટલું બધું છે આપણી વચ્ચે?”

“પણ સંતાન તો નથી જ આપી શકી ને!”

“મા બનવું એ એકમાત્ર ધ્યેય નથી હોતું સ્ત્રીના જીવનનું. લાખો-કરોડો બાળકો પેદા થાય છે આ દેશમાં, એમાંનાં કેટલાં, શું બની જાય છે? તું જે કંઈ કરે છે એનાથી કેટલાં બધાં બાળકોને શિક્ષણ અને સારું જીવન મળે છે પ્રિયમ, મને લાગે છે એ વધારે અગત્યનું છે.”

“મન મનાવવાની વાતો છે બધી.”

એ પછી આદિત્ય પ્રિયમને વહાલ કરતો... એને પ્રેમ કરવાનો, શરીરથી ઉશ્કેરવાનો, સંતોષવાનો પ્રયાસ કરતો, પણ પ્રિયમ જાણે ઠંડીગાર થઈ જતી. આદિત્યના એક પણ પ્રયાસનો પ્રતિભાવ નહોતી આપી શકતી એ. એ જેમ ઠંડી પડતી જતી એમ આદિત્ય વધુ ઝનૂની થતો અને પ્રિયમ આદિત્યના વધતા ઝનૂન સામે વધુ ઠંડી થઈ જતી...

આદિત્યને ઠંડી પડેલી પ્રિયમ પોતાના પુરુષત્વને પડકારતી હોય એવી લાગણી થતી, જ્યારે પ્રિયમને આદિત્ય માત્ર એક શરીર માનીને એની સાથે વર્તતો હોય એવું લાગતું...

એ પ્રયાસ કરતી, આદિત્યને ના નહીં પાડવાનો, સમર્પણ કરી દેવાનો! પણ આદિત્યને તો લગ્નનાં શરૂઆતનાં

વર્ષોમાં હતી એવી, હૂંફાળી, વહાલસોયી, ઝનૂની અને ધગધગતા લોહીવાળી પ્રિયમ જોઈતી હતી, એને આ પ્રિયમ સહેજેય ચાલે તેમ નહોતી!

બંને વચ્ચેના સંબંધો ગૂંચવાતા જતા હતા...

...પ્રિયમ દરેક વખતે ચૂર ચૂર થઈ જતી. એ આદિત્યને સંતાન નહોતી આપી શકી એ વાતે એને અવારનવાર ઓછું આવતું. વિશ્વભરના ડૉક્ટરો અને સારામાં સારી હૉસ્પિટલોના અભિપ્રાય એક જ હતા-પ્રિયમ મા નહીં બની શકે.

રેલીમાં થયેલા અકસ્માતમાં પ્રિયમના ગર્ભાશયને નુકસાન થયું હતું અને ધીમે ધીમે બધેથી એક જ જવાબ મળતો હતો, "પ્રિયમનું ગર્ભાશય સંતાનનો બોજ લઈ શકે એટલું સક્ષમ નથી રહ્યું."

ઝનૂનથી કે જીદમાં બે વાર ગર્ભ ધારણ કર્યા પછી ત્રીજા મહિને થઈ ગયેલું અબોર્શન પ્રિયમને વધારે તોડી ગયું હતું!

કોઈ પણ વસ્તુ ના કરી શકાય એ વાત પ્રિયમ માટે અકળાવનારી હતી, અશક્ય શબ્દ એને માટે અસહ્ય હતો! કુદરતની સામે લાચાર પ્રિયમ વધુ ને વધુ હારતી ગઈ. જેમ હારતી ગઈ એમ વધારે ઝનૂને ચડતી ગઈ... ઝનૂન એને વધુ હરાવતું અને હારતી એટલી વધુ ઝનૂની થઈ જતી!

એક વિષચક્રમાં ફસાયેલી પ્રિયમ ધીમે ધીમે જાતને ધિક્કારતી થઈ ગઈ હતી.

પોતાના શરીરથી ઘૃણા થતી એને! એનું સૌંદર્ય નકામું લાગતું... એના શરીર પર ફરતા આદિત્યના હાથ એને દઝાડતા!

લગ્નની શરૂઆતનાં પાંચેક વર્ષો પ્રિયમ ધીરજથી રાહ જોતી હતી... પછી જેમ જેમ ટેસ્ટ થતા ગયા, જેમ જેમ અભિપ્રાયો આવતા ગયા તેમ તેમ જાણે પ્રિયમના મા બનવાના ધમપછાડા વધતા ગયા. એક નવો ડૉક્ટર કે એક નવી જગ્યાનું નામ પડતું અને પ્રિયમની શ્રદ્ધા જાગી ઊઠતી. આદિત્યની ઇચ્છા હોય કે ના હોય, એ એને લઈને ત્યાં પહોંચી જતી. ફરી પાછા ટેસ્ટ, ફરી પાછી તપાસ અને ફરી એ જ પરિણામ આવીને ઊભું રહેતું...

દરેક વખતે પ્રિયમ થોડી વધારે તૂટી જતી, થોડી વધારે એકલી થઈ જતી.

થોડા દિવસો ચૂપચાપ રહેતી. આદિત્યથી પણ જાણે જાતને સંકોરી લેતી. પછી ધીરે ધીરે ફરી જિંદગી પાટે ચડી જવાનો ડોળ કરતી, પણ પ્રિયમની અંદર એ ખાલીપાનો વિસ્તાર વધુ ને વધુ મોટો થતો જતો હતો.

આદિત્ય જોઈ શકતો હતો પ્રિયમનો આ બદલાવ, સમજી શકતો નહોતો.

*

આદિત્ય પેલા અવાજથી પીછો છોડાવવા મોટાં મોટાં ડગલાં ભરીને ચાલી રહ્યો હતો. કોટેજ અને અવાજ તો ક્યારનાંય પાછળ રહી ગયાં હતાં, પણ જાણે આદિત્યને લાગતું હતું કે એ અવાજ એનો પીછો કરી રહ્યો છે. આદિત્ય પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. એના મનના કોઈક ખૂણામાં જાણે ધડાકા-ભડાકા થઈ રહ્યા હતા.

"તો આ કારણસર બદલાવ આવ્યો હતો પ્રિયમમાં... સંતાનનું તો બહાનું હશે?" એના જ મને એને ટપાર્યો, "આવું વિચારે છે? જે પ્રિયમે બધું જ આપી દીધું તને... એ પ્રિયમ ખોટી કેવી રીતે હોઈ શકે?"

આદિત્યના મનમાં જાણે ધરતીકંપ થયો હતો. સ્મૃતિની બધી જ પળો ધસી જતી હતી...જીવેલી તમામ ક્ષણો જાણે જમીન ફાટતી હોય તેમ ચિરાતી હતી અને એમાંથી ખડખડાટ હસતી પ્રિયમ બહાર આવતી હતી. હાથ લંબાવતી હતી... આસપાસ વીખરાયેલા બધા જ પ્રસંગોને પોતાના રાક્ષસી હાથોમાં લઈને જાણે ચૂર ચૂર કરતી હતી પ્રિયમ.

આદિત્યને એ અવાજ હજીયે નહોતો ભુલાતો.

"તો પ્રિયમ વારંવાર રણથંભોર આના માટે આવતી હતી?" આદિત્યને આ વિચાર નશશિખ ધ્રુજાવી ગયો, "એટલે આ માણસ મારા ઘરમાં પ્રિયમની તસવીર જોઈને બેભાન થઈ ગયો હશે?" આદિત્ય મનોમન કડીઓ જોડી રહ્યો હતો. "કોણ હશે આ માણસ? કઈ રીતે જાણતો હશે મારી પ્રિયમને?" ઝાડ નીચે એક પથ્થર ઉપર આદિત્ય બેસી ગયો. કોટેજમાં સાંભળેલો સંવાદ જાણે સિનેમાના ફ્લેશબેકની જેમ ગોળ ગોળ ઘુમરાઈને એને વાગી રહ્યો હતો... એણે કાને હાથ દઈ દીધા. આંખો મીંચી દીધી. એને લાગ્યું જાણે જંગલનાં ઝાડવાંઓને પગ આવી ગયા છે અને એ ઝાડવાં ધીમે ધીમે એના તરફ ખસી રહ્યાં છે. એનો શ્વાસ અટકી ગયો. એને લાગ્યું એનું માથું ફાટી જશે. પરંતુ અચાનક જ એને એક વિચાર આવ્યો, "બે માણસોનો અવાજ એકસરખો ના હોઈ શકે?"

કેટલા બધા ડબિંગ આર્ટિસ્ટ હોય છે, જે ફિલ્મના એક્ટરોના આબેહૂબ અવાજ કાઢતા હોય છે. મારા મનોમસ્તિષ્કમાં પ્રિયમ એટલી તો સમાયેલી છે કે કદાચ થોડોક એને મળતો આવતો અવાજ હોય તો પણ મને એ એનો જ અવાજ લાગ્યો હોય...

આદિત્યને જાણે જીવમાં જીવ આવ્યો.

એને લાગ્યું, કે જાણે ગોળ ગોળ ફરતી પૃથ્વી શાંત થઈ ગઈ છે.

ભયાનક તોફાન પછી જેમ વરસાદ અટકે, પવન અટકે અને એક ભયાવહ શાંતિ ફેલાય એવી શાંતિ ફેલાઈ હતી આદિત્યની આસપાસમાં. એના મનમાં ચાલતો ધરતીકંપ સ્થિર થઈ ગયો. જમીનમાંથી બહાર નીકળતી રાક્ષસી પ્રિયમ ફરી જમીનમાં સમાઈ ગઈ. મનના એક ખૂણે, "આ અવાજ પ્રિયમનો નહીં હોય" એ વિચારે જાણે ટાઢક કરી નાખી.

"હું આવું વિચારી જ કેવી રીતે શક્યો મારી પ્રિયમ વિશે? એવું ક્યારેય બને?" આદિત્યને વિચાર આવ્યો. સાથે જ એને યાદ આવી ગયું, એક વાર આદિત્ય પેરીસથી વહેલો પાછો આવ્યો હતો. પ્રિયમ ઘરમાં નહોતી. અમદાવાદમાં પણ નહોતી. પછી બીજા દિવસે પાછી આવી ત્યારે આદિત્યએ બહુ સ્વાભાવિકતાથી પૂછ્યું હતું, "ક્યાં ગઈ હતી?"

"જુઠ્ઠું હું બોલીશ નહીં, અને સાચું તારાથી સંભળાશે નહીં." આદિત્યને લપેટાઈને પ્રિયમે કહ્યું હતું.

"જુઠ્ઠું બોલવું પડે એવી જગ્યાએ જાય છે તું?"

"કદાચ..." પ્રિયમ હસી પડી, "સાચું તું ન સાંભળી શકે એવી જગ્યા આદિત્ય..."

"એય! કોઈના પ્રેમમાં નથી પડી ને?"

પ્રિયમે આદિત્યની આંખમાં આંખ નાખીને જોયા કર્યું હતું થોડી વાર અને પછી બહુ જ હળવેથી વ્હીસ્પરિંગ અવાજમાં કહ્યું હતું, "પ્રેમ? પ્રેમમાં પડાય નહીં, ડૂબી જવાય..."

એની આંખોમાં કંઈ એવું હતું, જેનાથી આદિત્યને ખૂબ તકલીફ થઈ હતી-એ તકલીફ આજે યાદ આવી ગઈ આદિત્યને.

"પ્રિયમ, એમ કેમ ડૂબી જવાય? તમે કોઈકને ચાહતા હો પછી..." આદિત્યએ પ્રિયમને કસીને પકડી લીધી, એવી રીતે જાણે કોઈ બાળક પોતાના ફેવરિટ રમકડાને પકડી લે.

"આદિ, બે જ વસ્તુ પર માણસનો અધિકાર નથી હોતો-એક મૃત્યુ અને એક પ્રેમ. એની મેળે આવે અને એનું કામ કરે! ગમે તેટલું રોકો...રોકાય નહીં!"

"પ્રિયમ, તું ડરાવે છે મને."

"પ્રેમમાં ડરવા જેવું નથી હોતું, હા-રડવા જેવું હોય છે!" પ્રિયમની આંખોમાં સહેજ ઘેલછા ઊતરી આવી હતી, "આદિ, તમે મેળામાં ખોવાઈ જાવ... તમે જ તમારી જાતને ન જડો-એવું અનુભવ્યું છે ક્યારેય?"

"હા, તારા વિના મને એવું જ થાય છે." આટલા દિવસે બહારગામથી આવેલો આદિત્ય પ્રિયમને વહાલ કરવા માગતો હતો. પ્રિયમની પીઠ પર, એના પેટ પર, એના ખભા અને બાવડા પર આદિત્યના ડેસ્પરેટ હાથ ફરી રહ્યા હતા.

"પ્રેમ અચાનક તમારો હાથ પકડીને તમને જ તમારી જાત શોધી આપે છે. બહુ વિચિત્ર ફિલિંગ છે આદિત્ય, તમે જાતને ફરી એક વાર મળો છો-સાવ નવેસરથી."

"એમ વારંવાર પ્રેમમાં કેવી રીતે પડી શકાય? પ્રેમ અને મૃત્યુમાં એક વાત બીજી પણ સરખી છે..." આદિત્યના અવાજમાં ઈર્ષ્યા હતી, "મૃત્યુ અને પ્રેમ બંને એક જ વાર થાય. જેમ વારે વારે મરાય નહીં, એમ વારે વારે પ્રેમ પણ ન થાય પ્રિયમ."

"આદિ, હસ્તરેખા અને શમણાં વચ્ચે ફેર હોય છે. હાથમાં લખેલું સત્ય અને બંધ આંખે જોયેલું શમણું જ્યારે સેળભેળ થઈ જાય ત્યારે એક મેઘધનુષ્ય બની જતું હોય છે. એ મેઘધનુષ્યનું નામ પ્રેમ છે."

"શું કહે છે તું?" બાર દિવસે પ્રિયમને મળેલા આદિત્યમાં કવિતાઓ સાંભળવાની ધીરજ નહોતી આજે. અમસ્તુંય આદિત્ય પ્રિયમને જોઈને ઘેલો થઈ જતો. પરદેશ જઈને આવે ત્યારે આદિત્ય પ્રિયમ માટેની એક તરસ લઈને પાછો આવતો. આટલા દિવસ એને નહીં અડક્યાનો જાણે એક અભાવ એના રોમરોમમાં વ્યાપી જતો. આજે પણ આદિત્ય પ્રિયમને વહાલ કરી રહ્યો હતો. એના ચહેરા પર, એના ગળામાં, એના વાળમાં આદિત્યના હાથ ફરી રહ્યા હતા. પ્રિયમ પણ ધીરે ધીરે ઓગળી રહી હતી એ સ્પર્શની ગરમીમાં. અચાનક પ્રિયમે એક સવાલ પૂછીને આદિત્યનો મૂડ બદલી નાખ્યો.

"આદિ..." પ્રિયમે એના ગળામાં હાથ નાખીને એની ચીબુક પર એક હળવું બચકું ભર્યું, "હું સાચે કોઈના પ્રેમમાં પડું તો?"

"તો? તો શું?"

"તો તું શું કરે એમ પૂછું છું."

"હું? હું ચીરી નાખું તને."

"ખરેખર કહે છે?" પ્રિયમે પૂછ્યું. પછી એ કંઈ કહેવા જતી હતી પણ આદિત્યએ એના હોઠ ઉપર હોઠ મૂકી દીધા. પ્રિયમે જાતને છોડાવી. આદિત્યની આંખોમાં આંખો નાખીને પૂછ્યું, "એક સ્ત્રી બે જણાને પ્રેમ ના કરી શકે?"

"અફકોર્સ નોટ! એકસરખી તીવ્રતાથી તમે બે જણાને કઈ રીતે ચાહી શકો?" આદિત્યએ પ્રિયમના માખણ જેવા હોઠને ફરી પકડમાં લીધા, પણ પ્રિયમે છોડાવીને જવાબ આપ્યો, "કેમ નહીં? એ તો તમારી અંદર રહેલી પ્રેમ કરવાની શક્તિ પર આધાર રાખે છે. એક શું કામ, બે શું કામ, અનેક લોકોને પણ ચાહી શકાય-એકસાથે..."

"એ શક્ય જ નથી."

"તને ચાહ્યા પછી મારામાં એટલી જગ્યા જ નથી બચી કે બીજા કોઈને ચાહી શકું અને જો કદાચ હું બીજા કોઈને ચાહું તો મારી તારા તરફની નિષ્ઠા, તારા તરફનો પ્રેમ કે વિશ્વાસનું શું?"

"કોઈ બીજાને ચાહવાથી પહેલી વ્યક્તિ તરફની નિષ્ઠા કેવી રીતે ઘટે એ મને નથી સમજાતું... કેટલીક વ્યક્તિઓ પાસે અદ્ભુત કેપેસિટી હોય છે પ્રેમ કરવાની અને એવી વ્યક્તિ એકથી વધુ લોકોને પ્રેમ કરી શકે, ભરપૂર પ્રેમ કરી શકે અને છતાં એનો પ્રેમ વધે, ઘટે નહીં... બે દીકરાઓને એકસરખો પ્રેમ કરતી મા સામે કેમ વિરોધ નથી કોઈને? એક પુરુષની એકથી વધુ પત્નીઓ એકબીજા સાથે સમજદારીથી જીવી જાય છે... એકથી વધુ સ્ત્રીઓ એક પુરુષને વહેંચી શકે, ખરું? પરંતુ પુરુષોની વાત આવે છે ત્યાં સમાજ તરત સંકુચિત થઈ જાય છે... મને દ્રૌપદી બહુ ફેસિનેટ કરે છે. એકસાથે પાંચ પુરુષોને ઈમાનદારી અને વફાદારીથી પ્રેમ કરવો સરળ નથી..."

"એણે બધાને એકસરખો પ્રેમ કર્યો હશે એવું કઈ રીતે કહી શકે તું?"

"એમ જ હશે. નહીં તો એ પાંચ ભાઈઓ અંદર અંદર લડીને વિનાશને રસ્તે ગયા હોત." પ્રિયમે આદિત્યની આંખોમાં જોયું, "આદિ, સ્ત્રીને પ્રેમમાં વધઘટ ચલાવી લેવાનું ફાવે છે. પુરુષ નથી કરી શકતો આવું."

"એટલે?" જાણે પ્રિયમ આદિત્યનું મન વાંચી રહી હોય એવું લાગ્યું.

"પુરુષને બધું જ જોઈએ છે-આખેઆખું, પૂરેપૂરું...મન હોય કે શરીર, પુરુષને સહેજ પણ ઓછું નથી ચાલતું. ઓછું હોય કે ઘટે તો સમજાય છે બંનેને, પરંતુ પુરુષ એ વિશે વધારે તીવ્રતાથી રિએક્ટ કરે છે, માગે છે, અધિકારપૂર્વક! જ્યારે સ્ત્રી મેળવવાનો પ્રયત્ન કરે છે. થોડું વધું આપીને... થોડું વધુ સમર્પણ કરીને..." આદિત્ય ઘડીભર જોઈ રહ્યો એને. આદિત્ય અમસ્તોય પ્રિયમની બુદ્ધિથી અંજાઈ જતો. એના શબ્દોની પ્રવાહિતા, એની વાક્છટા, એની તર્કબદ્ધ દલીલો આદિત્યને અભિભૂત કરી નાખતી.

"આદિ, તમામ પ્રયત્નો પછી પણ જો પ્રેમ કે શરીર ન મળે તો સ્ત્રી સમાધાન કરે છે, જ્યારે પુરુષ વિનાશ નોતરે છે. ઝનૂને ચડી જાય છે... એને ન મળે એ બીજા કોઈને પણ ના જ મળવું જોઈએ એવું પુરુષ દઢપણે માને છે."

સામાન્ય રીતે એ પથારીમાં દલીલ કરવાનું ટાળતો, પણ આજે આ વાત ઉપર કોણ જાણે કેમ એને દલીલ કરવાનું મન થઈ ગયું. એણે વાત આગળ વધારી, "સ્ત્રી પ્રેમ કરવામાં પુરુષ કરતાં વધારે શક્તિમાન હશે કદાચ, પણ એને માટે પ્રેમ સેવા છે, સમર્પણ છે, સહચર્ય છે. સ્ત્રીનો પ્રેમ આત્માની જરૂરિયાત છે, જ્યારે પુરુષ માટે પ્રેમ શારીરિક જરૂરિયાત વધુ છે... એવું નથી?"

પ્રિયમે ખભા ઊંચક્યા, "કોને ખબર... હું તમને એક વાત કહી દઉં કે કોઈ પણ સ્ત્રી પુરુષ કરતાં પ્રકૃતિની વધારે નજીક છે. એના પ્રેમમાં એક જંગલિયત હોય છે. જીવ આપી દેવાની અથવા જીવ લઈ લેવાની જંગલિયત. પુરુષને બધું જ એમનું એમ રહે એવું જોઈતું હોય છે. છોડી દેવું, પલટી દેવું કે બદલી નાખવું એ સ્ત્રીને આવડે છે. પુરુષ માટે જરા અઘરું છે."

"છોડ આ બધું. હું આટલી બધી બુદ્ધિશાળી દલીલો નથી કરી શકતો. મને પ્રેમ કરતાં આવે છે-અઢળક પ્રેમ, તને અડકું અને ઓગળી જાઉં એટલું જ આવડે છે મને. તને ન અડક્યો હોઉં ત્યારે મારી તસુએ તસુ ચામડીમાં જાણે તિરાડો પડી જાય છે. મારા શરીરની એકેએક ઇંચ ચામડી તને પામવા, તને અડકી લેવા, તને મારામાં સમાવી લેવા તરફડી ઊઠે છે-એટલું હું સમજી શકું છું અને એક વાત કહું? પ્રેમને અને બુદ્ધિને બહુ સંબંધ નથી...," અને આદિત્ય પ્રિયમને આખેઆખી ખાઈ જવી હોય એમ વહાલ કરવા લાગતો.

વિચારોમાં ને વિચારોમાં આદિત્ય પોતાના કોટેજ સુધી આવી પહોંચ્યો હતો. આ કોટેજ શૈલરાજના કોટેજ કરતાં ઘણું દૂર હતું, પણ છતાં જાણે પેલો અવાજ એની પાછળ પાછળ અહીં સુધી આવી પહોંચ્યો હતો. આમ તો જાણે મનને મનાવવા એણે એવું વિચારી જોયું હતું કે એ અવાજ પ્રિયમનો ના પણ હોય, પણ એની છાતીના

ડાબા ખૂણે સંગ્રહાયેલો એ અવાજ પ્રિયમનો જ હતો એવી આદિત્યના મને વારંવાર સાક્ષી પૂરી હતી. મનને મનાવવાના અનેક પ્રયત્નો કર્યા છતાં અહીં સુધી પહોંચતાં પહોંચતાં યાદ આવેલા બધા જ સંવાદો અને પ્રિયમની વાતો આદિત્યને એવું માનવા મજબૂર કરી રહી હતી કે એ સંવાદ પ્રિયમનો જ હતો.

આદિત્યનું મન તરફડી રહ્યું હતું. જે હકીકતને ખોટી ઠેરવવાનો એણે ભરપૂર પ્રયાસ કર્યો એ હકીકત વારે વારે ફેણ ઊંચકીને એને પોતાના સત્યની પ્રતીતિ કરાવી રહી હતી.

પ્રિયમ સાથે ગાળેલાં લગ્નજીવનનાં દસ વર્ષ જાણે જુઠ્ઠાં હતાં એવું લાગ્યું આદિત્યને.

એ કોટેજના ઓટલા પર જ બેસી પડ્યો. અંદર જવા પગ નહોતા ઊપડતા એના...

મહામહેનતે આદિત્યએ જાતને ધક્કો મારીને કોટેજની અંદર જવાનો પ્રયત્ન કર્યો તો એને લાગ્યું કે જાણે આ કોટેજ એનું નહોતું! અહીંનું કશુંયે એનું નહોતું. ફોટામાં હસી રહેલી પ્રિયમ સાવ અજાણી લાગી એને. આદિત્ય ઘડીભર પ્રિયમના એ ફોટા સામે જોતો રહ્યો. પછી ઢગલો થઈને ત્યાં જ બેસી પડ્યો. એની આંખો ભરાઈ આવી હતી. એણે હળવેથી ફોટામાંની પ્રિયમને પૂછ્યું, "વ્હાય પ્રિયમ, વ્હાય?"

એ વાતનો જવાબ આપતી હોય એમ આદિત્યની નજર સામે પ્રિયમની ડાયરીઓનો ઢગલો પડ્યો હતો.

આદિત્યને યાદ આવી ગયું. એ જ્યારે જ્યારે પ્રિયમને પૂછતો... કેટલાક એવા સવાલો, જેના જવાબો પ્રિયમ ટાળી જતી અને એ ચિડાતો ત્યારે પ્રિયમ એને કહેતી, "મારા જીવતાં મારો ભૂતકાળ નહીં ઉખેળતો!"

"કેમ?"

"તારી આંખોમાં મારે એક વાત નથી જોવી."

"કઈ વાત?"

"અવિશ્વાસ..." પ્રિયમ ઊંડો શ્વાસ લઈ લેતી.

"તો જવાબ કેમ નથી આપતી મારા સવાલોનો?" આદિત્ય ઝૂંઝલાઈ જતો, અકળાઈ જતો.

"જે જવાબ મારી મારી પાસે ના હોય એ હું તને કેવી રીતે આપું?"

"હું તને સમજી નથી શકતો પ્રિયમ!"

"સમજવાની જરૂર શી છે? દરેક વાત આખી ખૂલી, ઉઘાડી, બે ને બે ચાર જેવી સીધી અને સ્પષ્ટ જ હોય એવો આગ્રહ જ શું કામ રાખે છે તું?"

"તારા વિશેના કોયડા મને ગભરાવી મૂકે છે પ્રિયમ." આદિત્ય ખરેખર ડરી જતો... "કહેવા જેવું જે કંઈ હોય એ તું જ કહી દેજે. મારે કંઈ શોધી નથી કાઢવું પ્રિયમ..."

પ્રિયમ માત્ર હસતી, પણ એ હાસ્યની પાછળ એક તિરાડ, એક તકલીફ હતી એવું આદિત્યને આ ક્ષણે સમજાયું હતું.

પ્રિયમે એક વાર આદિત્યને કહ્યું હતું, "આ મારો ભૂતકાળ છે આખેઆખો. મારું મન, મારા તર્ક, મારા સવાલો અને મારા જવાબો છે આ ડાયરીમાં. હું જે જીવી છું, જેવું જીવી છું એ બધું જ અક્ષરશઃ લખ્યું છે મેં, ઈમાનદારીથી." પ્રિયમે એ ડાયરી આદિત્યને દેખાડી હતી, "વર્ષોવર્ષનો હિસાબ છે આમાં-મારું ઇમોશનલ બેલેન્સશિટ! આદિ, તેં મને જ્યારે, જે કંઈ પૂછ્યું છે, અને મેં ટાળ્યું છે અથવા મને નથી સૂઝ્યું એ બધાના મને સમજાય અથવા આવડ્યા તેવા જવાબો છે એમાં."

આદિત્યએ એ ડાયરી પર એટલા માર્દવથી હાથ ફેરવ્યો જાણે પ્રિયમના ચહેરા પર ફેરવતો હોય. એને લાગ્યું

જાણે પ્રિયમ જ એની સામે ઊભી છે અને તે દિવસની વાત ફરી કહી રહી છે, "તું વાંચજે આ ડાયરી, હું ના હોઉં ત્યારે!

"ન હોય ત્યારે કેમ?"

"મેં કહ્યુંને તને, મને કોઈ ઓળખી જાય કે જાણી લે તો કદાચ..."

"શા માટે પઝલ બનીને જીવવું છે તારે?"

"કારણ કે હું જ મને ઉકેલ્યા કરું છું." પ્રિયમે આદિત્યનો હાથ પકડ્યો હતો, "આ ડાયરી તું વાંચી લેજે, પણ તારી પાસે નહીં રાખતો. પછી એ કોઈ બીજાને સોંપી દેવાની છે."

"તે તું જ આપી દે ને... મારે નથી વાંચવી."

"વાંચવી તો પડશે તારે, હું નહીં હોઉં ત્યારે." પ્રિયમની આંખો કોણ જાણે શૂન્યમાં શું જોતી હતી, "મારી ગેરહાજરીમાં મને સમજવાનો, મને ઓળખવાનો આવો મોકો નહીં મળે તને."

"એક તો તને આ મરવાની વાત કરીને ખબર નહીં શું મળે છે?"

"આદિ..." અચાનક જ ગંભીર થઈ જતી પ્રિયમ, "હું ન હોઉં ત્યારે આ ડાયરી જેની અમાનત છે એને પહોંચાડજે હોં. પ્લીઝ... તો જ મારો મોક્ષ થશે."

"સારું સ્ટૂપીડ... પણ કોને?"

"છે કોઈ, જેનું ઋણ છે મારા પર." પ્રિયમની આંખો તરલ થઈ આવી, "જેણે મને મારી ઓળખાણ કરાવી છે. એક ખોવાઈ ગયેલી પ્રિયમને ફરીથી પ્રિયમ પાસે લઈ આવ્યો છે એ માણસ."

આદિત્યની આંખો બદલાઈ ગઈ હતી, "પણ મને નામ-સરનામું કંઈ તો આપ."

"એનું નામ, એનું સરનામું-કશું જ અગત્યનું નથી-અગત્યનું છે એનું અસ્તિત્વ! એ ક્યાંય પણ હોઈ શકે. હવાની જેમ, તડકાની જેમ... ક્યારેય પણ આવી શકે-વરસાદની જેમ અને ઊડી જઈ શકે-ઊંઘની જેમ."

"તો હું શું કરું? ક્યાં શોધું એને?" પ્રિયમ બેધ્યાન હતી, નહીં તો એ જોઈ શકી હોત કે આદિત્યના ચહેરા પર એક એવો ભાવ હતો, જે એના ચહેરાને બદસૂરત બનાવી રહ્યો હતો.

"મારી 2005ની ડાયરી ખોલજે. 17મી જુલાઈના પાના પર મળશે વિગતો તને..."

આદિત્યને ડાયરી ઉપાડવી કે નહીં એવો સવાલ થયો.

ખરેખર ડાયરી જોવી જોઈએ? એમાંથી કંઈ એવું નીકળશે જે સહી નહીં શકાય તો?

પ્રિયમની ઈમાનદારી ડરાવે એવી હતી એની આદિત્યને ખબર હતી, "જે સત્ય પચાવી ના શકાય એ જાણવાનો આગ્રહ છોડી દેવો." પ્રિયમ હંમેશાં કહેતી.

ડાયરી આદિત્યને હાથ ફેલાવીને બોલાવી રહી હતી.

આ ડાયરી લઈને અહીં આવતી વખતે આદિત્યએ વિચાર્યું હતું કે એ વાંચશે નહીં, ફરી ક્યારેય વાંચવાની ઇચ્છા પણ ન થાય એટલા માટે આ જ કોટેજમાં-અહીં મૂકીને ચાલી જશે.

પણ આજના સંવાદ પછી આદિત્ય માટે ડાયરી વાંચવાની ઇચ્છાને રોકવી અશક્ય હતી.

એ સંવાદે અઢળક સવાલો જગાડ્યા હતા આદિત્યના મનમાં, અને એ બધા સવાલોના ઈમાનદાર જવાબો બંધ હતા સામે પડેલી ડાયરીઓના ઢગલામાં.

એક તરસ, એક પીડા, એક તરફડાટ સાથે આદિત્યએ ડાયરીના ઢગલા તરફ ડગલાં માંડ્યાં.

એણે ડાયરીના ઢગલા પાસે ઊભા રહીને ફરી એક વાર જાતને પૂછ્યું, "અંદર જીવતા સાપ છે... ભૂખ્યાડાંસ અને છંછેડાયેલા... હિંમત છે ને? એના ડંખ સહેવાની?"

આદિત્યએ જાણે વશીકરણની અસર હેઠળ હોય એમ 2005ની ડાયરી ઉપાડી. કાળી લેધરની ડાયરી ઉપર સોનેરી અક્ષરે લખ્યું હતું-પ્રિયમ ભાગવત, 2005.

આદિત્યએ પાનાં ફેરવવા માંડ્યાં.

*

11

આદિત્ય જે રીતે ત્યાંથી ચાલી ગયો એનાથી શૈલરાજની છાતીમાં એક તિરાડ પડી ગઈ. એ એવી રીતે જઈ રહ્યો હતો જાણે પાછળ સંભળાતો અવાજ એનો પીછો કરતો હોય અને એ અવાજથી જીવ બચાવીને ભાગતો હોય. પગથિયાં ઊતરતી વખતે આદિત્ય ભૂલી ગયો કે એનાં પગલાંનો અવાજ જંગલના નિ:શબ્દ અંધકારમાં ગૂંજી ઊઠશે. કેડી પર કચડાતાં સૂકાં પત્તાં અને આદિત્યના દોડવાનો અવાજ પડઘાઈ રહ્યો હતો. શૈલરાજને કોઈનાં પગલાં સંભળાતાં એ સફાળો ઊઠ્યો. દરવાજો ખુલ્લો હતો અને આદિત્ય ભાગવત કેડી પર લગભગ દોડતો જઈ રહ્યો હતો.

આદિત્યથી અનાયાસે પાછળ જોવાઈ ગયું. કોટેજની લાઇટ ચાલુ હતી. સિલહટમાં ઓટલા પર ઊભેલા શૈલરાજનો આકાર સ્પષ્ટ થતો હતો. એના પૌરુષી આકારની પાછળ કોટેજમાં પ્રિયમનો અવાજ હજી સંભળાતો હતો...

શૈલરાજસિંહ સમજતો હતો કે આદિત્ય બુદ્ધિશાળી છે. જે રીતે પોતે એના કોટેજમાં પ્રિયમના ફોટાને જોઈને બેભાન થઈ ગયો અને એ પછી આજના દિવસમાં બનેલી ઘટનાઓને એકબીજા સાથે જોડીને એટલું તો સમજી જ શકશે કે સત્ય શું છે.

"ક્યારેક સત્ય કેટલું પીડાદાયક હોય છે?" શૈલરાજને વિચાર આવ્યો, "ખરેખર, દરેક સત્ય જાણવા જેવાં નથી હોતાં. અમુક સત્યો નહીં જાણીને માણસ પોતાની જિંદગી સુખેથી પસાર કરી શકતો હોય છે..." શૈલરાજ હજીયે ઓટલા પર ઊભો રહીને વિચારી રહ્યો હતો!

ખરું પૂછવા જાવ તો શૈલરાજ અને આદિત્ય બંનેને સત્યો જાણવા મળ્યાં હતાં. એકબીજાની સામે ઊભેલા એ બંને એકબીજા માટે એવું સત્ય હતા, જે નહીં જાણીને એમને બંનેને સુખ હતું. આદિત્ય વિશે જાણીને શૈલરાજ અને શૈલરાજ વિશે જાણીને આદિત્ય શું સુખી થયા હતા?

"સત્યનો ઝંડો પકડીને જીવતા લોકો શું મેળવી જતા હોય છે?" શૈલરાજને વિચાર આવ્યો અને સાથે જ યાદ આવ્યું કે પ્રિયમે એક વાર કહ્યું હતું, "સત્ય બહુ અઘરું છે! હાથમાં પકડેલા પારા જેવું, ઢળી જવાની સતત બીક લાગ્યા કરે એટલે હાથમાં રહી શકે નહીં. એને તમારે ક્યાંક ને ક્યાંક તો સોંપી જ દેવું પડે. સતત હાથમાં નથી સાચવી શકાતું સત્યને, અને જેને સોંપો કે જે પાત્રમાં ભરો એને માટે પણ સત્ય સહેલું નથી. સિંહણના દૂધ જેવું છે. સોનાના પાત્રમાં સચવાઈ શકે, એ સિવાયના પાત્રને ફાડીને વહી નીકળે છે આ દૂધ."

ખરેખર આજના સત્યએ આદિત્ય અને શૈલરાજ બંનેને વિચલિત કરી નાખ્યા હતા! એ બંનેનું અસ્તિત્વ પ્રિયમની જિંદગીનું એવું સત્ય હતુ, જેને ન હાથમાં પકડી શકાતું હતું કે ન કોઈ પાત્રમાં છોડી દેવાતું હતું!

શૈલરાજ સમજી શકતો હતો કે આદિત્ય માટે આ સત્ય કેટલું અઘરું હશે. પહેલાં પોતાનું પ્રિયમના ફોટાને જોઈને બેભાન થઈ જવું અને પછી પોતાના કોટેજમાં સંભળાતો પ્રિયમનો અવાજ... એ અવાજમાંથી સ્ફુટતા શબ્દો અને એ શબ્દોમાંથી નીતરતો અર્થનો ઉઘાડ!

આદિત્ય માટે આ સમજ કદાચ જરૂરી જ નહોતી અને જો મળી ચૂકી હતી તો આ સમજ હવે એને ધીમે ધીમે ખાઈ જવાની હતી. એ જે સમજ્યો હતો એને જુદું પાડી શકાય એમ નહોતું અને હવે એનાં આટલાં બધાં વર્ષો જાણે જુઠ્ઠાં થઈ જશે.

શૈલરાજસિંહે પોતાની જાતને આદિત્યની જગ્યાએ મૂકીને વિચારી જોયું, "એક એવી સ્ત્રી જેને તમે તમારા શ્વાસથી, તમારા પ્રાણથી પણ અધિક ગણી હોય, એક એવી સ્ત્રી જેનો વિચારમાત્ર તમને સુખ આપતો હોય,

એક એવી સ્ત્રી જેને તમે તમારી પત્ની તરીકે તમારા ઘરમાં, તમારા જીવનમાં રોજેરોજ જોઈ હોય, સંવેદી હોય, અનુભવી હોય, એવી સ્ત્રી જ્યારે કોઈ બીજાને પ્રેમ કરતી હતી એવી ખબર પડે તો શું થઈ શકે?" શૈલરાજ નખશિખ ધ્રૂજી ગયો.

એ કલ્પી શકતો હતો કે પ્રિયમ જેવી સ્ત્રી માટે આદિત્ય શું અનુભવતો હશે? ખાસ કરીને જ્યારે એ સ્ત્રી એની પત્ની હોય!

પોતાને માટે આ હકીકત સ્વીકારવી કદાચ એટલી અઘરી નહોતી, એવો શૈલરાજને વિચાર આવ્યો, કારણ કે પોતે એવું જાણતો હતો કે પ્રિયમના જીવનમાં એક બીજો પુરુષ છે. એ બીજો પુરુષ કોણ છે એ નહીં જાણવાથી એ પુરુષનું અસ્તિત્વ મટી નહોતું જતું પ્રિયમના જીવનમાંથી. એક શરીર હતું જે પ્રિયમને સ્પર્શતું, વહાલ કરતું, ચાહતું! એ શરીરનો ચહેરો કયો હતો એ જાણવાથી ખરું પૂછો તો શૈલરાજના જીવનમાં બહુ મોટો ભૂકંપ નહોતો આવ્યો કદાચ...

પણ આદિત્ય માટે આ સત્ય જાણવું બિલકુલ જરૂરી નહોતું, એવું શૈલરાજને લાગ્યું.

"ગઈ કાલ સુધી જે વાત નહોતો જાણતો આ માણસ એ વાત ન જ જાણત તો શું ખોટું થાત? ખરેખર એણે આ વાત જાણવાની કોઈ જરૂર જ નહોતી. જે પ્રેમના ભ્રમમાં કે ગમમાં એ જીવી રહ્યો હતો એમાં જ જીવતો રહેત તો સૌનું ભલું થાત. જે છોકરી હવે છે જ નહીં એને વિશે તકલીફ આપે એવું કોઈ સત્ય શા માટે જાણવું પડે?"

અને આ સત્યએ પ્રિયમની એક છબિ આદિત્યના મનમાં પણ તિતર-બિતર કરી નાખી હતી, એવું શૈલરાજને લાગ્યું, "ગઈ કાલ સુધી જે સ્ત્રી સર્વાંગ સંપૂર્ણ અને સહજ રીતે તમારી હતી, એ તમારી નહોતી એ જાણ્યા પછી એક પુરુષને શું થઈ શકે એ એક પુરુષ જ સમજી શકે, અને એ પણ એવો પુરુષ, જેણે પ્રિયમને ઓળખી હોય, સ્પર્શી હોય, સંવેદી હોય..."

શૈલરાજના મનમાં આદિત્ય માટે એક દયાનો ભાવ જાગ્યો હતો. આટલાં વર્ષોથી જે પ્રેમના અહમ્માં જીવતો હતો એ અહમ્ અચાનક જ ચૂરચૂર થઈ ગયો હતો. હવે શું કરશે આદિત્ય? કેમ જીવશે?

જે પ્રિયમની યાદ એના જીવવાનું કારણ હતી એ જ પ્રિયમના અવાજે આજે પોતાની યાદો પર કાળો કૂચડો ફેરવી દીધો હતો.

જે પ્રિયમ માટે આદિત્ય જીવ આપવા તૈયાર થઈ જાત એ પ્રિયમના શરીરમાં હવે જીવ નહોતો તેમ છતાં એની આ કહેવાતી બેવફાઈએ આદિત્યનો જીવ લઈ લીધો હતો...

જે પ્રિયમ આદિત્ય માટે એક આદર્શ, એક આદિ અને અનંત સત્ય હતી એ પ્રિયમ હવે એક જુઠ્ઠી, છેતરતી સ્ત્રી થઈને આદિત્યની રાતની ઊંઘ ઉડાડવાની હતી.

અને, એ બધાંનું કારણ કદાચ પોતે હતો એવું શૈલરાજને લાગ્યું, શૈલરાજને થયું કે એ આદિત્ય પાસે જઈને એને ભેટી પડે. એને કહે કે ગઈ કાલની વાતે હવે આજે દુઃખી ન થાય... જે થવાનું હતું એ થઈ ચૂક્યું છે...

અને જે થઈ ચૂક્યું છે એને જીવતી કે મરેલી કોઈ વ્યક્તિ ભૂંસી શકવાની નથી. સત્યોના વર્તુળમાં ઘેરાયેલા આપણે બંને હવે એકબીજાથી ઊંધા ફરીને ઊભા રહેવાને બદલે એકબીજાની સામે જોઈને એકબીજાને ઓળખીએ... એકબીજાની આંખોમાં જોઈને એકબીજાનું દર્દ શોધવાનો પ્રયાસ કરીએ... એકબીજાની પીડાને પામવાનો નહીં તો એટલિસ્ટ માપવાનો પ્રયાસ કરીએ!

પરંતુ તરત જ એને વિચાર આવ્યો, કે પ્રિયમે પોતાને ડાયરીઓ આપવાનું વચન આપ્યું હતું.

એ ડાયરી, જેમાં પ્રિયમનું મનોજગત બંધ હતું. એની એક એક ક્ષણ, એના વિચારો, એનાં સુખ, એનાં દુ:ખ, એના પ્રશ્નો અને એની પીડાઓ એ ડાયરીમાં બંધ હતાં. શૈલરાજને પ્રાણને સાટે પણ એ ડાયરી જોઈતી હતી. એને માટે એ ડાયરી પ્રિયમ જેટલી જ અગત્યની હતી. એવું ઘણું, જે પ્રિયમે એને ક્યારેય નહોતું કહ્યું એ બધું જ એ ડાયરીમાંથી એને જોવું હતું, વાંચવું હતું, જાણવું હતું અને અનુભવવું હતું.

ગઈ કાલ સુધી શૈલરાજ માટે આ ડાયરી કઈ રીતે મેળવવી એ મોટો પ્રશ્નાર્થ હતો, પણ હવે જ્યારે આદિત્ય બધું જાણે જ છે ત્યારે પોતે જઈને એ ડાયરીઓ માગવી જોઈએ એવો એને વિચાર આવ્યો.

એટલું જ તો હતું કે જેના આધારે હવે શૈલરાજસિંહ રાઠોડે બાકીની જિંદગી કાઢવાની હતી.

પોતે જઈને ડાયરી માગે અને આદિત્ય ના પાડે તો શું? ઘણું ઇચ્છવા છતાં શૈલરાજના વિચારો કોઈ રીતે અટકવા તૈયાર નહોતા. "એ ડાયરી આદિત્યના કોટેજમાંથી ચોરી લેવી જોઈએ." શૈલરાજને વિચાર આવ્યો, "હમણાં જ-અત્યારે જ જઈને રિવોલ્વર બતાવીને માગું એ ડાયરી?"

પછી એના જ મને દલીલ કરી, "થોડો સમય આપ એને. કદાચ એ જ એની મેળે આવીને આપી જાય... અથવા તું માગવા જાય અને કોઈ દલીલ કર્યા વિના એ તારા હાથમાં સોંપી દે..."

"પણ એવું એ શા માટે કરે?" એનું જ મન એને જ પૂછી રહ્યું હતું.

"એટલા માટે કે એ પ્રિયમની યાદોથી ભાગવા માગતો હોય હવે... એ પ્રિયમ જેને એ ચાહતો હતો, જેને માટે એનું હૃદય તરફડતું અને શરીર તરસતું એ પ્રિયમ કોઈ બીજાની હતી, એક પળ માટે પણ-એ જાણ્યા પછી હવે કદાચ એને પ્રિયમ કે પ્રિયમની કોઈ વસ્તુનો મોહ જ ના રહ્યો હોય..."

"માગી તો જોવી જોઈએ." એણે મનોમન નિર્ણય કર્યો, "ના પાડે એ પછી શું કરવું એનો વિચાર કરીશું."

એણે ઘડિયાળમાં જોયું, રાત ઘણી થઈ ગઈ હતી. અત્યારે જવાનો અર્થ નહોતો. એણે સવારે જવાનું નક્કી કર્યું અને અજંપાની પથારીમાં સૂવા માટે પોતાના પલંગ પર પડ્યો. પ્રિયમનો અવાજ હજી કેસેટ પ્લેયરમાંથી વહી આવતો હતો.

"શા માટે, શૈલ શા માટે? જિંદગી સીધી સરળ ચાલી રહી હતી... થોડાં સપનાં હતાં ને થોડી ઝંખનાઓ. ક્યારેક ક્યારેક બંધ આંખે પંપાળી લેતી હતી એને... સપનું સપનું બનીને રહે ત્યાં સુધી વહાલું લાગે છે, પણ જ્યારે એ તમારી જિંદગીનું પાનું બનીને, તમારી નજર સામે આવીને જીવવા લાગે ત્યારે...

કશું જ યાદ નથી, અથવા બધું જ યાદ છે.
જોને મારી નજરને આ કેવી ફરિયાદ છે?
જોવડાવે છે રાહ મને, કે તુંય જુએ છે?
બેચેન હું છું-તો છું, તુંય ક્યાં શાંત છે?

તને મળી, ને અનેક અજાણી શક્યતાઓ પર એક શક્યતાની મહોર લાગી ગઈ. તારા સરનામાની ખબર નહોતી ત્યાં સુધી એક શોધ હતી, એક તરસ... એક ઝંખના... હવે? હવે શું? હવે સવાર પડે છે, ને સાંજનો ડર લાગે છે. આજ ઊગે છે, ને આવતી કાલની પ્રતીક્ષા થવા માંડે છે. તને ન લખેલા બધા જ પત્રો હવે સરનામાની પાંખ પહેરીને ઊડવા માટે ઉતાવળા થઈ ગયા છે... ઘણાં સમીકરણો, ઘણી પરિસ્થિતિઓ બદલાઈ ગઈ છે...

હું એ નથી-મારી દુનિયા એ નથી... ના પાડ સાદ મને! મારાથી નહીં અવાય. જીવનની કેટલીક ઘટનાઓ પર આપણો કોઈ અધિકાર નથી. નિમિત્ત પણ નથી આપણે તો... માત્ર શિકાર છીએ!

આપણી મંઝિલ અલગ છે, આપણા રસ્તા અલગ.
એટલે પડતાં રહ્યાં છે આપણાં પગલાં અલગ."

*

આદિત્યએ જાણે વશીકરણની અસર હેઠળ હોય એમ 2005ની ડાયરી ઉપાડી. કાળી લેધરની ડાયરી ઉપર સોનેરી અક્ષરે લખ્યું હતું-પ્રિયમ ભાગવત, 2005.

આદિત્યએ પાનાં ફેરવવા માંડ્યાં.

જૂન... જુલાઈ-5, જુલાઈ-11, જુલાઈ-17...

સફેદ ડાયરીમાં મોતીના દાણા જેવા કાળા અક્ષરો વિખરાયેલા હતા. આદિત્યએ એ અક્ષરો પર નજર તો નાખી, પણ જાણે એની નજર ધ્રૂજી ગઈ, "જે જાણ્યું હતું એનાથી વધુ જાણવું જરૂરી હતું? જે જાણ્યા પછી હું એક પળ ચેનથી નથી બેસી શક્યો એ વિશે વધુ જાણીને શું મળશે મને?" એણે પોતાની જાતને જ પૂછ્યું.

"મળશે... બીજું કંઈ નહીં તો વધારાની પીડા મળશે." એના મને એને કહ્યું, "સડેલા અંગને કાપી નાખવા માટે એક છેલ્લો ઝટકો મળશે તને!"

"હું પ્રિયમને ધિક્કારું છું?" પાના પર વિખરાયેલા અક્ષરોને જોતાં જોતાં એણે પોતાની જાતને પૂછ્યું.

"ના..." એના મને એને જવાબ આપ્યો, "તું પ્રિયમને ધિક્કારી શકતો નથી અને એ તારી મજબૂરી છે. તેં પ્રિયમને એટલી ચાહી છે આદિત્ય, કે પ્રિયમને ધિક્કારવી તારા હાથની વાત નથી."

"પણ મેં જે સાંભળ્યું તે... હું જે જાણું છું તે..." એણે પોતાના મનને જાણે હચમચાવી નાખ્યું.

"એનાથી ખરેખર કોઈ ફેર પડે છે? તું નથી જાણતો, પ્રિયમે કેટલો ચાહ્યો છે તને?" એના મને જાણે એની આંખોમાં આંખો નાખીને કહ્યું, "ખરું પૂછો તો તું સમજે છે પણ સ્વીકારી નથી શકતો... પ્રિયમ પ્રકારની સ્ત્રી એકથી વધુ પુરુષોને ચાહી જ શકે અને એ પણ એક સરખી ઉત્કટતાથી... તારા અને પ્રિયમના સંબંધો એકબીજા સાથે જોડાયેલા એક જ શરીરનાં બે અંગો જેવા હતા... એક જ શરીરના બે પગ જુદી દિશામાં કેવી રીતે ચાલી શકે આદિત્ય?" એનું મન એને સમજાવી રહ્યું હતું.

"પણ, પ્રિયમે આવું કેમ કર્યું? મેં શું નહોતું આપ્યું એને?"

"અવકાશ..." એના મને એને જવાબ આપી દીધો, "તું અવકાશ ના આપી શક્યો આદિત્ય! પાંખ ફેલાવીને ઊડવા માટે, વૃક્ષની જેમ વિસ્તરવા માટે, વરસાદની જેમ બધે જ ધોધમાર વરસવા માટે, નદીની જેમ ખળખળ વહેવા માટે અને પવનની જેમ મુક્ત મને ચારે તરફ ફેલાઈ જવા માટે જન્મી હતી એ સ્ત્રી! પીંજરું ભલેને તારા પ્રેમનું હોય, પણ પ્રિયમ એ પીંજરામાં પુરાવા માટે બનેલી સ્ત્રી જ નહોતી."

"તો લગ્ન શું કામ કર્યાં એણે?"

"લગ્ન?" એનું મન જાણે એને જ ઉપાલંભ કરી રહ્યું હતું, "લગ્ન એટલે બંધન એવું કોણે કહ્યું? એને માટે તો લગ્ન વચન હતું અને એણે એના છેલ્લા શ્વાસ સુધી નિભાવ્યું એને."

આદિત્યએ આંખો મીંચી દીધી. એને ઘડીભર વિચાર આવ્યો કે ડાયરી બંધ કરી દે, ન વાંચે...

પરંતુ, એનામાંના પતિએ, એનામાંના પુરુષે ફરી એક ધક્કો માર્યો અને 17 જુલાઈનું એ પાનું આદિત્યની સામે ફળફળ કરતું કહી રહ્યું...

17 જુલાઈ-2005

કોઈ એક ઝાડનું સૂકું પાંદડું ઊડતું ઊડતું આવીને મારા વાળમાં ભરાઈ ગયું, એક પીંછુ ક્યાંકથી ખરીને, મારા ગાલને સ્પર્શીને મારા ખભા પર બેસી ગયું, વરસાદનું એક ટીપું વગર પૂછ્યે મારી આંખના ખૂણે ટપકી ગયું...

ક્યારેય ના ધાર્યું હોય એવું કશું બની જાય તો એનો હર્ષ કરવો કે શોક?

જિંદગીનો એક વળાંક, જે તમે કલ્પ્યો જ ના હોય-સ્વપ્નમાં પણ! એવો વળાંક તમને સડસડાટ પોતાની દિશામાં ખેંચતો જાય અને તમે જાણે ઢાળ ઊતરતાં તમારી જાતને રોકી જ ના શકતા હો એવી રીતે બસ, એ દિશામાં ચાલ્યા જ કરો તો શું થાય?

મારી સાથે કંઈક એવું જ થયું છે આજે. ઉઘાડી આંખે અને બંધ શ્વાસે એક કલ્પના કરી હતી ક્યારેક, ડરતાં ડરતાં!

એ બધી અંગત કલ્પના કે જેને જાત સાથે વહેંચતાં પણ ભય લાગે.

કોઈ મારા વિશે શું ધારશે એવી ચિંતા તો મેં ક્યારેય નથી કરી અને છતાં, આ સપનું જોતાં મને હંમેશાં ભય લાગ્યો છે.

જિંદગી સીધી સીધી, સરળ, સપાટ, પહોળા મેદાનની નદીની જેમ વહી રહી હોય અને રોજ રોજ તમને એનો પ્રવાહ પલટવાની, એનું વહેણ ઊબડખાબડ કરી નાખવાની ઇચ્છા થાય એવું કેમ?

જાણે પૂરેલી આખીયે રંગોળી વીખેરીને ફરી ચીતરવાની ઇચ્છા થઈ ગઈ છે... ધાર્યું નહોતું એમ આખું ગણિત મારી જાણ બહાર નવેસરથી ગણાવા માંડ્યું છે.

ઘણાં વર્ષોથી એમ લાગતું હતું કે જાણે કશું બદલાવાનું છે. કોને ખબર શું, ક્યાં અને કેવી રીતે?

તમે હવામાં હાથ ફેલાવીને ઊભા હો અને આમ અચાનક કશું તમારા હાથમાં આવી જાય, તમે વરસાદનું પાણી ઝીલવા હથેળી લંબાવો અને કોઈ વાદળ મૂકી દે તમારા હાથમાં તો? તમે સૂરજના કૂણા તડકામાં હાથ ફેલાવીને હથેળીની રેખા તપાસતા હો અને એક સૂરજમુખી ટપાક કરતું હાથમાં પડે તો શું થઈ શકે?

અને ધ્યાનથી જોતાં સમજાય કે એ તો તમારું સપનું હતું! કેટલાંય વર્ષોથી આ વાદળ, આ સૂરજમુખી અને જે તમારા હાથમાં આવ્યું છે તે સપનું તમારી સાથે જ જીવતાં હતાં, તમનેય ખબર ના પડે એમ, તો?

માણસનું સપનું કે સપના જેવો માણસ...

રોજ રોજ જેને વિશે વિચારતી હતી એ આમ જીવતો-જાગતો આવીને ઊભો રહી જશે, એવું તો નહોતું જ ધાર્યું ને છતાં આજે ઊભો છે મારી સામે. હાથ લંબાવું તો અડકી શકાય એવો! હાડમાંસનો માણસ...

એ માણસનું ગઈ કાલ સુધી કોઈ અસ્તિત્વ નહોતું. હવામાં ચીતરેલો એક આકાર... જેને કોઈ ચહેરો નહોતો, પણ આજે એનું એક નામ છે... એક ચહેરો, એક શરીર અને કદાચ એક સરનામું પણ.

જંગલોમાં જીવતો એ માણસ મારી આસપાસ ઊંચાં ઊંચાં વૃક્ષોનું વન ખડું કરી ગયો, જેમાંથી દેખાતું ત્રિકોણ આકાશ મારી આંખોના રંગ જેવું હતું...

વાઘનાં બચ્ચાં નીચે મુકાવીને એણે મને એક માણસખાઉં વાઘની આગળ છુટ્ટી ફેંકી દીધી!

આજે, શૈલરાજને મળી.

આમ જોવા જઈએ તો કોઈ ખાસ પ્રસંગ નહોતો, હું રોજ અનેક માણસોને મળતી હોઉં છું, પણ આજે જાણે કશું સાવ જુદું લાગ્યું. પહેલાં અનેક વાર રણથંભોર આવી છું, પણ આજથી રણથંભોર સાથે એક નામ, એક જગ્યા અને એક માણસનો ચહેરો જોડાઈ ગયો... શું થશે હવે?

જિંદગીમાં કશુંયે ખૂટતું નહોતું. બધું છલોછલ હતું અને છતાં એક તરસ જીવતી હતી મારી સાથે સાથે, ઓશીકાની બાજુમાં... તો ક્યારેક અરીસાની પેલે પાર... ક્યારેક ભરી ભીડમાં... તો ક્યારેક સાવ એકાંતમાં... એ તરસ મારી સામે જોતી, આંખોમાં આંખો નાખતી ને પૂછતી મને, "કોની રાહ જુએ છે?"

ક્યારેક હું અકળાઈ ઊઠતી એ તરસથી તો ક્યારેક મને લાગતું કે એ તરસ નથી, તરસનો આભાસ માત્ર છે.

એક ટીપું પણ ઉમેરો તો છલકાઈ જાય એવી જિંદગીમાં જાણે એક ભયાવહ ખાલીપો હતો. સપાટી પર દેખાતું બધું જ છલોછલ તળિયેથી પોલું હતું એવી માત્ર મને જ ખબર હતી.

કોઈનો પ્રેમ ઓછો નથી હોતો, આપણી અપેક્ષાઓ વધારે હોય છે... અને કદાચ મારીયે અપેક્ષાઓ ધીમે ધીમે મારી તરસમાં બદલાતી ગઈ હતી.

હાથ ફેલાવીને ઊડી શકાય એવું આકાશ મને સંબંધમાં જોઈતું હતું. એવું કઈ રીતે કહેવાય કોઈને? લોહીના લયમાં ભળીને ધગધગ કરતું વહે એવું વહાલ કોણ આપે? ધીમે ધીમે મને મારી જ સુંદરતા પર ચીડ ચડવા લાગી.

મને સ્પર્શતા એ હાથ જાણે મારા મનને નહીં, મારા શરીરને વહાલ કરતા હોય એવું લાગે છે. આ મારો ભ્રમ હશે અથવા મારો અહમ્! પણ મને હવે રૂંવે રૂંવે તરસ ફૂટી નીકળી છે.

એક સમજણપૂર્વકના સંબંધનો શોષ સતત પડતો હતો... હવે જાણે આખા શરીરમાં તિરાડો પડવા લાગી છે. વાંક કોઈનો નથી. હું અધૂરી છું. અધૂરી રહેવા જ જન્મી છું જાણે.

કશુંક અલૌકિક, અપાર્થિવ, છતાં અધૂરું મને જિવાડે રાખે છે. કશું એવું મેળવવાની ઝંખનામાં, જેનું અસ્તિત્વ જ નથી!

આંખ મીચું કે ઉઘાડું, શ્વાસ લઉં કે રોકી દઉં, એ તરસ મારી આસપાસ અજગરની જેમ વીંટળાય છે અને ભીંસે છે મને એના ભરડામાં. મારી અંદર હાડકાંનો ચૂરેચૂરો થઈ જાય છે. હું શરીર મટીને એક માંસનો લોચો બની જાઉં છું. શ્વાસ લેતો એક પિંડ માત્ર! અને પછી એ તરસ ફૂત્કારે છે... ઝેર ઓકે છે...

હું નખશિખ લીલી થઈ જાઉં છું-વિષકન્યા બનીને જેને સ્પર્શું છું એનું મૃત્યુ નજર સમક્ષ નિહાળું છું. પછી સ્વપ્ન હોય કે સંવેદના... મારી સામે જ તરફડીને મરે છે.

અને તરસ પૂછે છે મને ફરી એક વાર, "હજી? હજી કોની રાહ જુએ છે?"

અને આજે અચાનક જ ધોધમાર વરસાદની જેમ એક માણસ તિરાડો પડેલી ધરતી પર વરસે છે. માટીની ગંધ ઊઠે છે મારા શરીરમાંથી, મારા મનમાંથી અને હું ફરી એક વાર લીલી થઈ જાઉં છું... આ વખતે આ લીલાશ હરિયાળીની છે!

આજે એ તરસને જવાબ આપું છું-આની, આ માણસની ને આ પળની રાહ જોતી હતી!

આદિત્ય એમ જ સ્થિર થઈ ગયો. એની આંગળીઓ જાણે શૂન્ય થઈ ગઈ હતી.એનાં ટેરવામાંથી જાણે જીવ ચાલી ગયો હતો. આગળ પાનાં ફેરવવાં કે નહીં એમ વિચારતો બેઠો હતો. ત્યાં જાણે એના મનની વાત સમજી ગઈ હોય એમ હવા આવી અને પાનાં ઊડ્યાં-ફડફડ... ફડફડ...

2 ઓગસ્ટ, 2005

મારી અંદર
ખીચોખીચ બારુદ ભરી દીધો છે
સતત સંભળાયા કરે છે

પળે પળે આગળ વધતી
ગોઠવેલા સમયની ટીક... ટીક... ટીક...
લાલ-લીલી બત્તીઓ
સમય સમયે ઝબૂક્યા કરે છે-નિયમિત,
ભૂલેચૂકે મને આલિંગવાનો પ્રયાસ નહીં કરતો
નહીં તો...

વર્ષોની એકલવાયી લાંબી સાંજે... કોઈ રસ્તાની ધારે અચાનક મળી જાય અને તમારો હાથ પકડીને તમને હથેળીમાં આખેઆખો કેસરી સૂરજ મૂકી આપે તો?

તમારા હાથમાં મુકાયેલી દરેક માછલી સજીવ થઈને પાણીમાં સરકી જાય તો શું કરો તમે?

કોણ જાણે કેમ, મારી અંદર બધું જ બદલાવા લાગ્યું છે. હું જાણે હું જ નથી રહી...

આંખ ઊઘડે છે અને એક એવી રાતની પ્રતીક્ષા શરૂ થાય છે, જ્યાં બંધ આંખે નહીં જીવેલી પળો જીવી શકું હું.

જાણું છું, બીજાઓની દૃષ્ટિએ ગુનેગાર છું.

સમાજની દૃષ્ટિએ સાચી નથી.

પણ આદિત્યને ચાહું છું-મારા જીવથીયે વધારે. એના વિના જીવવું શક્ય નથી અને એની સાથે જીવવું વધુ ને વધુ અઘરું થતું જાય છે. જાણે મારી જ જાતને છેતરતી હોઉં એમ જીવી રહી છું. અરીસાને પેલે પાર, મારો નહીં કોઈ બીજાનો ચહેરો હોય એવું લાગે છે.

આદિત્ય મને અડકે ત્યારે એની ગુનેગાર હોઉં એમ તૂટીને પ્રેમ કરું છું. એને સુખ, સુખ અને સુખથી નવડાવી દઉં છું. એને એમાં મારો પ્રેમ દેખાય છે અને મને મારું પ્રાયશ્ચિત્ત.

ક્યારેક થાય છે કે આદિત્યને કહી દઉં ને ક્યારેક થાય છે કે એને જણાવીને શું કરું? શું ફાયદો?

બધાં સત્યો કહેવા માટે નથી હોતાં કદાચ.

આદિત્ય સત્ય જાણે તો શું કરે?

સહી શકે?

ક્યારેક થાય છે કે એને સમજાવું, મારી અંદર જીવતી બે જુદી સ્ત્રીઓ વિશે, પણ એ સમજી શકશે ખરો? આદિત્યને એ બધું જ આપું છું, જે એને જોઈએ છે, મને પણ એ આપ્યાનો કોઈ અફસોસ નથી થતો. એને સુખી રાખવા માટે જ જાણે શ્વાસ લઉં છું... અને છતાં શૈલરાજના વિચારમાત્રથી રોમરોમ રોમાંચિત થઈ જાય છે. એની કલ્પના માત્રથી આખું અસ્તિત્વ જાણે મુશળધાર વરસવા માંડે છે.

બે અસ્તિત્વોની લડાઈ ક્યારેક ચૂર ચૂર કરી નાખે છે મને. માથું ફાટી જાય એવી રીતે દ્વંદ્વ થાય છે મારી અંદર. હૃદય ઊછળીને બહાર નીકળી આવે, લોહી નસો ફાડીને વહેવા માંડે એવી લાગણી થાય છે. જ્યારે આદિત્યની આંખોમાં જોઉં છું.

ને છતાં, મારી જાતને ધિક્કારી નથી શકતી. દૃઢપણે માનું છું કે માફી માગવી પડે એવું કંઈ નથી કર્યું મેં...

હું સમયથી વહેલી છું અથવા સમયથી બહુ પાછળ... વધુ પડતી ઈમાનદાર છું કે સાવ બદમાશ... નખશિખ સાચી છું કે નરી જુઠ્ઠી... ખડક જેવી ઠોસ છું કે હવા જેવી ચંચળ...

હું જ મને નથી ઓળખતી કે પછી પૂરેપૂરી ઓળખું છું!

થથરતા હાથે આદિત્યએ હાથમાં ડાયરી પકડી રાખી હતી. પ્રત્યેક વાક્યની સાથે એનું એક મન એને આગળ નહીં વાંચવા કરગરતું હતું અને એના બીજા મનનું કુતૂહલ... ભય... પીડા અને દરિયાના મોજાં જેવો ઊઠતો-શમતો તિરસ્કાર એને આગળ વાંચવા ધકેલતો હતો.

આદિત્યએ પાનું ફેરવ્યું.

14 ઑગસ્ટ, 2005

કાલે મારે આદિત્ય સાથે રાજ્યપાલને ત્યાં જવાનું છે.

28 દિવસ થયા, રણથંભોરથી પાછાં ફર્યાને. મન જાણે જંગલનાં ઝાડની ડાળીઓમાં અટકી ગયું છે. કંઈ ભૂલી આવી છું, કે કંઈ છોડી આવી છું મારી પાછળ... કે પછી ત્યાંથી કંઈ લઈ આવી છું, જે સતત મારી સાથે જીવ્યા કરે છે. શું છે એ? કશું મેળવ્યાની લાગણી કે કશુંક ગુમાવ્યાની? આદિત્યને છેતર્યાનો અપરાધભાવ કે શૈલને પામ્યાની પરિતૃપ્તિ... કે પછી આ બેને એકબીજા સાથે કોઈ સંબંધ જ નથી. હું કારણ વગર જોડ્યા કરું છું બે વાતોને. મન અને બુદ્ધિ વચ્ચેનું યુદ્ધ શા માટે?

22 ઑગસ્ટ, 2005

આદિત્ય લંડન જાય છે.

ગઈ કાલે વિચાર આવ્યો કે એને રોકી લઉં, જવા જ ના દઉં... એ જ નહીં જાય તો બધું યથાવત્ રહેશે.

પછી વિચાર આવ્યો કે હું શાનાથી ભાગું છું? અને આમ ભાગવાથી ક્યાં પહોંચી શકીશ?

પરિસ્થિતિ તો ત્યાં જ ઊભી રહેશે... સતત મારી આગળ.

આદિત્ય જશે કે તરત મારું મન ધકેલશે મને-અને શું કામ ના ધકેલે? મારા અસ્તિત્વનો એક ટુકડો ત્યાં પણ જીવે છે. રોજ નહીં તો ક્યારેક મારા અસ્તિત્વના એ ટુકડાને અડવા, પંપાળવા, વહાલ કરવા અને મારા અસ્તિત્વ સાથે જોડીને પૂર્ણતાને અનુભવવા મારે જવું જોઈએ એવું મને પણ લાગે છે.

હું રણથંભોર જઈશ... જાઉં?

નહીં જાઉં તો ખરેખર નહીં જાઉં? મારું શરીર રહી જશે અહીં-બાકી મન તો જશે જ!

રણથંભોરના વિચારની સાથે જ ખરેખર તો હું ત્યાં પહોંચી જાઉં છું, ભલે એક પળ માટે, પણ એ જંગલની ગાઢી, લીલી ભીનાશવાળી હવા મારા શ્વાસમાં ભરીને પાછી આવી જાઉં છું...

આદિત્ય લંડન જશે પછી આ મહેલ પથ્થરોની કેદ થઈ જશે મારા માટે. આદિત્ય હોય ત્યાં સુધી અહીંની હવા શ્વાસ લેવા લાયક હોય છે. એ પછી શૂન્યાવકાશ થઈ જાય છે અહીંના ઓરડાઓમાં.

આમ તો મન ક્યારનુંય ત્યાં પહોંચી ગયું છે અને છતાં આદિત્ય જાય છે એ વાતે મન ભારે થઈ ગયું છે.

શું જોઈએ છે મને? શા માટે આમ બેધારી તલવાર જેવી જિંદગી જીવ્યા કરું છું?

મારામાં કશું ખૂટે છે? કે કશું વધારાનું છે?

શા માટે બે પુરુષો છે મારી જિંદગીમાં? અને એ પણ મને એકસરખી તીવ્રતાથી ચાહતા બે પુરુષો...

બે પુરુષોને એકસરખી ઉત્કંઠાથી આમ ચાહી શકાય ખરા? 51-49 હશે ક્યાંય? કોણ 51 ને કોણ 49?

એ નિર્ણય કોણ કરે? કેટલા બધા સવાલો મને ગૂંચવે છે!

જ્યાં સુધી શૈલરાજ નહોતો ત્યાં સુધી એક અજાણી તરસ હતી, પરંતુ એ તરસના અસ્તિત્વને હું નકારી નથી શકી ક્યારેય! હવે શૈલરાજ છે તો એક ભય છે... એક પીડા અને તરસ તો છે જ... જુદા પ્રકારની, પણ તરસ

તો ખરી ને...

શું થઈ રહ્યું છે આ?

જે થઈ રહ્યું છે એ યોગ્ય નથી એવું લાગે છે મને! અને સાથે જ એમ પણ લાગે છે કે ઘડીભર ખુલ્લી હવામાં શ્વાસ લેવાનો અધિકાર શા માટે છોડવો જોઈએ? શા માટે એ પળને ન જીવવી જોઈએ એ મારે, જે મને અપૂર્વ અને અથાક સુખ આપે છે...

હું કોઈનું સુખ છીનવતી ના હોઉં ત્યાં સુધી મને મારું સુખ મેળવવાનો અધિકાર નથી?

આદિત્ય આ જાણશે?

જાણશે તો કેટલું દુ:ખ થશે એને? એ જાણે તે પહેલાં જ હું આ બધું આટોપી લઉં. લપેટીને મૂકી દઉં ક્યાંક છેક ઊંડે, મારા મનના ખૂણામાં અને ભૂલી જાઉં આખીયે વાતને-એક વહેલી સવારના સ્વપ્નની જેમ.

પછી શૈલરાજનું શું? એનો પણ કોઈ વાંક નથી.

છે... એ મને મોડો મળ્યો એ એનો વાંક છે, હું પરણેલી છું એ એનો વાંક છે...

રણથંભોર નહીં જાઉં હું. આમ કોઈ એક માણસ તમારા સમગ્ર અસ્તિત્વનો કાબૂ કેવી રીતે લે?

આદિત્યએ શું નથી આપ્યું મને? સુખ, સલામતી, સ્નેહ અને સન્માન...

હું પણ આદિત્યને ખૂબ સન્માન આપું છું, ચાહું છું એને. એના જેવો પતિ કદાચ કોઈ પૂર્વજન્મના પુણ્યથી મળતો હશે ને છતાં...

મન જાણે સડસડાટ દોડે છે, અંધાધૂંધ... કશુંયે જોયા વિના. ઊબડખાબડ રસ્તાઓ પરથી અડવાણે પગે...

ઠોકર વાગે છે, લોહી નીકળે છે... દિશા સૂઝતી નથી તોયે દોડ્યે જાઉં છું-અટકી શકતી નથી કે અટકવા માગતી નથી?

ભય લાગે છે. માંડ માંડ જતનથી ઊભા કરેલા આ આખાય સંસારને કડડભૂસ થઈ જતો જોવાની હિંમત નથી મારામાં!

અને છતાંય આ શું થઈ ગયું છે મને?

શૈલરાજ કોઈ ગુનો છે કે મારી જરૂરિયાત...

આદિત્ય અન્યમનસ્ક થઈને ક્યાંય સુધી બેસી રહ્યો. એની સામે એક એવી પ્રિયમ ઊઘડતી હતી જે એની કલ્પનાની બહાર હતી. એને સમજાતું નહોતું કે ડાયરીનાં આ પાનાં ઉપર વિશ્વાસ કરે કે એની સાથે રોજેરોજ, ક્ષણેક્ષણ જે પ્રિયમ જીવતી હતી એ પ્રિયમને સાચી માને? એને માટે ડાયરીનાં આ પાનાંએ એક એવું ભયાનક સત્ય ઉઘાડ્યું, જે જાણ્યા વિના એ ઘણા સુખથી અને નિરાંતે મરી શક્યો હોત.

“શું લખ્યું છે પ્રિયમે આ બધું? અને શા માટે લખ્યું?

શું જરૂર હતી આ ઈમાનદારીની? મને છેતરતી રહી હોત તો સારું થાત કદાચ.”

એણે ડાયરી બંધ કરી દીધી. થોડી વાર એમ જ બેસી રહ્યો. ધૂંધવાતો, પીડાતો, અકળાતો.

હવે એ જાણતો હતો કે શૈલરાજ એ જ માણસ હતો, જે એના ઘરે આવીને બેભાન થઈ ગયો હતો... પ્રિયમનો ફોટો જોઈને!

એણે જે અવાજ શૈલરાજના કોટેજ પર સાંભળ્યો એ પ્રિયમ સિવાય કોઈનો નહોતો એવી ખાતરી હવે કરવી

પડે એમ નહોતી.

"શા માટે પ્રિયમ, શા માટે?" એણે પ્રિયમના ફોટા સામે જોઈને પૂછ્યું, "બેઈમાનીની આ કઈ ઈમાનદારી હતી? શું કરું? તને વધુ પ્રેમ કરવા લાગું કે ધિક્કારવા લાગું? તારા સત્ય માટે, તારી જાત સાથે ચાલતા આ યુદ્ધ માટે તારી દયા ખાઉં કે તેં જે કંઈ કર્યું એને બેવફાઈ માનીને તને ભૂલી જાઉં?"

થોડી વાર આદિત્ય મનોમન સંવાદ કરતો રહ્યો.

"મેં આ ડાયરી ના જ વાંચી હોત તો સારું થાત... 16 નવેમ્બરની એ ઘટના ન જ બની હોત તો સારું થાત. હું પ્રિયમ વિશે અને પ્રિયમ મારા વિશે જે ધારતાં હતાં, જે માનતાં હતાં એમ જ આ સંબંધની રમત સંકેલાઈ જાત તો સારું થાત." એણે પોતાના કપાળ પર હાથ પછાડ્યો અને જાતને ખૂબ કોસી લીધી!

ડૂમો છાતીમાં ગોરંભાઈ ગયો હતો. એ રડવા માગતો હતો, પણ રડી શકતો નહોતો.

બીજું કોઈ નહોતું જાણતું, પણ એનું મન તો જાણતું હતું કે એ પ્રિયમ જેટલો ઈમાનદાર નહોતો!

પછી એણે મન કઠણ કર્યું અને આગળ વાંચવાનું નક્કી કર્યું. એણે ધીરે ધીરે પાનાં ઉથલાવવા માંડ્યાં.

8 સપ્ટેમ્બર, 2005

17 જુલાઈએ જે કંઈ બન્યું એ પછી મન અથાગ સુખથી ભરાઈ ગયું છે અને છતાં રણથંભોર જવાની હિંમત નથી થતી.

જે મળ્યું છે એ કશું એવું છે જેને શબ્દોમાં વર્ણવી શકાય એવું નથી.

કોઈ તમારા શરીરને સ્પર્શે, તમારા મનને સ્પર્શે એવું અનુભવ્યું છે મેં, પણ કોઈ તમારા આત્માને સ્પર્શી શકે એવી કલ્પનાય નહોતી અને એવો અનુભવ થશે એવી તૈયારી પણ નહોતી!

શરીર આટલું બધું નબળું હશે? મનના હાથમાં લગામ હશે શરીરની કે આત્માના હાથમાં?

આમ તો કહેવાય છે કે બધું ઈશ્વરનું ધાર્યું થાય છે, નસીબ બદલાઈ શકતું નથી, વિધાતાએ બધું ગોઠવી જ રાખ્યું હોય છે...

તો મારા માટે આવું ગોઠવ્યું હશે?

અને જો ઈશ્વરે જ ગોઠવ્યું હોય તો એનું ગિલ્ટ શું કામ છે મને? આવો 'હા' અને 'ના'ની વચ્ચે ઝૂલતો, સુખ અને અફસોસની વચ્ચે ફંગોળાતો સંબંધ ક્યાં સુધી જીવશે? એક તરફથી મન રણથંભોર જઈને બેસી ગયું છે અને બીજી તરફથી મન પોતે જ મને અમદાવાદ છોડવાની ના પાડે છે.

એક તરફથી મને મળતું સુખ મને લલચાવે છે તો બીજી તરફથી મારા સંસ્કાર, મારી માન્યતાઓ અને આદિત્યને દુ:ખ પહોંચવાનો ભય મને વેરવિખેર કરી જાય છે. શું કરું?

મન રોજ એક વાર એ જ દિશામાં પ્રવાસ કરે છે. શરીર આમ મન સામે હથિયાર નાખી દેતું હશે કે પછી મન શરીરની લગામ હાથમાં લઈને એને ધારી દિશામાં દોરી જતું હશે.

એ રાત્રે જે કંઈ બન્યું એનું મને ભાન નહોતું એમ તો કેમ કહી શકાય? હું બાળકી નથી, શરીરની જરૂરિયાત ન સમજું એટલી નાની પણ નથી. જે થઈ રહ્યું હતું એનાં પરિણામો ના જોઈ શકું એટલી અબુધ પણ નહોતી જ. અને છતાં એક એવી અજબ તંદ્રા, એક એવી અજબ બેખુદી હતી મારી અંદર કે મને જ ન સમજાયું કે મને શું થઈ રહ્યું છે.

એ વિશાળ ખભા અને છાતીના ઘૂઘરાળા વાળ, એ કાળી આંખો અને પૌરુષી હથેળીઓના સ્પર્શમાં હું

ઓગળતી ગઈ. મીણની જેમ, અને જાગી ત્યારે મારો આકાર બદલાઈ ગયો હતો. પીગળેલું મીણ કોઈ બીજા જ સાંચામાં ઢળી ગયું હતું...

સુખ હતું એ પળોમાં એની ના તો કેમ પડાય? એના સ્પર્શની એક એક પળ મેં માણી છે એની ના કેમ પડાય?

એને પણ આવો જ અનુભવ થયો હશે?

શૈલરાજને શું વિચારો આવતા હશે?

એને હું યાદ આવતી હોઈશ? એને માટે હું જીવનનો પહેલો પડાવ હોઈશ કે અંતિમ...

આને પ્રેમ કહેવો? કહેવાય? કહી શકાય?

જો આ પ્રેમ હોય તો આદિત્ય સાથે શું છે? અને જો આદિત્ય સાથે છે એને પ્રેમ કહેવાય તો આ શું છે? બંને પ્રેમ કરું છું હું? થઈ શકે? થયા કરશે? થતો રહેશે?

પાનાં ફરતાં રહ્યાં. આદિત્ય ડાયરી વાંચતો રહ્યો. કેટલો સમય થયો હશે કોને ખબર, આદિત્યએ અચાનક ઘડિયાળ જોઈ ત્યારે સવારના પોણા સાત થયા હતા. બહાર પૂરેપૂરું અજવાળું હતું. જંગલનાં ઊંચાં વૃક્ષોની પાછળથી સૂરજે ડોકું કાઢ્યું હતું. કૂણાં પાંદડાં પર કેસરી તડકો ફેલાયો હતો અને લીલા પાંદડાં તડકામાં તગતગતાં હતાં. ગઈ કાલે રાત્રે જે જંગલ ભયાવહ લાગતું હતું એ જ જંગલ સવારના અજવાળામાં સાવ જુદું, વહાલસોયું લાગતું હતું.

પંખીઓનો અવાજ જંગલને ભરી દેતો હતો.

આદિત્ય બહાર ઓટલા પર આવ્યો. દૂર સુધી કોઈ માણસ નહોતો દેખાતો અને છતાં જાણે આખું જંગલ સૂરજના અજવાળામાં સભર દેખાતું હતું. ઠંડો મંદમંદ પવન વાઈ રહ્યો હતો. આદિત્યને ઊંઘ આવવા લાગી.

એણે આખી રાત આ ડાયરી વાંચવામાં કાઢી હતી. એને પ્રિયમ યાદ આવી ગઈ. એ ડાયરીનો એક એક શબ્દ જાણે પ્રિયમ બોલતી હોય એવું અનુભવ્યું હતું એણે આખી રાત!

"આટલું બધું વિચારતી હશે મારી પ્રિયમ? આટલું બધું મનોમંથન થયું હશે એનું?" એની આંખમાં પાણી હતું.

ડાયરીના શબ્દો વાંચ્યા પછી ખરેખર તો ગુસ્સો આવવો જોઈતો હતો. છેતરાયાની લાગણી થવી જોઈતી હતી. પરંતુ સૌથી નવાઈની વાત એ હતી કે આદિત્યના મનમાં હજુ સુધી એક પણ વાર પ્રિયમ માટે ક્રોધ કે મલિન વિચાર નહોતો આવ્યો. આ ડાયરી વાંચ્યા પછી પણ આદિત્યને એક જ વિચાર આવ્યો અને એ હતો પ્રિયમની ઈમાનદારીનો. એના સત્યનો. એણે એક એક અક્ષર જાણે પોતાના લોહીમાં બોળીને લખ્યો હતો. એની વેદના, એનો તરફડાટ, એની અસંમજસ અને એને નહીં સમજાતી એની પોતાની લાગણીઓ વિશે કેટલું સાચું, કેટલું વિશુદ્ધ મનથી લખ્યું હતું એણે!

આદિત્યએ અંદર જઈને પલંગમાં પડતું નાખ્યું.

આંખો મીંચી.

આંખો સામે ફરી એક વાર પ્રિયમનો ચહેરો આવી ગયો. બંધ આંખોની સામે જાણે પ્રિયમના ચહેરા પર આજીજી હતી, પ્રિયમ આદિત્યને વીનવી રહી હતી, પોતાને માફ કરવા...

પ્રિયમની આંખોમાં અજબ જેવું વહાલ હતું. ઢગલો સ્નેહ અને એક સમર્પણ હતું, જેમાં આદિત્ય ધીમે ધીમે ડૂબતો જતો હતો. એક અજબ જેવા ઘેનની તંદ્રામાં સરકતો જતો હતો આદિત્ય.

એને અર્ધતંદ્રામાં આડાઅવળા વિચારો આવતા રહ્યા, "પાને પાને એક નવી પ્રિયમ ઊઘડતી રહી. એક ગંભીર,

મેચ્યોર, ઇન્ડસ્ટ્રિયાલિસ્ટની પત્ની નહોતી, આ એવી પ્રિયમ હતી, જે હજી તો ભરપૂર જીવવા માગતી હતી અને પોતાની જિંદગીને છેલ્લા ટીપા સુધી ઘટઘટ પીવા માગતી હતી...”

આદિત્યનું મન શાંત નહોતું થતું. આમ એને ઊંઘ આવતી હતી અને આમ ફક્ત પ્રિયમના જ વિચારો એને ઘેરી વળ્યા હતા, “આ પ્રિયમ, એની પ્રિયમ હતી. જેણે જિંદગીને મિનિટે મિનિટ જીવી નાખી હતી, પળે પળ માણી હતી એવી પ્રિયમ! જેણે ક્યારેય પોતાની જાતને છેતરવાનો પ્રયત્ન સુધ્ધાં નહોતો કર્યો એવી પ્રિયમ! જેણે પોતાની ઇચ્છાઓને, પોતાની વાતને, પોતાની મરજીને, આકાંક્ષાઓને, પોતાની ઝંખનાઓને છુટ્ટી વહેવા દીધી હતી એવી પ્રિયમ હતી આ!”

આદિત્યએ ઘણો પ્રયત્ન કર્યો ઘસઘસાટ ઊંઘવાનો, પણ એને ઊંઘ ના જ આવી. એણે જાતને પૂછ્યુંયે ખરું, “મને ગુસ્સો આવે છે? છેતરાયાની લાગણી થાય છે?” પણ એના મને એને સ્પષ્ટ ના પાડી.

“આ ડાયરી થોડીક વહેલી હાથમાં આવી હોત તો?” આદિત્યનું મન અફસોસથી ભરાઈ ગયું, “મારી પ્રિયમ કદાચ બચી ગઈ હોત... મારી સાથે હોત આજે.” આદિત્યને વિચાર આવ્યો, “કેટલી સ્ત્રીઓમાં હોય છે આવી ઈમાનદારી, સ્વીકાર કરવાની આટલી સહજતા અને જાત સાથેના સંવાદમાં આટલી સરળતા...” આદિત્યને ગુસ્સો આવવાના બદલે જાણે વહાલ આવી ગયું પ્રિયમ ઉપર. એણે ડાયરી બીજી ડાયરીઓની સાથે મૂકી અને વિચારવા લાગ્યો, “પ્રિયમની છેલ્લી ઇચ્છા હતી કે આ ડાયરીઓ શૈલરાજને પહોંચે. મારે એની ઇચ્છા પૂરી કરવી જોઈએ.”

*

12

શૈલરાજે આખી રાત પડખાં બદલીને કાઢી હતી. માંડ માંડ એની આંખો ઊઘડી અને એણે ઘડિયાળમાં જોયું ત્યારે સાડા નવ થયા હતા. આટલાં વર્ષોમાં શૈલ પહેલી વાર આટલો મોડો ઊઠ્યો હતો, કદાચ!

પથારીમાં પડ્યા પડ્યા શૈલે ગઈ કાલના દિવસ પર એક ઊડતી નજર નાખી, કેટલી ઘટનાઓ બનતી રહી ગઈ કાલના એક દિવસમાં. આખી રાત એ બધી ઘટનાઓ ફિલ્મની પટ્ટીની જેમ તંદ્રામાં ફરી એક વાર જોતો રહ્યો શૈલ. સવારે પણ એ જ વિચારો, એ જ ઘટનાઓ એના મનનો કબજો લઈને બેઠા હતા.

જાણે ઇન્જેક્શન આપો અને ચામડી બહેરી થઈ જાય એવી રીતે મન બહેરું અથવા બુઠ્ઠું થઈ ગયું હતું. કશું સ્પર્શી શકતું નહોતું, અત્યારે, આ પળે. શૈલનું મન તદ્દન વિચારહીન સ્થિતિમાં આવવા માગતું હતું. કેટલાંય વર્ષોથી જિવાતી શાંત જિંદગીમાં આટલી બધી ઊથલ-પાથલ શૈલને ભીતર સુધી હચમચાવી ગઈ હતી.

ખૂબ અઘરું હતું એના માટે આમ સડસડાટ બનતી ઘટનાઓ સાથે તાલ મિલાવીને જીવવાનું!

આદિત્યને મળ્યા પછી એના જીવનમાં વિચારો કરવા માટે એક નવું પાત્ર ઉમેરાઈ ગયું હતું. અત્યાર સુધી શૈલ ફક્ત અને પ્રિયમના જ વિચારો કરતો હતો. એને જ જીવતો, એના જ નામનો શ્વાસ લેતો. એના સિવાયનું કાંઈ એને માટે કામનું જ નહોતું, જાણે!

પ્રિયમ સિવાયની કોઈ દુનિયા છે અથવા એના સિવાયના બીજા લોકોનું પણ અસ્તિત્વ છે, એ ધીરે ધીરે ભૂલવા માંડ્યો હતો શૈલરાજ. પણ અચાનક, પહેલાં પ્રિયમનું મૃત્યુ, પછી આદિત્યનું આગમન, એની સાથેની મુલાકાત...

આ બધી ઘટનાઓએ એને વાસ્તવિકતાની દુનિયામાં લાવીને પટકી દીધો હતો.

ગઈ કાલ રાતની ઘટના પછી પ્રિયમની ડાયરીના વિચારે શૈલરાજના મન પર ફરી એક વાર કબજો જમાવ્યો હતો.

હવે આદિત્ય બધું જ જાણતો હોય તો એની પાસે ડાયરી માગી જ લેવી એવા દૃઢ નિર્ધાર સાથે ઊંઘી ગયેલા શૈલરાજને સવારે ફરી એ જ વિચાર કોરી ખાવા લાગ્યો.

શૈલરાજને વિચાર આવ્યો કે, "પ્રિયમે પોતાને એની ડાયરીઓ આપવાનું વચન આપ્યું હતું. હવે જ્યારે આદિત્ય બધું જ જાણે છે ત્યારે પોતે જઈને એ ડાયરીઓ માગવી જોઈએ..."

આદિત્ય પાસે તો યાદ કરવા જેવું ઘણુંબધું હતું. પ્રિયમની બધી જ વસ્તુઓ, જે ઘરમાં એ બંનેએ દસ વર્ષ સાથે ગાળ્યાં એ ઘરની દીવાલો ઉપર પ્રિયમના સ્પર્શ, એનાં હાસ્યો, એનાં આંસુ... બધું જ લીંપાયેલું હતું. જ્યારે એને પોતાને તો પૂરતો સમય પણ ના મળ્યો પ્રિયમ સાથે જીવવા માટે. હવે શૈલરાજ પાસે જો આ ડાયરી આવી જાય તો એટલું જ હતું, જેના આધારે હવે શૈલરાજસિંહ રાઠોડે બાકીની જિંદગી કાઢવાની હતી.

શિયાળાની વહેલી સવારનો તડકો જંગલમાં સોનેરી ચાદરની જેમ પથરાયો હતો. પંખીઓનો કલબલાટ ઓછો થઈ ગયો હતો. સવારનો પવન પણ હવે સહેજ ઘટ્યો હતો. ઠંડી હવાને કારણે કેટલાંક પ્રાણીઓ બહાર તડકામાં સુસ્તાવા નીકળ્યાં હશે એટલે આળસ મરડતાં એમણે કરેલા અવાજો જંગલમાં પડઘાતા હતા. વાઘની ત્રાડ ક્યારેક સંભળાઈ જતી. જ્યારે એક ઝાડથી બીજે ઝાડ કૂદતાં વાંદરાંઓ સૂકાં પાંદડાંના ખડખડાટ કરતાં ચિચિયારીઓ પાડતાં હતાં.

શૈલ ઊભો થયો. એણે આદિત્યને મળવા જવાનું નક્કી કર્યું.

“જે થશે તે જોયું જશે.” એણે જાતને કહ્યું અને બાથરૂમમાં ઘૂસી ગયો.

શૈલરાજ શાવર નીચે ઊભો હતો. ધડધડાટ કરતું પાણી એના શરીર પર થઈને વહી જતું હતું. પોતાના શરીર પર હાથ ફેરવતાં એને પ્રિયમનો સ્પર્શ યાદ આવી ગયો. એની હથેળી શૈલના શરીર પર એવી સરકતી, જાણે રેતીમાં સાપ સરકતો હોય.

“સાપનો જ વિચાર કેમ આવ્યો મને?” શૈલે જાતને પૂછ્યું.

“પ્રિયમનો સ્પર્શ ખરેખર એક ડંખ જેવો હતો. જેણે મારા આખા શરીરમાં ઝેર ભરી દીધું છે. હવે એ ઝેર ઉતારવા, એ ઝેર ચૂસવા ફરી પ્રિયમને જ બોલાવવી પડે, કદાચ!” એના મને જવાબ આપ્યો.

“ઉફ!” શૈલથી ચીસ પડાઈ ગઈ, “શું કરે છે?”

“વાઘણ પાળવાનો શોખ હોય તો એના દાંતથી દોસ્તી રાખવી પડે.” પ્રિયમ હસતી હતી. એણે પાડેલા બચકાનું નિશાન શૈલના ખભાના પાછળના ભાગમાં ઘડિયાળની જેમ ઊપસી આવ્યું હતું.

“વાઘણ?” શૈલે એને પકડીને આગળ ખેંચી, “બિલાડી પણ નથી તું.”

“અચ્છા?” પ્રિયમે પૂછ્યું અને શૈલના ગળા પર એના દાંત પેસી ગયા.

“ઓહ ગૉડ!”

“કેમ? હું તો બિલાડી પણ નથી... હવે શું કામ ચીસો પાડે છે?”

“સાપણ છે... નાગણ...”

“સાપણ કે નાગણ?”

“નાગણ.”

“તો હવે ઝેર ચડશે તને.” પ્રિયમે કહ્યું અને હોઠથી પોતે ભરેલા બચકા પર ચૂમી કરી, “મરી જઈશ.”

“મરવામાં કંઈ બાકી છે?”

“હાસ્તો, હજી તો શ્વાસ ચાલે છે, નાડી ધબકે છે અને હૃદય પણ...” પ્રિયમે શૈલની આસપાસ હાથ લપેટીને કાન એની છાતી પર મૂક્યા, “હૃદય પણ ચાલે જ છે.”

“તું આસપાસ હોય છે ત્યાં સુધી બધું જ ચાલે છે. પછી બધું જ બંધ થઈ જાય છે. એક લાંબી ઊંઘ... એક તદ્દન નિશ્ચેષ્ટ પરિસ્થિતિમાં આવી જાય છે બધુંયે...” શૈલે પ્રિયમને પોતાના બાહુપાશમાં લઈ લીધી, “તું પાછી ફરે ત્યાં સુધી એમ જ, જીવ વગરના શરીરની જેમ ફરું છું પ્રિયમ.”

અને અચાનક એના ઉપર વરસાદ પડ્યો હતો. પ્રિયમે શાવર ખોલી નાખ્યો હતો. બંને ઉપરથી પડતાં પાણીનાં બિંદુઓમાં પલળી રહ્યાં હતાં.

શૈલને યાદ આવી ગયું...

આ જ બાથરૂમમાં એણે કેટલીયે વાર આ જ શાવર નીચે પ્રિયમને ભીંજવી હતી...

શૈલરાજ બાથટબની સામે જોઈ રહ્યો... એને ફરી યાદ આવ્યું.

એક દિવસ પ્રિયમ અહીં હતી અને પોતે જંગલમાં કોઈ કામે ગયો હતો. પાછો ફર્યો ત્યારે આખા ઘરમાં પ્રિયમ ક્યાંય નહોતી. એણે બૂમો પાડી... કોઈ જવાબ ના મળ્યો.

એને નવાઈ નહોતી લાગી. પ્રિયમ આમ જ અચાનક આવતી અને અચાનક ચાલી જતી. શૈલરાજને જાણે

એના હૃદયનો એક ટુકડો તૂટી ગયો હોય એવી લાગણી થતી દરેક વખતે. એ પ્રિયમને ઘણું રોકતો. પાછી ક્યારે આવવાની છે એ વિશે સવાલો પૂછતો, પણ પ્રિયમ હંમેશાં હસીને એક જ જવાબ આપતી, "સપનું, વરસાદ કે મોત કહીને આવે છે ક્યારેય?"

"તું કોણ છે? સપનું, વરસાદ કે મોત?" શૈલરાજ એને પકડી લેતો.

"ત્રણે... અથવા એકેય નહીં. હું તો હવા છું. મુઠ્ઠીમાં પકડીશ તોય મુઠ્ઠી ખાલી જ રહેવાની શૈલ." પ્રિયમ એને ધક્કો મારતી અને બેગ ઉપાડતી.

"પાછી ક્યારે આવીશ?"

"ક્યારેય નહીં... અથવા દસ મિનિટમાં..." પ્રિયમ હસતી.

શૈલ કશું કહેતો નહીં. પણ એના હૃદય પર ઉઝરડા પડી જતા. શૈલ પ્રિયમને ખરેખર પ્રેમ કરવા લાગ્યો હતો. પોતાની જાતથીયે વધારે... પણ એ વાત એ પ્રિયમને કહેતાં ડરતો.

પ્રિયમે એને પોતાનાં લગ્ન વિશે કહી દીધું હતું અને એ કહ્યા પછી પોતાના આટલા બધા લગાવ કે આસક્તિ વિશે પ્રિયમને કહેતાં શૈલ અચકાઈ જતો.

આજે પણ આ બાથરૂમમાં ઊભા ઊભા એને તે દિવસનો ખાલીપો સાંભરી આવ્યો. ઉપર શાવર ચાલુ જ હતો અને શૈલના વિચારો પણ પાણીની જેમ જ ધડધડાટ વહી રહ્યા હતા.

તે દિવસે પોતે પાછો ફર્યો અને પ્રિયમને નહોતી જોઈ ત્યારે એને જંગલમાં જઈને પ્રિયમના નામની બૂમો પાડવાનું મન થયું હતું.

ઘરમાં પ્રિયમને ન જોઈ એટલે શૈલને ધ્રાસ્કો પડ્યો, જંગલમાં જઈને બૂમો પાડવાનું મન થયું.

જંગલમાં જઈને તો નહીં, પણ એણે ઘરમાં હળવેથી બૂમ પાડી, "પ્રિયમ..." કોઈ જવાબ ના મળ્યો.

એણે પાછળ... વાડામાં અને ઘરની ચારે તરફ એક ચક્કર માર્યું. પ્રિયમ ક્યાંય નહોતી.

એને લાગ્યું બાથરૂમમાંથી પાણીનો અવાજ આવતો હતો. એણે બાથરૂમના દરવાજાને ધડકતા હૃદયે ધક્કો માર્યો.

એનું ધડકતું હૃદય જાણે ધડકારો ચૂકી ગયું. બાથરૂમમાં ચાળીસ જેટલી મીણબત્તીઓ સળગતી હતી...

મીણબત્તીઓનો પીળો પ્રકાશ જાણે બાથરૂમમાં આગ લાગી હોય એમ રેલાતો હતો...

સફેદ ટાઇલ્સનું બાથરૂમ જાણે પીળા પ્રકાશમાં નાહી રહ્યું હોય એવું લાગતું હતું.

સેન્ટેડ કેન્ડલ હોવાને કારણે સુગંધ-સુગંધ રેલાઈ રહી હતી. બાથટબમાં અત્તર નાખેલું પાણી હતું... અરીસા પર લિપસ્ટિકથી લખ્યું હતું, "બાથટબ તને બોલાવે છે... તું કોની રાહ જુએ છે?"

શૈલ બાથરૂમમાં ડઘાયેલો ઊભો રહ્યો. એ જ વખતે આવીને પ્રિયમ પાછળથી લપેટાઈ!

શૈલે એના બંને હાથ પર હાથ મૂકીને આંખો મીંચી દીધી. એક અવર્ણનીય સુખનો અનુભવ થયો એને. આ પળ અહીં જ, આ જ જગ્યાએ ફ્રીઝ થઈ જાય અને સદીઓ સુધી આમ જ રહે એવી ઇચ્છા થઈ એને. પછી એણે હળવેથી પ્રિયમને પોતાની આગળ લીધી.

આછા ગુલાબી રંગનો લખનઉ ભરત ભરેલો ઘૂંટણથી વહેંત ઊંચો કૂર્તો પહેર્યો હતો પ્રિયમે. કૂર્તાના પતલા કપડામાંથી પ્રિયમના પગ અને પેન્ટીનો શેઇપ સ્પષ્ટ દેખાતો હતો. શૈલે પોતાના હાથ એના વાળમાં નાખીને એને નજીક ખેંચી. એના હોઠ પર હોઠ મૂક્યા અને શૈલ ઓગળવા માંડ્યો.

"પાણી ઠંડું થાય છે." પ્રિયમે પોતાની જાતને સહેજ અળગી કરીને કહ્યું.

"ચાલ..." શૈલે કહ્યું. અને પ્રિયમને કપડાં સોતો ધક્કો માર્યો. પ્રિયમ સહેજ પણ વિરોધ વિના પાણીમાં પડી. સાથે શૈલ પણ બાથટબમાં દાખલ થયો...

ત્રણ ફૂટ બાય સાડા પાંચ ફૂટના બાથટબમાંથી પાણી બહાર છલકાયું...

શૈલ જાણે એ ટબમાં પીગળીને વહેવા લાગ્યો.

એને માટે આ જિંદગીનો પહેલો અનુભવ હતો. એ કલ્પી પણ નહોતો શકતો કે કોઈ સ્ત્રી આમ જલપરીની જેમ પાણીમાં તમને ઓગાળી શકે.

પ્રિયમનો સ્પર્શ એના એક એક રોમ પર જાણે અંગારો મૂકતો જતો હતો. શૈલનું પૌરુષત્વ નખશિખ જાગી રહ્યું હતું.

એક અદ્ભુત રમણીય પ્રણયદૃશ્ય સર્જાયું એ મીણબત્તીના પ્રકાશમાં.

બાથટબમાં આછા ગુલાબી રંગના કુર્તા અને પ્રિયમની ચામડી વચ્ચે જાણે કોઈ ભેદ જ નહોતો રહ્યો...

પ્રિયમના વાળ ભીના થઈને પાછળી બાજુએ ચોંટી ગયા હતા. એનું વિશાળ કપાળ અને ચહેરો એકદમ સ્પષ્ટ ઉજાગર થતો હતો. એની તૈલી ત્વચા પર પાણી ટકતું નહોતું, પણ જળનાં બિંદુઓ જામી ગયાં હતાં. ગુલાબની પાંખડીઓ પર જામેલા ઝાકળની જેમ એ ટીપાં મીણબત્તીના આછા પ્રકાશમાં ચમકી રહ્યાં હતાં.

પ્રિયમ શૈલને એવી રીતે સ્પર્શી રહી હતી, જાણે જીવનમાં પહેલી વાર સ્પર્શતી હોય અને શૈલ એ જલપરીના વાળમાંથી, નાક પરથી, હોઠ અને હડપચી પરથી ટપકતું પાણી પોતાના હોઠ પર ઝીલી રહ્યો હતો...

કોણ જાણે કેટલાય જન્મોની તરસ હતી, જે આ પાણીથી તૃપ્ત થઈ રહી હતી.

શૈલ પ્રિયમના શરીરને એવી રીતે વહાલ કરી રહ્યો હતો જાણે એને પોતાની અંદર ઓગાળી લેવા માગતો હતો. એણે જાણે નક્કી કરી લીધું હતું કે આજે કાં તો પ્રિયમ નહીં, ને કાં તો શૈલરાજ નહીં...

પ્રિયમ પણ શૈલના એ સ્પર્શને માણતી, આંખો મીંચીને બાથટબમાં સૂતી હતી. પીળા પ્રકાશમાં ઝળાંહળાં થતો બાથરૂમ અને સુગંધનાં એ મોજાંઓની વચ્ચે બે શરીરો જાણે પાણીમાં પીગળી જવા માગતાં હતાં!

શૈલરાજ અચાનક ચોંક્યો. શાવરમાંથી વહેતું પાણી ક્યારનુંય એના શરીર પર પડી રહ્યું હતું અને એ વિચારોમાં મગ્ન એમ જ પથ્થરના બાવલાની જેમ ઊભો હતો.

એણે શાવર બંધ કરી શરીર લૂછ્યું અને તૈયાર થયો. બહાર નીકળતા પહેલાં પ્રિયમની તસવીર સામે જોયું અને કહ્યું, "હું તારો વારસો લેવા જાઉં છું. મારા જીવનનો આધાર, મારા શ્વાસ હવે જેને કારણે ટકી રહેવાનાં છે એ... તારી ડાયરી સ્વીટહાર્ટ..." અને પછી તસવીરને એક પ્રગાઢ ચુંબન કર્યું. તસવીરને નીચે મૂકી એ બહાર નીકળ્યો. જીપમાં બેઠો અને આદિત્ય ભાગવતના કોટેજ તરફ સડસડાટ નીકળી ગયો.

આદિત્યની આંખો ઊઘડી ત્યારે એની નજર સૌથી પહેલાં ડાયરી પર પડી.

એણે મનોમન નક્કી કર્યું કે પ્રિયમની આખરી ઇચ્છા પૂરી કરી દેવી.

પ્રિયમે એને આ ડાયરી શૈલ સુધી પહોંચાડવાનું કહ્યું હતું, અને આજે આદિત્ય એ કામ કરવા માગતો હતો.

પ્રિયમની ડાયરી વાંચી એ પહેલાંના આદિત્ય અને અત્યારના આદિત્ય વચ્ચે આભ-જમીનનો ફેર પડી ગયો હતો. આદિત્યના મનમાં છાને ખૂણે જાણે ધીમે ધીમે કશું રડતું હતું!

એ જાણતો હતો કે થવાનું હતું તે બધું જ થઈ ચૂક્યું હતું, અને હવે એ બની ગયેલી ઘટનાઓમાં કોઈ ફેરફાર

શક્ય નહોતો... એનું મન થોડું અપરાધમાં, થોડું અફસોસમાં અને થોડું આંસુમાં ડૂબતું-તરતું, તરતું-ડૂબતું તરફડી રહ્યું હતું.

આદિત્ય આટલી બધી ડાયરી લઈને શૈલરાજના કોટેજ સુધી કઈ રીતે જવું એવું વિચારતો હતો. એણે સવારના પહોરમાં પહેલું જ કામ શૈલરાજને એની ડાયરી સોંપવાનું કરવું એમ નક્કી કર્યું હતું.

એની પાસે વાહન નહોતું...

રણથંભોર આવવાનું નક્કી કર્યું ત્યારે એણે કંઈક જુદું જ વિચાર્યું હતું. આટલી બધી ગાડીઓ અમદાવાદમાં જ છોડીને સાવ એકલો ટ્રેનમાં આવ્યો હતો એ.

એને એવું કશું જ નહોતું જોઈતું, જે એને આદિત્ય ભાગવત હોવાની યાદ અપાવે.

જોકે આજે એને વિચાર આવ્યો કે, "વાહન હોત તો આટલી બધી ડાયરી લઈ જવાની સરળતા રહેત." એનું મન શૈલરાજના એ કોટેજમાં જવાની ના પાડતું હતું, જ્યાં એની પ્રિયમે કોઈ બીજા માણસ સાથે જિંદગીની અંગત પળો ગાળી હતી. પરંતુ ડાયરી આપવા જવું હોય તો બીજે ક્યાં જઈ શકાય એની એને ખબર નહોતી.

ગઈ કાલે જ્યાંથી ભાગી આવ્યો, ત્યાં પાછા જતાં એનો પગ નહોતો ઊપડતો એ હકીકત હતી અને ગઈ કાલે ડાયરી વાંચ્યા પછી, પ્રિયમની લાગણીઓ જાણ્યા પછી જે કંઈ બની ગયું એ બધા પછી એની ડાયરી શૈલરાજ સુધી પહોંચાડવી જોઈએ એમ એનું મન કહેતું હતું.

થોડી વાર એ એમ જ વિચાર કરતો ઊભો રહ્યો, પછી ડાયરીઓ લીધા વિના જ જવું અને શૈલને બોલાવીને બધી જ ડાયરીઓ આપી દેવી એમ વિચારી એ બહાર નીકળ્યો અને ગઈ કાલે જે રસ્તે ગયેલો એ જ રસ્તે ધીરે ધીરે ચાલતો આગળ વધવા લાગ્યો.

શૈલ પોતાની જીપ લઈને નીકળ્યો.

બંને લગભગ એક જ સમયે પોતપોતાના કોટેજમાંથી નીકળીને એકબીજાના કોટેજ તરફ ગયા, પરંતુ એમના રસ્તા જુદા હતા. શૈલ પાસે જીપ હતી એટલે એ મુખ્ય રસ્તે ગયો, જ્યારે આદિત્ય ગઈ કાલની જ કેડીનો રસ્તો જાણતો હતો, એટલે એ જ રસ્તે જવું એને સરળ લાગ્યું.

બંને જણા જુદા રસ્તે ગયા... એટલે સામસામે મળી શક્યા નહીં.

શૈલ જ્યારે આદિત્યના કોટેજ પર પહોંચ્યો ત્યારે ત્યાં કોઈ નહોતું.

શૈલને ચિંતા થઈ. ગઈ કાલે જે સાંભળ્યું એ પછી આદિત્ય જે રીતે ચાલી ગયો એ જોતાં અત્યારે એનું ઘરે ના હોવું ચિંતાજનક તો હતું જ.

"અમદાવાદ ચાલી ગયો હશે?" શૈલે વિકલ્પો તપાસવા માંડ્યા, "બહાર ગયો હશે કદાચ..."

રોકાવું કે ચાલી જવું એનો વિચાર કરતો શૈલ થોડી વાર કોટેજની બહાર ઊભો રહ્યો. પછી આદિત્યની રાહ જોઈને ત્યાં જ રોકાવું એમ નક્કી કરીને ત્યાં જ બેઠો. આમ તો કોટેજને તાળું હોવું જ જોઈએ, પણ આજે નહોતું...

આદિત્યએ કોટેજને તાળું નહીં મારવાનું નક્કી કરીને જાણે પ્રિયમને ગમતી એક વાત વધુ કરવાનું નક્કી કર્યું હતું. એને ખબર નહોતી, પણ એટલું જરૂર સમજાયું કે શૈલરાજ પ્રિયમ માટે એના કોટેજને તાળું નહોતો મારતો.

જાણતો હતો કે પ્રિયમ હવે ક્યારેય નહીં આવે. છતાં આદિત્યને એક વાર પ્રિયમની રાહ જોવાની, તાળું માર્યા વગરનું ઘર મૂકીને જાણે એ આવે તો એને આવકારવાની ઇચ્છા થઈ ગઈ.

માત્ર આગળિયો આડો કરેલા ઘર પર શૈલની નજર તો પડી, પણ એવી રીતે ખોલીને અંદર જવું કે નહીં એ વાતે એ મૂંઝાઈ રહ્યો. શૈલે બહુ વિચાર કર્યો, પણ આખરે અંદર જઈને પ્રિયમના કોટેજમાં શ્વાસ ભરવાની લાલચને રોકી ના શક્યો એટલે ધક્કો મારીને એ કોટેજમાં દાખલ થયો.

સામે જ ગઈ કાલની જેમ જ બધી ડાયરીઓ એકબીજાની ઉપર પડી પડી જાણે શૈલરાજને આમંત્રી રહી હતી. પોતાના બાહુપાશમાં બોલાવી રહી હતી.

શૈલે બધી ડાયરીઓ ઉપાડી લીધી અને પોતાની સાથે લાવેલી બેગમાં ભરી.

એ બને એટલો જલદી અહીંથી ભાગી છૂટવા માગતો હતો. પરંતુ છેલ્લી ડાયરી એને મૂકતા પહેલાં જાણે પોતાને ખોલવા લલચાવી રહી.

પ્રિયમ-1994.

ડાયરી પર લખ્યું હતું.

“1994 એટલે તો... અમેરિકાનાં વર્ષો...પ્રિયમનાં લગ્નનું વર્ષ... વાંચું કે નહીં?” એનું મન લલચાઈ ગયું, “સાથે જ લઈ જવાની છે, જઈને વાંચીશ...” એને વિચાર આવ્યો, પણ સાથે જ વિચાર આવ્યો કે, “આ ડાયરી કદાચ આદિત્યને કામની હોય! એની સ્મૃતિઓ એમના પ્રણયની, એમના સહજીવનની સુંદર કથા હોય આમાં-તો અહીં જ મૂકી જાઉં. બધું જ લઈ જવું સારું ના કહેવાય. એની સ્મૃતિઓ એને માટે છોડી જવી જોઈએ મારે.”

એ વિચારની સાથે જ એણે 1994 લખેલી ડાયરી ધ્રૂજતા હાથે પકડી. પછી શૈલે બહુ જ હળવે અને અચકાતાં અચકાતાં આગળ પહેલું જ પાનું ઉઘાડ્યું...

1994...

જુલાઈ... ઑગસ્ટ...

અમેરિકાની શરૂઆત, બોસ્ટન યુનિવર્સિટીના અનુભવો લખ્યા હતા. નવી જગ્યા, નવા લોકો... નવા અનુભવો! જિંદગીનાં સપનાં અને કરિયરને લગતી કેટલીય વાતો એ શરૂઆતના મહિનાઓમાં લખી હતી.

શૈલે પાનાં ફેરવવા માંડ્યાં.

18 ઑક્ટોબર, 1994

આજે આદિત્યએ લગ્ન પ્રપોઝ કર્યાં.

મારા માટે લગ્ન એ ક્યારેય મહત્ત્વની વસ્તુ નથી રહી. ખરું પૂછો તો હું લગ્નમાં ક્યારેય માનતી નહીં. બે વ્યક્તિ સાથે મળીને જીવવાનું શરૂ કરે એટલું જ પૂરતું છે. એમાં વળી સમાજની માન્યતા શા માટે જોઈએ?

સામાન્ય લોકો લગ્નને એક પવિત્ર બંધન ગણે છે અને એ દ્વારા નૈતિક રીતે સમાજ સ્ત્રી-પુરુષનો શરીરસંબંધ માન્ય કરે છે.

ડબ્લ્યુ. જે. ટર્નરનું એક વાક્ય મને હંમેશાં વિચારતી કરી મૂકે છે, આજે પણ.

“મેરેજ ઇઝ બટ રનિંગ હાઉસ, શેરિંગ ફૂડ ઍન્ડ કંપની, વ્હોટ હેઝ ધીસ ટુ ડુ વિથ લવ ઓર ધ બોડીઝ બ્યૂટી? (લગ્ન એટલે શું? ઘર ચલાવવું, સાથે જમવું અને સાથે સાથે જીવતા રહેવું, સ્ત્રી-પુરુષની વચ્ચે થતો પ્રેમ અથવા શરીરમાંથી મળતા અદ્ભુત સુખ સાથે આવાં ગોઠવેલાં લગ્નને શી લેવાદેવા?”

જે દંપતી પરસ્પર પ્રિયા-પ્રિયતમનું સ્વરૂપ ટકાવી શકે એવાં લગ્નો મેં હજુ સુધી નથી જોયાં. બર્નાડ શૉએ કહ્યું છે કે, “લગ્ન એ તો તદ્દન અંગત સ્વાર્થ માટે ધૃષ્ટતા ભરેલી જાહેર માન્યતા માગવાનું એક બહાનું છે.”

મને હજી સુધી સમજાતું નથી કે લગ્ન કરવાં જોઈએ કે નહીં? રજનીશ, સાર્ત્ર, બર્ટ્રાન્ડ રસેલ, સીમોં દ બુઆ જેવા લેખકોને વાંચીને લગ્ન વિશે હું કશુંક જુદું જ માનતી થઈ છું. મારાં માતા-પિતાનાં નિષ્ફળ લગ્નએ મને કશું જ નથી આપ્યું. બલ્કે, મને લાગે છે કે એમનાં નિષ્ફળ લગ્નને કારણે જ મારું બાળપણ વહેલું પૂરું થઈ ગયું.

એમની વચ્ચેના ઝઘડા, ચીસાચીસ, એકબીજાની વિરુદ્ધ મને વાપરવાનો પ્રયાસ...

કોર્ટમાં ઊભા રહીને કરાયેલા આક્ષેપો...

શું નથી જોયું મેં એ કહેવાતા પ્રેમલગ્નમાં?

લગ્ન ખરેખર પ્રેમનો અંત છે કે સહજીવનની શરૂઆત? સમજાતું નથી, એને હા પાડું કે ના. મેં એને પૂછ્યું, શા માટે પરણવું છે? મને સંબંધના પાંજરામાં પૂરવા? કે પત્નીત્વનું લેબલ લગાડવા!

આદિત્ય રોજ કહે છે-હું બહુ સવાલો પૂછું છું...

પણ મને રોજ લાગે છે કે જીવવું એ હવાને મુઠ્ઠીમાં પકડવા જેવી, તડકાનું પોટલું બાંધવા જેવી કે પાણીને બે ભાગમાં વહેંચવા જેવી રમત છે અને લગ્ન રોજેરોજ પ્રેમ ઘટાડે છે... હું ના પાડીશ તો આદિત્યને બહુ દુઃખ થશે. હું એને ખૂબ ચાહું છું અને એના સુખ માટે એની સાથે પરણી પણ શકીશ.

મારી બુદ્ધિ કહે છે કે એકલી સ્ત્રીનો સૌથી મોટો ભય ભવિષ્ય છે અને ત્રાજવામાં તોળીને પતિ મળતા નથી.

પથારીઓ બદલવી મારો સ્વભાવ નથી અને છતાંય, એક છત નીચે હજારો વર્ષો સુધી એક માણસ સાથે જીવવાની વાતે મન પાછું પડી જાય છે.

27 નવેમ્બર, 1994

હું સ્વતંત્ર છું. મારું મગજ, મારું હૃદય, મારો આત્મા ધરાવતી એક 'વ્યક્તિ'.

કોઈ એક માણસના પડછાયામાં હું નહીં જીવી શકું એવું મને આ પળે જ લાગે છે. આદિત્યનું મારા માટેનું ગાંડપણ જોતાં એને ના પાડવી પણ અસંભવ છે અને ના પાડું તો કયા કારણસર? એ એક સારો માણસ છે. પ્રેમાળ પતિ, ઉત્તમ પિતા સાબિત થશે. સફળ છે. પૈસાવાળો છે અને સાચા હૃદયથી મને ચાહે છે. એક માણસ સાથે પરણી જવા માટે એક સ્ત્રીને આનાથી વધારે શું જોઈએ? પણ હું, "પરણી જવા માટે" નથી જન્મી. હું જુદી છું...

મારા સમયથી વહેલી જન્મી છું એવું મને રોજેરોજ લાગ્યું છે.

એક દિવ્ય અસંતોષ મારી અંદર મૂકીને જ ધરતી પર ધકેલી છે મને! જે મળે છે એની બહાર નીકળીને જીવવાની ઇચ્છા થાય છે.

કોઈ નામ, કોઈ લેબલ, કોઈ માન્યતા કે કોઈ સર્ટિફિકેટ... કોઈ વાયદા કે કોઈ વચનો મારા માટે અગત્યનાં નથી.

મારા આત્માનો સાક્ષી, મારા મનનું સુખ અને મારા શરીરની સંમતિ-પણ આદિત્યને આ વાત નથી સમજાતી. એને કેમ સમજાવવું કે સ્ત્રી હંમેશાં એકથી વધુ જીવન જીવે છે.

સ્ત્રી માત્ર સ્વતંત્ર છે. બે પડછાયા, બે આત્મા, બે મન, બે મગજ ધરાવતી એક એવી વ્યક્તિ જે બે જીવન જીવે છે. અંદર અને બહાર...

લગ્નને એક અઠવાડિયું થઈ ગયું છે.

એક જ અઠવાડિયામાં આદિત્યએ મને એ બધું જ આપ્યું છે કે જે કોઈ પણ સામાન્ય સ્ત્રી એના જીવન પાસે, એના પતિ પાસે, એનાં લગ્ન પાસે માગે, માગી શકે!

પણ મારી અંદર રોજેરોજ કશું આળસ મરડે છે અને ફેલાયેલા હાથ પાંખો બની જાય છે. સમાજે ચણેલી દીવાલો તોડીને બહાર નીકળી જવા માટે મારું મન થનગની ઊઠે છે...

આદિત્યનો વિચાર કરું છું અને મારી અંદર કશું ભીનું થઈ જાય છે.

આટલા બધા પ્રેમને કેમ તરછોડું? હું એને ચાહું છું, ખૂબ ચાહું છું, પણ એ મને જેવું ચાહે છે એવું નહીં... મારે માટે પ્રેમ એના સુખની કામના છે. એના મંગલની પ્રાર્થના છે... મારા શરીરમાંથી એને મળી શકે તેટલું સુખ એને આપવું, એનું ધ્યાન રાખવું, એને હસાવવો, એની સાથે બુદ્ધિપૂર્વકની ચર્ચા કરવી... બધું જ સાચું, પરંતુ આ ગળામાં બાંધેલા કાળા મણકાના દોરા પછી મારાં તમામ સુખો અને દુઃખો એનામાં જ કેન્દ્રિત થઈ જાય એવી એની અપેક્ષા મને ગળે નથી ઊતરતી. મારાં સુખ અને દુઃખ મારાં પોતાનાં છે. મારા ગમા-અણગમા મારા છે. મારા ભાવ-અભાવ અંગત છે.

પણ આદિત્યને તો એનામાં ઓગાળી દેવી છે મને, હું કોઈ માણસમાં દ્રાવ્ય નથી... વસ્તુ નથી, વ્યક્તિ છું!

અને આ વાત આદિત્ય માટે સાવ અજાણી છે-એની સમજની બહાર!

હું આદિત્ય સાથે જે જીવું છું એ બહારનું જીવન છે. એની સાથે રોજેરોજનું જિવાતું મારું અસ્તિત્વ મારી અંદરના તરફડાટને શાંત નથી કરી શકતું. આ વાત એને તો કદાચ ખબર પણ નથી અને ન જ પડે તો સારું છે! તેમ છતાં જેને હું મારાથીયે વધારે ચાહું છું એની સાથે દાવપેચ કર્યાનું દુઃખ થાય છે મને...

સતત સુખી દેખાવાનો ડોળ કરતી જીવું છું, પણ જે સુખ હું માગું છું અને જે સુખ એ આપે છે એ બંને જુદાં છે.

એક ઘરમાં લડતા-ઝઘડતા-પ્રેમ કરતાં આખી જિંદગી જીવી જવી એ મારી ફિતરત નથી કદાચ ને આદિત્ય મારા ચહેરા કે શરીરને નથી પરણ્યો, મારી આખી જિંદગીને પરણ્યો છે.

31 ડિસેમ્બર, 1994

બે આખા વર્ષની વચ્ચે એક માત્ર રાત હોય છે.

જે બે વર્ષને જોડે છે અથવા પલટી નાખે છે, રાતના એ ચાર પ્રહર વર્ષના એક કિનારેથી વર્ષના બીજા કિનારે લઈ જાય છે. અંતથી શરૂઆત તરફ લઈ જાય છે.

એ રાત બે વર્ષની વચ્ચેની રાત છે, ન ગયું વર્ષ છે એ રાત-ન એ રાત આવતું વર્ષ કહી શકાય. એ તો માત્ર રાત છે. પોતાની જગ્યાએ ઊભેલી સ્થિર અને સંતુલિત, એ ગયા વર્ષમાં પણ સંમિલિત છે અને નવા વર્ષમાં પણ એટલી જ મહત્ત્વની છે.

હું એ રાતની જેમ જીવું છું. ગયું વર્ષ અને આવનારા વર્ષની વચ્ચેના પુલની જેમ. ગયા વર્ષથી નીકળેલા લોકો, ક્ષણો, સંબંધો પુલ પર થઈને આવતા વર્ષ સુધી પહોંચી જાય છે, પણ પુલ ક્યાંય જતો નથી. એ તો ત્યાં જ રહી જાય છે-બે વર્ષની વચ્ચે, બે ઝંખનાઓની વચ્ચે, બે મન, બે મગજની વચ્ચે...

સામાન્ય સ્ત્રીને માટે લગ્ન અને સુખ એક સિક્કાની બે બાજુ જેવા શબ્દો છે.

મને લગ્ન હંમેશાં બરફ જેવું લાગ્યું છે. ઓગળતા-પીગળતા બરફ જેવું. પળે આકાર બદલાય છે આ બરફનો. સાઇઝ ઘટતી જાય છે, અને વહેતું પાણી ધીમે ધીમે બરફનું અસ્તિત્વ ભુલાવી દે છે.

મારા અને આદિત્યના લગ્નનું પણ એવું જ થશે?

શૈલરાજ આગળ ના વાંચી શક્યો. એણે ડાયરીનું પાનું બંધ કરીને આંખો મીંચી દીધી.

"ઓહ માય ગોડ, કેટલી ઈમાનદાર, કેટલી સ્વતંત્ર હતી આ છોકરી! લાગણીઓમાં પણ કોઈના પર આધારિત નહોતી રહેવા માગતી!" શૈલરાજે જાણે એક ઊંડા શ્વાસમાં પ્રિયમને પોતાની અંદર ભરી લીધી. પ્રિયમનો અભાવ અચાનક જ જાણે વધુ સાલવા માંડ્યો. અત્યાર સુધી ઘણીબધી રીતે ન સમજાયેલી પ્રિયમ જાણે ફૂલની જેમ ઊઘડતી હતી, જૂઈના ફૂલની જેમ-મોડી રાત્રે અને છતાં સુગંધ સુગંધ હતી ચોતરફ! સુગંધ એની ઈમાનદારીની, સુગંધ એની સચ્ચાઈની, સુગંધ એની સ્વતંત્રતાની અને સુગંધ એની સરળતાની!

"હે ઈશ્વર, મને ફરી એક વાર એને મળવું છે. એક પળ માટે...મારે એને કહેવું છે કે ગઈ કાલ સુધી માત્ર ચાહતો હતો એને. આજે મારા મનમાં એને માટે સન્માનની લાગણી ઉમેરાઈ ગઈ છે. વિચારોની આટલી સ્પષ્ટતા અને એ કહેવાની, કહી નાખવાની આટલી હિંમત! પ્રિયમ, તું સાચે જ એક જ છે-તારા અસ્તિત્વમાં પૂરી અને અનોખી." શૈલરાજે ડાયરી ઉપર લખેલા નામ ઉપર હાથ ફેરવ્યો અને પ્રિયમની ત્વચા જાણે સંવેદી રહ્યો.

એણે થપ્પીની વચ્ચેથી એક ડાયરી ખેંચી.

2003

22 જૂન, 2003

વરસાદની પહેલાંના દિવસો છે. વાદળ ઘેરાય અને વરસાદ ના આવે ત્યારે થાય એવો ઘામ થાય છે મને.

કોઈકની રાહ જોઉં છું.

કોઈક કોણ છે, ખબર નથી, પણ એના આવવાનાં વાદળો ઘેરાયાં છે ખરાં અને એ આવશે.

એના આવવાની મોસમ છે આ... પણ ત્યાં સુધી આ ઘામ મારો શ્વાસ રૂંધી નાખશે કદાચ.

1 જુલાઈ, 2003

નાની ઉંમરે બહુ સુખ મળી ગયું છે.

માગ્યું હતું એ પણ મળ્યું છે અને નહોતું માગ્યું એ પણ મળી ગયું છે.

છતાંય કંઈક બાકી છે. ધોધમાર વરસાદ જેવું... ઉફણાતા શ્વાસ જેવું... ગળામાં તરસની જેમ ખૂંચે ત્યારે પીવાતા પાણીના ઘૂંટડા જેવું.

કોઈ દુ:ખ નથી. આદિત્યએ મને બધું જ આપ્યું છે અને છતાંય કંઈક બાકી રહી ગયું છે.

આખી જિગ્સોના એક છેલ્લા ટુકડા જેવું કંઈક... મળશે?

16 જુલાઈ, 2003

ધોધમાર વરસાદ પડે છે, ગઈ કાલ રાતથી અને છતાંય તરસ એમની એમ રહી ગઈ છે.

તરસની ભાષામાં ક્યાંય સ્ટોપ બટન નથી હોતું...

કેટલીયે આંખો મને જોઈને ચમકી ઊઠે છે, જાણું છું હું, પણ એ આંખોમાં માત્ર જરૂરિયાત છે... લેવડ-દેવડ અને ચેસની એક રમત.

એક માણસ જેને ચેસ ન આવડતી હોય... એવો માણસ જન્મ્યો જ નહીં હોય? સુખી થવા માટે કેટલું ઓછું જોઈએ છે, એવી કેટલા ઓછાને ખબર છે.

બધાને સ્ત્રી જોઈએ છે.એની સાથેની સંવેદનાઓ નથી જોઈતી. એમને માટે એના સવાલો, એની સલામતી,

એની સંવેદના બધું નકામું છે. કામનું માત્ર શરીર છે, જેને ભોગવી શકાય, ચૂંથી શકાય, અનુભવી શકાય, માણી શકાય.

અને હું શરીર નથી, સ્ત્રી છું.

એક મન છે મને. જે મારા શરીરને શરીર બનાવે છે. નહીં તો એક લાકડાના ટુકડાથી વધારે કંઈ નથી હું! મને અડનારો માણસ મારા મનને અડે છે, જેનો રોમાંચ મારા શરીરને થાય છે.

આદિત્ય ઘણા દિવસથી ફરિયાદ કરે છે કે હું બદલાઈ ગઈ છું. શું કરું? કેમ સમજાવું એને કે હું નથી બદલાઈ, મારી ઝંખનાઓ બદલાઈ છે. અમારો સંબંધ બીજગણિત, ભૂમિતિનાં ચોક્કસ સમીકરણો જેવો થઈ ગયો છે, જેમાં એક ને એક બે જ થાય છે...

હું થાકી ગઈ છું. ઇચ્છું છું કે ક્યાંક કશુંક અણધાર્યું બને-માવઠા જેવું.

સહરાની તરસથી કોઈને ચાહવું એટલે શું?
મૃગજળની જેમ કોઈને પામવું એટલે શું?
ધુમ્મસની જેમ કોઈને જાણવું એટલે શું?
છાંયડાની જેમ કોઈને માણવું એટલે શું?
તડકાની તીવ્રતાથી કોઈ સ્પર્શે એ શું?
ઝાકળની જેમ કોઈ વરસે એ શું?
વૃક્ષની જેમ સતત ઝૂકી જવું એટલે શું?
જિંદગીને સિગરેટની જેમ ફૂંકી જવું એટલે શું?

આ સમજવું છે મારે, આ અનુભવવું છે, આ માણવું છે!

આ જ હશે મારો દિવ્ય અસંતોષ?

આ પ્રિયમના શબ્દો હતા.

શૈલની પ્રિયમના. આ આદિત્યની પ્રિયમ હોઈ જ શકે નહીં. આ પ્રિયમ ફક્ત શૈલની હતી. એના શબ્દો, એની સંવેદનાઓ અને એની ડાયરી માત્ર શૈલની માલિકીનાં હતાં... એવું શૈલને લાગ્યું.

એણે કોઈનીય રજા લેવાની જરૂર નહોતી આ ડાયરીઓ લઈ જવા માટે.

શૈલે ડાયરીઓ ભેગી કરી. હાથમાં લીધી અને જીપમાં મૂકી.

આ ડાયરીઓને નિરાંતે એ પલંગમાં સૂતાં સૂતાં વાંચવી હતી, જે પલંગમાં એણે પ્રિયમના પડખામાં રાત્રીઓ ગાળી હતી, જેની ચાદરમાં હજી પ્રિયમના શરીરની સુવાસ હતી.

જીપ લઈને સડસડાટ એ પોતાના કોટેજ પર પહોંચ્યો ત્યારે કોટેજનો દરવાજો ખુલ્લો હતો અને બહાર આદિત્ય ભાગવતનાં ચપ્પલ ઉતારેલાં પડ્યાં હતાં.

શૈલ જરા અટક્યો, ગૂંચવાયો.

એના હાથમાં ડાયરીઓનો થપ્પો હતો. લગભગ 18 જેટલી ડાયરીઓનું વજન હતું એના હાથમાં.

અને છતાં એ જીપની બહાર જ ઊભો રહી ગયો. અંદર જવું કે નહીં... વિચારવા લાગ્યો.

"કેમ આવ્યો હશે આદિત્ય? ગઈ કાલે એને ખબર પડી ગયા પછી શું સવાલો પૂછશે મને? મારે સત્ય કહેવું જોઈએ કે નહીં? આ ડાયરીઓ અંદર લઈ જાઉં કે બહાર જ રહેવા દઉં? કંઈ આડુંઅવળું બોલશે તો? પ્રિયમ

માટે કંઈ એલફેલ કહી બેસશે તો?"

શૈલરાજનું મન અનેક સવાલો પૂછી રહ્યું હતું અને અંદર જવું કે નહીં એ વિશે અટવાયેલો શૈલ ત્યાં જ ઊભો હતો.

આખરે મન કઠણ કરીને, જે થાય તે જોયું જશે એવું વિચારીને શૈલ ડાયરીઓ લઈને કોટેજમાં દાખલ થયો.

આદિત્યની પીઠ દરવાજા તરફ હતી. એ ખૂબ જ રસપૂર્વક કંઈક જોઈ રહ્યો હતો. બહુ જ ધીમા પગલે શૈલ એની નજીક પહોંચ્યો અને આદિત્યની પાછળ ઊભો રહ્યો. આદિત્યના હાથમાં આલબમ હતું.

પ્રિયમના ફોટોગ્રાફ્સનું આલબમ...

શૈલના પદચાપનો અવાજ સાંભળીને આદિત્યએ પાછળ જોયું, "તમે આવી ગયા? હું ક્યારનો તમારી રાહ જોઉં છું."

"જી હું..."

"તમે મારા કોટેજ પર ગયા હતા." આદિત્યએ સ્મિત કર્યું. એ સ્વાભાવિક થવાનો પ્રયત્ન કરતો હતો, પરંતુ સ્વાભાવિક હતો નહીં, એવું શૈલ જોઈ શકતો હતો, "હું તમને મળવા આવી ગયો."

"ગઈકાલ રાત પછી..."

"રાતની વાત રાત્રે પૂરી થઈ ગઈ શૈલરાજસિંહ રાઠોડ." આદિત્યનો અવાજ અચાનક બદલાઈ ગયો, "અને રાતોની ચર્ચા તમારા કે મારા કોઈને માટેય સુખકર નથી. ખરું?"

"હા, એટલું તો મારે પણ સ્વીકારવું જોઈએ, પણ સાથે એક વાત કહેવાનું મન થાય છે. પ્રિયમે જે કર્યું તે ઈમાનદારીથી કર્યું. એક ક્ષણ માટે પણ ક્યાંય એ ખોટી નહોતી."

"મારી પ્રિયમ ખોટી હોઈ શકે જ નહીં..." આટલું બોલતા બોલતાં આદિત્યની આંખો ભરાઈ આવી, "ખોટો તો હું છું. સહેજ વધુ સમય આપ્યો હોત મેં... જાતને." એ ઊંડો નિઃશ્વાસ લીધો એણે, "અને પ્રિયમને તો કદાચ..."

"તો કદાચ શું?"

"તો કદાચ હું અહીં ના હોત... અને પ્રિયમ..." એણે રોકિંગ ચેર પર માથું ઢાળીને આંખો મીંચી દીધી. પછી ક્ષણેક એ ઓરડામાં શાંતિ પથરાયેલી રહી. શૈલ પણ ત્યાં જ ઊભો રહી ગયો. જાણે ભૂલી ગયો હોય કે એ એનું પોતાનું ઘર છે એવી રીતે!

આદિત્યએ ધીમેથી આંખો ઉઘાડી અને શૈલ સામે જોયું.

"હું તમારી વાત સમજ્યો નથી. તમે સમય આપ્યો હોત તો શું થાત આદિત્ય ભાગવત?"

આદિત્ય શૈલરાજ સામે એવી રીતે જોઈ રહ્યો, જાણે એને કહેવું કે નહીં એ નક્કી કરવાનો પ્રયત્ન કરતો હોય. પછી સાવ ખોટું સ્મિત કરીને ઊભો થયો અને શૈલની નજીક આવ્યો, "ઓહ! તો તમે લઈ જ આવ્યા." આદિત્યએ એક સુંદર સ્મિત સાથે કહ્યું, "હું તમને જ બોલાવવા આવ્યો હતો. મારાથી આટલા લાંબા ભૂતકાળનું વજન એકલા ઉપાડાય એમ નહોતું એટલે તમને બોલાવવા આવ્યો હતો, પણ તમે મારાથી મજબૂત નીકળ્યા. આખો ભૂતકાળ એકલા જ લઈ આવ્યા?"

શૈલ જવાબ આપવા માગતો હતો, પણ ચૂપ રહી ગયો.

એ આદિત્ય સામે જોઈ રહ્યો.

કઈ માટીનો બનેલો હતો આ માણસ?

એની પત્નીના પ્રિયતમ સાથે આટલો સ્વાભાવિક, આટલો સરળ...

આ એનું સાચું સ્વરૂપ હતું કે પછી ગઈ કાલે રાત્રે જે જાણ્યું હતું એ પછી પોતે નાનો ન થઈ જાય, ઝાંખો ના પડી જાય એટલે પહેરી લીધેલો એક મજબૂત મુખવટો હતો આ?

શૈલ વિચારી રહ્યો.

*

13

શૈલ આદિત્ય સામે જોઈ રહ્યો.

કઈ માટીનો બનેલો હતો આ માણસ? એની પત્નીના પ્રિયતમ સાથે આટલો સ્વાભાવિક, આટલો સરળ...

માણસ આટલી સરળતાથી કોઈ પણ વસ્તુનો સ્વીકાર કઈ રીતે કરી શકે?

પોતે એની પત્નીનો પ્રેમી હતો. એવી પત્નીનો, જેને એ દિલોજાનથી ચાહતો હતો અને છતાંય કોઈ પણ પ્રકારની કડવાશ વગર, કોઈ પણ પ્રકારના અણગમા કે ક્રોધ વગર એ એની સાથે વાત કરી રહ્યો હતો! શૈલ વિસ્મયથી જોઈ રહ્યો.

એના માન્યામાં નહોતું આવતું અને છતાં નજર સામેની સચ્ચાઈ તો એ જ હતી.

આ માણસ ખરેખર આટલો સરળ હતો? ખરેખર આટલી સાહજિકતાથી સ્વીકારી શકતો હતો એની પત્નીનો સંબંધ? કે પછી જે થઈ ગયું છે એને ભૂંસી નહીં શકાય એવું જાણતો હતો એટલે તમાચો મારીને ગાલ લાલ રાખતો હતો.

“હું આવી રીતે વર્તી શકું? જો પ્રિયમ જેવી પત્નીનો આવો કોઈ સંબંધ હોય અને એ સંબંધ આવી રીતે મારી સામે આવે તો?”

શૈલરાજે પોતાની જાતને જ પૂછ્યું.

એના મને જવાબ આપ્યો, “તું મારી નાખે પ્રિયમને અને પોતે પણ મરી જાય, કદાચ! બાકી પ્રિયમ જેવી પત્નીને બીજાના બાહુપાશમાં કલ્પવું પણ તારા માટે શક્ય છે?”

એને આદિત્યની દયા આવી ગઈ.

એણે ખૂબ અચકાતાં, ધીમા અવાજે પૂછ્યું, “તમે જાણો છો મને?”

“પહેલાં નહોતો જાણતો, હવે જાણું છું. પ્રિયમના શબ્દોથી ઓળખ્યા છે મેં તમને.”

“...એટલે પ્રિયમે તમને...” શૈલરાજ આગળ બોલી પણ ન શક્યો. એને વિચાર આવ્યો કે પ્રિયમે આદિત્યને પોતાના વિશે કહ્યું તો નહીં હોય ને? જો એમ હોય તો એક પતિ માટે એ કેટલું અઘરું હોઈ શકે એ શૈલ સમજતો હતો.

એ આગળ વધ્યો. એણે આદિત્યના ખભે હાથ મૂક્યો, “તમે કોઈ ગેરસમજ નહીં કરતા. પ્રિયમે કંઈ પણ કહ્યું હોય...”

આદિત્ય હસી પડ્યો, “ના રે, પ્રિયમે કશુંયે નથી કહ્યું મને, પણ મેં એની ડાયરી વાંચી છે. એની અસમંજસ, જાત સાથેની રોજ રોજ થતી દલીલો, એના મનમાં ઊઠતા સવાલો અને એના નહીં મળતા જવાબોનો તરફડાટ. આ બધું જ હું અનુભવી શક્યો એની ડાયરીમાંથી.”

“એ ડાયરી...”

“ખબર છે... એણે તમને આપવાનું કહ્યું હતું. કદાચ એટલા માટે કે એ તમને જેવો આપવો જોઈએ એવો સ્વીકાર નહોતી આપી શકી.”

“સ્વીકાર? મારે કોઈ સ્વીકાર જોઈતો જ નહોતો. હું અને પ્રિયમ બંને સમાજની માન્યતા, સામાજિક બંધનો અને લગ્નો એવી કોઈ બાબતમાં માનતાં નહોતાં. એટલે આપણે કયા સ્વીકારની વાત કરીએ છીએ?” શૈલને

લાગ્યું કે આદિત્ય જરાક ઝંખવાઈ ગયો હતો.

"ના, ના, મારો એવો કોઈ ઇરાદો નથી કે તમને આઘાત પહોંચાડું."

"આઘાત? શાનો આઘાત?" શૈલે પણ જાણે નક્કી કર્યું હતું કે એ આદિત્યની સામે હથિયાર નહીં નાખે. શૈલને લાગ્યું કે આ 'સ્વીકાર'ની વાત આદિત્યએ જાણીજોઈને કાઢી હતી. એ એવું દેખાડવા માગતો હતો કે પ્રિયમ પોતાની પત્ની હતી. શૈલ ગમે તેટલું કરે, પણ એ પ્રિયમ ભાગવત તરીકે જીવી અને મૃત્યુ પામી ત્યારે પણ પ્રિયમ ભાગવત જ હતી, "મને આઘાત લાગ્યો હોય તો મારી પ્રિયમને ખોવાનો. એ સિવાય મને કોઈ વાતનો આઘાત લાગતો નથી અને હવે તો ક્યારેય કોઈ વાતનો આઘાત લાગી શકશે જ નહીં."

"હું સમજી શકું છું તમારી પરિસ્થિતિ. એક સ્ત્રી કોઈ બીજાની પત્ની હોય અને તમને ચાહતી હોય ત્યારે તમારે સમાધાનો તો કરવાં જ પડે છે. એક પરિણીત સ્ત્રીની મર્યાદામાં રહીને થઈ શકે એવો અને એટલો પ્રેમ કર્યો છે એણે તમને..."

"મિ. ભાગવત, તમારી કંઈક ભૂલ થાય છે. અહીં આવતી, મને મળતી અને મને પ્રેમ કરતી સ્ત્રીનું નામ પ્રિયમ જરૂર હતું, પણ એને તમારી પત્ની સાથે કોઈ નિસબત નહોતી. એ મારી પ્રિયમ હતી. મારા એકલાની પ્રિયમ. એની પાછળ ભાગવતનું લેબલ નહોતું."

"એવું તમે માનો છો." આદિત્યએ કહ્યું અને પછી થોડું કડવું હસ્યો, "તમને એવું માનવાની છૂટ છે. બાકી એ સ્ત્રી પ્રિયમ ભાગવત હતી અને આજની તારીખે પણ પ્રિયમ ભાગવત જ છે... એ બીજું કંઈ બને, બની શકે એવી કોઈ શક્યતા જ નહોતી છોડી મેં! રોજરોજ ઘરનું ખાતા માણસને ક્યારેક રેસ્ટોરાંમાં ખાવાનું મન થઈ જાય એને બહુ સિરિયસલી ના લેવું જોઈએ... શું કહો છો?"

"તમે... તમે આ કઈ રીતે..."

"કઈ રીતે? બહુ સાદી અને સરળ રીતે! હું પણ પુરુષ છું શૈલરાજસિંહ રાઠોડ, મારી પત્નીને દિલોજાનથી ચાહું છું... છાતી ફાડીને દેખાડી શકું એટલો પ્રેમ છે, આજે પણ! પણ એથી શું? પ્રિયમ વહેંચાયેલી નહોતી, અધૂરી નહોતી એ. એ પૂરેપૂરી હતી. મારી અને મારી જ."

"મિ. ભાગવત, આજે પ્રિયમ છે નહીં એટલે ચર્ચા કરવાનો કોઈ અર્થ નથી. પણ મને લાગે છે આપણે બે જુદી સ્ત્રીઓની વાત કરી રહ્યા છીએ. એક જ નામની બે જુદી સ્ત્રીઓ..."

"હશે! એમ જ હશે, કારણ કે મારી પ્રિયમ તો મારી જ હતી. તમારી પ્રિયમને તમે વધારે ઓળખો."

શૈલ વિચારમાં પડી ગયો. એ આદિત્યની સામે જોઈ રહ્યો, "શું ચાલતું હશે આ માણસના મગજમાં?" એને વિચાર આવ્યો. પછી એણે હળવેથી આદિત્યના મનનો તાગ લેવા માટે પૂછ્યું, "એવું બની શકે?"

"આમ તો ન બની શકે, કોઈ પણ સામાન્ય સ્ત્રી માટે આ સરળ નથી, પણ પ્રિયમ પહેલેથી જ જુદી હતી, જુદું વિચારતી, જુદું જીવતી, જુદી રીતે જીવવા માગતી સ્ત્રી. એના સમયથી પહેલાં જન્મેલી સ્ત્રી... એના સમયથી આગળ વિચારતી સ્ત્રી... અને એવી સ્ત્રીએ મને એના જીવનનાં અમુક વર્ષો આપ્યાં, મને લાગે છે મારે માટે તો એ અનુભવ જ પૂરતો હતો."

"પણ એ વર્ષોનો હુંયે એક ભાગ હતો એવું જાણીને તકલીફ નથી પહોંચતી તમને?"

"તકલીફ? ના, નથી પહોંચતી. મારી પ્રિયમ મારી હતી, આદિત્ય ભાગવતની પત્ની. એણે ક્યારેય કશું વહેંચ્યું નથી. કોઈ ભાગ પાડ્યા નથી. એણે મને જે આપ્યું એ પૂરેપૂરું સંનિષ્ઠ અને સંપૂર્ણ આપ્યું... હા, એણે તમને જે આપ્યું એ પણ સાચું જ હતું. એટલું સંનિષ્ઠ અને એટલું જ સંપૂર્ણ...અને હવે જાણે તમે અમારા જીવનનો એક

ભાગ જ બની ગયા છો." આદિત્ય જેમ જેમ બોલતો જતો હતો એમ એમ શૈલ વિસ્મયમાં ડૂબતો જતો હતો. આ માણસ, આવો માણસ... આદિત્યને ઓળખવો સરળ નથી અને સમજવો તો વળી એથીયે અઘરો છે. કઈ માટીનો બનેલો છે આ માણસ કે જેમાં કોઈ પ્રકારના રાગદ્વેષ નથી?

"શું વિચારો છો તમે? હું કઈ માટીનો બનેલો છું એમ ને?"

"ઓહ ગૉડ, આ માણસ તો વિચારો જાણી લે છે."

"તમારી જગ્યાએ હું હોઉં તો મને પણ આવો જ વિચાર આવે. ખરેખર કહું છું!"

"પણ તમને ક્યારેય કોઈ ઈર્ષ્યા... પઝેશન કે ગુસ્સો..."

"ન આવે એવું બને? હું તો સામાન્ય છું. એક નોર્મલ પુરુષ, જેને માટે પ્રિયમ એને મળેલી એક એવી દિવ્ય ભેટ હતી, જેને માટે કદાચ એ લાયક જ નહોતો. મને તમારી સાથેના પ્રિયમના સંબંધનો કોઈ અફસોસ કે ગુસ્સો નથી... જો છે તો એ વાતનો કે હું પ્રિયમને સમયસર સમજી ના શક્યો."

"આજે પણ ક્યાં સમજી શક્યા છીએ આપણે? પૂરેપૂરી?"

"હા, આમ તો એવું કહી શકાય. પ્રિયમ સાવ જુદી માટીની સ્ત્રી હતી. એને સમજવામાં આપણને એટલા માટે તકલીફ પડે છે કે એ બે વ્યક્તિઓને કેવી રીતે પ્રેમ કરી શકી હશે? પણ હવે મને સમજાય છે કે પ્રિયમનો પ્રેમ હવા જેવો હતો. મુઠ્ઠીને જોરથી બંધ કરીએ તો હવા મુઠ્ઠીમાં નથી રહેતી. મુઠ્ઠી ખુલ્લી હોય તો હથેળી પર હવા ટકી રહે છે. પ્રિયમ બાંધી શકાય એવી વ્યક્તિ જ નહોતી. એનામાં પ્રેમનું વહેણ હતું. જેને સ્પર્શે એને ભીના કરી નાખે એવું કશુંક અદ્ભુત હતું પ્રિયમમાં."

"સાચી વાત છે. સ્ત્રી સાધારણ રીતે ઈર્ષ્યામાં જીવે છે. અહંકારમાં નહીં. પરંતુ પ્રિયમ તો ઈર્ષ્યા કે અહંકાર કશાય વિના જીવી ગઈ. એક અને એકની વચ્ચેનો સંબંધ એને માટે સંબંધ જ નહોતો. ફૂલની જેમ ખીલેલી એ સ્ત્રી એની સુગંધ હવામાં વહેવડાવતી રહી... જેને મળી તે સાચા અર્થમાં સદ્નસીબ હતા એમ કહી શકાય." શૈલને ડૂમો ભરાઈ આવ્યો, "આપણે પુરુષો પ્રમાણમાં બહુ સ્ટૂપિડ હોઈએ છીએ. કંઈ પણ અદ્ભુત જોયું કે ગમ્યું તો એને પોતાની બનાવી લેવા માટે તરફડી જઈએ છીએ. જેના માલિક હોઈએ તે જ શ્રેષ્ઠ! અથવા જે શ્રેષ્ઠ છે એના માલિક થવું જ રહ્યું એ આપણી માન્યતા છે..."

"પણ સત્ય એ છે કે મેં પ્રિયમને ધીરે ધીરે ઓળખી, એને સમજી અને જે પ્રિયમ ઊઘડી મારી સામે, એ સાવ જુદી જ, નવી જ પ્રિયમ હતી. મને સમજાયું કે હું કોઈ સામાન્ય સ્ત્રીને પરણ્યો નહોતો, એ અસામાન્ય હતી અને એની અસામાન્યતા મારે સ્વીકારવી જ પડે. મારા ન સ્વીકારવાથી એ અસામાન્ય અને અદ્ભુત સ્ત્રી સામાન્ય નહોતી જ થઈ જવાની. તમે સમજો છો ને મારી વાત?" આદિત્ય શૈલરાજની આંખોમાં જોઈ રહ્યો હતો, "આ ક્ષણે એટલો વિચાર આવે છે કે એની આ અસામાન્યતા અને એની આ કુશાગ્ર બુદ્ધિ, અદ્ભુત વિચારો સહેજ વહેલા સમજાયા હોત મને તો પરિસ્થિતિ જુદી હોત..."

"જુદી હોત એટલે?" શૈલરાજે ફરી પૂછ્યું, એને વિચાર આવ્યો, "વારંવાર આ શા માટે પરિસ્થિતિ જુદી હોત એમ કહ્યા કરે છે?" એણે વાત આગળ ચલાવી, "લગ્નને ઉવેખ્યાં નથી એણે, પૂરેપૂરું સન્માન આપ્યું છે, પરંતુ મને ચાહવું એની મજબૂરી હતી! એને માટે આ એક એવી પરિસ્થિતિ હતી, જેમાં એ પોતે જ પોતાના વશમાં નહોતી રહી શકી."

"પણ એ વાત એક પતિ માટે, એક મારા જેવા પતિ માટે અને પ્રિયમ જેવી પત્નીના માટે કેટલી દુષ્કર, કેટલી અસહ્ય હોઈ શકે, સમજો છો ને તમે?"

"હું નહીં સમજું તો કોણ સમજશે, આદિત્ય? હું પણ પ્રિયમને કદાચ આદિત્ય જેટલી નથી સમજી શક્યો." શૈલરાજે મનોમન વિચાર્યું. પ્રિયમ સાચું જ કહેતી હતી, "આજે નહીં, આવનારા સાત જન્મોમાં જો લગ્ન કરવાનું હોય તો આદિત્ય જેવો માણસ બીજો ના મળે..."

શૈલરાજ આદિત્ય સામે જોઈ રહ્યો. એને સમજાતું નહોતું કે કોઈ એક પુરુષ, ભારતીય પુરુષ આટલો ઉદાર, આટલો સહિષ્ણુ કઈ રીતે બની શકે?

આદિત્ય જાણે શૈલરાજના મનની વાત સમજ્યો હોય એમ એણે કહ્યું, "મિસ્ટર રાઠોડ, જો પ્રિયમ હોત આપણી વચ્ચે તો કદાચ હું જુદું વિચારતો હોત, કદાચ... એની હાજરી હોત તો મારી મનોવૃત્તિ પણ કદાચ જુદી દિશામાં ફંટાઈ હોત, પણ હવે તો પ્રિયમ છે જ નહીં. આપણા બંને વચ્ચે જે સામાન્ય બાબત હતી, જેને આપણે વહેંચતા હતા એમ માની લઈએ તો પણ એ રહી જ નથી મિસ્ટર રાઠોડ... હું કઈ બાબતે તમને ધિક્કારી શકું? તમે પ્રિયમને પ્રેમ કર્યો એ બાબતે?"

"હા એટલે..." શૈલરાજને સૂઝતું નહોતું કે એને જવાબ શું આપવો? આ માણસ બહુ સીધા સવાલ પૂછતો હતો, "પ્રિયમ તમારી પત્ની હતી આદિત્ય ભાગવત..."

"તો? એથી એને પ્રેમ કરવાનો અધિકાર નથી? કે તમને અધિકાર નથી એને પ્રેમ કરવાનો?"

"તમે શું કહેવા માગો છો?"

હસી પડ્યો આદિત્ય... "એવું હોય તો હું એમાં હું શું કરી શકવાનો? કોઈ એક માણસ, કોઈ એક સ્થળે મારી પત્નીને મળે છે અને એને ચાહવા લાગે છે, હું એ માણસને રોકી શકું?"

"એટલે તમને એ સામે કોઈ વાંધો કે વિરોધ..." શૈલરાજ માટે આ આખીયે ચર્ચા જાણે કે એવી ભાષામાં ચાલી રહી હતી જેમાં એની સમજણ અધૂરી પુરવાર થઈ રહી હતી. એને સમજાતું જ નહોતું કે આદિત્ય સાચો છે કે દંભી? ઉદાર છે કે જુઠ્ઠો? ફિલસૂફ છે કે હારેલો જુગારી...

"જે સ્ત્રી તમારા જીવનમાં દસ-દસ વર્ષ બારે મહિના ચોમાસું થઈને વરસતી રહી, જેણે તમારા કુટુંબ અને જીવનમાં એના પાલવનો એવો છાંયડો કર્યો, જેની નીચે તમે દસ વર્ષ સાવ નિરાંતે કોઈ ઉચાટ કે ઉદ્વેગ વિના જીવી ગયા. એનાથી જે અપાય, જેટલું અપાય એટલું એણે આપ્યું. તમારી અંદર સમાય એનાથી વધારે આપ્યું એણે... અને આજે જ્યારે એ નથી રહી ત્યારે હું એમ વિચારું કે ક્યારેક કોઈને મળી હતી ત્યારે એણે શું કર્યું હતું? એણે એનું સુખ એક સદીઓથી દોરાયેલા વર્તુળની બહાર શોધી લીધું. તો એવો કયો મોટો ગુનો કરી નાખ્યો મિસ્ટર રાઠોડ?"

"પણ આવી રીતે બે પુરુષોને ચાહવું..."

"સરળ નથી જ... એને માટે પણ નહીં જ રહ્યું હોય અને એ તકલીફ, એ પીડા, એ ઉછેરના સંસ્કાર અને ઇચ્છાઓના ઝંઝાવાત વચ્ચે મહામુશ્કેલીએ ટકેલી પ્રિયમના શબ્દો છે એની ડાયરીમાં. તમે વાંચશો તો સમજાશે તમને એની સચ્ચાઈ અને એની ઈમાનદારી." પછી ડોક સહેજ ઊંચી કરીને કહ્યું, "મારી પ્રિયમ હતી જ એવી કે કોઈ એને ચાહ્યા વિના રહી શકે જ નહીં. તમે એક શું, બીજા કેટલાય પુરુષો એવા હશે કે જેમણે પ્રિયમને ઝંખી હશે, મેળવવાનો પ્રયાસ કર્યો હશે. એમાંથી નસીબદાર તમે એક જ, જેના સુધી પ્રિયમ જાતે પહોંચી..."

"એટલે ધારો કે પ્રિયમ હોત અને તમને આ વાતની જાણ થઈ હોત તો પણ..." એ સહેજ અચકયો, "તમે કંઈ ન કર્યું હોત?" એને આદિત્ય ભાગવત કાં તો ખૂબ વામણો લાગતો હતો અને કાં તો સાધુત્વની કક્ષાએ પહોંચેલો કોઈ એવો ફિલસૂફ જેને સમજવો-સ્વીકારવો શૈલરાજ માટે શક્ય નહોતું.

શૈલરાજનો ઉછેર જુદો હતો. રાજપૂતો સ્ત્રીઓને લગભગ વસ્તુ માનતા. એક રાજાને ત્રણ રાણી હોવી અને એ ઉપરાંત દાસીઓ અને અન્ય સ્ત્રીઓ સાથેના સંબંધો શૈલરાજથી અજાણ્યા નહોતા... પણ એ તો પુરુષોની વાત હતી. પ્રિયમ તો સ્ત્રી હતી. પ્રિયમ હતી, અને શૈલનો પ્રિયમ સાથેનો સંબંધ હતો ત્યાં સુધી પણ શૈલ માટે અઘરું જ હતું-આ વાતને, આ સંબંધને સમજવાનું અને સ્વીકારવાનું બંને... પરંતુ આજે આદિત્યને મળ્યા પછી તો શૈલરાજ માટે જાણે આખી વાત એક કોયડો બની ગઈ!

પ્રિયમ અને આદિત્યના સંબંધ કેવા સંબંધ હતા? કે જેમાં આટલો બધો સ્વીકાર અને આટલી બધી સમજદારી હતી? કદાચ એટલે જ પોતાના આટલા બધા પ્રેમ છતાં અને પોતાને આટલું બધું ચાહતી હોવા છતાં પ્રિયમે ક્યારેય આદિત્યને છોડવાની કે આદિત્યથી દૂર જવાની વાત નહોતી કરી. શૈલરાજની આંખો ભીની થઈ આવી. એણે આદિત્ય સામે જોયું અને ખૂબ હળવેથી કહ્યું, "પ્રિયમના પતિ થવાને કદાચ તમે જ લાયક છો."

આદિત્યને ઊંડો નિઃશ્વાસ નાખ્યો, "એવું ન પણ હોય કદાચ, એને કશું ખૂટ્યું હોય મારામાં અને એટલે જ તમારા સુધી આવી હોય મારી પ્રિયમ."

"તમારામાં કશું ખૂટી શકે જ નહીં, તમે તો કેટલા બધા ઉદાર છો, સમજદાર છો." શૈલે કહ્યું. એ મનોમન આદિત્ય સાથે પોતાની સરખામણી કરી રહ્યો હતો. એ વિચારતો હતો કે જો હું આદિત્યની જગ્યાએ હોત અને પ્રિયમ જો બીજાને ચાહતી હોત તો હું સ્વીકારી શક્યો હોત ખરો?

"ઉદાર?" આદિત્ય ફરી હસી પડ્યો, "ઉદારતા એટલે શું?"

"એટલે તમે પ્રિયમને ખાસ્સી છૂટ..."

"છૂટ? હું એનો માલિક નહોતો." આદિત્યએ કહ્યું, "મારી પ્રિયમ વ્યક્તિ હતી. જીવતું, જાગતું, ધબકતું એક વ્યક્તિત્વ! આંજી નાખે એવું વ્યક્તિત્વ. એની પાસે એક મન હતું અને એ મન એના મગજ ઉપર રાજ કરતું હતું કદાચ!" આદિત્યએ ઘડીભર શ્વાસ લીધો અને પછી શૈલરાજની આંખોમાં જોઈ રહ્યો, "સદીઓથી સ્ત્રીને વસ્તુ સમજી છે પુરુષે, એને પણ એક મન, મુટ્ઠીભર ઝંખનાઓ કે આંખ ભરીને સપનાં હોઈ શકે એવું આપણે સમજી જ શક્યા નથી. લગ્ન એ એકબીજા સાથે જીવવા માટેના કોલ છે. સપ્તપદીનાં સાત વચનોમાં ક્યાંય એવું નથી આવતું કે હું મારાં સપનાં, મારી ઝંખનાઓ, મારી ઇચ્છાઓને મારી નાખીશ... હું કદીય, ક્યારેય મારા મનની વાત નહીં સાંભળું. હું માત્ર અને માત્ર તમારો જ વિચાર કરીશ એવું તો ક્યાંય નથી આવતું સપ્તપદીના મંત્રોમાં... લગ્ન એટલે વર્ષો સુધી એકબીજાની સાથે જીવવાનો એક એવો કોલ, જેમાં એકબીજાને ગૂંગળાવ્યા વિના એકબીજાના વ્યક્તિત્વને ઉઘડવાની... ખીલવાની જગ્યા મળી રહે."

"પણ બે લોકો જોડાઈને એક બની જાય ત્યારે?"

"નથી બનતા શૈલરાજ, બે લોકો ક્યારેય એક નથી બનતા. ખરેખર તો બે માંથી એક બનવાની એ ડેસ્પરેટ પ્રક્રિયા દરમિયાન છેવટે બંને એકબીજાને અડધા અડધા કરી નાખે છે અને આખરે બે અધૂરા લોકો રહી જાય છે... હું તો આ જ સમજું છું. મારી પ્રિયમ જેટલો સમય મારી સાથે ગાળતી એટલો સમય સંપૂર્ણપણે મારી હતી... અને એ જ સત્ય છે."

"આદિત્ય, ક્યારેક થાય છે કે તમને સલામ મારું. આ પ્રકારની સમજદારી, આ પ્રકારની જિંદગી પરત્વેની દૃષ્ટિ કદાચ બધામાં નથી હોતી."

"અને એટલે જ માણસો દુઃખી થાય છે. પ્રેમ કોઈ એક વ્યક્તિને શા માટે કરવો? પ્રેમ એટલે તમારા સમગ્ર અસ્તિત્વથી સમર્પિત થઈ જવું. કોઈને સંપૂર્ણપણે સ્વીકારી લેવું... હવે કોઈ એક વ્યક્તિ... એકથી વધારે

સંબંધોમાં વધારે સમર્પિત થઈ શકતી હોય તો શું કામ ના થાય?"

"આદિત્ય, હું માનું છું તમારી વાત. થોડા ઘણા અંશે સ્વીકારી પણ શકું છું, પણ છતાંય મારા પરંગપરાગત વિચારો મને જાણે ઠરીને બેસવા નથી દેતા. પ્રિયમ નથી એ વાતે જાણે..."

"એ વાતે?"

"એ વાતે જાણે મને જીવવાની ઇચ્છા જ નથી રહી... કોઈની પાછળ જીવ આપી દેવો એ પ્રેમ નથી એવું પ્રિયમ કહેતી. કોઈના વિના જીવી બતાવવું એનું નામ સાચો પ્રેમ..." આદિત્ય ઊભો થયો, "મિસ્ટર રાઠોડ, તમારી વસ્તુ તમને સોંપી દીધી, હવે હું નિશ્ચિંત થઈ ગયો. હું કદાચ આજે જ પાછો અમદાવાદ જવા નીકળી જઈશ અને આપણે જિંદગીમાં ક્યારેય નહીં મળીએ, પણ હા, તમે જ્યારે પણ પ્રિયમને યાદ કરો ત્યારે એક સાચી, ઈમાનદાર અને લાગણીથી છલકાઈ જતી સંવેદનશીલ સ્ત્રી તરીકે યાદ કરશો એમ માનું છું."

"હા, એટલું તો હવે હું પણ સમજી શકું છું કે પ્રિયમ બાંધી શકાય એવી વ્યક્તિ નહોતી. આમ જુઓ તો એ કોઈનીય નહોતી અને આમ જુઓ તો બધાની હતી...હવાની જેમ, સુગંધની જેમ, અને કદાચ ઈશ્વરની જેમ. પ્રિયમનું અસ્તિત્વ ફેલાયેલું હતું. એને મુઠ્ઠીમાં પકડીયે શકાય અને છતાંય મુઠ્ઠી તો ખાલી જ રહે..."

"મિસ્ટર રાઠોડ, આ ડાયરી તમને સોંપું છું ત્યારે મને લાગે છે કે હું પ્રિયમના અસ્તિત્વનો એક અગત્યનો હિસ્સો તમને સોંપી દઉં છું... મારી પ્રિયમના અસ્તિત્વના ટુકડા થાય એ મને ન જ ગમે અને છતાંય આ એની ઇચ્છા હતી એટલે..." ગળું ભરાઈ આવ્યું આદિત્યનું. એ આગળ બોલી ના શક્યો. સડસડાટ શૈલરાજના કોટેજમાંથી બહાર નીકળીને મોટાં મોટાં ડગલાં ભરતો કેડી તરફ ચાલવા લાગ્યો.

શૈલરાજ એને જતો જોઈ રહ્યો, "વ્હોટ એ મેન? શું માણસ છે આ..."

*

14

"મિસ્ટર રાઠોડ, આ ડાયરી તમને સોંપું છું ત્યારે મને લાગે છે કે હું પ્રિયમના અસ્તિત્વનો એક અગત્યનો હિસ્સો તમને સોંપી દઉં છું... મારી પ્રિયમના અસ્તિત્વના ટુકડા થાય એ મને ન જ ગમે અને છતાંય આ એની ઇચ્છા હતી એટલે..." ગળું ભરાઈ આવ્યું આદિત્યનું. એ આગળ બોલી ના શક્યો. સડસડાટ શૈલરાજના કોટેજમાંથી બહાર નીકળીને મોટાં મોટાં ડગલાં ભરતો કેડી તરફ ચાલવા લાગ્યો.

શૈલરાજ એને જતો જોઈ રહ્યો, "વ્હોટ એ મેન? શું માણસ છે આ..." શૈલરાજ આદિત્યને જતો જોઈ રહ્યો. શૈલરાજ ખરેખર સમજી જ નહોતો શક્યો કે આદિત્ય સાચો હતો કે જુઠ્ઠો? જે માણસ પોતાની પત્નીના પ્રેમી વિશે આટલી સરળતાથી વિચારી શકે અને આટલી સ્વાભાવિકતાથી એને સ્વીકારી શકે એ ખરેખર સાચો હશે-એ વિચારે શૈલરાજનું મન હજીયે ગૂંચવાયા કરતું હતું. એને તો એમ હતું કે ડાયરીના ખોવાવા વિશે આદિત્ય ઘણો ઊહાપોહ કરશે અને કદાચ પોલીસ બોલાવશે. ધમાચકડી મચાવશે. એને બદલે એ તો જાતે જ અહીં કહેવા આવ્યો હતો! ખરેખર એ સાચો હશે?

આદિત્યના ચાલ્યા ગયા પછી પણ ક્યાંય સુધી શૈલરાજનું મન શાંત થઈ શક્યું નહીં. એને સતત આદિત્યના, પ્રિયમના અને આદિત્યના અને એમના સંબંધોના વિચાર આવતા રહ્યા. જો ખરેખર આદિત્ય આવો પતિ હોય તો પ્રિયમ પોતાની સાથે શું કરતી હતી?

શું પ્રિયમની ફિતરત હતી એકથી વધારે પુરુષો સાથે સંબંધ રાખવાની? કોઈ મનોરંગી હતી એ છોકરી? શૈલરાજને વિચાર આવ્યો તો ખરો, પણ એણે તરત ખંખેરી નાખ્યો.

"મારી પ્રિયમ વિશે હું આવું કઈ રીતે વિચારી શકું?" શૈલરાજને પોતાની જ જાત ઉપર ઘૃણા થઈ આવી, "તો પછી શું હશે સત્ય?"

એના મને જવાબ આપ્યો, "સત્ય ડાયરીમાં જ હશે ક્યાંક, અને ત્યાંથી જ મળી આવશે..."

શૈલરાજ ક્યાંય સુધી અન્યમનસ્ક જેવો ડાયરીઓને પોતાના હાથમાં લઈ પંપાળતો, સહેલાવતો એમનો એમ બેસી રહ્યો. એનું મન કોઈ વાતમાં લાગતું નહોતું. એ ડાયરીઓનાં લખાણો જાણે હાથ ફેલાવીને એને બોલાવતાં હતાં પોતાની તરફ. એની આંખો આમ મીંચેલી હતી, પણ આંખોની અંદર જાણે વીતેલો સમય ફિલ્મની પટ્ટીની જેમ ચાલતો હતો.

એમાં ઘણાં દશ્યોમાં પોતાની જગ્યાએ એણે આદિત્યને જોયો...

અને ઘણાં દશ્યો, જે ખરેખર બન્યાં નહોતાં એવાં દશ્યોમાં એણે આદિત્યની જગ્યાએ પોતાને જોયો...

સવાલ માત્ર શરીરનો નહોતો, સવાલ હતો પ્રિયમની લાગણીઓનો-એવું શૈલરાજ સ્પષ્ટ સમજી શકતો હતો. અમેરિકા રહેલો અને જિંદગીને ખૂબ મોટા ફલક પર જોતો શૈલરાજ શરીરની બાબતમાં કંઈ આડુંઅવળું વિચારે એવો માણસ જ નહોતો. એ તો વર્ષોથી માનતો હતો કે વફાદારીને અને શારીરિક સંબંધોને કોઈ લેવાદેવા નથી.

"ચારિત્ર્ય કંઈ ગુલાબજાંબુ નથી કે કંદોઈની દુકાને જઈને કોઈ પણ ચાખી લે...." એણે એક વાર પ્રિયમને કહેલું પણ ખરું. પ્રિયમ અને એની વચ્ચે સ્ત્રી અને પુરુષના ચારિત્ર્યની ચર્ચા ચાલી હતી. સામાન્ય રીતે પ્રિયમ ક્યારેય જાતિથી બંધાયેલાં વિધાનો નહોતી કરતી, પણ એ દિવસે વાતચીતમાં પ્રિયમે પહેલી વાર પુરુષના ચારિત્ર્ય વિશે કંઈક ઘસાતું વિધાન કરી નાખ્યું. એનું કહેવું એવું હતું કે, "પુરુષ માટે શરીરસંબંધ બાંધવો પ્રમાણમાં સરળ પણ હોય છે અને રોમાંચક પણ, પુરુષ માટે શરીરસંબંધમાં પ્રેમની ગેરહાજરી બહુ મોટો પ્રોબ્લેમ નથી

હોતી...”

ત્યારે ચિડાઈ જઈને શૈલરાજે કહેલું, “પુરુષનું ચારિત્ર્ય કંઈ મ્યુનિસિપાલિટીનો નળ નથી કે ગમે તે ખોલીને જે જોઈએ તે લઈ લે... એને પણ ગમા-અણગમા હોય છે અને બધા પુરુષોની મને ખબર નથી, પણ હું એવા પુરુષોને ઓળખું છું કે જેમને માટે સેક્સ એટલે મનની લાગણીઓનું એક્સ્ટેન્શન, માત્ર શરીરનો સંબંધો નહીં, એક અભિવ્યક્તિ. એક એવું એક્સ્પ્રેશન, જે શબ્દોમાં ન કહી શકાય ત્યારે સ્પર્શનો આશરો લેવો પડે...”

“તું એમ કહેવા માગે છે કે પુરુષના શારીરિક સંબંધમાં પણ પ્રેમ હોય છે?”

“કેમ? જો સ્ત્રીના શારીરિક સંબંધમાં પ્રેમ હોય તો પુરુષના સંબંધમાં કેમ પ્રેમ ના હોય? પુરુષ જાનવર છે? એને હૃદય નથી? એને મન નથી?” શૈલ લગભગ ચિડાઈ ગયો, “આ તમે સ્ત્રીઓએ ઊભી કરેલી એક મિથ છે કે સ્ત્રીનો પ્રેમ ઇમોશનલ હોય છે અને પુરુષનો પ્રેમ ફિઝિકલ... સાચું પૂછો તો આ વ્યાખ્યા વ્યક્તિએ વ્યક્તિએ બદલાય છે અને એનાથીયે સાચું જોવા જઈએ તો એક જ માણસ બે જુદી વ્યક્તિ સાથે જુદું અનુભવી શકે છે. જુદી રીતે વર્તે છે અને જુદું વિચારે છે!”

શૈલને આજે અચાનક જ એ દલીલબાદી યાદ આવી ગઈ.

“શું પ્રિયમનો પોતાના માટેનો પ્રેમ એક દૈહિક આકર્ષણ માત્ર હશે?” શૈલને આ વિચાર માત્ર તહસ્-નહસ્ કરી નાખતો હતો. જે સ્ત્રીને પોતે દિલોજાનથી ચાહી, પોતાની જાત કરતાં પણ વધારે ચાહી, પોતાના શ્વાસ-પ્રાણથી પણ અધિક ગણી એ સ્ત્રી, પોતાના જીવનની એકમાત્ર સ્ત્રી પોતાને એક વસ્તુ સમજીને ચાલી ગઈ?

શૈલ બેચેન થતો આંટા મારતો રહ્યો.

આદિત્યના સ્વીકારે એને વિચલિત કરી નાખ્યો હતો. એના મનમાં નહીં જોઈતા સવાલો કોણ જાણે ક્યાં ક્યાંથી ઊભરાવા લાગ્યા હતા.

અને જેના જવાબ આપવા માટે પ્રિયમ નહોતી!

રણથંભોરથી રાતની ટ્રેનમાં નીકળેલો આદિત્ય દિવસભર સાવ એકલો કોટેજમાં પડી રહ્યો. એને તો સવારે જ ચાલી જવું હતું. શૈલને મળીને, ડાયરીઓ એના હાથમાં આવી ગઈ એટલું જોઈ લીધા પછી આદિત્યને રણથંભોર રોકાવામાં કોઈ રસ નહોતો. બલકે ખરું પૂછો તો એનું મન આ જગ્યાએથી ઊબકી ગયું હતું. આ પ્રિયમની પ્રિય જગ્યા હતી એવું વિચારીને અહીં આવેલો આદિત્ય હવે જાણે અહીં રોકાવા માટે બિલકુલ તૈયાર નહોતો. શૈલરાજની જેમ જ એનું મન પણ નહીં જોઈતા વિચારોમાં ગૂંચવાવા લાગ્યું હતું. એનું સમગ્ર અસ્તિત્વ જાણે અફસોસથી ભરાઈ ગયું હતું. એને રહી રહીને પ્રિયમની યાદ આવતી હતી. પ્રિયમ સાથે એણે ગાળેલી પળો સજીવ થઈને એને આરપાર ચીરી નાખતી હતી.

વારંવાર એને અફસોસ થતો હતો...

રણથંભોર આવવાનો અને એ જાણવાનો, જે એણે નહોતું જાણવું જોઈતું.

એ પોતાના ઓરડામાં પડ્યો પડ્યો અરીસામાં જોઈ રહ્યો હતો. એને પોતાનો જ ચહેરો અજાણ્યો લાગતો હતો. એને લાગ્યું કે આઈનાની આ તરફ તો પોતે છે, પણ આયનાની પેલી તરફ કોઈ બીજું જ છે... એ બીજું કોણ છે એને પણ જાણે પોતે ઓળખી શકતો નહોતો!

એ પોતાના ચહેરાને એકસરખો અરીસામાં જોતો રહ્યો.

એને પોતાની જ આંખોમાં જૂઠનાં જાળાં બાઝેલાં દેખાયાં... એને લાગ્યું કે જાણે એના ચહેરા ઉપર કોઈએ ઇંચે ઇંચ લખી દીધું છે, “જૂઠ... જૂઠ... જૂઠ...”

"શું ખરેખર હું નથી જાણતો? શું ખરેખર મારા માટે એ સંવાદ પહેલી વાર સાંભળેલી ઘટના હતી?" એણે પોતાના જ મનને પૂછ્યું અને અરીસાની પેલે પાર એનું જ પ્રતિબિંબ એની જ ઉપર ખડખડાટ હસી રહ્યું.

એને યાદ નહોતું કરવું છતાંયે રહી રહીને એ એક જ ઘટના એના મનોમસ્તિષ્કમાં પડઘાતી હતી. એક જ વાત જેને એ ભૂલી જવા માગતો હતો. લૂછી, ભૂંસી નાખવા માગતો હતો પોતાની મેમરીમાંથી, એ જ વાત એની સામે આવીને વારંવાર ઊભી રહેતી હતી. રાક્ષસની જેમ અટ્ટહાસ્યો કરતી હતી, ડાકણની જેમ લાંબા લાંબા નહોર કાઢીને એને કુરેદી નાખતી હતી...

એ ઘટના...

કાશ, એ ઘટના ન બની હોત!

આદિત્ય બે હાથે પોતાનું માથું પકડીને બેસી ગયો. એને પોતાનું જ માથું ભીંતમાં પછાડવાની ઇચ્છા થતી હતી...

એને અત્યારે પણ એ દિવસ યાદ હતો. બરાબર એવો ને એવો...

એ સ્વિત્ઝર્લેન્ડ જવાનો હતો. પ્રિયમ એને અરપોર્ટ મૂકવા જવાની હતી. હંમેશની જેમ આગલી રાત્રે પ્રિયમે ખૂબ વહાલ કર્યું હતું એને. એના આખા શરીરે હાઇડ્રોક્સિલ ક્લિન્ઝરનું મસાજ કર્યું હતું, માથામાં તેલ નાખ્યું હતું... બાથટબના હૂંફાળા પાણીમાં ક્યાંય સુધી બંને જોડે પડી રહ્યાં હતાં.

પણ એ બધા દરમિયાન એને લાગ્યું હતું કે પ્રિયમ ક્યાંક ખોવાયેલી છે.

એ હંમેશની ચહેકતી-મહેંકતી પ્રિયમ બડબડ કરવાના બદલે સાવ ચૂપચાપ હતી. કંઈ બોલવા જ નહોતી માગતી જાણે. આદિત્યએ ઘણો પ્રયત્ન કર્યો, જુદી જુદી વાતો કાઢી...

પણ પ્રિયમ કશું જ ના બોલી અથવા સાવ ટૂંકા-ઉડાઉ જવાબો આપતી રહી.

આદિત્યને વહાલ કરતી એની કાળજી લેતી પ્રિયમ જાણે આદિત્યથી માઈલો દૂર હોય એવું એને લાગ્યું.

લગ્નજીવનના આખા દાયકામાં આવું ક્યારેય નહોતું બન્યું.

આદિત્યએ અચાનક એને ખભામાંથી પકડીને હચમચાવી નાખી, "ક્યાં છે તું?"

"મને જ નથી ખબર." પ્રિયમની આંખો જાણે ભીની થઈ ગઈ, "આદિ, ક્યારેક ક્યારેક હું મારાથી જ છૂટી પડી જાઉં છું. હું જ મને શોધવા લાગું છું. પહેલાં આવું ક્યારેક ક્યારેક થતું. હમણાંથી આવું અવારનવાર થવા લાગ્યું છે."

પ્રિયમ ક્યારેય જુઠ્ઠું નહોતી બોલતી અને એ એક વાત ઉપર આદિત્ય હંમેશાં એને સલામ મારતો.

"શું થાય છે તને?" આદિત્યના અવાજમાં ચિંતા હતી.

"મને જ ક્યાં ખબર છે." પ્રિયમની આંખો જાણે ખાલી હતી, "આદિ, હું જ નથી સમજી શકતી કે મને શું થાય છે. ક્યારેક હું જ મારી સામે સાવ અજાણી થઈ જાઉં છું. મને જ ન ઓળખી શકું એટલી અજાણી..."

"હું તો ક્યાંય ઓછો નથી પડતો ને પ્રિયમ?"

"કોઈનો પ્રેમ ઓછો નથી હોતો આદિત્ય, આપણી અપેક્ષાઓ વધારે હોય છે."

"પ્રિયમ, જ્યારે તું આવી રીતે ખોવાય છે ને ત્યારે હું ડરી જાઉં છું. મને એવું લાગે છે કે તું જાણે..." આદિત્યની આંખોમાં સાચે જ ભય હતો, "મને એવું લાગે છે કે તું જાણે મારી નથી..."

"તારી એટલે શું આદિત્ય? હું ક્યારેક મારી જ નથી રહેતી."

"પ્રિયમ, તું તારી નથી, તું મારી નથી, તો તું કોની છે?"

"કદાચ, કોઈનીયે નહીં અથવા કદાચ ખોટા સરનામે પહોંચી ગઈ છું... અને પાછી આવવાનો પ્રયત્ન કરું છું. પણ જે સરનામે પહોંચી છું ત્યાંના લોકો માને છે કે હું ત્યાંની જ છું..."

"પ્રિયમ, તું મને ડરાવે છે."

"ડર નહીં આદિત્ય, હું ક્યાંય પણ જઈશ, હું અહીં તો રહીશ જ. તારા શરીરમાં, તારા મનમાં, તારા ઘરની દીવાલોમાં, તારી ફર્શમાં, આ છતમાં, આ ઓરડાના ઇંચે ઇંચમાં હું છું જ, હું રહીશ જ..."

"ઓહ પ્રિયમ!" આદિત્ય પ્રિયમને ભેટી પડ્યો હતો. એ પછી એણે ખૂબ વહાલ કર્યું હતું, પણ કાયમ જે રીતે આદિત્યના વહાલનો, એના પ્રેમનો, એના આવેગનો અને ઉમળકાનો પ્રતિસાદ આપતી પ્રિયમ, એવું આજે નહોતું થયું, ઘણા પ્રયત્નો છતાં એવું ના થઈ શક્યું.

પ્રિયમે જાણે સમર્પણ કરી દીધું, જાણે કહેતી હોય, "લે, આ મારું શરીર, જે ગમે તે કર..."

પ્રિયમ પર ઝૂકેલા આદિત્યએ નૈકટ્યની એ પળ આવે એ પહેલાં જ પ્રિયમને અચાનક છોડી દીધી. આદિત્યનું શરીર શિથિલ થઈ ગયું અને એ ઊભો થઈને એમના બેડરૂમ સાથે જોડાયેલી ટેરેસમાં ચાલી ગયો. પ્રિયમે પડખું ફરીને પોતાનું ઓઢવાનું ઓઢી લીધું. પ્રિયમ પલંગમાં અને આદિત્ય છતમાં મોડી રાત સુધી જાગતાં રહ્યાં.

એ પછી આદિત્ય સ્વિત્ઝર્લેન્ડ જવા નીકળ્યો ત્યાં સુધી બંને વચ્ચે ખાસ કોઈ વાતચીત ના થઈ. પણ આ ઘટનાએ આદિત્યના મનમાં બહુ ઊંડી છાપ છોડી. આ ઘટનાએ એને વિચારતો કરી મૂક્યો હતો. સેંકડો સવાલો ઊઠ્યા હતા એના મનમાં, જે સવાલો એને રહી રહીને સતાવતા હતા, ગૂંચવતા હતા, અકળાવતા-ગૂંગળાવતા હતા.

ઍરપોર્ટ પર પહોંચીને ચેક-ઇન કરીને અંદર દાખલ થઈ ગયા પછી કોણ જાણે આદિત્યના મનમાં શું થયું, પણ એ ઍરપોર્ટની બહાર નીકળી ગયો...

ક્યાંય સુધી એ નક્કી ના કરી શક્યો કે એણે શું કરવું જોઈએ?

પછી ટૅક્સી કરીને ઘરે પહોંચ્યો.

એણે ધાર્યું હતું એ જ રીતે પ્રિયમ ઘરમાં નહોતી... એ રણથંભોર જવા નીકળી ગઈ હતી!

આદિત્ય એ જ ટૅક્સી લઈને રણથંભોર ગયો...

ઘરમાં આટઆટલી ગાડીઓ હોવા છતાં, કોણ જાણે કેમ એણે ટૅક્સીમાં જવાનું નક્કી કર્યું. રણથંભોર પહોંચીને એણે પ્રિયમ માટે બંધાવેલું કોટેજ ઉઘાડ્યું...

એના આશ્ચર્ય વચ્ચે ત્યાં તાળું હતું, પોતાનાથી ચાર-પાંચ કલાક વહેલી રણથંભોર જવા નીકળેલી પ્રિયમ હજી અહીં પહોંચી નહોતી!

આ કોટેજ જાણે કેટલાય મહિનાઓથી ઊઘડ્યું નહોતું. ધૂળ-જાળાં અને વણવપરાયેલી આ જગ્યા પ્રમાણમાં અવાવરું હતી. આદિત્યને ખૂબ આશ્ચર્ય થયું. લગભગ દર મહિને અને કેટલીક વાર તો મહિનામાં બે વાર પ્રિયમ રણથંભોર આવતી હતી.

"જો અહીં નહોતી રહેતી તો ક્યાં રહેતી હતી?"

આદિત્યએ એક આખો દિવસ ગાળ્યો ત્યાં અને અડધી રાત પણ. પણ પ્રિયમ ત્યાં આવી જ નહીં. આદિત્ય

ટેક્સી લઈને રણથંભોરનાં જંગલોમાં, હોટેલ્સમાં, રિઝોર્ટ્સમાં ફરતો રહ્યો... પ્રિયમનો પત્તો મળ્યો જ નહીં!

આદિત્ય એ જ ટેક્સીમાં અમદાવાદ પાછો ફર્યો.

આદિત્યના અમદાવાદ આવ્યા પછી ત્રીજે દિવસે પ્રિયમ અમદાવાદ પાછી આવી.

અહીં રણથંભોરના કોટેજમાં સૂતેલા આદિત્યને આજે આ પળે પણ એ ત્રણ દિવસની યાદ આવી તો જાણે લોહી ઊકળી ઊઠ્યું.

રણથંભોરની રઝળપાટ અને અમદાવાદના અકળાતા એ ત્રણ દિવસ આદિત્યના જીવનની સૌથી કડવી યાદ હતી.

એને એ ભૂલી જવી હતી, ડિલિટ કરી નાખવી હતી પોતાના મગજમાંથી, પણ એવું શક્ય નહોતું... એ યાદ, એ કડવાશ, એ શંકા અને એ ઈર્ષ્યા... છેતરાયાનો અહંકાર, પ્રિયમને ગુમાવ્યાની, હારની લાગણી. બધું જ મળીને આદિત્યને કડવો, વધુ કડવો બનાવતી હતી. અત્યારે, આજે પણ એ કડવાશ એવી જ અકબંધ યાદ હતી આદિત્યને.

"સહેજ વહેલી વાંચી હોત મેં પ્રિયમની ડાયરી... તો કદાચ..." આદિત્ય અકળામણમાં ઊભો થઈ ગયો અને કોટેજમાં આંટા મારવા માંડ્યો. છેક રાતની ટ્રેન સુધી રોકાવું જાણે અસંભવ લાગતું હતું એને. એ ઘટના અને ઘટના સાથે જોડાયેલા પ્રસંગોની યાદો એને છિન્નવિછિન્ન કરી રહી હતી.

ગઈ કાલ સુધી જે વાત એણે મનમાં ઊંડે દબાવી દીધી હતી એ વાત એને કોરી ખાતી હતી.

આમ તો એ પ્રિયમની ડાયરી સોંપવાના બહાને રણથંભોર આવ્યો હતો, પણ એ જાણતો હતો કે એ બહાનું સાચા અર્થમાં બહાનું જ હતું. મનને આપેલું એક રમકડું!

મૂળ તો એને શોધ હતી એ માણસની, જેને મળવા પ્રિયમ અહીં આવતી હતી...

આટલા વખતથી આ ઘરમાં પડેલી આ ડાયરીઓ આદિત્યએ ક્યારેય ખોલી નહીં. અહીં આવતાં સુધી એને ક્યારેય એ ડાયરી ખોલવાની ઇચ્છા કેમ ના થઈ, કોણ જાણે?

ખરું પૂછો તો એને જે જાણવું હતું, અથવા એણે જે જાણવું જોઈતું હતું એ બધું જ એને આ ડાયરીમાંથી મળી રહેત-અને એ પણ ઘણું વહેલું.

પણ હવે મોડું થઈ ગયું હતું, ઘણું મોડું!

આદિત્યને યાદ આવી ગઈ એ રાત, જે દિવસે પ્રિયમ રણથંભોરથી પાછી આવી અને રાત્રે આદિત્યની બાજુમાં સૂતી સૂતી કંઈ વાંચતી હતી. આદિત્ય અચાનક શિકારી ચિત્તાની જેમ એના પર લપક્યો હતો અને એની ગરદન પોતાના બે હાથ વચ્ચે લઈ લીધી હતી.

આજે પણ આદિત્યને પોતાના હાથની હથેળીઓમાં પ્રિયમની ગરદનની સુંવાળપ અનુભવી શકાતી હતી.

"આહ! શું કરે છે?" પ્રિયમને ખાંસી ચડી ગઈ હતી, એનો શ્વાસ રૂંધાઈ ગયો હતો.

"પ્રિયમ, ક્યારેક તું એટલી વહાલી લાગે છે કે તારું ખૂન કરી નાખું."

"ખૂન? મારું? શા માટે મારા લોહીથી તારા હાથ રંગે છે? મીડિયાને મસાલો આપે છે નકામો... મને કહે, હું જાતે જ જીવ આપી દઈશ." પછી આદિત્યના ગળામાં હાથ નાખીને એના ગાલ પર ચૂમી કરી હતી, "તારે માટે તો હું કંઈ પણ કરી શકું."

આદિત્યએ ગળામાંથી હાથ કાઢી નાખ્યા હતા, "બહુ પ્રેમ કરે છે મને?"

"બહુ જ... મારી જાતથીયે વધારે."

"ખરેખર?"

પ્રિયમના ચહેરાનો રંગ બદલાઈ ગયો હતો, "આજે કેમ આવું પૂછવું પડ્યું આદિત્ય?"

"ખબર નહીં. પણ... એક વાત કહું? હું ગમે તેટલો ઉદાર હોવાનો દેખાવ કરું, હું પુરુષ છું... અને પતિ પણ... તારા જેવી સ્ત્રીના પતિ હોવું એ જેટલા ગર્વની વાત છે પ્રિયમ, એટલી જ અંદરથી ફફડાવતી વાત છે..."

"આદિ!"

"પ્રિયમ, હું તને ખોઈને નહીં જીવી શકું." આદિત્ય નાના બાળકની જેમ પ્રિયમને વળગી પડ્યો હતો. એના ચહેરા પર, એના ગળામાં, ચીબુક પર, કાનની બૂટ નીચે ચુંબનોથી નવડાવી નાખી હતી એણે પ્રિયમને. એના બંને હાથ પ્રિયમનાં સ્તન પર એવી રીતે ફરી રહ્યા હતા જાણે એનો શ્વાસ રૂંધી નાખવો હોય.

પણ આજે એના પ્રેમમાં માર્દવ નહોતું, ઝનૂન હતું. શિકારીનું હોય એવું ઝનૂન! એણે પ્રિયમના ગળા પર, કાનની બૂટ નીચે અને ચીબુક પર ચાઠાં પાડી દીધાં હતાં. ચુંબનની સાથે બચકાં ભરી લીધાં હતાં આદિત્યએ. પ્રિયમના ગાલ પર આખું ચકરડું ઊપસી આવ્યું હતું. એનાં સ્તન પર એવી રીતે હાથ ફર્યો હતો આદિત્યનો કે પ્રિયમથી ચીસ પડાઈ ગઈ, "શું કરે છે આદિ?" પ્રિયમે એને ધક્કો માર્યો.

"વહાલ!" આદિત્યએ ફરી પ્રિયમને નજીક ખેંચી, "વહાલ કરું છું."

"આને વહાલ કહે છે તું? મારો જીવ નીકળી જશે. આ શરીર છે મારું, રબરની ઢીંગલી નથી."

"આ શરીર જ બહુ પીડા આપે છે પ્રિયમ... તારી આ સુંદરતા, આ કુશાગ્ર બુદ્ધિ, રૂંવે રૂંવેથી ટપકતું સ્ત્રીત્વ અને તારું સમગ્ર વ્યક્તિત્વ... બહુ જ તકલીફ આપે છે મને." આદિત્યની આંખોમાં એક એવી ઘેલછા હતી જે પ્રિયમે પહેલાં ક્યારેય નહોતી જોઈ. ડરી જવાય એવી ભયાવહ ઘેલછા હતી એ.

"હું... હું મારી નાખીશ તને ક્યારેક. પ્રિયમ, હું તને એટલો પ્રેમ કરું છું કે તને ખોવાના વિચારમાત્રથી મારી અંદરનો શેતાન જાગી ઊઠે છે. હું આ ભાગવતનું સામ્રાજ્ય છોડી દઉં, મારું નામ, મારું અસ્તિત્વ છોડી દઉં, તું કહે તો જીવવાનું છોડી દઉં, પણ જો તું મને છોડી દે તો..."

પ્રિયમે આદિત્યને ખૂબ હળવેથી, ખૂબ માર્દવથી નજીક ખેંચ્યો. એની પીઠ ઉપર હળવે હળવે હાથ ફેરવવા માંડી. એના ગાલ ઉપર, એની આંખો ઉપર, એના કપાળ ઉપર હળવાં ફૂલ જેવાં ચુંબનો કર્યાં... એની છાતીના ઘૂંઘરાળા વાળમાં માથું ઘસ્યું. પછી એને વેલની જેમ લપેટાઈને બોલી, "શા માટે આદિત્ય? આવા વિચારો જ શું કામ કરે છે? હું તને છોડીને ક્યાંય નથી જવાની." એના અવાજમાં એનો આત્મવિશ્વાસ આદિત્યને સ્પર્શી ગયો. પ્રિયમના વહાલમાં અને એની એક પછી એક મલમ જેવી સચોટ દલીલોમાં આદિત્યનું ઝનૂન તો ઓગળી ગયું ને પ્રિયમે એને વહાલથી સમજાવી પણ લીધો. અને હળવે હળવે માથામાં અને પીઠમાં હાથ ફેરવીને ઘસઘસાટ ઉંઘાડી દીધો.

નાના બાળકની જેમ નિર્દોષતાથી ઊંઘતા આદિત્યને જોઈને પ્રિયમને વિચાર આવ્યો, "આજે આમ કેમ કર્યું આદિત્યએ? શું હશે?કઈ વાતે એનું મન આમ ગૂંચવાતું હશે?"

એ દિવસે પ્રિયમે ડાયરીમાં લખ્યું હતું...

27 ઓક્ટોબર, 2005

આજે આદિત્યની અસ્વસ્થતા જોઈને મારું મન વિચલિત થઈ ગયું. એને મારા શરીરમાંથી શૈલરાજની ગંધ આવતી હશે? કે પછી હું જ પૂરેપૂરી નહીં રહી શકી હોઉં? બે પુરુષોની વચ્ચે વહેંચાવા લાગી છું હું? જો એમ

હોય તો મારે સમયસર મારી આ ઝંખનાઓને સમેટી લેવી જોઈએ. આદિત્યનો પહેલો અધિકાર છે મારા મન પર, મારા શરીર પર અને મારી સચ્ચાઈ ઉપર...

શૈલને ભૂલી નહીં શકું હું ક્યારેય એ પણ એટલું જ સત્ય છે... એની સાથે ગાળેલો સમય મારે માટે મુઠ્ઠીમાંની હસ્તરેખા સાથે જોડાઈ ગયો છે. મારા રૂંવે રૂંવે એના સ્પર્શ છૂંદણાંની જેમ ચીતરાઈ ગયા છે. બીજા કોઈને દેખાય કે નહીં, હવે તો ચામડી ઊતરડી નાખું તો જ એ સ્પર્શ ભૂંસી શકાય.

મારી અધૂરપને પૂરી કરી છે એણે, મારી તરસને તરબોળ કરી નાખી છે શૈલે એના વહાલમાં. આટલા જ દિવસના સહવાસમાં મને સમજાયું છે કે તરસ શરીરની નહોતી જ! કારણ કે આદિત્યએ મને અધૂરી નથી જ રાખી! મારા શરીરની કોઈ ઝંખનાઓ મેં શૈલ પાસે પૂરી નથી કરી. શૈલે મારામાંની એક એવી સ્ત્રીને પ્રેમ કર્યો જે મારી અંદર તો હતી, પણ એને હું જ ઓળખતી નહોતી. એણે એ સ્ત્રીની મારી સાથે ઓળખાણ કરાવી અને મને સમજાયું કે મારે પાંખો પણ હતી! એક એવી સ્ત્રી જેને મુક્ત પંખીની જેમ શ્વાસ લેવો હતો. જેને કોઈ સવાલો વગર જીવી જવી હતી પોતાના ભાગની જિંદગી... ક્ષિતિજ પર એક સંબંધ જોયો હતો મેં. આભાસી, કેટલાય રંગોમાં લપેટાયેલો અને છતાંય આખરે અંધકારમાં ભળી જતો. શૈલરાજ એક એવો જ સંબંધ બનીને આવ્યો, અચાનક!

હું રોકી શકી ના શકી એ ધસમસતા પ્રવાહને.

મારી સીધી લીટીઓમાં સ્પષ્ટ અને સુરેખ રેખાઓમાં ચીતરાયેલી જિંદગીમાં ગૂંચવણોની કમી હતી કદાચ! આડાઅવળા ન સમજી શકાય એવા લીટા, અને કોઈ પૂર્વયોજિત પરિસ્થિતિ વિના ઊછળેલા રંગો ખૂટતા હતા કદાચ.

અતિશય સુખ પણ અબખે પડી જતું હશે?

એની સાથેની ગાળેલી સ્પર્શની પળો કદાચ શબ્દોની ગેરહાજરીમાં ઊભી થઈ.

કશું એવું જે હું એને, અને એ મને કહી ન શક્યા એ ટેરવાથી લખાયું હતું ત્વચા ઉપર, શબ્દના શૂન્યાવકાશમાં ઊભી થયેલી એ તીવ્ર સ્પર્શની પળોને નથી માણી એમ નહીં કહું... પણ, એટલું જ નથી એ સંબંધમાં એ નક્કી.

અને છતાં એ સંબંધ પૂરો કરવાનો સમય આવી ગયો છે.

હું આ વખતે રણથંભોર જઈને શૈલને સમજાવીશ...

આદિત્યની ગાડી એના અમદાવાદાના બંગલાના ડ્રાઇવ-વેમાંથી થઈને અંદર દાખલ થઈ ત્યારે એ ડ્રાઇવ-વે એટલો જ શાંત અને એકલવાયો હતો જેટલો એ છોડીને ગયો હતો. મનમાં એક ખાલીપો લઈને બંગલાના ફોયરમાં દાખલ થતો આદિત્ય મનોમન જાણે કે સામેથી સડસડાટ સીડી ઊતરીને દોડીને આવતી પ્રિયમને જોઈ રહ્યો હતો. મનના ખૂણે ઊંડે ઊંડે ક્યાંક એને ખબર હતી કે પ્રિયમ નહીં જ આવે!

બંગલામાં દાખલ થઈને આદિત્ય સામે મૂકેલી વિશાળ ગણપતિની મૂર્તિ સામે ઊભો રહ્યો.

આ ઘરનો નિયમ હતો-બહાર જનારા કે બહારથી આવનારા દરેક વ્યક્તિ ગણપતિને પ્રણામ કરતાં. ભગવાન સામે ઊભેલા આદિત્યને જાણે મનોમન પીડાનું એક લખલખું આવી ગયું.

"હું તો માફી માગવાને પણ લાયક નથી પ્રભુ..." એનાથી કહેવાઈ ગયું, "મારી પ્રિયમને બીજા કોઈએ નહીં, મેં જ મારાથી દૂર કરી દીધી. એક વાર... એક વાર એની સાથે વાત કરી હોત, પૂછ્યું હોત એને સીધું, સ્પષ્ટ! તો કદાચ..."

ખેર, હવે અફસોસ કરવાનો કોઈ અર્થ નહોતો.

એની પ્રિયમ હવે નહોતી આ દુનિયામાં અને બાકીની જિંદગી એણે પ્રિયમ વિના જીવવાની હતી.

"સાહેબ, મિહિરભાઈના ફોન હતા. તમને ફોન કરવાનું કહ્યું છે."

"હા, કરું છું." એણે આંખો લૂછી નાખી અને સીડી ચડવા લાગ્યો, પોતાના ઓરડામાં દાખલ થતાં જાણે એના પગ અટકી ગયા. હવે આ ઓરડો ખાલી હતો અને ઓરડાની હવામાં ગૂંજતું હતું, "ડર નહીં આદિત્ય, હું ક્યાંય પણ જઈશ, હું અહીં તો રહીશ જ. તારા શરીરમાં, તારા મનમાં, તારા ઘરની દીવાલોમાં, તારી ફર્શમાં, આ છતમાં, આ ઓરડાના ઇંચે ઇંચમાં હું છું જ, હું રહીશ જ..." એ હિંમત કરીને પોતાના ઓરડામાં દાખલ થયો.

દાખલ થતાંની સાથે પ્રિયમની તસવીરો એની સામે જોઈ રહી હતી.

આદિત્ય ઘડીભર ત્યાં ઊભો રહ્યો. માત્ર ઝળઝળિયાં ભરેલી આંખે પ્રિયમની તસવીરો સામે જોતો રહ્યો.

જઈને બિનબેગ ઉપર શરીરને ફેંક્યું એણે. આંખો બંધ કરી દીધી અને પ્રિયમનો ચહેરો નજર સામે તરવરવા લાગ્યો.

*

શૈલરાજના મનમાં ઊઠતા સવાલોના જવાબ આપવા માટે ભલે પ્રિયમ નહોતી. પણ એ તમામ સવાલોના જવાબો રૂપે એણે પોતાની ડાયરીઓ મોકલાવી હતી. શૈલરાજના મનમાં ઊઠેલા એક એક સવાલનો જવાબ હતો આમાં. એક પરણેલી સ્ત્રી એક 'પરપુરુષ'ને કઈ રીતે ચાહી શકે... એ ગૂંચવણનો ઉકેલ હતો આમાં!

શૈલરાજ આ બધી જ ડાયરીઓને એકસામટી વાંચવા માગતો હતો. આખેઆખી પ્રિયમને આત્મસાત્ કરી લેવા માગતો હતો. પ્રિયમને થયેલા અકસ્માત વિશે એણે છાપામાં વાંચ્યું ત્યારથી જ એને કોઈ રીતે શ્રદ્ધા નહોતી પડતી. એને સતત લાગ્યા કરતું હતું કે ક્યાંક કશુંક ખોટું છે. એ ખોટું શું છે એ નહોતું સમજાતું એને, પણ એક ફાંસ જેવું કંઈક છાતીના ડાબા ખૂણે સતત ખૂંચતું હતું...

આજે આ ડાયરી હાથમાં આવતાં જ એને સૌથી પહેલો વિચાર આવ્યો, ડાયરીનું છેલ્લું પાનું ખોલવાનો!

"શું લખ્યું હશે એણે છેલ્લે? કયા વિચારમાંથી પસાર થઈ હશે?" શૈલરાજને સવાલ ઊઠ્યો અને એણે પ્રિયમની છેલ્લી ડાયરીનું છેલ્લું પાનું ખોલ્યું.

16 નવેમ્બર, 2005

આજે મારા પર શૂટઆઉટ થયો.

આદિત્ય પરદેશ છે.

એને કહેવા માટે ફોન કર્યો, પણ એના અવાજમાં હોવો જોઈએ એટલો ઉચાટ કેમ નહોતો?

મારો અવાજ સાંભળીને એને નવાઈ લાગી હોય એવું કેમ લાગ્યું મને? કે પછી મારા મનનો વહેમ હશે આ!

એ સ્વિત્ઝર્લેન્ડ જતો જતો પાછો આવ્યો અને હું રણથંભોર હતી એ પછી આદિત્ય મને બદલાયેલો લાગે છે. મેં બે-ચાર વાર પૂછ્યું એને, પણ વાત ટાળી ગયો. હું જોઈ શકું છું કે એની અંદર કશુંક ગૂંચવાય છે. હું એ પણ જાણું છું કે એ રણથંભોર આવ્યો હશે...

ત્રણ દિવસ અમદાવાદમાં રહ્યો, પણ હું પાછી આવી ત્યારે મને કશું જ ના કહ્યું એણે!

એવું કેમ કર્યું હશે?

એ જાણે છે હું ક્યારેય જુઠ્ઠું નથી બોલતી. મને પૂછ્યું હોત તો મેં સત્ય જ કહ્યું હોત. બલકે પૂછ્યું હોત તો મારે

જે કહેવું છે તે કહેવા માટે કારણ મળ્યું હોત મને! મારી અંદર પણ કશુંક ક્યારનું ગોરંભાય છે. સત્ય સંતાડવું એ પણ અસત્ય જ છે ને?

બસ, આદિત્યનો વિચાર કરીને હિંમત નથી થતી... સત્ય કહેવું સરળ છે, સાંભળવું અઘરું અને પચાવવું એથીય અઘરું.

આજના શૂટઆઉટ અને રણથંભોરથી હું પાછી ફરી એ રાતના આદિત્યના વર્તનને કોઈ સંબંધ હશે ખરો?

કોણ હોઈ શકે જેને મારો જીવ લેવામાં રસ હોય?

મન વિચલિત થઈ ગયું છે. મૃત્યુના ભયથી નહીં, મૃત્યુ તો મને હંમેશાં ગમ્યું છે. આપણે જેમ રાતના સૂઈ જઈએ અને સવારે તાજગીભર્યા તરવરતા જાગીએ... એટલી જ સરળતા મને મૃત્યુ વિશે લાગે છે. આમાં આપણે જાગતા નથી. અથવા જાગીએ ત્યારે સ્થળ બદલાઈ ગયું હોય છે!

આ શૂટઆઉટનું કારણ વ્યવસાયિક નથી એવું મને કેમ લાગે છે?

મારા હાથની રેખાઓમાં લખ્યું જ છે-બહુ અઢળક સુખ, બહુ થોડા સમય માટે!

આંખ મીંચાય અને ફરી ન ઊઘડે એ પહેલાં એક વાર શૈલને મળવાની ઇચ્છા છે.

મારે એને કહેવું જોઈએ, કે આટલું બધું સુખ નહીં જીરવાય મારાથી!

શૈલે જે આપ્યું છે એ શબ્દોમાં કહી શકાય એવું નથી... આદિત્ય સ્ત્રી નથી એટલે એને નહીં સમજાય, પણ એક લાશને જીવતી કરી છે શૈલે! ઠરી ગયેલા મારા આખાય નસોના જાળામાં એના સ્પર્શમાત્રથી ચેતન આવ્યું છે... મારા લોહીને ફરી એક વાર વહેતું કર્યું છે એણે!

આદિત્યને આ કહી શકી હોત તો સારું થાત.

બસ, એક વાતનો અફસોસ છે, આદિત્યને અને શૈલને બંનેને એ જ વાત ના કહી શકી, જે મારે એમને કહેવી જોઈતી હતી.

*

15

આદિત્યની ગાડી એના અમદાવાદના બંગલાના ડ્રાઇવ-વેમાંથી થઈને અંદર દાખલ થઈ ત્યારે એ ડ્રાઈવ-વે એટલો જ શાંત અને એકલવાયો હતો જેટલો એ છોડીને ગયો હતો. મનમાં એક ખાલીપો લઈને બંગલાના ફોયરમાં દાખલ થતો આદિત્ય મનોમન જાણે કે સામેથી સડસડાટ સીડી ઊતરીને દોડીને આવતી પ્રિયમને જોઈ રહ્યો હતો. મનના ખૂણે ઊંડે ઊંડે ક્યાંક એને ખબર હતી કે પ્રિયમ નહીં જ આવે!

આ ઘરના દરેકેદરેક ખૂણામાં પ્રિયમની સ્મૃતિ મોજૂદ હતી. આદિત્ય કોઈ રીતે એ સ્મૃતિને ભૂંસી શકવાની શક્તિ નહોતો ધરાવતો. આ ઘરમાં એ પ્રિયમને પરણીને લઈ આવ્યો ત્યારથી શરૂ કરીને પ્રિયમની અરથી અહીંથી ગઈ ત્યાં સુધીની દરેક પળ આદિત્યની સ્મૃતિમાં અકબંધ હતી.

આદિત્યને પોર્ચમાં ઊતરીને અંદર જતાં ફરી એટલી જ તકલીફ થઈ, જેટલી એ ગયા વખતે આ ઘરમાં આવ્યો ને થઈ હતી. પ્રિયમના મૃત્યુના સમાચાર સાંભળીને એ ચેન્નાઈથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ પહોંચ્યો અને આ જ પોર્ચમાં આવી જ રીતે એના પગ થીજી ગયા હતા.

પણ એ દિવસનું થીજવું અને આજના થીજવામાં આસમાન-જમીનનો તફાવત હતો. ત્યારે પણ આદિત્યને ખબર હતી કે પ્રિયમ નહીં હોય અને આજે પણ એને ખબર હતી કે પ્રિયમ નહીં હોય... પણ એ બંને નહીં હોવા વચ્ચેનો ફરક આ ઘડીએ આદિત્યની અંદર ગિલ્ટ થઈને પડઘાતો હતો.

"શું કામ કર્યું મેં આવું?" આદિત્યએ જાતને જ સવાલ પૂછી નાખ્યો.

"થઈ ગયા પછીનો અફસોસ છે આદિત્ય... તારે એક વાર પ્રિયમ સાથે વાત કરવી જોઈતી હતી!" એના મને એને કહ્યું, "હવે જીવજે પ્રિયમ વિના."

એ બગીચો, એ ડ્રાઇવ-વે, એ પોર્ચ, વેઇટિંગ લાઉન્જ, સામે ગણપતિ બાપાનું મંદિર, એની ઉપર થઈને ચડતી સીડીઓ અને ઘૂઘરીવાળો કઠેડો... આરસપહાણની ફર્શ અને છતમાં લટકતાં ઝૂમ્મરો-બધું એમનું એમ યથાવત્ હતું. પણ જાણે એ બધામાંથી પ્રાણ ચાલી ગયા હતા. ગઈ કાલ સુધી એ બધી જ વસ્તુઓ સજીવ લાગતી હતી. કોઈકના સ્પર્શે, કોઈકના હાસ્યે ધબકતી હતી આ બધી વસ્તુઓ. આજે એ બધી બેજાન ચીજો બનીને ઘરના રાચરચીલાનો ભાગ હતી!

બંગલામાં દાખલ થઈને આદિત્ય સામે મૂકેલી વિશાળ ગણપતિની મૂર્તિ સામે ઊભો રહ્યો.

આ ઘરનો નિયમ હતો-બહાર જનારા કે બહારથી આવનારા દરેક વ્યક્તિ ગણપતિને પ્રણામ કરતાં. ભગવાન સામે ઊભેલા આદિત્યને જાણે મનોમન પીડાનું એક લખલખું આવી ગયું.

"હું તો માફી માગવાને પણ લાયક નથી પ્રભુ..." એનાથી કહેવાઈ ગયું, "મારી પ્રિયમને બીજા કોઈએ નહીં, મેં જ મારાથી દૂર કરી દીધી. એક વાર... એક વાર એની સાથે વાત કરી હોત, પૂછ્યું હોત એને સીધું, સ્પષ્ટ! તો કદાચ..."

ખેર, હવે અફસોસ કરવાનો કોઈ અર્થ નહોતો.

એની પ્રિયમ હવે નહોતી આ દુનિયામાં અને બાકીની જિંદગી એણે પ્રિયમ વિના જીવવાની હતી.

સીડી ચડીને આદિત્ય એના રૂમમાં દાખલ થયો.

આ એ રૂમ હતો, જ્યાં પ્રિયમ સાથે જીવનનો શ્રેષ્ઠ દાયકો જીવ્યો હતો આદિત્ય. એ રેશમી ઉજાગરાની રાતો, એ દલીલો, એ બુદ્ધિશાળી વાતો અને પ્રેમની મજાકો... પ્રિયમનું હાસ્ય અને એણે વાંચેલાં શ્રેષ્ઠ પુસ્તકોના

પેસેજિસ આજે પણ જાણે આ ઓરડામાં ઘુમરાતા હતા.

થીજી ગયેલી હવામાં પ્રિયમના શ્વાસ સંભળાતા હતા.

દરેકેદરેક વસ્તુમાં પ્રિયમનો સ્પર્શ હતો.

ડ્રેસિંગ ટેબલના આયનામાં પ્રિયમનું પ્રતિતિંબ જાણે હજીયે એમ જ હતું, અકબંધ.

સિટિંગ અરેન્જમેન્ટવાળા વિભાગમાં પ્રિયમની તસવીરો હતી... દરેક તસવીરના ચહેરા પર જાણે એક સવાલ વંચાતો હતો આદિત્યને!

એ ઘડીભર તસવીરો સામે જોઈ રહ્યો અને પછી આદિત્ય સિટિંગ અરેન્જમેન્ટવાળા ભાગમાં ફસડાઈ પડ્યો. એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

એણે પ્રિયમની તસવીર સામે જોઈને કહ્યું, "પ્રિયમ! મારી પ્રિયમ... જે કંઈ થયું એનો અફસોસ છે મને. તારા વિના કેમ જીવીશ એ સવાલ ઊભો જ છે. આ ઘર જ નહીં, મારી જિંદગી, મારું સમગ્ર અસ્તિત્વ ખાલી થઈ ગયું છે તારા જવાથી, પણ છતાં યુ હેડ ટુ ગો પ્રિયમ. તારે જવું જ પડે એમ હતું. તારી ટિકિટ કન્ફર્મ થઈ ગઈ હતી..."

તસવીરમાં એ હસતો ચહેરો, એ જિંદગીથી ભરી ભરી આંખો, એ સ્મિત જે કોઈ એક જમાનામાં આદિત્યને તરબતર કરી નાખતું હતું.

આજે આદિત્યને એમાં કોઈ બીજું દેખાતું હતું. આજ સુધી જે પ્રિયમ આદિત્યને સાવ પોતાની અંદર ધબકતી-જીવતી એક વ્યક્તિ લાગતી હતી એ પ્રિયમ આજે આદિત્યને કોઈ બીજાની, કોઈ સાવ અજાણ્યા માણસની હોય એવી દેખાતી હતી.

આદિત્યની આંખો ભરાઈ આવી. એ કંઈ બોલ્યો નહીં, બસ ચૂપચાપ પ્રિયમની સામે જોતો રહ્યો. એના મનમાં રહીને એક જ વાત પડઘાયા કરતી હતી અને એ હતી પ્રિયમની ડાયરીનાં પાનાં...

એની આંખોમાં, એના ચહેરા પર, એના સમગ્ર અસ્તિત્વમાં એ અપરાધભાવે અડ્ડો જમાવી દીધો હતો. એ ક્યાંય સુધી બેસીને પ્રિયમની તસવીર સાથે વાતો કરતો રહ્યો.

પછી એને યાદ આવ્યું, એક વાર પ્રિયમ સાથે એ એક ફિલ્મ જોવા ગયો હતો. ફિલ્મના અંતે પોતાની પ્રેમિકાના પ્રેમમાં અંધ થઈને પ્રેમી એને મારી નાખે છે.

ઘરે આવતાં સુધી પ્રિયમ કશું જ નહોતી બોલી. પછી, પલંગમાં એની બાજુમાં સૂઈને એના ખભા પર માથું મૂકી, એની છાતીની આસપાસ હાથ વીંટાળીને પ્રિયમે પૂછ્યું હતું, "હેં આદિ, કોઈ દિવસ તું પણ મને મારી નાખીશ?"

"હું તને શું કામ મારી નાખું?"

"સ્ત્રી અને પુરુષ બેના તરફડાટમાં આ જ ફરક છે. પુરુષ બધું ધ્વસ્ત કરી નાખે છે, જ્યારે સ્ત્રી એ પરિસ્થિતિમાંથી બહાર નીકળીને કશુંક નવું જ નિર્માણ કરે છે." અચકાઈ હતી પ્રિયમ. એણે આદિત્યની આસપાસ પોતાની પકડ વધુ મજબૂત કરી હતી. જાણે એને બાંધી લેવા માગતી હોય એમ, "બેવફાઈ સ્ત્રીને અંદરથી તોડી નાખે છે, જ્યારે પુરુષ બેવફાઈની સામે મેદાને પડીને વેર લે છે. બધું તહસનહસ કરી નાખે છે- રસાતાળ..."

"તને એવું કેમ લાગે છે કે હું બેવફાઈ કરીશ?" આદિત્યનો હાથ પ્રિયમના વાળમાં ફરી રહ્યો હતો.

"તું નહીં આદિ, તું ક્યારેય બેવફાઈ નહીં કરે. તારો સ્વભાવ જ નથી, કશું બદલી નાખવાનો, કોઈને

છેતરવાનો કે કોઈ નવી પરિસ્થિતિ ઊભી કરવાનો."

"તો તું કરીશ બેવફાઈ મારી સાથે?" આદિત્ય હસવા લાગ્યો અને પછી એણે પ્રિયમના હોઠ પર એક હળવું ચુંબન કર્યું હતું, "તો કદાચ મારી પણ નાખું હોં."

"આઈ મીન..." પ્રિયમ ચૂપ થઈ ગઈ હતી.

"યુ મીન વ્હોટ?" આદિત્યએ પૂછ્યું હતું.

"આઈ મીન, કદાચ તને ખબર પડે કે તારા પડખામાં રાત-દિવસ જીવતી આ સ્ત્રી તું ધારે છે એ અને એવી નથી તો?"

"એની તો મને ખબર જ છે પ્રિયમ કે તું ધરતીની જેમ, પ્યાજની જેમ, કોબીની જેમ કેટલાંય પડોમાં વહેંચાયેલી છે. હું કદાચ તને પૂરેપૂરી ક્યારેય નહીં જાણી શકું."

"ને છતાં મને પ્રેમ કરે છે?" પ્રિયમનું મન જાણે ગરમ ગરમ મીણ જેવું થઈ ગયું હતું. આકાર વગરનું, લસરતું, ટપકતું, દઝાડે એવું.

"બધું ઇચ્છા પ્રમાણે નથી થતું પ્રિયમ, મેં કોઈ દિવસ નહોતું ધાર્યું કે હું આમ ગાંડાની જેમ પ્રેમ કરીશ. પ્રેમ એક જ વાર થાય છે, ને મોત પણ એક જ વાર આવે છે પ્રિયમ... પુનર્જન્મ થતો હશે, પણ પ્રેમ તો નવેસરથી જ કરવો પડે છે અને નવેસરથી થતો પ્રેમ ભૂતકાળની કોઈ વાતો યાદ નથી રાખતો. માણસ એ જ બધી ભૂલો ફરી કરે છે, જે પહેલી વારના પ્રેમમાં કરી હતી," આદિત્ય હસી પડ્યો, "ભૂલ ભૂલમાં લગ્ન પણ કરી લે છે!"

પ્રિયમ આદિત્યની ઉપર ઝૂકી આવી હતી. એની ઉપર ઝળૂંબીને એની આંખોમાં આંખો નાખીને એણે આદિત્યને પૂછ્યું હતું, "આદિ, એટલે તેં લગ્ન ભૂલમાં કર્યું છે એમ ને?"

"એવું કહેવું હોય તો કહેવાય, તને પ્રેમ કરતો રહેત તો બહુ પ્રોબ્લેમ ન થાત આપણી વચ્ચે."

"પણ આપણી વચ્ચે પ્રોબ્લેમ ક્યાં છે?" પ્રિયમ આદિત્યને વહાલ કરી રહી હતી.

"છે પ્રિયમ, આપણી વચ્ચે સૌથી મોટો પ્રોબ્લેમ છે તારી બુદ્ધિ! આટલી બધી કુશાગ્ર બુદ્ધિ ધરાવતી સ્ત્રી સાથે લગ્ન ન કરાય, બિઝનેસ કરાય..." આદિત્ય હજુ પણ હસી રહ્યો હતો, "અને કાં તો પછી માત્ર પ્રેમ કરાય. મોટા ભાગના પુરુષોને બુદ્ધિશાળી સ્ત્રીનું શું કરવું એની ખબર નથી હોતી અને ખબર પડે છે ત્યાં સુધીમાં તો એ સ્ત્રીએ એમની જિંદગીની, એમની યુવાનીની, એમના મન-શરીર અને આત્માની આસપાસ એવો ભરડો લીધો હોય છે કે એ એમાંથી છટકી શકતા નથી."

"મેં ભરડો લીધો છે તારી આસપાસ?" પ્રિયમના અવાજમાં એક અજબ જેવી ઉદાસી તરવરી ઊઠી.

"નથી લીધો?" આદિત્યએ પોતાના પર ઝૂકેલી પ્રિયમના વાળ પકડીને એને નજીક ખેંચી. એક ચુંબન કર્યું એના હોઠ પર, લાંબું અને પ્રગાઢ. જાણે આ વાત ભુલાવી દેવા માગતો હોય એમ એના હાથ પ્રિયમની પીઠ પર થઈને ગળા પર અને સ્તનો સુધી આવી ગયા...

પ્રિયમે ઝટકો મારીને પોતાની જાતને વહી જતી અટકાવી. એણે આદિત્યની આંખોમાં આંખો નાખી અને પૂછ્યું, "કહે ને, મેં ભરડો લીધો છે? હું ગૂંગળાવું છું તને?"

"પ્રિયમ, બુદ્ધિશાળી સ્ત્રીની સાથે જીવેલો માણસ બીજી કોઈ સ્ત્રી સાથે જીવી શકતો નથી અને સમય સાથે પેલી સ્ત્રી એને ભારે પડવા માંડે છે. ઇન્ટેલિજન્ટ કે બુદ્ધિશાળી સ્ત્રી મા બનેને તો જરા માઇલ્ડ-હળવી થઈ જાય છે. બાકી સ્કોચ વ્હીસ્કીના નીટ પેગમાં તમે બરફ નાખ્યા વિના એકીશ્વાસે ક્યાં સુધી પી શકો?"

"ન પી શકો તો શું કરો આદિત્ય?"

"હાંફી જાવ... એક પળ આવે જ્યારે તમારે શ્વાસ લેવો હોય! અને એ પળ પછીની પળે તમારા માથે ચડી બેઠેલો નશો તમારી પાસે એ બધું જ કરાવડાવે, જે તમારે કરવું હતું, પણ તમે કર્યું નહીં... ખૂન સુધ્ધાં!" આદિત્યના હાથ પ્રિયમના ગળાની આસપાસ હલકા ભીંસાયા. આદિત્યની આંખોમાં જાણે લોહી ઊતરી આવ્યું.

એ પ્રિયમને જોતો રહ્યો બે પળ. જાણે છેલ્લી વાર જોતો હોય એવું ઝનૂન, એવું પેશન હતું એ આંખોમાં. "હા પ્રિયમ... જો મને ખબર પડે કે મારી પ્રિયમ... મારી નથી તો હું કદાચ..."

તસવીરની સામે જોઈ રહેલો આદિત્ય આંખોમાં ઝળઝળિયાં સાથે કહી રહ્યો હતો, "મને માફ કરજે પ્રિયમ, તું મારી નથી તો કોઈની નથી."

આદિત્યને અચાનક યાદ આવ્યું કે એ જ રાત્રે પ્રિયમે એને કહેલું, "મારા કબાટમાં એક ડ્રોઅર છે આદિત્ય, સાવ નાનકડું, ચોર ખાના જેવડું... મારી ચોરીની વિગતો છે એમાં."

"ચોરીની?"

"આદિત્ય, દરેકેદરેક માણસ પોતાના જીવનમાં એક વાર ચોરી કરતો હોય છે. મનની, ધનની..." આજે પણ એ શબ્દો સાથે પ્રિયમે નાખેલો નિઃશ્વાસ આ ઓરડામાં પડઘાતો હતો, "મેં પણ ચોરી કરી છે! જે દિવસે તને મારા વિશે સવાલો થાય, શંકા પડે, વિશ્વાસ હલબલે કે શ્રદ્ધા ડગમગે તે દિવસે મારી કેફિયત માગજે... મને પૂછજે આદિત્ય!"

આદિત્યથી નિઃસાસો નખાઈ ગયો.

"પૂછવું હતું પ્રિયમને! ઘણું પૂછવું હતું-પણ તું જે જવાબ આપત એ સાંભળવાની હિંમત નહોતી મારામાં. તારામાં તો હિંમત હતી સાચું કહેવાની, પણ મારામાં સાચું સાંભળવાની તૈયારી નહોતી!"

એ રાત્રે પ્રિયમની કહેલી વાતે એના આખા અસ્તિત્વને જડમૂળથી હલબલાવી નાખ્યું.

જાણે વીજળીનો કરંટ લાગ્યો હોય એમ એ ઊભો થયો.

તસવીરની નજીક જોઈને સ્મિત કરતી પ્રિયમના ગાલ ઉપર હાથ ફેરવ્યો, "ખરેખર તો સંબંધોમાં એક સગવડ હોવી જોઈએ. ભૂતકાળને ભૂંસી નાખવાની સગવડ! તમે ઇચ્છો એટલા ફકરા ઊડી જવા જોઈએ અને તમે ઇચ્છો એટલા ફકરા જીવવા જોઈએ! ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળની જેમ એક ચોથો કાળ હોવો જોઈએ-માણસના વિચારોનો કાળ. એની યાદોનો, સ્મૃતિઓનો કાળ... એની ઇચ્છાઓનો, ઝંખનાઓનો કાળ! અને એ કાળનું નામ હોવું જોઈએ -જીવનકાળ!"

આદિત્ય કેટલા કલાક ત્યાં ચૂપચાપ બેઠો હશે કોને ખબર...

પછી એણે ઊભા થઈને પ્રિયમનું કબાટ ખોલ્યું. ઢગલાબંધ સાડીઓ, મેચિંગ બ્લાઉઝ, ચણિયા, વેસ્ટર્ન કપડાં, સલવાર-કમીઝ, એક્સેસરીઝ, પરફ્યુમ્સ, મેક-અપનો સામાન...

"આ બધું જ પ્રિયમના શરીરને સ્પર્શ્યું હતું એક વાર... આ બધી જ વસ્તુઓએ મારી પ્રિયમને અડવાની ધૃષ્ટતા કરી હતી. આ બધી વસ્તુઓ વિનાશ માગે છે પોતાનો!" આદિત્યનું મગજ કોણ જાણે કઈ દિશામાં ચાલતું હતું.

એણે એ બધી વસ્તુઓ ઉપર માર્દવથી હાથ ફેરવ્યો. જાણે પ્રિયમના શરીરને સ્પર્શતો હોય એટલો સ્નેહ, એટલી આસક્તિ અને એટલો મોહ હતો એના સ્પર્શમાં!

એ ઘડી પર બધી વસ્તુઓને સ્પર્શતો રહ્યો, પંપાળતો રહ્યો. સાડીઓ કાઢીને એણે પોતાની છાતીસરસી

ચાંપી... પરફ્યુમ્સ કાઢીને હવામાં છાંટી દીધા. મેક-અપનો સામાન કાઢીને પલંગ પર ફેંક્યો. એની બંગડીઓ, દાગીના કાઢીને છૂટ્ટા ફેંકવા માંડ્યા. કોણ જાણે શું થતું હતું, પણ એને લાગતું હતું કે એનું લોહી નસો ફાડીને બહાર વહેવા માંડશે. ખોપડી ફાટીને મગજ બહાર આવી જશે. છાતી ફાડીને ફેફસાં ધમણની અંદર-બહાર થવા માંડશે...

એને પોતાનાં જ આંતરડાં બહાર ખેંચી કાઢવાની ઇચ્છા થઈ ગઈ. એક ચપ્પુ લઈને પોતાની જ ચામડી ઊતરડીને આ ઓરડામાં ચારે તરફ ચોટાડી દેવાની ભયાવહ ઇચ્છા થઈ આવી એને!

એ આખો ધ્રૂજતો હતો, એના મોઢામાંથી લાળ ટપકતી હતી અને આંખોમાંથી આંસુ. ઘડીકમાં કોઈ વસ્તુને ભેટતો, એને પંપાળતો, રડતો અને ઘડીકમાં એને છૂંદી નાખતો, ચૂંથી નાખતો, છુટ્ટી ફેંકતો અને રાક્ષસની જેમ અટ્ટહાસ્ય કરતો.

ઘરના બધા નોકરો ઉપર આવી ગયા હતા અને આ જોઈ રહ્યા હતા, પણ કોઈની હિંમત નહોતી જઈને એને રોકવાની...

પ્રિયમની વસ્તુઓ એક એક કરીને બહાર કાઢવા માંડી અને ચારે તરફ ઢગલા કરવા માંડ્યા.

આખો પલંગ ભરાઈ ગયો હતો.

આખા ઓરડામાં વસ્તુઓ વેરવિખેર હતી. આદિત્ય પોતે પણ જાણે તહસ-નહસ થઈ ગયો હોય એમ ચીસો પાડતો, રડતો તો ઘડીકમાં હસતો વસ્તુઓ ફેંકે જતો હતો.

લગભગ આખું કબાટ ખાલી થઈ ગયું હતું!

હીરા-મોતીના દાગીના, કાચની બંગડીઓ, કપડાં, અંડર ગાર્મેન્ટ્સ, જૂતાં... શું નહોતું વીખરાયું એ ઓરડામાં!

આ બધું કરવામાં આદિત્યએ જોયું કે એ ડ્રોઅર બંધ હતું, લોક કરેલું!

એ ડ્રોઅર, નાના ચોર ખાના જેવું કોઈ રીતે ખૂલતું નહોતું.

આદિત્યએ ઘણી મહેનત કરી. ધમપછાડા કરીને આખું વૉર્ડરોબ હલબલાવી નાખ્યું, પણ એ ડ્રોઅર ખૂલ્યું નહીં.

આદિત્યએ ચીસાચીસ કરી.

એ એટલા જોરથી વૉર્ડરોબ હલાવતો હતો કે એ પોતે બે વાર નીચે પછડાયો.

ડરેલો નોકર નીચેથી છીણી-હથોડી લઈ આવ્યો.

આદિત્યએ એના હાથમાં છીણી-હથોડી ઝૂંટવીને એટલા ઝનૂનથી ડ્રોઅર પર મારવા માંડ્યા કે જાણે લોક નહીં, આખું ડ્રોઅર જ તોડી નાખવું હોય.

ડ્રોઅર ખૂલ્યું.

એમાં એક પત્ર હતો. ખાદીપેપરના કવરમાં મુકાયેલો. ઉપર સ્વચ્છ અક્ષરે લખ્યું હતું, "આદિત્ય-તારા માટે."

આદિત્યએ ધડકતા હૃદયે પત્ર હાથમાં લીધો, ખોલ્યો.

17 નવેમ્બર, 2005

"પ્રિય આદિત્ય,

હવે તો તું બધું જ જાણતો હોઈશ.

કદાચ, મને ધિક્કારવા પણ લાગ્યો હોઈશ. જે કંઈ થયું એનો અફસોસ પણ થયો હોય તને... એવું બને!

મારે બહુ લાંબુ નથી કહેવાનું.

આટલી બધી બુદ્ધિ સાથે એકલતા ઝેર બનતી ગઈ આદિત્ય! વિચારો મારી અંદર ઊધઈની જેમ બેથી ચાર, ચારથી આઠ, આઠથી સોળ થતા ગયા...

એક અધૂરપ ધીરે ધીરે રણની જેમ વિસ્તરતી ગઈ મારી અંદર! મા નહીં બની શકવાની અધૂરપ! સંપૂર્ણ સ્ત્રી નહીં હોવાની એક લાગણી મને રોજ ડંખ મારતી અને મારું શરીર લીલું કાચ જેવું થઈ જતું. તારો સ્પર્શ ધીરે ધીરે મને અર્થહીન લાગવા માંડ્યો. જે ધરતીમાં કદી કશું ઊગવાની આશા જ ન હોય એ ધરતી પર ગમે તેટલો વરસાદ પડે, એનો શો અર્થ?

મારું સ્ત્રીત્વ દિવસે દિવસે ખંડોમાં વિભાજિત થતું ગયું... તૂટી પડેલા વિન્ડ સ્ક્રીનની જેમ ચૂરચૂર થતું ગયું... તને ખબર પણ ન પડે એમ મારી અંદર કશું ઠંડું પડી ગયું હતું. માઇનસ ડિગ્રીમાં જેમ લોહી થીજી જાય એમ મારી અંદર પણ કશુંક થીજી ગયું હતું, મારું લોહી, મારી ગરમી, મારું સ્ત્રીત્વ અને મારું અસ્તિત્વ!

હું જીવતી હતી તારી સાથે, કારણ કે મરી ના શકી. જે પ્રિયમ તારી હતી, જેને તું પરણ્યો હતો એ પ્રિયમ સમય સાથે ધુમ્મસ બનીને ઓગળી ગઈ હતી.

ને અચાનક સૂરજનો તડકો નીકળ્યો-હું શૈલરાજને મળી. શૈલરાજના સ્પર્શમાં જાણે બરફને ઓગાળીને પાણી કરવાની ગરમી હતી! મારું લોહી ફરી વહેવા માંડ્યું!

જિંદગી પાણી જેવી છે. ગમે તેમ વહે, ગમે તેમાં ભરાય, ગમે તેવા આકારની હોય, પોતાની સપાટી સમાંતર કરી નાખે છે! શૈલરાજના સંબંધને જિંદગીએ તારી સાથે પણ એક સપાટી પર લાવી દીધો... હું ફરી એક વાર ધબકીને તને પ્રેમ કરવા લાગી. મારી અંદર થીજી ગયેલું બધું જ પીગળી ગયું.

આદિત્ય, આપણી વચ્ચે જો ફરી એક વાર જિંદગીએ શ્વાસ લીધો હોય તો એનું કારણ શૈલરાજ છે. મારા ખોવાઈ ગયેલા, તૂટી ગયેલા, વિખરાઈ ગયેલા સ્ત્રીત્વને શૈલરાજે ઝાડી-પોંછી, ચમકાવીને ફરી એક વાર તારી પથારીમાં ગોઠવી દીધું! તું સમજી શકીશ કે નહીં, એની મને ખબર નથી, પણ હું જ્યારે તારા સુધી પાછી આવી ત્યારે એ રસ્તો શૈલરાજના બાહુપાશમાંથી પસાર થઈ ગયો-જાણે-અજાણે! માફી નહીં માગું તારી, પણ એક વાત જરૂર કહીશ, સમજી શકે તો સમજજે અને માની શકે તો માનજે કે મેં તને ક્યારેય ઓછો પ્રેમ નથી કર્યો! મારા શરીરની ગરમીમાં કે મારા લોહીના જુવાળમાં ફેર પડ્યો હશે કદાચ, પણ મારું હૃદય એકેય ધબકારો નથી ચૂક્યું.

મારી ઈમાનદારી, મારી સચ્ચાઈ અને મારી વફાદારીને ક્યારેય જોડતો નહીં, જો બની શકે તો! બીજા માટે અને મારા માટે નિષ્ઠા અને વફાદારીની વ્યાખ્યા જુદી જ રહી છે આદિત્ય!

હું આ પળે તને મારા મૃત્યુનું કારણ બનવામાંથી મુક્ત કરું છું.

શૂટઆઉટ પછીની એક રાત મેં ખૂબ અજંપામાં કાઢી. એવું શું છે આદિત્ય, જે તું ઇચ્છે ને હું તને ના આપું, જો આપી શકું તો! તેં મારું મૃત્યુ ઇચ્છ્યું છે આદિત્ય ને હું તને આપું છું!

તારી જ, નથી કહી શકતી, પરંતુ તારી-
પ્રિયમ..."

આદિત્યના હાથમાં ખાદીપેપરનો એ ટુકડો થરથરી રહ્યો હતો અને આદિત્યની આંખોમાંથી ધોધમાર વરસતા ખારા પાણીનાં ટીપાં એના પર લખાયેલા એક એક અક્ષરને હળવે હળવે ભૂંસી રહ્યા હતા.

દૂરથી મેન્ટલ હૉસ્પિટલની વાનની સાઇરન ડ્રાઇવ-વે પર ગૂંજતી સંભળાતી હતી.

* * *

કાજલ ઓઝા વૈદ્યનાં પુસ્તકો

નવલકથા

કૃષ્ણાયન
કૃષ્ણના જીવનની ત્રણ સ્ત્રીઓ. રાધા, રુક્મિણી અને દ્રૌપદી — પ્રેયસી, પત્ની અને મિત્ર... માણસ થઈને જીવી ગયેલા ઈશ્વર સાથે પોતાના મનની વાત કરે છે. અંગ્રેજી, મરાઠી, હિન્દી ભાષામાં અનુવાદિત અને ગુજરાતીમાં પાંચ વર્ષમાં અગિયાર આવૃત્તિ જીવી ચૂકેલી ધબકતી નવલકથા.

દ્રૌપદી
સ્ત્રીઓને પુરાણોનાં પાનાંઓમાંથી જગાડીને સદીઓથી એમની આંખો પર છવાઈ ગયેલાં ઊંઘનાં આવરણ હટાવીને મારે કશુંક એવું કહેવું છે, જેમાં એ સ્ત્રીઓ તો છે જ — સાથે સાથે થોડીક હું છું, થોડાક તમે છો અને થોડીક આપણી સહભાગે વહેંચાતી સમસંવેદનાઓ છે.

આ દ્રૌપદી 'આજની' છે — હજી જીવે છે ક્યાંક, તમારા અને મારામાં પણ...!

મધ્યબિંદુ
જે સ્ત્રીને પતિ અને પ્રેમીની વચ્ચે બે જિંદગી જીવતાં આવડે છે એવી સ્ત્રીના પ્રણયની સંવેદનશીલ અને છતાં હૃદયમાંથી નીકળતી સાચી વાત. 'દિવ્ય ભાસ્કર'ના વાચકોને સ્પર્શી ગયેલી પહેલી બોલ્ડ ગુજરાતી નવલકથા.

મૌનરાગ
અંજલિ પોતે જ પોતાની કેદી છે! અંજલિ અને એની આ પીડા... સાથે સાથે વહેતા અનિરુદ્ધ અને અક્ષયની બંધ હોઠોમાં કહેવાતી લગ્નજીવનથી લંબાઈને ભૂતકાળના પ્રેમસંબંધ સુધી ફેલાતી વ્યથા-કથા.

છલ (ભાગ 1-2)
નિયતિ અને રેવતી... એક જેવી દેખાતી બે ટ્વીન બહેનોની તદ્દન જુદી જિંદગીની રસપ્રદ વાર્તા.

પારિજાતનું પરોઢ
ધર્મની ગાદી પર બેઠેલા એક એવા માણસની કથા જે ધર્મની વ્યાખ્યા ધરમૂળથી બદલવા માગે છે. 'ધર્મ પ્રેમ છે કે પ્રેમ જ ધર્મ?' એ સવાલ સૌને પૂછતી એક વિધર્મી પ્રેમીઓની સ્વધર્મ કથા.

એક સાંજના સરનામે
આથમતી સંધ્યાએ પાંગરતા પ્રણયની એક એવી વાત, જેમાં પ્રેમની વ્યાખ્યા નવેસરથી લખવાનો પ્રયાસ છે. અનેક જુદાં સ્થળ અને સંવેદનોમાં જીવતી સ્ત્રીઓના મનોભાવોના તાણાવાણા ગૂંથીને બનાવેલું એક ભાતીગળ પોત એટલે નવા સમયની નવલકથા.

તારા વિનાના શહેરમાં
જાતથી ભાગતી રાધિકાના પ્રવાસની એવી વાત જેમાં પડાવ તો અનેક આવે છે, પરંતુ મંઝિલ ક્યાંય મળતી નથી. પ્રેમ પામવાનો પ્રયત્ન ખરેખર આટલી બધી પીડા આપતો હશે? 'મુંબઈ સમાચાર'ના વાચકોએ વખાણેલી નવલકથા.

પોતપોતાની પાનખર (ભાગ 1-2)
અનાહિતા અને શિવાંગી વચ્ચે જીવતા કરણને પોતાનું અસ્તિત્વ શોધવું છે. અસ્તિત્વની આ શોધમાં નીકળી પડેલા ત્રણેય જણાના રસ્તામાં સવાલોની સાથે સાથે સંબંધો અને સત્યો એવી રીતે સેળભેળ થઈ જાય છે કે ત્રણેય એકબીજામાં ગૂંથાઈને એકસાથે જીવવા મજબૂર થઈ જાય છે. સમય સાથે વહેતી સંબંધોની સંવેદનશીલ

નવલકથા.

લીલું સગપણ લોહીનું

શૈલરાજ અને સિકંદર... લોહી એક ને સગપણ કાંઈ નહીં! વેરમાંથી વહાલ સુધીના વિસ્તૃત પ્રવાસની વેદના એક પછી એક એવા વળાંક લે છે જેમાં માણસના માણસ સાથેના સંબંધની એક સુંદર વાર્તા સર્જાય છે. 'સંદેશ'ના પાના ઉપર વાચકોની સાથે વહેતી રહેલી નવલકથા.

સત્ય-અસત્ય (પ્રકાશ્ય)

બિનજરૂરી રીતે ફક્ત શોખ માટે કે વાતને ટાળી જવા માટે જૂઠું બોલતો સત્યજીત... પ્રિયંકા અને આદિત્યની આ પ્રણયકથા સાવ જુદી રીતે આકાર પામે છે. કૃષ્ણએ મહાભારતમાં કહ્યું હતું, 'મિથ્યા અને અસત્ય વચ્ચે તફાવત છે.' સત્યજીતના સત્ય અને અસત્યને એકબીજા સાથે તાણાવાણામાં ગૂંથીને સર્જાતી એક આગવી સંવેદનશીલ નવલકથા.

સન્નાટાનું સરનામું

અહીં બધાં જ પાત્રો પોતે જ પોતાની દયા ખાય છે... પોતાના દુર્ભાગ્ય પર અફસોસ કરે છે, પોતાના અભાવ સાથે એકાકાર થઈને જીવે છે.

ખાલીપો એમનું ભાગ્ય છે, વિફળતા એમની નિયતિ! અહમ્ અને સ્વમાન વચ્ચેની ભેદરેખા ઓળંગીને બહાર નીકળી જતી સ્ત્રીનાં સંવેદનોની એક એકલવાયી કથા.

ચહેરા પાછળ ચહેરો

એક સુપરસ્ટારની જિંદગી પર પીએચ.ડી. કરવા નીકળેલો યુવાન સપડાય છે એક થ્રિલરમાં. અંડરવર્લ્ડ ડૉન અને ફિલ્મ સ્ટાર દીકરીની વચ્ચેના વમળમાં અટવાતા એક ગુજરાતી યુવાનની જિંદગીમાં આવતા ઉતાર-ચડાવની કથા.

શુક્ર-મંગળ

પાને-પાને જકડી રાખતી, સંબંધોનાં સમીકરણોને ઉથલાવી-પલટાવી અને વેરવિખેર કરી નાખતી અંડર વર્લ્ડ સાથે જોડાયેલા વેર અને પ્રણયની એક જબરજસ્ત થ્રીલર.

પૂર્ણ-અપૂર્ણ (ભાગ 1-2)

જેમ માણસથી ભૂલ થાય એમ ક્યારેક સર્જનહાર પણ ગૂંચવાઈ જતો હશે. પુરુષની પૂરેપૂરી માનસિકતા ધરાવતું સ્ત્રીનું શરીર કે સ્ત્રીની સંપૂર્ણ માનસિકતા અને નજાકત ધરાવતું પુરુષનું શરીર બહુ નવાઈની વાત નાથી. આપણા સમાજનો, આપણી દુનિયાનો અને આપણે જ્યાં શ્વાસ લઈએ છીએ એ જ જગતનો હિસ્સો છે, આવા લોકો. `ગુજરાતીમાં કશું નવું લખાતું નથી, રીસર્ચ થતું નથી.'નાં મહેણાંને ટાળીને લખાયેલી એક ટ્રાન્સસેક્સ્ક્સ્યુઅલ વિષયની નવલકથા.

દરિયો એક તરસનો

માનસશાસ્ત્રના પ્રશ્નો પર નવલકથાઓ ગુજરાતી ભાષામાં ઓછી લખાઈ છે. 'પર્સનાલીટી ડિસઓર્ડર' ઓછાવત્તા અંશે બધામાં હોય છે. 'દરિયો એક તરસનો' વિક્ષિપ્ત-વિખંડિત-વિખરાયેલાં વ્યક્તિત્વોની એક એવી જીગ્સો છે જેના કેટલાક ટુકડાઓ ખોવાઈ ગયા છે. આપણી ઇચ્છા અને સંબંધના સત્ય વચ્ચેની ખાલી જગ્યા એટલે 'દરિયો એક તરસનો'.

ધુમ્મસને પેલે પાર

અમેરિકાની ભૂગોળ ખૂંદવાની સાથે સાથે માણસના મનની ગલીઓમાં ભટકતાં ભટકતાં સર્જાયેલી આ

નવલકથા મારા હૃદયની ખૂબ નજીક છે. છેલ્લા દસ-બાર મહિનામાં તમામ જાહેર કાર્યક્રમોમાં મને એક પ્રશ્ન અચૂક પુછાતો રહ્યો, 'આ કલ્યાણી એટલે તમે જ?' 'આ કલ્યાણીના પાત્રમાં તમે ક્યાંક તમારી જાતને જુઓ છો?' અનેક વાચકો પત્રો-ઈમેલ્સ અને એસએમએસ અને ફેસબુક દ્વારા મારામાં—કાજલ ઓઝા વૈદ્યમાં કલ્યાણીને—તો કલ્યાણીમાં લેખક કાજલને શોધતા રહ્યા...

નવલિકા

સંબંધ તો આકાશ

સ્ત્રી-પુરુષના સંબંધોને આવરી લેતી બાર ટૂંકી વાર્તાઓ, જેમાં મા-દીકરાથી શરૂ કરીને લગ્નેતર સંબંધ સુધીના આકાશને કલમથી આંબવાનો એક સંનિષ્ઠ પ્રયાસ પ્રત્યેક વાર્તામાં વિસ્તરે છે.

કાજલ ઓઝા વૈદ્યની વાર્તાઓ

આ ટૂંકી વાર્તાઓનો બીજો સંગ્રહ છે. ત્રણ લઘુનવલ અને બીજી ટૂંકી વાર્તાઓ સાથે આ સંગ્રહમાં જુદા પ્રકારની, જુદા અવાજની ટૂંકી વાર્તાઓ સંકલિત કરવામાં આવી છે.

હાર્ટબ્રેક પછીની એક સવાર

જુદાં જુદાં સામયિકોમાં લખાયેલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ.

કવિતા

શેષયાત્રા

એકમાત્ર કવિતાસંગ્રહ, જે મનની પીડામાંથી ઉદ્ભવતી સ્ત્રી-સંવેદનાની કવિતાઓને ઉજાગર કરે છે.

નાટક

પરફેક્ટ હસબન્ડ

`વાત એક રાતની' અને `પરફેક્ટ હસબન્ડ' — ગુજરાતી ભાષાનાં બે એવાં નાટકો, જે રંગમંચ પર ધૂમ મચાવી ચૂક્યાં છે.

નિબંધો — લેખો

સર્ચલાઇટ

આ લેખો અણસમજમાંથી પ્રગટેલી એક એવી સમજ છે, જે કદાચ કોઈના અંધરાઈ રહેલા રસ્તાઓ ઉપર પ્રકાશ પાથરીને એમને દિશા બતાવી શકે. આ લેખો 'ફૂડ ફોર થોટ' છે, વિચાર માટેનું અમૂલ્ય ભાથું...

એકબીજાને ગમતાં રહીએ

'સંદેશ'નાં પાનાં ઉપર 'સંબંધોનાં સમીકરણ' નામે ઉકેલાતી રહેલી સમસ્યાઓનો એક એવો સંગ્રહ, જે સુખી થવાની નાની નાની ફોર્મ્યુલાઝ તમારા સુધી લઈને આવે છે. ગુજરાતી ભાષામાં પ્રેમ અને પરિણયની છણાવટ કરતો પહેલો મૌલિક લેખસંગ્રહ.

મોસમ એકબીજાની...

જિંદગીના દરેક તબક્કે આપણે જે ઇચ્છીએ તે આપણને નથી મળતું એ સત્ય સહુ સમજે છે. વાતચીતમાં કે સલાહ દરમિયાન આ સત્યનું આપણે પુનઃઉચ્ચારણ પણ કર્યા કરીએ છીએ, તેમ છતાં આ સત્ય સ્વીકારતા નથી! માણસમાત્રને શોધ છે 'સાચા પ્રેમની'... 'સાચા સંબંધની'... શબ્દમાં વ્યક્ત થતી દરેક લાગણી સાચી નથી હોતી અને દરેક સાચી લાગણી શબ્દમાં વ્યક્ત થઈ શકતી નથી આટલું સમજી લઈએ...સ્વીકારી લઈએ તો કદાચ 'એકબીજાને ગમતાં રહીએ'. આ પુસ્તક 'દિવ્ય ભાસ્કર'ની 'મધુરિમા' પૂર્તિમાં પ્રકાશિત થતી કોલમ

'એકબીજાને ગમતાં રહીએ'ના લેખોનો સંગ્રહ છે.

સ્નેહ એકબીજાનો...

આ લેખો સાથે જીવવામાં મદદ કરે છે! કોઈ પણ બે માણસોને સાથે જીવવા માટે જે સમજદારી, સ્નેહ કે સરળતાની જરૂર પડે એ બાબતોને પોતાની અંદર રોપવામાં કે ઉગાડવામાં આ લેખો મદદ કરી શકે એવો પ્રયાસ કરવામાં આવ્યો છે. સંબંધો બાંધવા સહેલા છે, નિભાવવા અઘરા છે અને ટકાવવા તો એથીયે અઘરા છે. આ લેખો એવો પ્રયાસ કરે છે કે બને ત્યાં સુધી એકબીજાને પ્રેમ કરતી બે વ્યક્તિઓ એકબીજાથી દૂર ન થાય અને જો દૂર થવાનો નિર્ણય કરે તો પણ એમની વચ્ચે એક મિત્રતા કાયમ રહી શકે.

સમજણ એકબીજાની...

જિંદગીના દાખલામાં રીતના માર્ક બધાને મળે જ છે, પણ તાળો મળે ત્યારે જ દાખલો સાચો કહેવાય છે... કેટલાકની જિંદગીમાં તાળો મેળવવાનો સમય વીતી જતો હોય છે, તો કેટલાકને પોતાની ભૂલ એવા સમયે સમજાય છે જ્યાં દાખલો ફરીથી ગણવાની તક હજી બાકી હોય છે... 'એકબીજાને ગમતાં રહીએ' એ એક એવી કોલમ છે જ્યાં દાખલાની રીત વિશે ચર્ચા કરવાને બદલે સાચો તાળો મેળવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવાનું મેં નક્કી કર્યું છે!

સાથ એકબીજાનો...

ક્યાં ખાડો છે, ક્યાં ટ્રેપ છે, ક્યાં ફસાઈ શકાય અને ક્યાંથી સરળતાથી નીકળી શકાય... ક્યાં રસ્તો બંધ છે અને કયા રસ્તે જિંદગી સહેલાઈથી સામે મળી શકશે એવી સાદી વાતો 'વામા' (જન્મભૂમિ, ફૂલછાબ, કચ્છમિત્ર)ના આ લેખોમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે. આ કોઈ એક સ્ત્રી કે પુરુષને ઉદ્દેશીને લખાયેલા લેખો નથી, આ બે વ્યક્તિઓના સંબંધોમાં પડતી ગૂંચને ઉકેલવાના સહજ અને સાદા પ્રયાસોની એક નોંધપોથી છે.

સુખ એકબીજાનું...

'વામા', 'પ્રાણવાયુ' અને 'મધુરિમા'ની સાથે સાથે લખાતા રહેલા લેખોમાંથી પસંદ કરેલા કેટલાક લેખોનો સંગ્રહ. ખરું પૂછો તો સુખ એક દોઢ ફૂટ દૂર જ સમાંતર ચાલતું હોય છે, તમારી રાહ જોતું, તમે એને હાથ લંબાવીને અડી લો — અવાર-નવાર એ માટે સતત તૈયાર ટુકડે ટુકડે ને ટીપે ટીપે માણી લેવાનું સુખને, આખેઆખું સુખ પાણીપુરીની જેમ કોઈ તૈયાર કરીને આપે ને તમે મોઢામાં મૂકીને એનો સ્વાદ લો એવું શક્ય જ નથી. આપણા બધાનો પ્રોબ્લેમ એ છે કે, આપણને સુખ સતત જોઈએ છે, એક સરખું — અવિરત અટક્યા વગરનું, મશીનની જેમ ચાલવું જોઈએ સુખ! સુખ એટલે આ પળ....સુખ એટલે હમણાં મળ્યું તે!

સત્ય એકબીજાનું...

સત્યને અનેક પરિમાણ છે. દસ દિશામાં ફેલાયેલા આકાશ જેવું અસ્તિત્વ છે એનું. પોતાપણામાંથી શરૂ થઈને પોતાના જ હોવામાં પૂરું એવું એક અસીમ, અનાદિ, અનંત અસ્તિત્વ... સત્યની શોધ જ્યાંથી શરૂ થાય છે ત્યાં જ પૂરી થાય છે! માણસની જિંદગીનાં બે સત્યો ક્યારેય બદલાતાં નથી — એક જન્મ અને એક મૃત્યુ. ખરેખર તો આ બંને બિંદુઓની વચ્ચેનો પ્રવાસ એટલે 'જિંદગી'.

શ્રદ્ધા એકબીજાની...

આપણે જેટલી વાર કહીએ કે હું ખુશ છું, મજામાં છું, સ્વસ્થ છું — એ દરેક વખતે આપણે એ સાંભળતા હોઈએ છીએ. સાંભળેલી વાત મનમાં રજિસ્ટર થાય છે. એ રજિસ્ટ્રેશન સમયસમયાંતરે રિકોલ અને રિમાઇન્ડ થાય છે. આ રિમાઇન્ડર્સ કે રિકોલ થવાની પ્રક્રિયા આપણને ખરાબ સમયમાં 'પોઝિટિવિટી' તરીકે મદદ કરે છે.

મરજી એકબીજાની...

ઘણી વાર એવું બને કે આપણી નજર સામે પડેલી વસ્તુ પણ આપણને ન દેખાતી હોય. આપણે બધું જ ઊથલપાથલ કરી નાખીએ તેમ છતાં આપણને એ વસ્તુ ન દેખાય, પણ બીજો માણસ આવીને તરત જ આપણને એ વસ્તુ શોધી આપે. હું કદાચ આવો જ પ્રયત્ન કરું છું. બધું જ ઊથલપાથલ કરી નાખ્યા પછી પણ મારા વાચકને સામે જ પડેલું જે સુખ અથવા શાંતિ અથવા મૌન અથવા એકાંત અથવા સમજ નથી દેખાતી, એ હું દાખલ થઈને એમના હાથમાં મૂકી આપવાનો પ્રયત્ન કરું છું.

સંગાથ એકબીજાનો...

બે જણાંને એક જ દિશામાં જવું હોય અને સાથે સાથે ચાલી નીકળે એને 'સંગાથ' કહેવાય. આ સંગાથ એટલે સધિયારો, આ સંગાથ એટલે સલામતી, આ સંગાથ એટલે સાથે સાથે રસ્તો કાપવાની સાઝેદારી. આ પુસ્તકનું નામ 'સંગાથ' એટલા માટે છે, કારણ કે આ 'એકબીજાને'... મણકાનું દસમું પુસ્તક છે. કહેવાય છે કે દરેકનો 'દસકો' આવે છે. એ દસકામાં માણસ શ્રેષ્ઠ આપે છે ને શ્રેષ્ઠ પામે છે.

સંવાદ એકબીજાનો...

આજના સમયમાં કમ્યુનિકેશનનાં સાધનો બહુ વધ્યાં છે. બધાં કહે છે કે દુનિયા નાની થઈ ગઈ છે. ગ્લોબલી લોકો એકબીજાની નજીક આવ્યા છે, પણ એક વાર ફરી વિચારીએ તો સમજાય કે ખરેખર મન એકબીજાથી દૂર થઈ ગયાં છે. જેને ગઈ કાલ સુધી શેરીના નાકે રોજ મળતા હતા એને વૉટ્સઍપ કરીને બર્થડે વિશ કરીએ છીએ આપણે? પતિ-પત્ની એક જ ઓરડામાં બેસીને પોતપોતાના મોબાઇલ પર, પોતપોતાના મિત્રો કે સ્વજન સાથે વાત કરે છે, ને એકબીજા સાથે વાત નથી કરતા. આવું થાય છે? સંતાન અને માતાપિતા પોતપોતાના રૂમમાં પોતપોતાનાં ટીવી જુએ છે... ડાઇનિંગ ટેબલ પર સંતાન એના વૉટ્સઍપમાં અને પિતા એના બિઝનેસમાં બિઝી છે? તો સંવાદ ક્યાં છે? આ પુસ્તક 'સંવાદ એકબીજાનો' મારા વાચકના હાથમાં પહોંચે ત્યારે ભીતરના સંવાદની સાથે, સ્વજન સાથેનો સંવાદ પણ સાધી શકે એવી મારી શુભેચ્છા છે.

શબ્દ એકબીજાનો...

આપણે સામાન્ય રીતે સાંભળવા ટેવાયેલા નથી. માત્ર કહેવું જ ગમે છે... હવે જો બંને જણા કહેવાનું જ નક્કી કરે તો કોણ કોનું સાંભળે? જ્યારે સાંભળતા નથી ત્યારે સમજતા પણ નથી... ને સમજતા નથી માટે સંબંધનું મૂલ્ય કરી શકતા નથી. આ પુસ્તક 'શબ્દ એકબીજાનો' આપણી જીભની સાથે સાથે આપણી શ્રવણેન્દ્રિયને પણ જગાડવાનું કામ કરે એવો મારો પ્રયાસ છે. અંગ્રેજીમાં 'ટુ હિયર' અને 'ટુ લીસન ટુ' આવાં બે ક્રિયાપદ છે. એક સાંભળવું અને બીજું ધ્યાનથી સાંભળવું... હું ઇચ્છું છું કે આપણે સૌ એકબીજાને ધ્યાનથી સાંભળીએ, પછી સમજવા માટે પ્રયત્ન નહીં કરવો પડે એની મને ખાતરી છે.

મન — માઇનસથી પ્લસ

લાગણીનાં બંધનોમાં બંધાતા પહેલાં કે સંબંધમાં પ્રવેશતા પહેલાં સમજવાં જ જોઈએ એવાં કેટલાંક સત્યોની નાનકડી હેન્ડબુક! અપેક્ષાઓના લિસ્ટની બહાર નીકળીને સંબંધને સમજવાની, ફરિયાદોના લિસ્ટને ટૂંકું કરવા માટેની સાવ સરળ, છતાં ખૂબ જ ઉપયોગી એવી નાની નાની વાતોનો એવો સંગ્રહ જે આપણે બધા જ જાણીએ છીએ; જરૂર છે તો માત્ર એને ઓળખીને આવકારવાની.

ગેટ વેલ સૂન

મન સાથે જોડાયેલી કેટલીક સર્વસામાન્ય સમસ્યાઓ વિશેના લેખો. મોટા ભાગના સહુ જે વાતને જાણે છે, પણ સમજી શકતા નથી એવી સાદી વાતોની સમજણપૂર્વક કરાયેલી છણાવટ. નાના-મોટા સહુને ઉપયોગી નીવડે તેવી, સંબંધો સુધારવાની, જિંદગીને વધુ રસપ્રદ બનાવવાની સાવ સરળ ફોર્મ્યુલા. દરેક પ્રકરણ સાથે એક એવું

પ્રશ્નપત્ર જેના પ્રામાણિક જવાબો તમને એક નવા અજવાળા સાથે જોડી દેશે.

આઈ લવ યુ...

દરેક વ્યક્તિ ઇચ્છે છે કે એનાં લગ્ન આદર્શ હોય. ભાંગી ગયેલા, તૂટી ગયેલા લાગતા, મૃતઃપ્રાય થઈ ગયેલાં લગ્ન પણ ફરીથી નવપલ્લવિત થઈ શકે છે. જરૂર છે થોડી સમજદારીની, થોડા સ્વીકારની, થોડા પ્રયત્નની અને થોડા સમાધાનની. આ પુસ્તક જાદુની લાકડી નથી. અનુભવમાંથી જન્મેલાં સાદાં સમીકરણો છે જે લગ્નને થોડું ખાતર, થોડું પાણી, થોડો તડકો જરૂર પૂરો પાડી શકશે.

મારી મમ્મી, મારા પપ્પા (ભાગ 1-2)

આ પુસ્તક માતા-પિતાના મનમાં એક વિચાર મૂકવાનો પ્રયાસ છે. એવા વિષયો કે વાતો — જેમના વિશે કદાચ એમણે વિચાર્યું જ નહીં હોય એ બધું એમની સામે મૂકીને એક એવો પ્રયત્ન કર્યો છે, જેનાથી માતા-પિતા અને બાળકની વચ્ચે એક સંવાદ-ડાયલોગ સર્જાઈ શકે. બહુ મોડું થઈ જાય એ પહેલાં જો સંતાન સાથેના સંબંધોમાં સીરિયસ ઇન્વેસ્ટમેન્ટ કરવામાં આવે તો જિંદગીનાં પાછલાં વર્ષોમાં મળતું સ્નેહ, સન્માન અને સલામતીનું પેન્શન છેલ્લા શ્વાસ સુધી અકબંધ રહી શકે છે.

અનુવાદ

પ્રેમની પાંચ ભાષા

ડૉ. ગેરી ચૅપમૅનના વર્લ્ડ બેસ્ટ સેલર 'ફાઇવ લવ લેંગ્વેજીસ'નો અનુવાદ. તમારા પ્રિયજનને હૃદયની વાત કહેવાનો સાચો અને સરળ રસ્તો.

જીવનસાથી

શોભા ડેના બેસ્ટ સેલર 'સ્પાઉસ'નો અનુવાદ. લગ્નસંબંધો ઉપર લખાયેલું સુંદર પુસ્તક. આ પુસ્તક એવા લોકો માટે છે જે લગ્નના નશાને જીવનભર સાચવી રાખવા માંગે છે

સંકલન

પ્રેમ — ચુંબન — પ્રાર્થના — આંસુ — સ્મિત

ત્રણ ભાષામાં સંકલિત કરાયેલી સર્વપ્રથમ ફોટો બુક. પરિકલ્પના અને સંકલન દ્વારા દૃશ્ય અને શબ્દને નજીક લાવી જીવનના વિવિધ વિષયોને એકબીજા સાથે સાંકળતી ભેટ આપવા લાયક ઉત્તમ પુસ્તિકાઓ.

પત્રો

વ્હાલી આસ્થા

પિતાએ પુત્રીને લખેલા પત્રો એક નાજુક સંબંધના બદલાતા રંગોને આલેખવાનો પ્રયાસ છે. સ્ત્રીલેખકે લખ્યા હોવા છતાં આ પત્રો એક પિતાના હૃદયની લાગણીઓને વર્ષોવર્ષ વાચા આપે છે. 7થી ૨૫ વર્ષની ઉંમર સુધી પુત્રીને સંબોધીને લખાતા પિતાના આ પત્રોમાં દરેક પિતાએ પોતાની પુત્રીને કહેવાની વાતો છે.

પ્રિય નમન

લગ્નની પહેલી એનીવર્સરીથી પચ્ચીસમી એનીવર્સરી સુધી પતિ-પત્નીના એકબીજાને લખાતા રહેલા પત્રો. જે સંબંધોનાં સત્યોથી શરૂ કરીને અપેક્ષાઓની પીડા સુધી વિસ્તરે છે. લાગણીઓના એવા તાણાવાણા જેમાં દરેક વાચક પોતાના લગ્નજીવનનું પ્રતિબિંબ તો નિહાળી જ શકશે, પરંતુ ક્યાંક પોતાને પ્રશ્નો પૂછીને પરિસ્થિતિ સુધારી શકશે તો ક્યાંક સંવેદનાઓના પ્રવાહમાં વહેતાં વહેતાં પોતાનાં વીતેલાં વર્ષોમાં ભીંજાશે પણ ખરાં.

તને, જિંદગી...

જિંદગીને સંબોધીને લખાયેલા એવાં પત્રો જેમાં આપણાં સૌની જિંદગીને ક્યાંક ને ક્યાંક વણી લેવાઈ છે. સ્વયં સાથેનો સંવાદ છે આ પત્રોમાં. 'હું'ને બદલે 'અમે' વાપર્યું છે એનું એકમાત્ર કારણ એ છે કે આ વાત ક્યાંક ને ક્યાંક, કોઈક ને કોઈક રીતે સહુને સ્પર્શે તેવી વાત છે. મહિનાના ત્રીસ દિવસના ત્રીસ પત્રોમાંથી કોઈ પણ એક પત્ર ખોલીને વાંચવામાં આવે તો એમાંથી એકાદ વાક્ય તો એવું મળી જ આવે, જેની સાથે વાંચનારનો અંગત સંબંધ સ્થપાઈ જાય.

ઓડિયોબુક

તારા ચહેરાની લગોલગ

આદિત્ય, નીશા અને આકાશ એકબીજાંની સાથે ફક્ત પત્રોમાં વાત કરે છે... એકબીજા સુધી પહોંચવાના પ્રયાસમાં એક ન સમજાય તેવી અસમંજસતા સર્જાય છે. એકબીજાને લખાતા પત્રોમાંથી સર્જાતો એક ઝંઝાવાતી પ્રણયત્રિકોણ.

પ્રેમપત્રો

અહીં એક એવો અંગત સંવાદ જાહેરમાં વંચાયો છે, જે આપણા બધા માટે સાવ જાણીતો સંવાદ છે. બંધ આંખે કે ટોળાની વચ્ચે એકાદ ક્ષણ માટે એકલા પડીને આપણે બધાએ આ સંવાદ અનુભવ્યો છે. અહીં લખાયેલાં ગીતો સાચા અર્થમાં યુગલગીતો છે. બે જણાંના કંઠે ગવાતાં એવાં ગીતો, જેમાં બે જણાની વાત કહેવાઈ છે.


CYGNET GROUP


eशब्द
indian-ebooks